261

4
24-5

# ગુજરાતયુનિવર્સિટી અમદાવાદ
# સને–2010-11
# નાં વર્ષની જનરલઅન્વેષણ
# અહેવાલ

# ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સને-2010-11 નાં વર્ષનો જનરલ ફંડનો અન્વેષણ અહેવાલનીઅનુક્રમણીકા.



| અ. નં. | ફકરા નંબર | વિગત. | પાના નંબર |
|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 |
| 01 | 01 | સંસ્થાના હોદેદારોનીવિગત | 01 |
| 02 | 02 | પુર્વ અન્વેષણ વિભાગ | 03 |
| 03 | 03 | આર્થિક સ્થિતીની સમીક્ષા. | 07 |
| 04 | 04 | જવાબદારીઅનેઅસ્કયામતો | 08 |
| 05 | 05 | અંદાજપત્રનિયતસમયમાંવાસ્તવિકરીતેતૈયાર ન કરવાબાબત. | 10 |
| 06 | 06 | વાર્ષિક હિસાબોબાબત | 14 |
| 07 | 07 | રિનોવેશન/ફર્નિચરખરીદીનાકામમાંઅનિયમિતતાતેમજરેકર્ડ અધુરુંરજુકરવાબાબત. | 17 |
| 08 | 08 | યુનિવર્સિટીના રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાંરુલ્સ/પ્રિ-પ્રીન્ટેડ કન્ટીન્યુસ સ્ટેશનરી ખરીદીમાંઅનિયમિતતાબાબત. | 22 |
| 09 | 09 | રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર દવારા છપાવવામાંઆવેલ માર્કશીટ અનેO. R. તથા કોલેજકોપી છપાવવામાં થયેલ અનિયમિતતાબાબત. | 24 |
| 10 | 10 | કન્વેશન સેન્ટરના સીવીલકામનોખર્ચ અગાઉના વર્ષમાંERDF ખાતે ઉધારેલ તેકે. એસ.સ્કુલ ડીપોઝીટ ખાતે ઉધારી ERDF ખાતેજમાકરવાબાબતરુપિયા3,40,36,482/- | 28 |
| 11 | 11 | એજયુકેશનરીચર્સ ડેવલોપમેન્ટ ફંડ (ERDF) યોજનાનીઅનિયમિતતાબાબતકોડ નં-7712000 (ERD)કોડ નં-771300 (વ્યાજ) | 30 |
| 12 | 12 | વાઉચરમાંદર્શાવેલરકમઅનેકેશબુકમાંલખવામાંઆવેલરકમમાંતફાવતઆવવાબાબત. | 34 |

| | | | |
|---|---|---|---|
| 13 | 13 | ભવનો/વિભાગના વિદ્યાર્થીઓના એકડેમીક ડેટા તૈયાર કરી,પ્લેસમેન્ટની વિગતોરજુકરવાબાબત. | 36 |
| 14 | 14 | તા-૧/૪/૮૬ થી તા-૩૧/૩/૧૧ સુધીમાં ચુકવેલ એડવાન્સ તથા સંબંધિત પાર્ટીઓને ચુકવેલ ઓન એકાઉન્ટ રકમ રૂ.૫૮.૧૪ કરોડ વસુલ ન કરવા/સરભર ના કરવા બાબત | 37 |
| 15 | 15 | ડીપોઝીટ રજીસ્ટર રજુ ન કરવાબાબત | 46 |
| 16 | 16 | સરકારશ્રીની સુચના વિરૂધ્ધ હંગામી નિમણુંક આપી ખર્ચ કરવા બાબત. | 48 |
| 17 | 17 | પગારખર્ચનીવાઉચરોમાંવિગતોનીમાહિતી ઉપલબ્ધ નાહોવાબાબત. | 50 |
| 18 | 18 | હિરકમહોત્સવનાખર્ચ સંદર્ભમાંજણાયેલઅનિયમિતતાબાબત | 53 |
| 19 | 19 | યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાંપરિશિષ્ટ- કે માં ટુંકીમુદતનીમુકેલએફ.ડી. રુપિયા69.85કરોડનાંહિસાબોયોગ્યરીતેરાખી મેળવણુંનાકરવાબાબત | 59 |
| 20 | 20 | ગુજરાત યુનિવર્સિટી દવારા વિવિધ બેન્કોમાંરાખવામાંઆવેલકુલરુપિયા69.84કરોડનીફીક્સ ડીપોઝીટની ખરાઇ સંપૂણ રીતે ન કરવાબાબત. | 63 |
| 21 | 21 | સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા ગ્રાન્ટ હિસાબ મેળવણાંબાબત. | 69 |
| 22 | 22 | ખર્ચનાંવાઉચરોસામેલ ન હોવા છતાંખર્ચ ઉધારવા બાબત | 71 |
| 23 | 23 | ઉપલક(સસ્પેન્સ)એકાઉન્ટ સદરે મોટી રકમોસરભર થયા વિનાનીપડીરહેવાબાબત | 73 |
| 24 | 24 | યુનિવર્સિટી સ્પોર્ટસ ફીનીઆવક તથા ખર્ચનાહિસાબોબાબત. | 74 |
| 25 | 25 | યુવકસેવાસાંસ્કૃતિકકાર્યક્રમ માટે ફી પેટે મળેલ રકમઅનેતેનાખર્ચમાંજણાયેલઅનિયમિતતાબાબત. | 76 |
| 26 | 26 | કાનુનીખર્ચરેકર્ડ/માહીતીરજુકરવાબાબત | 78 |

| | | | |
|---|---|---|---|
| 27 | 27 | સંસ્થાના કર્મચારીઓનાજામીનગીરી અંગેનાંજામીનખતરજુકરવાબાબત | 79 |
| 28 | 28 | ચાલુ ઓડીટ દરમ્યાનનીભૌતિકચકાસણી અર્થે કોરી પહોંચ બુકોઅને રજીસ્ટર રજુ ન કરવાબાબત | 80 |
| 29 | 29 | યુનિવર્સિટીની જુદીજુદીઆવકોનેલગતું રેકર્ડરજુકરવા તથા તેનું મેળવણુ કરી ઓડીટમાંરજુનાકરવાબાબત. | 82 |
| 30 | 30 | માઇગ્રેશન સર્ટીફીકેટ ફી,પ્રોવીજનલ માઇગ્રેશનફી,પ્રમાણપત્રો તથા અન્ય પ્રમાણપત્રોનીઆવકનું મેળવણુંકરવાબાબત. | 86 |
| 31 | 31 | ભરેલ પરીક્ષા ફીનીરકમ વિધાર્થીને રીફંડ આપવાબાબત. | 87 |
| 32 | 32 | સરકારશ્રીના ઠરાવઅને યુનિવર્સિટીની એકઝયુકયુટીવ કાઉન્સીલની તા-28-09-08નીબેઠકમાં થયેલ ઠરાવ વિરુધ્ધ કર્મચારીઓને પરીક્ષાભથ્થુ અને ઓવરટાઇમ આપવાબાબત. | 89 |
| 33 | 33 | કેશબુકનીનિભાવણીમાંજણાયેલ ક્ષતિઓ બાબત. | 91 |
| 34 | 34 | પગારબાંધણીમાં મળવાપાત્ર પગારકરતાં વધું ઉચ્ચ પગારનુંફીકશેશનકરવાબાબત. | 93 |
| 35 | 35 | કર્મચારીઓની સેવાપોથીઓમાંકરવા પાત્ર નોંધો ન કરવાબાબત. | 94 |
| 36 | 36 | પેન્શનચૂકવણામાંજણાવેલહિસાબીઅનિયમિતતાબાબત. | 96 |
| 37 | 37 | જનરલ ફંડનારુપિયા5,00,000/- લાખERDF ફંડમાંજમાઆપવાબાબતનીઅનિયમિતતા | 97 |
| 38 | 38 | વીજળી વિલંબીતચાર્જનાં વ્યર્થ ચૂકવણાકરવાબબાત | 99 |
| 39 | 39 | આઇ.એ.એસ.ટ્રેનીંગ સેન્ટર પાછળ કરેલખર્ચનીઅનિયમિતતાબાબત. | 100 |
| 40 | 40 | વિષય:-યુનિવર્સિટી અધિનિયમની જોગવાઇ મુજબ યુનિવર્સિટીએ કરવાની પ્રવૃતિઓનુંઆયોજનનીવિગતોઆપવાબાબત. | 101 |
| 41 | 41 | જૂની ઉતરવહીનાવેચાણમાંજણાયેલઅનિયમિતતાબાબત. | 102 |
| 42 | 42 | કેમેસ્ટ્રી વિભાગમાં સ્ટોર સ્ટોક રજીસ્ટરોમાંસિલકનાકાઢવા તથા | 105 |

| | | | |
|---|---|---|---|
| | | અન્યઅનિયમિતતાબાબત. | |
| 43 | 43 | ફિઝિક્સવિભાગમાં સ્ટોર સ્ટોક રજીસ્ટરોમાંસિલકનાકાઢવા તથા અન્યઅનિયમિતતાબાબત. | 107 |
| 44 | 44 | બેન્ક મેળવણાંપત્રકમાંજણાયેલઅનિયમિતતાબાબત. | 109 |
| 45 | 45 | યુનિવર્સિટીનો પ્રેસ બંધ કરવાબાબત તથા રેકર્ડરજુકરવાબાબત. | 113 |
| 46 | 46 | પરીક્ષાને લગતુંરેકર્ડરજુ ન થવા બાબત. | 114 |
| 47 | 47 | યુનિવર્સિટીના પાકાસરવૈયામાંદર્શાવેલરુપિયા11.24કરોડનીમિલ્કતનુંમિલકત રજીસ્ટર ન રાખવા તથા અન્યરેકર્ડરજુ ન કરવાબાબત | 117 |
| 48 | 48 | સંસ્થાના વાહનો અંગેનિભાવણીમાંજણાયેલઅનિયમિતતાબાબત. | 119 |
| 49 | 49 | શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની તથા યુનિવર્સિટીના ભવનોમાંઅભ્યાસકરતા વિધાર્થીઓની માહિતીરજુનાકરવાબાબત. | 122 |
| 50 | 50 | ગુજરાત યુનિવર્સિટી કન્વેશન સેન્ટરના આવક તથા ખર્ચમા અનિયમિતતા બાબત | 126 |
| 51 | 51 | યુનિવર્સિટી દ્વારા બનાવવામા આવેલ કન્વેશન સેન્ટરના માપો, માપપોથીમાં ના લખવા તથા ઉભી કરેલ સગવડો ડેડ સ્ટોક રજિસ્ટરે ન નોંધવા બાબત | 132 |
| 52 | 52 | કન્વેશન સેન્ટર એક્ઝીબિશન હોલમા ઓપરેટીંગ ચાર્જ ચુકવવામા અનિયમિતતા બાબત | 133 |
| 53 | 53 | યુનિવર્સિટીની જમીન-જીમ્નેશીયમ મકાન વિગેરેની ખુબ જ ઓછી આવક વસુલવા બાબત | 135 |
| 54 | 54 | છાત્રાલયની આવક કરતા ખર્ચ વધુ રહેવા બાબત | 137 |
| 55 | 55 | ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરીકેસ નં-1/12 | 139 |

| | | | |
|---|---|---|---|
| | | અનુસંધાને કરેલકાર્યવાહીબાબત | |
| 56 | 56 | પ્રશ્ન પત્ર છપામણીના કામે જણાયેલઅનિયમિતતા બાબત.સને-2009-10-11-12 | 141 |
| 57 | 57 | ઉતરવહીખરીદીતેમજપલ્પીંગના કામે જણાયેલીઅનિયમિતતા બાબત.સને-2006-07 | 146 |
| 58 | 58 | ઉતરવહીનીખરીદી તથા સ્ટોકમાંજણાયેલઅનિયમિતતા બાબત.સને-2009-10 થી 2011-12 | 148 |
| 59 | 59 | સને-2010-11 ના વર્ષ દરમ્યાન ઉતરવહીનીખરીદીમાંજણાયેલઅનિયમિતતા. | 150 |
| 60 | 60 | સને-2009-10તથા સને-2010-11 ના વર્ષમાંપલ્પીંગ કામમાંજણાયેલઅનિયમિતતા. | 152 |
| 61 | 61 | સેલ્ફફાયનાન્સકોલેજોને મંજુરી તથા ડેવલપમેન્ટ ફંડ બાબત. | 154 |
| 62 | 62 | ગુજરાત યુનિવર્સિટી એસ્ટેટ વિભાગદવારાકરાવેલબાંધકામમાંજણાયેલીઅનિયમિતતાબાબત. | 156 |
| 63 | 63 | ખાનગી સીક્યુરીટીના આપેલ કોન્ટ્રાકટમાંજણાયેલીઅનિયમિતતાબાબત. | 159 |
| 64 | 64 | પહોંચબુકનાહિસાબોનું રજીસ્ટર નહીંનિભાવવાબાબત. | 162 |
| | | પ્રમાણપત્ર | 163 |
| | | પત્રકો | 164 TO 168 |

267

1

ફકરા નંબર-01

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનો સને-2010-11 ના વર્ષનો જનરલ ફંડનોઅન્વેષણ અહેવાલ

નં. એલએએમડી2010-11

જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીની કચેરી,

સ્થાનિક ભંડોળ હિસાબ,

જિલ્લા પંચાયત બિલ્ડીંગ, 6ઠ્ઠો માળ,

લાલ દરવાજા, અમદાવાદ- 1

તારીખ-

પ્રેષક :

નિરીક્ષકશ્રી,

સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,

વિમા અને લેખા ભવન,

ગાંધીનગર.

પ્રતિ,

કુલ સચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી,

અમદાવાદ.

મહાશય,

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદસને-2010-11નાંવર્ષનું જનરલ ફંડનાહિસાબોનું અન્વેષણઓડીટ કચેરી દવારા ગુજરાત યુનિવર્સિટી એક્ટ-1949 ના નિયમ (49) અન્વયે તારીખ-01/07/2014 થી તારીખ-17/01/15દરમ્યાન હાથ ધરી પુર્ણ કરેલ છે.

ગુજરાતયુનિવર્સિટી એકટ–1949 ના નિયમ (49)ની જોગવાઇ મુજબ ઓડિટ રીપોર્ટની નકલ કાર્યવાહક સભા દવારા સેનેટમાં રજુ કરવાના રહે છે.

ઓડીટ વર્ષ–2010-11 દરમ્યાન સંસ્થાના મુખ્ય હોદ્દેદારો નીચે મુંજબ હતા.

| ક્રમ | હોદ્દેદારો | હોદ્દેદારોનું નામ | સમયગાળો |
|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 |
| 01 | કુલપતિશ્રી | ડો.પરિમલ ત્રિવેદી | 01-04-10થી 31-03-11 |
| 02 | ઉપકુલપતિશ્રી | ખાલી જગ્યા | 01-04-10થી 31-03-11 |
| 03 | કા. કુલસચિવશ્રી | શ્રી એમ એસ શાહ | 01-04-10થી 31-03-11 |

3

ફકરા નંબર-02

સને-2010-11 અગાઉના વર્ષોના અન્વેષણના બાકી ફકરાઓ બાબત.

| ક્રમ | ઓડીટ વર્ષ | ઓડીટની શરુઆતમાં બાકી ફકરાઓની સંખ્યા. | ઓડીટ દરમ્યાન નિકાલ થયેલ બાકી ફકરાઓની સંખ્યા. | ઓડીટ દરમ્યાન બાકી ફકરાઓની સંખ્યા. | બાકી ફકરાઓની વિગત. |
|---|---|---|---|---|---|
| 1 | | 3 | 4 | 5 | 6 |
| 01 | 1968-69 | 03 | | 03 | 04(A),07(2),18 |
| 02 | 1969-70 | 03 | | 03 | 14,29(2),32 |
| 03 | 1970-71 | 09 | | 09 | 04 TO 08,13,18,21,22(3) |
| 04 | 1971-72 | 05 | | 05 | 20,26,34,38(1)(2)(3),43 |
| 05 | 1972-73 | 04 | | 04 | 41,36,37,38 |
| 06 | 1973-74 | 10 | | 10 | 04AGF,06ABC,08B,09 TO 15 |
| 07 | 1974-75 | 34 | | 34 | 04 to 07,09,10,12 to 17,19 to 29,31,33, to 40(1)41,43 |
| 08 | 1975-76 | 03 | | 03 | 04,05(2)12 |
| 09 | 1976-77 | 18 | | 18 | 04,05,06,10(1),12,15,17, 19,20,23 to 29,31,33 |
| 10 | 1977-78 | 21 | | 21 | 03 to 06,7(A)(B)(K),08,09,10(A)(B),11 TO 16,18,20,21,24,25,26,28, 31,33 |
| 11 | 1978-79 | 20 | | 20 | 04 TO 07(2),08 TO 11,13 TO 15(1)(2),17 TO 21,25 TO 28 |
| 12 | 1979-80 | 24 | | 24 | 04 TO 07(2),08 TO 11,13 TO 15(2),(4),17(2),18(2)(3),20(1)(2),21 TO 23(2),25 TO 27(6),28 TO 31(A) |
| 13 | 1980-81 | 08 | | 08 | 04,07,08,10,11,13,16,17 |
| 14 | 1981-82 | 25 | | 25 | 04 TO 08,10,11(2),14 TO 19,24, TO 27,29,30,31,34,35,36,37 |

(270)



| | | | | | |
|---|---|---|---|---|---|
| 15 | 1982-83 | 17 | | 17 | 01 TO 17 |
| 16 | 1983-84 | 30 | | 30 | 04 TO 10,13,15 TO 25,27(5),26,30,32,34,36, 37,38,39,40,41 |
| 17 | 1984-85 | 33 | | 33 | 05 TO 08,11 TO 14,16 TO 27,30 TO 33,35,36,39,40,42, TO 46, |
| 18 | 1985-86 | 29 | | 29 | 05(1)(3),06,07,10 TO 12,16 TO 24,27,29,30,31,33,35,37, 38,40,41,42,48,50,51,52 |
| 19 | 1986-87 | 32 | | 32 | 02,06,08,09,10,13(B)14 TO 18,22 TO 25,27,28,29,31,32,34,35, 36,38,39,41,42,48,50,51, 52 |
| 20 | 1987-88 | 61 | | 61 | 01 TO 61 |
| 21 | 1988-89 | 56 | | 56 | 01 TO 56 |
| 22 | 1989-90 | 70 | | 70 | 01 TO 70 |
| 23 | 1990-91 | 80 | | 80 | 01TO 80 |
| 24 | 1991-92 | 43 | | 43 | 01 TO 43 |
| 25 | 1992-93 | 70 | | 70 | 01 TO 70 |
| 26 | 1993-94 | 69 | | 69 | 01 TO 69 |
| 27 | 1994-95 | 105 | | 105 | 01 TO 105 |
| 28 | 1995-96 | 78 | | 78 | 01 TO 78 |
| 29 | 1996-97 | 84 | | 84 | 01 TO 84 |
| 30 | 1997-98 | 83 | | 83 | 01 TO 83 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 31 | 1998-99 | 92 | | 92 | 01 TO 92 |
| 32 | 1999-00 | 103 | | 103 | 01 TO 103 |
| 33 | 2000-01 | 101 | | 101 | 01 TO 101 |
| 34 | 2001-02 | 106 | | 106 | 01 TO 106 |
| 35 | 2002-03 | 80 | | 80 | 01 TO 80 |
| 36 | 2003-04 | 36 | | 36 | 01 TO 36 |
| 37 | 2004-05 | 75 | | 75 | 01 TO 75 |
| 38 | 2005-06 | 39 | | 39 | 01 TO 39 |
| 39 | 2006-07 | 63 | 05 | 58 | 1,2,3,5,6,7,8,9,10,12,13,14,15,16,17,18,19,21,22,23,24,25,26,27,28,29,30,31,32,33,34,35,37,38,39,40,41,42,43,44,45,46,47,48,49,50,51,52,53,54,55,56,57,58,59,60,62,63 |
| 40 | 2007-08 | 42 | | 42 | 01 TO 42 |
| 41 | 2006-12 (31-07-12) | 09 | - | 09 | 01 TO 09યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઈન્કવાયરી કેસ નંબર 1/12 અનુસંધાને કરેલ અન્વેષણ (જનરલ ફંડ) |
| 42 | 2008-09 | 44 | | 44 | 01 TO 44 |
| 43 | 2009-10 | 39 | | 39 | 01 TO 39 |
| | કુલ | **1,956** | **05** | **1,951** | |

ઓડીટ વર્ષ 2010-2011 ના અંતે 1,951ફકરા બાકીમાં હતા. ચાલુ ઓડીટ દરમ્યાન અગાઉના બાકી ફકરાઓના જવાબો રજુ થયેલ ન હોવાથી ઉપરોકત વિગતે અન્વેષણ વર્ષના અંતે 1,951ફકરાઓના જવાબો કરવાના બાકીમાં છે. ઓડીટ નોંધમાં દર્શાવેલ અનિયમિતતાઓનું પુનરાવર્તન થતું રહે છે. ઓડીટે અંગૂલીનિર્દેશ કરેલ અનિયમિતતાઓ અટકાવવા સંસ્થાના જવાબદારોએ રુચી દાખવેલ નથી જેથી સરકારશ્રીનો ઓડીટનો હેતુ સર થયેલ ગણાય નહી જે બદલ જવાબદારોની જવાબદારી નકકી કરી બાકી ફકરાઓની પુર્તતા સારુ સઘન આયોજન કરી પારા નિકાલની ઝુંબેશ શરૂ કરી ઘનિષ્ઠ પ્રયાસ કરવો ઘટે.

વધુમાં ગુજરાત સ્થાનિક ફંડ ઓડીટ અધિનિયમ, 1963 ની કલમ નંબર−9(1)મુજબ રીપોર્ટ મળ્યા તારીખથી ચાર મહિનાની અંદર પ્રથમ વખતના જવાબ રજુ કરવાના રહે છે. આમ છતાં વર્ષ−1987-88 થી 2009-10 સુધીના પ્રથમવારના જવાબો પણ ના

6

કરવા સબબ સ્પષ્ટતા કરી,બાકી ફકરાઓના જવાબો કરવા સમય બધ્ધ આયોજન કરી,તમામ ફકરાઓના જવાબો કરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થાએ પ્રા.વાં.નં. 81/ જવાબ કરેલ છે.જવાબ ફકરાને અનુરુપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

7

ફકરા નંબર-03

આર્થિક સ્થિતીની સમીક્ષા.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં તારીખ-31-03-2011 નાં રોજ પુરા થતાં છેલ્લા ત્રણ વર્ષની સામાન્ય આવક/ખર્ચ (જનરલ ફંડ) ની વિગતો નીચે મુજબની જણાયેલ છે.

| ક્રમ | વર્ષ | સામાન્ય આવક | સામાન્ય ખર્ચ |
|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 |
| 1 | 2008-2009 | 32,64,64,164 | 33,31,10,973 |
| 2 | 2009-2010 | 40,49,90,397 | 41,42,83,440 |
| 3 | 2010-2011 | 53,18,61,232 | 54,00,02,873 |
| | કુલ | **1,26,33,15,793** | **1,28,73,97,286** |
| | સરેરાશ | **42,11,05,264** | **42,91,32,428** |
| | સરેરાશ આવક કરતાં ખર્ચમાં વધારો | - | **80,27,164** |

તા. 31-03-2011 ના રોજ પુરા થતા છેલ્લા ત્રણ વર્ષના આવક-ખર્ચના આંકડાઓ ચકાસણી કરતાં જણાશે કે.આવક કરતાં ખર્ચમાંસરેરાસ રુપિયા 80,27,164/-નો વધારો જણાયેલ છે.તે જોતાંસંસ્થાની નાણાંકીય સ્થિતિ સારી ગણી શકાય નહી.વધુમાં યુનિ.દવારા રુપિયા 46,74,99,989/-એડવાન્સ સરભર કરવાના બાકી છે તેમજ ઓન એકાઉન્ટ રકમ ચુકવવાની પધ્ધતિ અમલમાં હોવાથી તેટલો ખર્ચ 80,27,164/-ખરેખર ખર્ચ વધું થયેલ છે.અને તેથી સરેરાશ આવક કરતા ખર્ચમાં વધારો ઉપર દર્શાવ્યા કરતા વધારે છે.તેથી યુનિવર્સિટીએ અમાન્ય ખર્ચાઓ બંધ કરવાના રહેશે અને યુનિવર્સિટીએ સરકારશ્રીના કરકસરના નિયમો/આદેશનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.યુનિવર્સિટીની ખાલી જગ્યાઓ નાણાં વિભાગની મંજુરી વગર ભરી શકાશે નહી.સંસ્થા દવારા કરવામાં આવતાં ખર્ચ ઉપર યોગ્ય નિયંત્રણ રાખી અને જે ખર્ચ નિવારી શકાય તેવું હોય તેને નિવારીને અથવા તો શકય હોય તેટલો ખર્ચમાં કાપ મૂકીને ખર્ચમાં ઘટાડા બાબતે સંસ્થા દવારા ઘટિત પગલાં લેવા ઓડીટ અનુરોધ છે.

**ફકરા નંબર–04**

**જવાબદારી અને અસ્કયામતો**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં તારીખ–31યુનિવર્સિટીએ અમાન્ય ખર્ચાઓ બંધ કરવાના રહેશે અને યુનિવર્સિટીએ સરકારશ્રીના કરકસરના નિયમો/આદેશનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.યુનિવર્સિટીની ખાલી જગ્યાઓ નાણાં વિભાગની મંજુરી વગર ભરી શકાશે નહી. 31-03-2011 નાં રોજ પુરા થતાં વર્ષની જવાબદારી અને અસ્કયામતો ની વિગતો નીચે મુજબની જણાયેલ છે.

**ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને–2010-11 ના વર્ષની જવાબદારી અને અસ્કયામતો ની વિગત**

જવાબદારી(દેવા)

| અ નં | વિગત | રકમ | નોંધ |
|---|---|---|---|
| **01** | **02** | **03** | **04** |
| 01 | યુનિવર્સિટી જનરલ ફંડ | 68,55,252 | |
| 02 | કેપિટલ ફંડ | 9,56,53,334 | |
| 03 | પુસ્તક ફંડ | 89,80,639 | |
| 04 | બીજા ફંડ | 35,31,62,297 | |
| 05 | સરકારી ગ્રાન્ટો (બાકી) | 13,91,57,075 | |
| 06 | સસ્પેન્સ એકાઉન્ટ્સ | (-)2,96,869 | |
| 07 | ડીપોઝિટ અને બીજા ખાતાઓ | 22,09,32,586 | |
| 08 | કર્મચારી વીમા યોજના ફાળો | 29,974 | |
| | **કુલ** | **82,44,74,288** | |
| | **અસ્કયામતો (મિલકતો)** | | |
| 01 | કાયમી મિલકતો | 11,24,32,291 | |
| 02 | રોકાણો | 20,000 | |
| 03 | એડવાન્સ અને બીજા ખાતાંઓ | 11,99,31,495 | |
| 04 | પેપર સ્ટીલ સિમેન્ટ એકાઉન્ટ | 71,50,323 | |
| 05 | બેન્ક અને બીજી પુરાંતો | 62,11,49,169 | |
| 06 | કર્મચારી વીમા યોજનાના ફાળાનું રોકાણ | 17,000 | |
| 07 | આવક ખર્ચ એકાઉન્ટ | (-)3,62,25,990 | |
| | કુલ | **82,44,74,288** | |

9

ઉપરોકત વિગતે જવાબદારી કરતાં અસ્કયામતોમાંવધારો જણાયેલ છે. ઉપલક(સસ્પેન્સ) રકમનો હિસાબમેળ કરવો રહે.

વધુમાં ફકરા નં-14 માં દર્શાવ્યા મુજબ એડવાન્સ અને ઓન ઓન એકાઉન્ટ રકમ ખરેખર ખર્ચ માટેની છે.પરંતુ સરભર થયેલ નથી અને તેથી ખરેખર જવાબદારી કરતાં અસ્કયામતોનો વધારો ગણાય નહી.

(276)



**ફકરા નંબર-05**

**અંદાજપત્રનિયત સમયમાં વાસ્તવિક રીતે તૈયાર ન કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11 નાં અન્વેષણ દરમ્યાન ઓડીટવર્ષનાં અંદાજપત્રની રજુ થયેલ રેકર્ડ આધારીત ચકાસણી કરતાં નીચે મુંજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

સામાન્યતરઅંદાજપત્ર અગાઉનાં ત્રણ વર્ષનાં ખરેખર આવક તથા ખર્ચની વિગતોને તથા વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ તૈયાર કરવાનું હોય છે. પરંતુ અંદાજપત્ર અને ખરેખર આવક ખર્ચમાં નીચે મુજબ તફાવત આવે છે.

**વર્ષ-2010-2011 ના અંદાજ પત્રની વિગતો**

| વિગત | મંજુર થયેલ અંદાજ મુળ જોગવાઈ મુજબનાં રુપિયા | મંજુર થયેલ અંદાજ સુધારેલ જોગવાઈ મુજબનાં રુપિયા | ખરેખર થયેલ આવક-ખર્ચ રુપિયા | ખરેખર થયેલ આવક-ખર્ચમાં તફાવત (સુધારેલ અંદાજપત્ર મુજબ)રુપિયા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05(02-04) | 06 |
| આવક | 49,66,52,000 | 88,61,43,640 | 53,18,61,232 | 3,52,09,232 | - |
| ખર્ચ | 50,42,17,500 | 89,71,49,640 | 54,00,02,873 | 3,57,85,373 | - |
| તફાવત | 75,65,500 | 1,10,06,000 | 81,41,641 | - | - |

(1) નાણાંકીય વર્ષ 10-11 ના અંદાજપત્રને વાર્ષિક સભા તરફથી મંજુરી મળેલ છે કે કેમ ? તે અંગેની વિગતો ધ્યાને લેતાંગુજરાત યુનિવર્સિટી એકિઝકયુટિવ કાઉન્સિલની સભા શનિવાર તા 13-02-2010 ના રોજ સવારે 9-30 કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી.જે કાર્યવાહી અંગે ઠરાવ ચકાસણી કરતાં બરાબર માલુમ પડેલ હતાં

(2) સને-2010-11 માં અંદાજેલ કુલ આવક રુપિયા 49,66,52,000ની સામે રકમ રુપિયા 53,18,61,232 આવક થવા પામેલ છે જે અંદાજેલ આવકની સામે ખરેખર આવક રુપિયા 35,209,232 વધું થવા પામેલ છે.આમ.આવકઓછી અંદાજી અવાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરેલ છે.

11

(3) સને–2010-11 માં અંદાજેલ કુલ ખર્ચ 50,42,17,500/-રુપિયા ની સામે રકમ રુપિયા 54,00,02,873/- ખર્ચ થવા પામેલ છે જે અંદાજેલ ખર્ચની સામે ખરેખર ખર્ચ રુપિયા 3,57,85,373/- વધું થવા પામેલ છે.તો મંજુરી કરતાં વધુ થયેલ ખર્ચ માટે સ્પષ્ટતા કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી ઓડીટમાં રજુ થવા વિનંતી

(4) અંદાજપત્રનાંજે તે પેટા સદરોમાંઆવક અને ખર્ચ સામે ખરેખર આવક ખર્ચ વચ્ચે મોટી રકમનો તફાવત આ સાથે **પરિશિષ્ટ–1** તથા **પરિશિષ્ટ–2** ની વિગતો જોતાં જણાયેલ છે.જે જોતાં અવાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરવામાં આવેલ હોય તેમ ઓડિટનું માનવું છે.

(5) અંદાજપત્રનાં જે તે પેટા સદરોમાં આવક અને ખર્ચ સામે ખરેખર આવક ખર્ચ જોતાં યુનિવર્સિટીએ છેલ્લા ત્રણ વર્ષની ખરેખર આવક ખર્ચનાં આંકડાઓ ધ્યાને લઈ વાસ્તવિક અંદાજપત્ર કરવામાં આવેલ હોય તેમ જણાતું નથી

(6) અંદાજપત્રનાં જે તે પેટા સદરોમાં આવક અને ખર્ચ સામે ખરેખર આવક ખર્ચ જોતાંયુનિવર્સિટીએ સંભવિત અગત્યની પ્રવૃતિઓ આર્થિક સહાય,વિકાસની જોગવાઇ વિગેરે ધ્યાને લઈ સુધારેલ અંદાજપત્ર તૈયાર કરવામાં આવેલ હોય તેમ જણાતું નથી

(7) આમ,લાભ કરતા પ્રવૃતિઓને વેગવંતી બનાવવા બાબતે જે ખર્ચ અંદાજપત્રમાં મંજુર થયેલ હતો તેનો ઉપયોગ નહિવત કરીને અથવા બિલકુલ નહિ કરીને સંસ્થાને લાભથી વંચિત રાખેલ છે.જે બાબતે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

હવે પછીના આગામી વર્ષનાં અંદાજપત્રમાં આવક ખર્ચનો તફાવત ખૂબ જ ઓછો રહે તે રીતે વાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરવા ઓડિટનું સૂચન છે.

સંસ્થા દવારા હા.મા.નં-18 નો જવાબ રજુ થયેલ છે.જવાબ ફકરાને અનુરૂપ ન હોઇ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

## પરિશિષ્ટ–1 ફકરા નંબર–05

### અંદાજપત્ર માં કરેલ જોગવાઇ કરતાં ખરેખર આવકમાં થયેલ તફાવત અંગેની વિગત દર્શાવતું પરિશિષ્ટ–1

| અ નં | આવકની વિગત | અંદાજ રુપિયા | ખરેખર આવક રુપિયા | (વધ) અંદાજ કરતા વધુ આવક | (ઘટ) અંદાજ કરતા ઓછી આવક | ટકા વારી |
|---|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 | 07 |
| 01 | અન્ય ફીની આવક | 3,87,50,000 | 5,56,06,071 | 1,68,56,071 | - | 43.49 |
| 02 | જમીનની આવક | 50,00,000 | 23,62,832 | - | 26,37,168 | 52.74 |
| 03 | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | 2,56,000 | 32,300 | - | 2,23,700 | 87.38 |
| 04 | માસ્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન | 7,00,000 | 3,76,605 | - | 3,23,395 | 46.19 |
| 05 | પરીક્ષા ફીની આવક | 7,64,00,000 | 8,91,02,052 | 1,27,02,052 | - | 16.62 |
|  | કુલ | - | - | **2,95,58,123** | **31,84,263** | - |

## પરિશિષ્ટ-2 ફકરા નંબર-05

અંદાજપત્ર માં કરેલ જોગવાઇ કરતાં ખરેખર ખર્ચમાં થયેલ તફાવત અંગેની વિગત દર્શાવતું

પરિશિષ્ટ-2

| અ નં | ખર્ચની વિગત | અંદાજ રુપિયા | ખરેખર ખર્ચ રુપિયા | વધ અંદાજ કરતા વધુ ખર્ચ | ઘટ અંદાજ કરતા વધુ ખર્ચ | ટકા વારી |
|---|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 | 07 |
| 01 | સંશોધન માંટેની ગ્રાન્ટ શિષ્યવૃતી | 15,000 | - | - | 15,000 | 100 |
| 02 | યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર | 37,45,000 | 22,22,407 | - | 15,22,593 | 40.65 |
| 03 | યુનિવર્સિટી જમીનજાયદાદ | 72,25,000 | 1,44,48,095 | 72,23,095 | - | 99.97 |
| 04 | યુનિવર્સિટી મુદ્રણાલય | 91,20,000 | - | - | 91,20,000 | 100 |
| 05 | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | 10,60,000 | 6,04,708 | - | 4,55,292 | 42.95 |
| 06 | પ્રૌઢશિક્ષણ | 4,00,000 | 2,27,763 | - | 1,72237 | 43.05 |
| 07 | એસ.ટી.એસ.સી. સેલ | 10,00000 | 6,34,657 | - | 3,65,343 | 36.53 |
| 08 | હિરક મહોત્સવ | - | 13,88,196 | 13,88,196 | - | 100 |
|  | કુલ | - | - | 86,11,291 | 1,16,50,465 | - |

**ફકરા નંબર-06**

**વાર્ષિક હિસાબો બાબત**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2010-11 ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ વાર્ષિક હિસાબની ચકાસણી કરતાં યુનિવર્સિટી ધારાની' કલમ-49(4) તથા સ્ટેચ્યુટ-89 અનુસાર યુનિવર્સિટીએ તૈયાર કરેલ વાર્ષિક હિસાબો યુનિવર્સિટી કોર્ટ દવારા મંજુર કરવાના રહે છે. સને-2010-11 ના વાર્ષિક હિસાબો ગુજરાત યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા 13-02-2010 ના રોજ મળેલ સભામાં મંજુર કરવામાં આવેલ છે.પરંતુ કોર્ટ દવારા મંજુર થયાના આધાર રજુ થયેલ નથી

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના હિસાબો દ્વિનોંધી પધ્ધતિના સિધ્ધાંતો મુજબ સદરવાર આવક ખર્ચ દર્શાવી વર્ષાન્તે પાકુ સરવૈયુ બનાવી તા. 31-03-11 ની સ્થિતિ દર્શાવવામાં આવેલ છે.સદરહું બાબતે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.તા. 31-03-2011 ના રોજ પુરા થતા વર્ષના આવક-ખર્ચના આંકડાઓની ચકાસણી કરતાં જણાશે કે.આવક કરતાં ખર્ચમાં રુપિયા **81,41,641/-** નો વધારો જણાયેલ છે.

(01)આવક ખર્ચ એકાઉન્ટ

| વિગત | રકમ | |
|---|---|---|
| (A) છેલ્લા હિસાબ મુજબ આવક કરતા ખર્ચનો એકત્રિત વધારો | -4,43,69,316-17 | |
| ઉમેરો | - | |
| (B) ચાલુ વર્ષે આવક કરતાં ખર્ચનો વધારો | 81,41,641-67 | |
| બાદ | - | |
| (C)ચાલુ વર્ષે એડજસ્ટ કર્યા | -1,684-00 | |
| (D) વર્ષનાં અંતે | -3,62,25,990-50 | |

વાર્ષિક હિસાબમાં મિલ્કત લેણાંબાજુ ઉપર મુજબ (-) સિલક દર્શાવેલ છે.તેનો અર્થ એવો થાય છે કે ખર્ચ કરતાં આવકનો વધારો છે અને તેથી આ વિગત મૂડી-દેવાં બાજુ આવી જોઇએ જેની બદલે મિલ્કત લેણાં બાજ (-) સિલક દર્શાવવા બદલ સ્પષ્ટતા થવા વિનંતી છે.

(02) યુનિવર્સિટી વાર્ષિક હિસાબોમાં કાયમી મિલકતો તરીકે નીચે મુજબની વિગતો છે.

15

| અ નં. | વિગત | રકમ |
|---|---|---|
| 01 | વર્ષની શરુઆતમાં | 16,27,32,352-76 |
| 02 | વર્ષ દરમ્યાન ઉમેરો | 3,71,70,399-00 |
| | કુલ મિલકત | **19,99,02,751-76** |
| | બાદ ઘસારો | 8,74,70,460-48 |
| | વર્ષના અંતે | 11,24,32,291-28 |

યુનિવર્સિટીની કુલ મિલકતો કે જેમાં યુનિવર્સિટીના મકાનો, જમીન ફર્નિચર, વૈજ્ઞાનિક સાધનો, સામગ્રીઓ અને પુસ્તકોનો સમાવેશ થાય છે. તેમાં સને-2010-11ના અંતે રુપિયા 16,27,32,352-76 ની મિલકતો સામે કુલ રુપિયા 8,74,70,460-48 ઘસારો બાદ કરી ચોખ્ખી મિલકતો રુપિયા 11,24,32,291-28 દર્શાવેલછે. આમ, ઘસારાની રકમ મિલકતમાંથી બાદ કરેલ છે. પરંતુ આ માટે અલગ ફંડ રાખી કોઇ રોકાણો કર્યા સિવાય ફકત ઘસારો ગણી મિલકતો ઓછી બતાવવાનું કોઇ કારણ સ્પષ્ટ થતું નથી. કુલ મિલ્કતો સામે સને-2010-11 સુધીમાં43.75% વધારો ગણી મિલ્કતો ઓછી ગણેલ છે. સરકારશ્રી દવારા યુનિવર્સિટીની મિલકતોની જાળવણી અને મરામત માટે અલગ ગ્રાન્ટ પણ ફાળવેલ છે. તેથી આ રીતે ઘસારો કયા હેતું માટે ગણવામાં આવે છે તે બાબતે આધાર સહ સ્પષ્ટતા થવા વિનંતી.

વાર્ષિક હિસાબમાં મિલકત લેણાં બાજુ કાયમી મિલકતોમાંથી અત્યાર સુધીનો કુલ ઘસારો સને-2010-11 માં રુપિયા 8,74,70,460-48 દર્શાવવામાં આવેલ છે. જયારે મુડી દેવાં બાજુ અગાઉ ઉપર જણાવ્યાં પ્રમાણે ફકત એક જ વર્ષનો ઘસારો બાદ કરી દર્શાવવામાં આવેલ છે. તો મિલકતોમાં અગાઉના વર્ષો સહિતનો ઘસારો કયા કારણોસર દર્શાવવામાં આવે છે તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે. તેમ જણાવવા છતાં સંસ્થા દવારા કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

(03) ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબોમાં વર્ષના અંતે બાકી રહેલા એડવાન્સ અને બીજા ખાતાના રુપિયા 11,99,31,495-35 એડવાન્સ સરભર કરવાના બાકી છે. ખરેખર આ રકમ ખર્ચ કરવા આપેલ છે. અને ખર્ચ પણ થયેલ જ હશે પરંતુ નાણાંકીય વર્ષમાં સરભર કરવાની બાકી છે. અને તેથી તેટલા અંશે ખર્ચ ઓછો નોંધાયેલ ગણાય યુનિવર્સિટીના આવક ખર્ચ મુજબ રુપિયા 54,00,02,873-88 ખર્ચ નોંધાયેલ છે. તેની સામે રુપિયા 11,99,31,495-35 એડવાન્સ ઘણી મોટી રકમ બાકી ગણાય કુલ ખર્ચના 20.37% ખર્ચ ઓછો બુક થયેલ ગણાય અને તેટલા અંશે યુનિવર્સિટીના આવક ખર્ચ તથા પાકા સરવૈયાં પણ ક્ષતિયુકત ગણી શકાય.

(04)યુનિવર્સિટી દવારા ખાનગી પેઢીઓને,તેઓ દવારા પુરા પાડેલ માલ સામાન, ચીજ વસ્તુ,સેવા કરેલ કામગીરી માટે ઓન એકાઉન્ટ રકમ ચુકવી જે તે પેઢી ખાતે રકમ ઉધારવામાં આવે છે અને આવી રકમો લાંબાસમય સુધી પાર્ટીના નામે બાકી રહે છે. નાણાંકીય વર્ષ તા–31-03-11 ના અંતે રુપિયા 46,74,99,989/- જેટલી માતબર રકમ જુદી જુદી પાર્ટીઓ ના નામે બાકી રહેલ છે. (ફકરા નં–14)આમ સંબંધિત પાર્ટીને કરેલ કામગીરી, આપેલ સેવા કે ચીજ વસ્તુ સામે રકમ ચુકવેલ છે. એટલે કે આ અંગેનો ખર્ચ થયેલ છે પરંતુ ખર્ચ તરીકે આ રકમ ના ઉધારતા તેટલા પ્રમાણમાં ખર્ચ આવક ખર્ચમાં ઓછો દર્શાવેલ છે. અને આ રકમ પાકા સરવૈયામાં મિલ્કત લેણાં બાજુ દર્શાવતાં મિલ્કતો લેણાં વધુ દર્શાવવા અને તેથી યુનિવર્સિટીની આવક ખર્ચમાં તેટલા અંશે ખર્ચ ઓછો દર્શાવાયેલ છે અને મિલ્કત લેણા વધુ દર્શાવેલ હોવાથી યુનિવર્સિટીનું પાકુસરવૈયું આવક-ખર્ચ તથા તારીખ–31-03-11 ની સાચી પરિસ્થિતિ દર્શાવતું હોવાનું પ્રમાણિત કરી શકાય તેમ નથી

ઉપરોકત વિગત ધ્યાને લેતાં યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાં દર્શાવેલ આવક ખર્ચ સાચી આવક ખર્ચની વિગત તથા પાકા સરવૈયાં દર્શાવેલ મૂડી-દેવા તથા મિલ્કત લેણાં સાચા હોવાનું પ્રમાણિત કરી શકાય તેમ નથી જે અંગે સ્પષ્ટતા થવા વિનંતી

~~પ્રાથમિક વાધાનંબર 47/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે.~~ વાંધામાં જણાયેલ વિગતે જવાબ અનુરૂપ ન હોવાથી ઉકત બાબતમાં જણાવ્યાં મુજબની કાર્યવાહી થવી ઘટે.

17

કકરા નંબર–07

રિનોવેશન/ફર્નિચર ખરીદીના કામમાં અનિયમિતતા તેમજ રેકર્ડ અધુરું રજુ કરવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાંનાણાકિય વર્ષ–2010-11ઓડિટ દરમ્યાન એસ્ટેટ વિભાગ દવારા કરાવવામાં આવેલ રિનોવેશનની કામગીરી માટે નીચે દર્શાવેલ વિગતે ખર્ચ કરવામાં આવેલ છે.

| અ નં | વા.નં. તારીખ | રકમ રુપિયા | વીસી મંજુરી | કરાવેલ કામગીરીની ટુંકી વિગત |
|---|---|---|---|---|
| 1 | 7522 05-03-11 | 2,79,613/- | 321 29-12-10 | જીઓ ઇન્ફર્મેટીકસ સેન્ટર ખાતે વહીવટી કચેરી ખાતે તથા લાયબ્રેરી ઓફિસ ફર્નિચર રિનોવેશન |
| 2 | 7523 05-03-11 | 4,69,628/- | 319 26-12-10 | ધ્યુમન જીનેટીકલ બિલ્ડીંગ ખાતે ડાયરેક્ટર કેબિન,ઓફિસ,સેમિનાર હોલ,ઇન્ટીરીયર ફર્નિચર |
| 3 | 7524 05-03-11 | 3,86,287/- | 320 10-12-10 | જીઓ ઇન્ફર્મેટીકસ સેન્ટર ખાતે ડીજીટલ લેબ,CITS IMS લેબના ઈન્ટીરીયર્સ ફર્નિચર |
| | | 11,35,528/- | | |

ઉપરોકત વાઉચરોની ચકાસણી કરતાં ધ્યાને આવેલ અનિયમિતતા અધુરા રેકર્ડ બાબતે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(1) સદરહું વણેય કામ કુલપતિશ્રીની મંજુરી મેળવી શ્રી ચિના ઇન્ટીરીયર્સ પ્રા.લિમિટેડ પાસે કરાવવામાં આવેલ છે.પરંતુ આ કામ કરાવવા માટે સંબંધિત વિભાગ,શાખા,ભવાન,ગ્રાન્ટના ઇન્ચાર્જે દવારા કરવામાં આવેલ રજુઆતના દરખાસ્તના કોઇ આધારો રજુ થયેલ નથી

(2) સદરહું રુપિયા 11,35,528/-ના કામ માટે કોઇ વહિવટી મંજુરી કે તાંત્રીક મંજુરી રજુ થયેલ નથી.આ અંગેના કોઇ પ્લાન,નકશા,અંદાજ બનાવવામાં આવેલ હોય તેમ જણાતું નથી.રેકર્ડ રજુ થયેલ નથી.

(3) સદરહું કામ માટે યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગ દવારા વણેય કામ માટે ફકત નીચે દર્શાવેલ પાર્ટીઓના ભાવ પત્રકો આવેલા છે.તેની નકલો વાઉચરો સાથે જોડવામા આવેલ છે.

| અ નં | નામ | સરનામું |
|---|---|---|
| 1 | સુમા ફર્નિસીંગ | નારાયણ નગર રોડ |
| 2 | શ્રી ચિત્રા ઇન્ટીરીયર્સ પ્રા.લિમિટેડ | બેરેજ રોડ વાસણા |
| 3 | એસોસીયેટેડ ઇન્ટીરીયર્સ | નારોલ |

આ ભાવ પત્રકો અંગે નીચેની વિગતે સ્પષ્ટતા થવી જરૂરી છે:

(3) (ક) આ અંગે યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગ દવારા કુલ કેટલી પાર્ટીઓને ભાવ પત્રકો મોકલવા કે લખવામાં આવેલ છે ? તેની વિગતો આધાર સહ રજુ થવી ઘટે.

(3) (ખ)આવેલ ત્રણેય પાર્ટીના ત્રણેય કામના ભાવપત્રકોમા યુનિવર્સિટીના પત્ર જાહેરાત કે તેઓએ કયા આધારે ભાવપત્રકો મોકલેલ છે ? તેનો કોઇ ઉલ્લેખ નથી.તો આ રીતના ભાવો કેવી રીતે આવ્યા તે અંગે સ્પષ્ટતા થવા વિનંતી છે.

(3) (ગ)ત્રણેય પાર્ટીના ભાવો.આવેલ ભાવ અંગેના કવર ઉપર ટીકીટ ચોંટાડેલ નથી એટલે કે રુબરુમાં કચેરીમા આવેલ છે.આમ આર.પી.એ.ડી.ના બદલે રુબરુ ભાવ પત્રકો સ્વીકારવા અંગે સ્પષ્ટતા થવા વિનંતી.

(3) (ઘ)ત્રણેય કામના ભરાઇને આવેલ ત્રણેય પાર્ટીના કુલ-9 ટેન્ડર જોતા આઇટમ સંખ્યા વિગેરે એક જ ક્રમમાં ભરાઇને આવેલ છે.આ પરથી એમ જણાય છે કે યુનિવર્સિટી દવારા તેઓને આ અંગે નો નમુનો ભાવ ભરવા આપેલ મોકલેલ હશે પરંતુ આ અંગેના કોઇ આધાર રજુ થયેલ નથી.અથવા તો એક જ પાર્ટીએ ત્રણેય ભાવો ભરેલ છે.

(4) ઉપરોક્ત રુપિયા 11,35,528/- ના કામો અંગે વર્તમાનપત્રમાં જાહેરાત આપેલ નથી.ફકત ત્રણ પાર્ટીના ભાવો દરેક કામ માટે મેળવેલ છે.તો જાહેરાત ના આપવા સબબ સ્પષ્ટતા થવી ઘટે.

(5) સંસ્થા દવારા ઉકત ફર્નિચરની ખરીદી માટે કોઇ જ પ્રકારનું સ્પેસીફીકેશન દર્શાવેલ નથી ઉધોગ,ખાણ અને વીજળી વિભાગના પરિપત્ર નંપરિપત્ર ક્રમાંક: પીએસી-1181/1221-ચ 8 મી નવેમ્બર 1981મુજબ માલ અને ખરીદી સમયે તેનું ચોકક્સ સ્પેસીફીકેશન નિયત થયેલુંહોવુંજોઇએ યોગ્ય સ્પેસીફીકેશન ન હોવાના કારણે આવેલ ભાવોની તુલના પણ અશકય બનેછે.આમ ચોકક્સ સ્પેસીફીકેશન વગરની ખરીદી ખામી ભરેલી ખરીદી પ્રક્રિયા થયેલ જણાય છે.જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં રુબરુમાં જણાવેલ છે કે કુલપતિશ્રીને ઓર્ડીનાન્સ 62 સી મુજબ રુપિયા 5,00,000/- સુધીનો ખર્ચ ત્રણ ભાવ પત્રકો મેળવીને કરવાની સત્તા છે.પરંતુ ઉપરોકત ત્રણ કામો પૈકી બે કામો એક જ બિલ્ડીંગના છે.ત્રણેય કામો ઝુઓલોજી

ડીપાર્ટમેન્ટના ડેડ સ્ટોક રજીસ્ટરે ચડાવેલ છે. અને તેથી કામના ભાગ પાડી રુપિયા 5,00,000/- ની મર્યાદામાં કામ કરાવવા સબબ સ્પષ્ટતા થવા વિનંતી.ખરેખર કામ રુપિયા 5 લાખ ઉપરનું હોવા છતાં ભાગ પાડી વણ ભાવોને આધારે કામ કરાવવા સબબ સ્પષ્ટતા થવી ઘટે.

વધુમા વી.સી.મંજુરી નં-3,19,320 અને 321 છે.એટલે કે સાથે મંજુરી આપેલ હોય તેમ જણાય છે.તો વર્તમાન પત્રમાં જાહેરાત આપ્યા સિવાય કામો કરાવવા સબબ સ્પષ્ટતા થવા વિનંતી.

(5) ઉપરોક્ત ત્રણેય પાર્ટીના આવેલ ભાવ 9(નવ) ભાવ પત્રકોમાં ચીજ વસ્તુનુ ફકત નામ અને સાઇઝ જ દર્શાવેલ છે કોઇ વિગતવાર સ્પેશીફિકેશન દર્શાવેલ નથી દા.ત.ટેબલ ફોર સાઇઝ 90"*30"સંખ્યા દર્શાવેલ છે.ચેર વીથ હેન્ડલ.ટેબલ,ખુરશી, વિગેરે ચીજ વસ્તુઓ લાકડાની કે લોખંડની તેવુંપણ દર્શાવેલ નથી.ચીજ વસ્તુઓ માટે વાપરવાના માલસામાનના કોઇ સ્પેશીફિકેશન નથી આ મુજબ મોટો ભાગે તો ફર્નિચર ખરીદી અને ત્યારબાદ ઇલેક્ટ્રીક કામ છે અને થોડા ઘણાં અંશે રિનોવેશન કામગીરી છે.ફર્નિચર માટે વાપરવાના લાકડાં.કરવાની પોલીસ,વાપરવાના પ્લાયવુડ બ્લેક બોર્ડની સ્પેશીફિકેશન, લેમિનેશન ટોપનુ સ્પેશીફિકેશન વિગેરે કોઇ જ વિગત આવેલ ભાવ પત્રકમાં નથી.

આ મુજબ ઇલેક્ટ્રીક કામ માટેના પણ કોઇ સ્પેશીફિકેશન નથી વાયરીંગ ક્યાંથી ક્યાં કરવાનું છે વાયર કોપર કે એલ્યુમિનિયમનો વાપરવો,વાપરવાનો અન્ય માલ સામાન આઇ.એ.એસ.માર્કાનો કે કોઇ જ સ્પેશીફિકેશન નથી આમ કોઇ પણ જાતના સ્પેશીફિકેશન વગર પાર્ટીઓએ ભાવો પણ ક્યાં આધારે ભરેલ છે ? તે સ્પષ્ટ થઇ શકતુ નથી

વધુમાં પાર્ટીઓ કામ કર્યા બાદ,આપેલ બિલો પણ સ્પેશીફિકેશન વગરના ટેન્ડરમા દર્શાવેલ આઇટમ મુજબના જ આવેલ છે અને તેની ચકાસણી યુનિવર્સિટી કક્ષાએ કયા આધારે થઇ.તે અંગે સ્પષ્ટતા થવી ઘટે.આમ છતા મેજરમેન્ટ. આઇટમનુ માપ અને સંખ્યા લખી ચેક કરેલ છે.તેવું પ્રમાણપત્ર એસ્ટેટ શાખા દવારા પણ આપવામાં આવેલ છે.બિલ ઉપરથી કોઇ સ્પેશીફિકેશન તથા અને ઉપર દર્શાવ્યા મુજબ ક્ષતિઓ છે.ત્યારે બિલ કયા આધારે ચકાસાયુ છે. વગેરે બાબતો અંગે વિગતવાર તપાસ કરી.ઓડીટને જાણ થવી ઘટે.

(6) આવેલ ભાવ પત્રકો ફકત પાર્ટીના લેટર પેડ ઉપર કોમ્પ્યુટર ટાઇપ થઇને આવેલ છે કોઇ શરતો નથી અર્નેષ્ટમની ડીપોઝીટ સિક્યોરીટી ડીપોઝીટનો પણ કોઇ ઉલ્લેખ નથી.તો આટલા મોટા કામ માટે ટેન્ડર ફીની આવક ગુમાવવી પડેલ છે.તેમજ ઇ.એમ.ડી.સીક્યોરીટી ડીપોઝીટ લીધા સિવાય કામ કરાવવા બદલ સ્પષ્ટતા થવી જરુરી છે.

(7) યુનિવર્સિટીના પત્ર નં.-એસ્ટેટ-2910-2010 તારીખ 29-10-10 અને બીજા એકપત્ર નં.-એસ્ટેટ-3012-2010 તારીખ 30-12-10 થી ચિત્રા ઇન્ટીરીયર્સ પ્રા.લિમિટેડને અનુક્રમે રુપિયા 4,89,272/-(ઝુઓલોજી બિલ્ડીંગમા ડીઝીટલ લેબ અને અનિમેશન લેબ) તથા રુપિયા 4,28,885/-(ઝુઓલોજી ડીપાર્ટમેન્ટ એડમિન અને લાયબ્રેરી ફોર અનિમેશન) માટે વર્ક ઓર્ડર આપેલ છે.

સદરહુ બન્ને વર્ક ઓર્ડરમા પાર્ટીને યુનિવર્સિટી એન્જીનિયરશ્રીને જરુરી ડીઝાઇન ડ્રોઇંગ અને અન્ય વિગતો માટે મળવાની સુચના આપેલ છે.

મુદ્દો એ ઉપસ્થિત થાય છે કે જયારે ડીઝાઇન અને ડ્રોઇંગ પાર્ટીને આપેલ નથી જરુરી સ્પેશીફિકેશન નથી તો પાર્ટીઓએ ભાવો કયા આધારે ભર્યા અને યુનિવર્સિટીએ કયા આધારે ગણતરી કરી સૌથી ઓછા ભાવ ગણી ઓર્ડર આપ્યો ? નિયમાનુસાર પ્રથમ પ્લાન, એસ્ટીમેન્ટ, ડીઝાઇન, ડ્રોઇંગ અને જરુરીયાતો તૈયાર થાય ત્યારબાદ તેને અનુરુપ ટેન્ડર બને અને ટેન્ડર મુજબ પાર્ટીએ કામ કરવાનું રહે. જયારે પ્રસ્તુત કેસમાં આનાથી વિપરીત બાબતો પત્રમાં લખાયેલ છે. આ બાબતે વિગતે તપાસ કરી, પરિણામ સહ ઓડીટને જાણ થવી ઘટે.

(8) સદરહું ત્રણેય કામોમા મહદ અંશે તો બહારથી ફર્નિચર જેવુ કે ટેબલ, ખુરશી, સોફા જેવી જુદી જુદી પ્રકારની ખુરશીઓ , કેબિનેટ ફાઇલ, રેક વગેરે વગેરેની ખરીદી છે તો સદરહુ આઇટમો માટે બજારમાથી આ કામગીરી કરતા વેપારી/પાર્ટીઓ પાસેથી ભાવો ના મંગાવતા ઇન્ટીરીયર ડેકોરેટરર્સ પાસેથી ખરીદવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.

અલબત ઇન્ટીરીયર ડેકોરેટરર્સની જરુર હોય તો તેઓએ કન્સલ્ટીંગ ચાર્જ ચુકવી સેવાઓ મેળવી શકાય. પરંતુ તમામ પ્રકારની કામગીરી ખરીદી ઇન્ટીરીયર ડેકોરેટરો પાસેથી કરાવવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.

(9)આવેલ તમામ ભાવપત્રકો તેમજ શ્રી ચિત્રા ઇન્ટીરીયર્સ પ્રા.લિમિટેડના બિલો ફકત જે તે પાર્ટીના લેટર પેડ ઉપર આવેલ છે. આ લેટર પેડ ઉપર સંબંધિત પાર્ટીનો સેલ્સ ટેક્ષ નંબર, વેટ નંબર સર્વિસ ટેક્ષ નંબર જેવી કંઇ જ વિગતો ભરેલ નથી તેથી ખરીદેલ ચીજ વસ્તુઓ ઉપર સરકારશ્રીને જે કોઇ વેટની આવક તથા તેઓએ આપેલ સેવાઓ ઉપર સર્વિસ ટેક્ષની આવક ગુમાવવી પડી હોય તેમ જણાય છે.

આવેલ ભાવો સંબંધિત ટેક્ષ સાથેના હશે તેમ માનીએ તો પણ સરકારશ્રીને આવક ગુમાવવી પડી હશે તેમ જણાય છે. તો આવા નંબર વગર બિલોનું ચુકવણું કરવા સબબ સ્પષ્ટતા થવા વિનંતી.

ઉપરોકત વાંધાની પુર્તતા થતા સુધી થયેલ રુપિયા 11,35,528/- વાંધા હેઠળ રાખવામા આવે છે. અનુક્રમ ન.-2 ના ખર્ચ ગ્રાન્ટ સામે ઉધારવા બાબત ગ્રાન્ટની

21

શરતો, ગ્રાન્ટ સ્કીમ રજુ થયેલ નથી તેથી શરતો મુજબની ચકાસણી શક્ય બનેલ નથી.

સંસ્થાએ પ્રા.વાં.નં.99/ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રુપિયા 11,35,528/-

**ફકરા નંબર-08**

**યુનિવર્સિટીના રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં રુલ્સ/પ્રિ-પ્રીન્ટેડ કન્ટીન્યુસ સ્ટેશનરી ખરીદીમાં અનિયમિતતા બાબત.**

ગુજરાતયુનિવર્સિટી અમદાવાદના રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર દવારા નાણાંકીય વર્ષ-2010-11 દરમ્યાન રુપિયા 3,78,610/- ડોટ પ્રીન્ટર્સના બીલ નંબર 2660 તારીખ-01-04-10 નું ચુકવણુ કરવામાં આવેલ છે આ અંગેની ફાઇલની ચકાસણી કરી નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

1 આ ખરીદી કરતાં અંગાઉ વર્તમાનપત્રમાં જાહેરાત આપવાનો મુસદો તારીખ-21-07-09 ના રોજ તૈયાર કરેલ છે.અને તેમાં ટેન્ડર ભરી પરત કરવાની છેલ્લી તારીખ-10-08-09 દર્શાવેલ છે.ટેન્ડર ફી રુપિયા 500/- તથા ઈએમડી રુપિયા 5000/- રાખેલ છે.પરંતુ ટેન્ડર રજીસ્ટર તથા ઇએમડી રજીસ્ટર રજુ થયેલ નથી.

2 આ જાહેરાતનાં અનુસંધાને 6 પાર્ટીઓના ભાવ પત્રકો આવેલ છે. ટેન્ડરમાં જુદી જુદી 10 સ્ટેશનરી આઇટમના ભાવ મંગાવવામાં આવેલ છે.અને આવેલ ભાવો પૈકી સૌથી ઓછો ભાવ ( યુનિવર્સિટીએ ગણવી કર્યા મુજબ 10 આઇટમની કુલ ટેન્ડર રકમ) હાઇટેક મલ્ટી ફોર્મ્સના કુલ કિંમત રુપિયા 3,56,335/- આવેલ છે.ત્યાર બાદ L/2 બીન્દીયા એન્ટરપ્રાઇજની કિંમત રુપિયા 4,03,345/- છે.અને L/3 જીત જતન કોમ્પ્યુફોર્મ્સ પ્રા લિ.કિંમત રુપિયા 4,12,782/- છે.જયારે L/4 ડોટ પ્રીન્ટ કિંમત રુપિયા 4,30,967/- છે.

3 ત્યાર બાદ રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર દવારા કુલસચિવશ્રીને લખેલ તારીખ-29-08-09ના પત્રમાં જણાવ્યાં મુજબ L/1 હાઇટેક મલ્ટી ફોર્મ્સના ભાવો સૌથી ઓછા છે. પરંતુ અગાઉની ખરીદીના અનુભવ તેમજ કવોલીટી ખરાબ વર્કમેનશીપ હોઇ ભાવો ધ્યાને ન લેવા ભલામણ કરેલ છે.

પરંતુ અગાઉ તા-30-03-07 ના કોમ્પ્યુટર સેન્ટરના પત્રથી અગાઉના ટેન્ડરમાંહાઇટેક મલ્ટી ફોર્મ્સને રુપિયા 3,23,840/- નો ઓર્ડર આપેલ છે. અને તે મુજબ પુરેપુરુ ચુકવણું પણ કરેલ છે. તેમજતેનાકામ.કાગળની કવોલીટી બાબતની કોઇ પણ વ્યવહાર ફાઇલમાં નથી.

આ ઉપરાંત રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના તારીખ-29-08-09 ના પત્રમાંL/2 અને L/3 પાર્ટી અનુક્રમે ખેડા તેમજ સુરતની હોઇ તથા કાર્યક્ષમતાનો અનુભવ નથી તેમ જણાવી L/4 પાર્ટી ડોટ પ્રીન્ટ બિન્દીયા એન્ટરપ્રાઇજના ભાવે કામ કરવા તૈયાર થાય તો કામગીરી તેઓને સુપ્રત કરવા ભલામણ કરેલ છે.અને તે આધારે કુલપતિશ્રીની

23

મંજુરીથી રોલવાલા સેન્ટરના તા–19-09-09 ના પત્રથી ડોડ પ્રીન્ટને રુપિયા 4,02,900/- નો ભાવ કન્ટીન્યુસસ્ટેશનરીનો ઓર્ડર આપવામાં આવેલ છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે યુનિવર્સિટી દ્વારા L/2 અને L/3ને અવગણી L/2 ના ભાવે L/4 પાર્ટીને ઓર્ડર આપેલ છે. જયારે ટેન્ડર બહાર પાડવામાં આવે ત્યારે વધુ ને વધુ સ્પર્ધાત્મક ભાવો મળે તે ઉદ્દેશ હોયછે. અને તેમાંL/2 અન L/3 પાર્ટી અમદાવાદ બહારની છે.અને યુવિર્સિટીએ કાર્યક્ષમતાનો અનુભવ નથી તે કારણે તેઓના ભાવ માન્ય ના રાખવા આ બાબત કોઇ પણ રીતે ઉચિત ગણાય નહી અને ફકતL/4 પાર્ટીને કામ આપવા જ આ બાબતનો ઉલ્લેખ કરી.કામગીરી કરાવેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર દવારા બહાર પાડેલ ટેન્ડરમાં10 આઇટમના અલગ અલગ ભાવ માંગેલ છે અને તેથી જે જે આઇટમના ભાવ સૌથી ઓછા હોય તેને તે આઇટમનો ઓર્ડર આપવો જોઇએ જેના બદલે કુલ રકમ ધ્યાને લઇ ઓર્ડર આપવા સબબ સ્પષ્ટતા થવી ઘટે.

આ અંગેની સ્ટેશનરી રજીસ્ટર માંગવા છતાંઓડીટમાં રજુ થયેલ નથી તે ઓડીટમાં રજુ થવા વિનંતી

આપવામાં આવેલ વાંધાની પૂર્તતા થતાં સુધી થયેલ ખર્ચ રુપિયા 3,78,610/- વાંધાની હેઠળ રાખવામાં આવે છે.

પ્રાથમિક વાધાનંબર 88/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ નથી.

વાંધાની હેઠળરુપિયા 3,78,610/-

**ફકરા નંબર-09**

**રોલવાલા કોમ્પ્યુટરસેન્ટર દવારા છપાવવામાં આવેલ માર્કશીટ અને O. R. તથા કોલેજ કોપી છપાવવામાં થયેલ અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના અમદાવાદનાં સને-2010-11 નાં નાણાંકીય વર્ષના ઓડીટ દરમ્યાન માર્કશીટ છપાવવા તથા O. R. અને કોલેજ કોપી છપાવવા અંગે નીચે મુજબ રુપિયા 7,20,093/-ખર્ચ થયેલ છે.

| અ નં | વા.નં | તારીખ | પાર્ટીનું નામ | ખર્ચની વિગત | ચુકવેલ રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 6622 | 01-02-11 | મીરર ઇમેજ પ્રા.લિ. | પાસીગ સર્ટીફીકેટ 10,000 નંગ<br>પ્રીન્ટીગ ઓફ માર્કશીટ પ્રતિ નંગ 1.70 | 21,000/-<br>21,000/- |
| 2 | 2282 | 17-07-10 | મીરર ઇમેજ પ્રા.લિ. | પ્રીન્ટીગ ઓફ માર્કશીટ 1,90,000 નંગ | 4,59,200/- |
| 3 | - | - | ડોટ પ્રીન્ટ | M S O.R. તથા કોલેજ કોપી છપામણી | 1,03,293/- |
| 4 | 2927 | 12-08-10 | મીરર ઇમેજ પ્રા.લિ. | M S O.R. પ્રીન્ટીગ 68,000 નંગ પ્રતિ નંગ 1.70 | 1,15,600/- |
| | | | | | 7,20,093/- |

આ છપામણી કરાવતાં પહેલાં રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરનો તા. 04-05-10 નો પત્ર કુલસચિવશ્રીને લખી દૈનિક પત્રમાં જાહેરાત આપવી તથા ટેન્ડર ફી રુપિયા 1,000/- અને EMD રુપિયા 10,000/- રાખવા જણાવેલ છે.જેના અનુસંધાને શોર્ટ ટેન્ડર નોટીસ તા-10-05-10 નો નમૂનો ફાઇલમાં છે.જેમાં જણાવ્યાં મુજબ તા-17-05-10 પહેલાં ટેન્ડર ભરી મોકલવાની જોગવાઇ છે.જાહેરાત ગુજરાતના ચાર દૈનિક પત્રોમાં તા-11-05-10 ના રોજ આપવામાં આવેલ છે.ટેન્ડર કોપીમાં જણાવ્યા મજુબ અંદાજીત રુપિયા 3,50,000/- નું કામ છે.તેમ જણાવેલ છે.આ અંગે નીચેની વિગતે સ્પષ્ટતા થવી ઘટે.

25

1(1) ટેન્ડર પત્રના મથાળે દર્શાવ્યાં મુજબ માર્ચ/એપ્રિલ/ઓક્ટો/નવે/2010 ની માર્કશીટ,ઓફીસ રજીસ્ટર તથા કોલેજ રજીસ્ટર છાપાવવાની રહે છે.અને તેમાં પાંચ આઇટમ દર્શાવેલ છે.જાહેરાત તા-11-05-10 ના રોજ આવેલ હોવાથી ફકત 7 દિવસનો જ સમય આપવામાં આવેલ છે.યુનિવર્સિટી દવારા પરીક્ષા લેવી તથા માર્કશીટો આપવી એક રુટીન કામગીરી છે.અને તેથી અગાઉથી આયોજન કરી વહેલાં જાહેરાત આપવામાં આવે તો શોર્ટ ટર્મ ટેન્ડર નોટીસ આપવી ના પડે.અને લાંબો સમય મળે તો વધુ સ્પર્ધાત્મક ભાવ મળી શકે.

(2)માર્ગ અને મકાન વિભાગના તારીખ- 04-11-2000 ના ઠરાવ મુજબ અંદાજીત રકમના 1% લેખે ઈ.એમ.ડી.તથા તારીખ- 31-03-1999 મુજબ 2.5% સીક્યુ.ડીપોઝીટ અને 5% લેખ પરફોર્મન્સ બોન્ડ લેવાનું રહે છે. પરંતુ ઓડીટ દરમ્યાન રજુ થયેલ સાધનિક રેકર્ડ ચકાસતાં ઈ.એમ.ડી.તથા એસ.ડી. ભરવાની નોંધ કે પહોંચની નકલ રજુ થયેલ નથી.જેથી ઈ.એમ.ડી.તથા એસ.ડી.લીધાનું જણાતું નથી તો ઈ.એમ.ડી.તથા એસ.ડી.વગર ટેન્ડર માન્ય ગણવી અંગે સ્પષ્ટતા થવી ઘટે.

2 ઉપરોકત જાહેરાતના અનુસંધાને ફકત બે જ ટેન્ડર વેચાણ થયેલ છે.અને બે જ ટેન્ડર ભરાઇને આવેલ છે.ભરાઇને આવેલ ટેન્ડર પૈકી મીરર ઇમેજ પ્રા.લીમીટેડે પાંચેય આઇટમના ભાવ ભરેલ છે જયારે બીજા ટેન્ડર ડોટ પ્રીન્ટ દવારા અનુક્રમ નંબર 1 થી 3 માર્કશીટ છાપકામના ભાવ ભરેલ નથી પરંતુ આઇટમ નં4અને 5 ઓફીસ રજીસ્ટર અને કોલેજ રજીસ્ટરના જ ભાવ ભરેલ છે.આવેલ બે ટેન્ડર પૈકી ડોટ પ્રીન્ટના અનુક્રમ નંબર 4 અને 5 ના ભાવ ઓછા હોવાથી તેઓને ઓર્ડર આપી કામ કરાવી રુપિયા 1,03,293/- ચુકવણું કરેલ છે.ડોટ પ્રીન્ટરે કરેલ કામના ભાવ અને મીરર ઇમેજ પ્રા.લી.ના ભાવમાં નીચે મુજબ ઘણો મોટો તફાવત જોવા મળેલ છે.

| અ નં. | કામની ટુંકી વિગત | છપાવવાની ફોર્મની સંખ્યા | ડોટ પ્રીન્ટના ભાવ | મીરર ઇમેજ પ્રા.લી.ના ભાવ | તફાવત |
|---|---|---|---|---|---|
| 1 | OR 15X12X2 Price /1000 | 52000 | 1342 | 2000 | 658 |
| 2 | C C 15X12X2 Price /1000 | 49000 | 541 | 1500 | 959 |

આમ આવેલ બે પાર્ટીના ભાવો વચ્ચે પણ દર 1000 એ ઘણો મોટો તફાવત આવતો હોઇ તેમજ લઘુતમ ત્રણ ભાવો પણ આવેલ ના હોઇ ટેન્ડર પુનઃ મંગાવવા જોઇએ પરંતુ આમ ના કરતાં ડીન્ટ પ્રીન્ટ પાસે કામ કરાવવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

3 (1) મીરર ઇમેજ પ્રા.લી.ને ઉપર દર્શાવ્યા મુજબ માર્કશીટો છપાવવાના રુપિયા 6,16,800/-નું ચુકવણું કરવામાં આવેલ છે.માર્કશીટો છપાવવા ફક્ત એક ભાવ આ જ પાર્ટીએ ભાવ ભરેલ છે.તેમજ ઉપર પેટા ફકરા 2 માં દર્શાવ્યા મુજબ પણ બે પાર્ટીના આવેલ ભાવોમાં મીરર ઇમેજ પ્રા.લી.ના ભાવો અન્ય પાર્ટી કરતાં ઘણા વધારે છે.તેથી પુનઃ ટેન્ડર મંગાવવા જોઇએ પરંતુ આમ ના કરતા ફક્ત એક જ પાર્ટીના ભાવને ગ્રાહ્ય રાખી કામ કરાવી.ચુકવણું કરવા સબબ સ્પષ્ટતા થવી ઘટે.

(2) મીરર ઇમેજ પ્રા.લી.ની માર્કશીટ છપાવવાના આવેલ ભાવપત્રક મુજબ જુદી જુદી સાઇજની 3,67,000 માર્કશીટ માટે કુલ રકમ રુપિયા 8,08,050/- થાય છે.ત્યારબાદ પાર્ટીના તા-01-06-10 ના બીલ મુજબ રુપિયા 2,80,000/- જુદી જુદી માર્કશીટ છપાવી એક માર્કશીટના રુપિયા 1-64 લેખે રુપિયા 4,59,200/- નું ચુકવણુ કરવામાં આવેલ છે.આ અંગે સેન્ટરના તા-31-05-10 ના પત્રમાં જણાવ્યા મુજબ પાર્ટીએ સુધારેલ ભાવ આપેલ છે.તે યોગ્ય છે તેમ જણાવી કામ કરાવેલ છે પરંતુ સુધારેલ ભાવ ફાઇલમાં ઉપલબ્ધ નથી તેમજ બીલમાં માર્કશીટની સાઇજ દર્શાવેલ નથી તેમજ અગાઉના રુપિયા 2-25 ના ભાવ ઘટાડી રુપિયા 1-64 કયા આધારે અને ગણતરીએ કરેલ છે ? તે અંગે સ્પષ્ટતા થવી જરુરી છે.

(3) ટેન્ડરમાં જુદી જુદી ત્રણ સાઇજની માર્કશીટો છપાવવાની હતી અને ત્રણેયના ભાવો કંપનીએ અલગ ભરેલ છે.તેમ છતાંજ એક સાઇજની માર્કશીટો એક ભાવે કયા કારણોસર છપાવેલ છે ? તે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

4 (1) મીરર ઇમેજ પ્રા.લી.ને તેઓના તા-01-06-10 ના બીલ મુજબ રુપિયા 42,000/- નું ચુકવણુ 10,000 નંગ પ્રીન્ટીગ ઓફ સર્ટીફીકેટ ઓફ પાસીંગ અને 10,000 નંગ પ્રીન્ટીગ ઓફ માર્કશીટના પ્રતિ નંગ રુપિયા 2-10 લેખે ચુકવણું કરવામાં આવેલ છે.બીલમાં સાઇજ દર્શાવેલ નથી આ અંગે સ્પષ્ટતા થવી ઘટે.તથા આ અંગે કોઇ સુધારેલ ભાવ આવેલ છે કે કેમ ? તે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

4 (2) કચેરીનો ઓર્ડર નં કોમ્પ્યુટર/175/10/તા-01-06-10 છે જ્યારે પાર્ટીનુ ઇન્વોઇસની તા-21-12-10 છે.એટલે કે લગભગ છ માસ પછીનુ છે તો માલ ક્યારે મળેલ છે અને કંપનીએ આટલુ મોડુ બીલ કયા કારણોસર આપેલ છે તે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

4 (3) અગાઉ જણાવ્યા મુજબ પ્રીન્ટીગ ઓફ માર્કશીટની જૂન–2010 માં જ એક નંગના રુપિયા 1-64 લેખે સુધારેલ ભાવ સ્વીકારી કામ કરાવી ચુકવણુ કરેલ છે.તો આ બીલમાં માર્કશીટનો ભાવ એક નંગના રુપિયા 2-10 લેખે ચુકવેલ છે એટલે કે એક નંગે 0-46 પેસા લેખે 10,000 નંગના રુપિયા 4600/- વધુ ચુકવણી સબબ સ્પષ્ટતા થવી ઘટે.

(4) (4) કુલ રુપિયા 7,20,093/- નો ખર્ચ હોવા છતાં જાહેરાતમાં રુપિયા 3,50,000/- નું કામ દર્શાવવા બદલ તથા સરકારશ્રીના ઠરાવ મુજબ ઈ ટેન્ડરીંગ ન કરવા અંગે પણ સ્પષ્ટતા થવા વિનંતી છે.

(5) ઉપરોકત ખરીદેલ માર્કશીટ,રજીસ્ટરો વિગેરે સ્ટોક રજીસ્ટરે જમા લીધાના રોલવાલા સેન્ટરની બીલો પાછળ પ્રમાણપત્ર આપેલ નથી.ઓડીટમાં માંગવા છતાં રજીસ્ટરો રજુ થયેલ નથી નિયામકશ્રી રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરશ્રી કેદારભાઇ ભટ્ટ સાહેબ સાથે રુબરુ ચર્ચા દરમ્યાન માર્કશીટો અંગેનું કોઇ સ્ટોક રજીસ્ટર રાખવામાં આવતું નથી તેમ જણાવેલ છે.જે એક ગંભીર બાબત ગણી શકાય કારણ કે માર્કશીટની ખરીદી કિંમત કે માર્કશીટની છાપેલી કિંમત કરતાં માર્કશીટ એક ખુબ જ અગત્યનો દસ્તાવેજ હોઇ તેની શૈક્ષણિક કિંમત (Acedemic Value) ઘણી વધુ ગણાય અને તેનો દૂર ઉપયોગ ના થાય તે માટે પણ માર્કશીટની એક એક નકલનો હિસાબ રાખવો આવશ્યક છે તેથી રજીસ્ટર તૈયાર કરી ઓડીટમાં રજુ કરવા વિનંતી છે. તથા રજીસ્ટર ના નિભાવવા બાબતે સ્પષ્ટતા થવી જરુરી છે.

વાંધાની પૂર્તતા થતાં સુધી થયેલ ખર્ચ રુપિયા 7,20,093/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વાં.નં.77/ જવાબ કરેલ નથી.

વાંધાની હેઠળ રુપિયા 7,20,093/-

**ફકરા નંબર-10**

**કન્વેશન સેન્ટરના સીવીલ કામનો ખર્ચ અગાઉના વર્ષમાંERDF ખાતે ઉધારેલ તે કે. એસ.સ્કુલ ડીપોઝીટ ખાતે ઉધારીERDFખાતે જમા કરવા બાબત રુપિયા 3,40,36,482/-**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાંનાણાકિય વર્ષ-2010-11ઓડિટ દરમ્યાન વા.નં-9099 તારીખ-31-03-14 થી રુપિયા 3,40,36,482/-કે.એસ.સ્કુલ ડીપોઝીટ સદરે ઉધારી એજયુકેશન રીસર્ચ ડેવલોપમેન્ટ ફંડ (ERDF) ખાતે જમા કરવામાં આવેલ છે.વાઉચરની વિગતમાં દર્શાવેલ છે કે નાણાંકીય વર્ષ-2009-10દરમ્યાન વા.નં-4368 તારીખ-13-10-09 થી કન્વેશન સેન્ટર સીવીલ કામો Phase ટુ ના ફાઇનલ બીલની રકમ ભુલથી ERDF ખાતે ઉધારેલ તે ભૂલ સુધારવાનો હવાલો પાડેલ છે.આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(1)યુનિવર્સિટીના કન્વેશન સેન્ટર,યુનિવર્સિટીની જગ્યા ઉપર બાનાવેલ છે.અને આ અંગે અંગાઉના વર્ષમાં જુદા જુદા સદરે ખર્ચ પાડેલ છે.જયારે યુનિ.ની કે.એસ. સ્કુલ ઓફ બીજનેશ મેનેજમેન્ટ યુનિવર્સિટીના ભાગ તરીકે ગણવામાં આવતુંનથી કે.એસ.સ્કુલ ના આવક જાવક યુનિવર્સિટીના આવક જાવક માં કે કે.એસ.સ્કુલ ની અન્ય વિગતો યુનિવર્સિટીનાં વાર્ષિક હિસાબમાં રાખવામાં આવતી નથી તેમ છતાં કન્વેશન સેન્ટરનો ખર્ચ કે એસ સ્કુલ ડીપોઝીટ સામે ઉધારવા બદલ સ્પષ્ટતા થવા વિનંતી છે.

(2) યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલ કે.એસ.સ્કુલની અન્ય જોડાણ પામેલ કોલેજોની જેમ ડીપોઝીટ લેવામાં આવેલ છે.અને જોડાણ પામેલ કોલેજની ડીપોઝીટ તથા તે ઉપરના વ્યાજ જોડાણ માન્યતા રદ થાય ત્યારે પરત આપવામાં આવે છે તો કે.એસ.સ્કુલ ડીપોઝીટ સામે ખર્ચ કયા કારણે ઉધારેલ છે ? તે અંગે સ્પષ્ટતા થવા વિનંતી.

(3)સદરહું વાઉચર ઉપર હિસાબી અધકારીશ્રીની સહી થયેલ નથી.તથા વાઉચર સાથે કોઇએ મંજુર કર્યાની નોંધ સામેલ નથી.વાઉચર સાથે અગાઉના સને-2008-09 તથા અગાઉના વર્ષમાં પાડેલ ખર્ચના વા.નં.છે તો અગાઉના વર્ષમાં સદરહું ખર્ચ કયા આધારે ERDF માં પાડેલ તે અંગે તથા ચાલુ નાણાકીય વર્ષમાં સદરહું ખર્ચ કયા આધારે કે.એસ.સ્કુલ ડીપોઝીટ સદરે પાડેલ છે તે અંગે સ્પષ્ટતા થવા વિનંતી.

(4)ચાલુ નાણાકીય વર્ષમાં આ સદરે ખર્ચ પાડવા અંદાજપત્રિય પ્રક્રિયા થયેલ હોય તો થયેલ જોગવાઇના આધાર રજુ થવા વિનંતી છે.ઓડીટ દરમ્યના રજુ ન કરવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

29

વાંધાની પુર્તતા યતાં સુધી થયેલ ખર્ચ રુપિયા 3,40,36,482/- વાંધા હેઠળ રાખવામા આવે છે.

સંસ્થાએ પ્રા.વાં.નં.100/ જવાબ કરેલ છે.જવાબ ફકરાને અનુરુપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

વાંધા હેઠળ રુપિયા 3,40,36,482/-

## ફકરા નંબર-11

**એજયુકેશન રીચર્સ ડેવલોપમેન્ટ ફંડ (ERDF) યોજનાની અનિયમિતતા બાબતકોડ નં-7712000 (ERDF) કોડ નં- 7713000 (વ્યાજ)**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાંનાણાકીય વર્ષ-2010-11ઓડિટ દરમ્યાન ધ્યાને આવેલ છે કે યુનિવર્સિટીએ એજયુકેશન રીચર્સ ડેવલોપમેન્ટ ફંડ નામનું ફંડ ઉભુ કરેલ છે. અને તેનું અલગ બેન્ક ખાતું સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયામાં રાખવામાં આવેલ છે.

યુનિવર્સિટીમાંએજયુકેશન રીચર્સ ડેવલોપમેન્ટ ફંડ માં ઉઘડતી સિલક રુપિયા 17,17,33,432-96 હતી. વર્ષ દરમ્યાન સામેલ પત્રક મુજબ રુપિયા 10,15,32,548-84 આવક અને વર્ષ દરમ્યાન રુપિયા 4,39,71,893-00 ખર્ચ તથા વર્ષાંતે રુપિયા 22,92,94,088-80 સિલક રહેલ છે. જયારે બેન્ક ખાતામાંરુપિયા 3,02,24,033-92 સિલક દર્શાવેલ છે. આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(1) યુનિ. ડેવલપમેન્ટ ફંડ યુનિ. એક્ટ અથવા સરકારશ્રીના જે નિયમોના આધારે મેળવવામાં આવે છે તેના આધારની પ્રમાણિત નકલ રજુ થવી ઘટે.

(2)જે સંસ્થા કે પાર્ટી દવારા જે હેતુસર ઉકત કોડ નીચે ફંડ મેળવી જમા કરવામાં આવેલ છે તે તથા કેટલી રકમ જમા કરવાપાત્ર થતી હતી અને પાર્ટીએ કેટલી રકમ જમા કરાવેલ છે તેની વિગત દર્શાવતું પત્રક અ અને જે પાર્ટી દવારા જે રકમ જમા કરવામાં આવેલ નથી તેની વિગત દર્શાવતું પત્રક <u>બ</u> ઓડીટને રજુ થવું ઘટે. ઉક્ત ફંડ જે જે સંસ્થા દવારા મેળવવામાં આવેલ હોય તે અને જે સંસ્થાએ ફંડ જમા કરાવેલ ના હોય તેની વિગત દર્શાવતું રજીસ્ટર નિભાવેલ હોય તો ઓડીટને રજુ થવું ઘટે જે સેલ્ફ ફાયનાન્સ કોલેજે ઉકત ફંડમાં રકમ જમા કરેલ છે અને જે કોલેજ કે સંસ્થા દવારા ફંડ જમા કરવામાં આવેલ નથી તેની સંપૂર્ણ વિગત તથા કારણો અને તે બાબતે કરાયેલ આગળની કાર્યવાહીની વિગત દર્શાવતું સ્ટેટમેન્ટ રજુ કરવુ ઘટે. ઓડીટ દરમ્યાન ઉકત વિગતોની માહિતી પુરી પાડવામાં આવેલ નથી. આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે. માહિતી રજુ થવી ઘટે.

(3)યુનિ. ના બજેટમાં ઉકત આવકની ગણત્રી દર્શાવવામાં આવેલ છે કે કેમ? વર્ષ 2010-11 ના બજેટમાં ઉકત કોડ હેઠળ મળવાપાત્ર રકમની ગણત્રી કરેલ હોય તો તેની વિગત ઓડીટને રજુ થવા ઓડીટ અનુરોધ છે. બજેટમાં ઉકત આવકની ગણત્રી ધ્યાને લીધેલ ના હોય તો તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે. કારણ કે સરકારી ગ્રાન્ટ મેળવવા અંગેની રજુઆતમાં સંભવિત યુનિવર્સિટીની આવકની ગણત્રી કરી રકમ દર્શાવવાની રહેતી હોઇ આ બાબતે થયેલ કાર્યવાહીની વિગત જણાવવી ઘટે.

(4)ડેવલપમેન્ટ ફંડ દવારા ચૂકવવા બાબતે અથવા તો વસુલાત નહી થવા બાબતે સંસ્થા દવારા કે યુનિવર્સિટી દવારા કોઇ રજુઆત/ફરીયાદ થયેલ હોય તો તેની વિગતનીપ્રમાણિત નકલ ઓડીટને રજુ થવી ઘટે.

(5)યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સીલની તારીખ-26-09-10 ની બેઠકમાં મુદ્દા નં-10 થી સેલ્ફ ફાયનાન્સ કોલેજોને જોડી આપવામાં આવે છે ત્યાં1000 વિધાર્થીઓની સંખ્યા સુધી માટે રુપિયા 2,50,000/- અને 1000 થી વધુ વિધાર્થીઓની સંખ્યા હોય તો રુપિયા 5,00,000/- પ્રતિવર્ષ યુનિવર્સિટીમાં ઈઆરડીએફ માં જમા કરાવવાની જોગવાઇ થયેલ છે.અને તે શરતે મંજુરી આપવામાં આવે છે.તો ઓડીટ વર્ષ દરમ્યાન તેમજ આ અગાઉ મંજુરી અપાયેલ છે તે સંસ્થા.કોલેજનું રજીસ્ટર.યાદી (વિધાર્થીઓની સંખ્યા સહીત.) ઓડીટમાં રજુ કરવા વિનંતી છે.કે જેથી મળવા પાત્ર તમામ આવક મળ્યાની ઓડીટમાં ખાતરી કરી શકાય.આ ઉપરાંત ત્યારબાદના વર્ષો એટલે કે નાણાંકીય વર્ષ 11-12,12-13 તથા 13-14 માં આપેલ મંજુરી તથા થયેલ આવકની વિગતો સામેલ નમૂના મુજબના પરિશિષ્ટ-૩માં રજુ કરવા વિનંતી છે.

વધુમાં ઓડીટ વર્ષની અગાઉની આ અંગે જોગવાઇ હોય તે પણ રજુ કરવા વિનંતી

(6)ઉપર દર્શાવ્યાં મુજબ વર્ષના અંતે ઈઆરડીએફ સિલક રુપિયા 22,92,94,088-80 છે.જયારે આ ખાતાની બેન્ક સિલક રુપિયા 3,02,24,033-92 છે.આમ રુપિયા 19,90,70,054-88 જેથી માતબર રકમનો તફાવત આવે છે.તો રકમમાંથી જે કોઇ રોકાણો કરેલ હોય તે રોકાણોની વિગત સહ મેળવણા કરીને ઓડીટને જાણ કરવા વિનંતી છે.

(7)ઈઆરડીએફ એ યુનિવર્સિટીની આવક છે.અને તેમાંથી ખર્ચ કરવામાં આવે છે.પરંતુ આ આવક અંગે ખર્ચની વિગત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાં દર્શાવવામાં આવતા નથી અને તેથી તેટલા અંશે યુનિવર્સિટીના આવક ખર્ચ ઓછા દર્શાવાયેલ છે.

(8)ઈઆરડીએફનાં બેન્ક ખાતાની પાસબુક જોતાં તારીખ-09-04-10 નાં રોજ રુપિયા 6,89,899/- પાકયાં તે જમાં કરેલ છે.આજ રીતે તારીખ-19-04-10 અને તારીખ-20-04-10 રોજ રુપિયા 2,50,00,000/- બન્ને દિવસે કુલ પાંચ કરોડ ઈન્ડીયન બેન્ક માં ચેક નં-668188 અને 668189 થી એફડી કરેલ છે.પરંતુ આ અંગેનુ કોઇ વાઉચર પાડેલ નથી.અને બેન્કમાં જમાં ઉધાર થયેલ નથી.

ઉપર મુજબની વિગત જોતા સ્પષ્ટતા થાય છે કે આ રીતે કરવામાં આવેલ એફડી કે વટાવવામાં આવેલ એફડી ની નોંધો યુનિ.ના હિસાબમાં થતી ન હોવાથી લેઝર

મુજબ કેટલી રકમનાં રોકાણો હોવા જોઇએ તે માહીતી ઉપલબ્ધ બને નહી અને તેથી એફડી રજીસ્ટર અને લેઝરનું મેળવણું કરી ઓડીટમાં રજુ થવા વિનંતી છે.

આ ફંડની ઉપર દર્શાવ્યા મુજબની ઉઘડતી સિલક,આવક ખર્ચ અને બંધ સિલક ની વિગતો દર્શાવી ફકત બંધ સિલક પાકા સરવૈયામાં<u>બીજા ફંડો તરીકે પરિ-એ અ.નં11</u> માં દર્શાવવામાં આવેલ છે.તો યુનિ.માં આવક ખર્ચમાં આ રકમ ના દર્શાવવા બદલ સ્પષ્ટતા થવા વિનંતી

સંસ્થાએ પ્રા.વાં.નં. 105/ જવાબ કરેલ છે.જવાબ ફકરાને અનુરૂપ ન હોઇ ગ્રાહય રાખી શકાય તેમ નથી.સંસ્થા તરફથી માંગવામાં આવેલ માહિતી પણ રજુ થયેલ ન હતી.

33

## પરિશિષ્ટ–૩ફકરા નંબર–11

### સેલ્ફ–ફાઇનાન્સ કોલેજોને આપેલ જોડાણની થયેલ આવકની વિગત દર્શાવતું પત્રક

| અ નં | મંજુરીની વિગત | સંસ્થાનું નામ | આપેલ જોડાણની વિગત | વિદ્યાર્થીઓની સંખ્યા | જોડાણ ફી રુપિયા | જોડાણ ફી જમા થયાની પહોંચ નંબર તારીખ |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| - | - | - | - | - | - | - |
| - | - | - | - | - | - | - |
| - | - | - | - | - | - | - |
| - | - | - | - | - | - | - |
| - | - | - | - | - | - | - |

નોંધઃ– સંસ્થા તરફથી ઉકત વિગતોની માહિતી ન મળતાં વિગતો દર્શાવમાં આવેલ નથી.

**ફકરા નંબર-12**

**વાઉચરમાં દર્શાવેલ રકમ અને કેશબુકમાં લખવામાં આવેલ રકમમાં તફાવત આવવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11 નાં અન્વેષણ દરમ્યાન કેશબુક સાથે ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાંકેશબુકમાં વાઉચર મુજબની રકમ અને વાઉચર મુજબની રકમમાંઆ સાથે સામેલ રાખેલ પરિ-04મુજબ રુપિયા 5,77,61,708/-નોતફાવત જણાયેલ છે. ઉકત તફાવત ખરેખર કેવા કારણોસર આવેલ છે. કેશબુક એક હિસાબી/નાણાંકિય બાબતનું અગત્યનું રેકર્ડ હોઇ જેમાં આવક/ખર્ચ અંગેની વિગતો દર્શાવવામાં આવતી હોય છે. જે આવક/ખર્ચ નાં આંધારે અન્ય હિસાબી રજીસ્ટરોમાં જરુરી નોંધ થતી હોય છે. તદ્દ ઉપરાંત વાર્ષિક હિસાબો પણ તૈયાર થતાં હોય છે. આ તફાવતનાં કારણે જો અસરો આપવામાં ન આવેલ હોય તો અન્ય પણ વિસંગતા ઉભી થાય તો આ અંગે જરુરી ચકાસણી કરી આ અંગે સ્પષ્ટતા કરી, વાઉચરમાં અથવા કેશબુકમાં જ્યાં જરુરી હોય ત્યાં સુધારો કરી, અન્વેષણને પ્રા.વા.-69 થી જાણ કરવા જણાવતાં જે તે નાણાકીય વર્ષમાં સુધારા નોંધ કરવામાં આવેલ હોવાનુ જણાવેલ છે અને ચકાસેલ છે તેથી તેટલા અંશે ફકરો પૂર્તતા ગ્રાહ્ય રાખવામાં આવે છે.

પરંતુ ધ્યાન ખેંચતી બાબત એ છે કે વાઉચર ફાઇલમાં રાખેલ છાપેલ વાઉચરોમાં બનાવનાર ચેક કરનાર અને હિસાબી અધિકારીશ્રીએ સહી કરવાની વિગત દર્શાવેલ છે પરંતુ બનાવનાર સિવાય કોઇની પણ સહી નથી અને તેથી અન્ય કોઇ કક્ષાએ ચકાસણી થયેલ ન હોવાથી આવી ક્ષતિઓ રહેવા પામેલ છે. આ ઉપરાંત 31-03-11 ના રોજ ઘણાં બધા વાઉચરોથી કોડ લખવાની ભૂલ, રકમ લખવાની ભૂલ, સદરની ભૂલને કારણે થયેલ ક્ષતિઓના સુધારા વાઉચર દવારા એન્ટ્રીઓ કરવામાં આવે છે તે ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે વાઉચરો બનાવતાં સમયે યોગ્ય ચકાસણી થતી નથી અને વાઉચરના આધારે કેશબુક, લેઝર અને વાર્ષિક હિસાબ બનતા હોવાથી તેમાં પણ ક્ષતિઓ રહે છે પરિણામ સ્વરુપે લાંબા ગાળા સુધી બેન્ક મેળવણાંમાં પણ આ બાબત ખેંચાય છે. વાર્ષિક હિસાબ પણ ક્ષતિ યુકત રહે તેવી શકયતાઓ છે. તેથી તમામ વાઉચરો સક્ષમ અધિકારીશ્રીની સહીથી અધિકૃત કરી ઓડિટમાં રજુ થવા વિનંતી છે.

## પરિશિષ્ટ–04 ફકરા નંબર–12

| અ.નં. | તારીખ | વા.નં. | કોડ નં. | વાઉચર મુજબની રકમ | કેશબુક મુજબની રકમ | તફાવતની રકમ |
|---|---|---|---|---|---|---|
| **01** | **02** | **03** | **04** | **05** | **06** | **07** |
| 01 | 12-04-10 | 171 | 1125000 | 1500 | 4452 | 2952 |
| 02 | 12-04-10 | 172 | 3303000 | 4452 | 3000 | 1452 |
| 03 | 12-04-10 | 197 | 9406021 | 4177639 | 41776339 | 37598700 |
| 04 | 11-05-10 | 1007 | 7712000 | 37325 | 14023325 | 13986000 |
| 05 | 03-08-10 | 2690 | - | 89784 | 85784 | 4000 |
| 06 | 12-08-10 | 2905 | 9304005 | 150000 | 25000 | 125000 |
| 07 | 20-08-10 | 3108 | 9402002 | 515169 | 423287 | 91882 |
| 08 | 31-08-10 | 3230 | 9402002 | 29260 | 80000 | 50740 |
| 09 | 31-08-10 | 3239 | 9406021 | 5746481 | 574648 | 5171833 |
| 10 | 01-11-10 | 4718 | 4504000 | 42634 | 424634 | 382000 |
| 11 | 15-11-10 | 4955 | 9402002 | 367149 | 22000 | 345149 |
| 12 | 31-01-11 | 6524 | 3520000 | 2994 | 1994 | 1000 |
| 13 | 01-02-11 | 6669 | 4601000 | 2520 | 1520 | 1000 |
| | | | | | | 5,77,61,708 |

**ફકરા નંબર-13**

**ભવનો/વિભાગના વિધાર્થીઓના એકેડેમીક ડેટા તૈયાર કરી,પ્લેસમેન્ટની વિગતો રજુ કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાંનાણાકીય વર્ષ-2010-11ઓડિટ દરમ્યાનએક્ઝિક્યુટિવકાઉન્સીલની તારીખ-24-03-10 ની બેઠકમાં ઠરાવ બાબત નં-4 માં કરેલ જોગવાઇ મુજબ યુનિવર્સિટીનાભવનો/વિભાગોમાંઅભ્યાસ કરતાંવિધાર્થીઓનો એકેડેમીક ડેટા તૈયાર કરવો અને પ્લેસમેન્ટ સેલ બનાવી જરુરીયાતવાળીકંપનીઓમાં નિષ્ણાતોદવારા પસંદગીની પ્રકિયા કરીને નિમણુક કરવાનું રાખવા જોગવાઇ થયેલ છે.

ઉપરોકત જોગવાઇ મુજબ પ્લેસમેન્ટ સેલની વિગતો તથાવિધાર્થીઓનો તૈયાર કરેલ ડેટા બેઇઝ અને થયેલ નિમણુકની વિગતો ઓડીટમાં રજુ કરવા વિનંતી છે.

વધુમાંએકડેમીક કાઉન્સીલની તારીખ-12-02-11 ની બેઠકમાં પ્રસ્તાવનામાં કુલપતિશ્રીએ આપેલ માહીતી મુજબ યુનિવર્સિટી દવારા હાથ ધરવામાં આવેલ કેમ્પસ ઇન્ટરવ્યુમાં57 વિધાર્થીઓનું પ્લેસમેન્ટ થયાનું જણાવેલ છે તો આ અંગેની વિગતો રેકર્ડ સહિત ઓડીટમાં રજુ કરવા વિનંતી છે.

વધુમાં પ્રા.વાધા નં-98 તારીખ-05-12-12 થી માંગવામાં આવેલ માહીતી પણ સત્વરે પુરી પાડવા વિનંતી છે.

સંસ્થાએ પ્રા.વાં.નં.98/ જવાબ કરેલ છે.માહિતી સાદર કરેલ છે.અન્ય માંગેલ માહિતી રજુ થયેલ નથી.

પ્રાથમિક વાધાનંબર 107/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે.વિગતે કાર્યવાહી પુર્ણ કરાવી પુર્તતા કરવી ઘટે.

ફકરા નંબર-14

**તા-૧/૪/૮૯ થી તા-૩૧/3/૧૧ સુધીમાં ચુકવેલ એડવાન્સ તથા સંબંધિત પાર્ટીઓને ચુકવેલ ઓન એકાઉન્ટ રકમ રૂ.58.74 કરોડ વસુલ ન કરવા/સરભર ના કરવા બાબત**

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને ૨૦૧૦-૧૧ના ઓડીટ દરમ્યાન ધ્યાને આવેલ છે કે યુનિવર્સીટી દ્વારા લેજરમા દર્શાવ્યા મુજબ રૂ.11,99,31,495-35 વર્ષના અંતે વસુલ/સરભર કરવાના બાકી રહેલ છે તેમજ યુનિવર્સીટીમાં જુદી જુદી પેઢીઓ દ્વારા અપાતી ચીજ વસ્તુ, પુરી પાડેલ સેવા, કરવામા આવેલ ખરીદી વિગેરે માટે ઓન એકાઉન્ટ ચુકવણુ કરવામા આવેલ છે અને તે અંગેનો ખર્ચ, પાકા સદરે ના ઉધારતા સંબંધિત પાર્ટીના નામનુ લેજર બનાવી તે ખાતે ઉધારવામા આવે છે. નાણાકીય વર્ષના અંતે સામેલ પરિશિષ્ટ નં.૧૪ મુજબ રૂ.૪૬૭૪૯૯૯૮૯/- પાર્ટીઓ ખાતે ઉધાર રકમ રહેલ છે. આમ, કુલ રૂ.58,74,31,484-35 વસુલ કરવાની/સરભર કરવાની બાકી રહેલ છે. આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામા આવે છે.

અ) ચુક્વેલ એડવાન્સને લગતી અનિયમિતતાઓ :

ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને ૨૦૧૦-૧૧ના ઓડીટ દરમ્યાન એડવાન્સ રજિસ્ટરની ચકાસણી કરતા એડવાન્સ રજિસ્ટર જુદા જુદા બે પ્રકારના નિભાવેલા છે. એક યુનિવર્સીટી કાર્યાલય, ભવનો, યુનિવર્સીટી સ્ટાફ અને જનરલ બીજુ રજિસ્ટર પરીક્ષા અને એન.એસ.એસ. ઉક્ત રજિસ્ટરોમાં નીચે જણાવેલ અનિયમિતતાઓ ઓડીટના ધ્યાને આવેલ છે.

૧) એડવાન્સ રજિસ્ટરમા ઓડીટ વર્ષ અગાઉની સરભર કરવાની બાકી એડવાન્સ રકમને ઉઘડતી સિલક તરીકે દર્શાવવામા આવેલ છે. પરંતુ ઉઘડતી સિલકમા કોની પાસેથી શાની રકમ, કેટલી રકમ તથા કયા વાઉચર નંબર તારીખ ચુકવેલ છે તેની વિગત દર્શાવેલ નથી તો રજિસ્ટરમા સરભર કરવાની બાકી રકમની ઉઘડતી સિલકની સંપુર્ણ વિગત દર્શાવવી તથા આ રકમ સરભર કરવા માટે કરેલ કાર્યવાહીની નકલ ઓડીટ સમક્ષ રજુ કરવા જણાવેલ તેમ છતા ઓડીટે રજુ થયેલ

નથી. જેના કારણે ઓડીટ વર્ષ ૨૦૧૦-૧૧ વર્ષમા ખરેખર કેટલુ એડવાન્સ ચુકવેલ, વર્ષ દરમ્યાન સરભર કરેલ અને વર્ષના અંતે સરભર કરવાની બાકી રકમો અંગે સ્પષ્ટ વિગતો જાણી શકાયેલ નથી.

૨) રજિસ્ટરમાં પાનાવાર એડવાન્સ આપેલ રકમનો તથા સરભર થયેલ રકમનો સરવાળો કરેલ નથી. જેથી વર્ષના અંતે કુલ કેટલી એડવાન્સની રકમ ચુકવવામા આવેલ છે તે જાણી શકાયેલ નથી. તો એડવાન્સ રજિસ્ટર અધ્યતન નીભાવી છેલ્લા પાને વર્ષ દરમ્યાન ચુકવેલ એડવાન્સની રકમ, સરભર કરેલ રકમ તથા વર્ષના અંતે સરભર કરવાની બાકી રકમ અંગેની તારીજ તૈયાર કરી લેજરમા દર્શાવેલ બાકી રકમ રૂ.૧૧૯૯૩૧૪૯૫.૩૫/- સામે હિસાબમેળ કરી અન્વેષણને ખાત્રી કરાવવી ઘટે.

૩) વધુ ધ્યાન ખેંચતી બાબત એ છે કે યુનિવર્સીટી દ્વારા નિભાવવામા આવેલ એડવાન્સ રજિસ્ટરમા અગાઉની વર્ષોની કુલ બાકી રકમ દર્શાવવામા આવે છે. પરંતુ વ્યક્તિવાર, સંસ્થાવાર, કોલેજવાર નામ તથા રકમ દર્શાવાતા ન હોવાથી યુનિવર્સીટી કક્ષાએ પણ કોઈ વિગતો તાત્કાલિક ઉપલબ્ધ (on hand) ના હોવાથી વસુલાતની કાર્યવાહી થઈ શકે નહિ તે સહજ સ્વભાવિક છે. આ પરિસ્થિતિમા યુનિવર્સીટી દ્વારા અગાઉની બાકી એડવાન્સ વસુલાત માટે કરેલ કાર્યવાહીની વિગતો રજુ થવી ઘટે.

૪) ગુજરાત નાણાકીય નિયમોની જોગવાઈ અન્વયે ચુકવેલ એડવાન્સની રકમ ચુકવ્યા તારીખથી ત્રણ માસ સુધીમા અથવા નાણાકીય વર્ષની છેલ્લી તારીખ એ બે માથી જે વહેલુ હોય તે તારીખ સુધીમા સરભર કરવાની થાય છે વધુમાં ગુજરાત તિજોરી નિયમોના નિયમ 211 મુજબ એડવાન્સ તરીકે એબસ્ટેકબીલથી ઉપાડેલ નાણાંનું ત્રણ માસમાં વિગતવાર બીલ મોકલી આપવાનું રહે છે. તેથી ત્રણ માસ કરતાં વધુ સમયથી બાકી એડવાન્સ માટે બેંકના ધારા ધોરણ મુજબ વ્યાજની ગણતરી કરી સંબંધિત/જવાબદારથી વસુલ કરી તથા ચુકવેલ રકમ સમયસર વસુલ ના કરવા બાબતે જવાબદારથી કાર્યવાહી કરવી ઘટે.

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | એમ.એસ.વોલ્ટસ લી. | ૧/૪/૦૯ | ૯૩૫૧૦૬૩ | ૨.૩૨ |
| ૫ | ઉદય બિલ્ડ પ્રા. | ૧/૪/૧૦ | ૯૩૫૧૦૪૧ | ૧૮.૫૨ |
| ૬ | એમ.એસ.સ્નેહલ કન્સટ | ૧/૪/૧૦ | ૯૩૫૧૦૬૯ | ૨.૪૬ |
| ૭ | શ્રી ઈન્ફ્રાકોન પ્રા.લિ. | ૧/૪/૧૦ | ૯૩૫૧૦૭૫ | ૪.૩૦ |
| ૮ | ફેનિક ઈન્ફ્રા | ૧/૪/૧૦ | ૯૩૫૧૦૭૭ | ૧.૬૩ |

તો આ રકમો વસૂલ ન કરવા/સરભર ના કરવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.

૨) સામેલ પરિશિષ્ટ તથા તેની નીચે તૈયાર કરેલ તારીજ જોતા આ ઓન એકાઉન્ટ બાકી રકમો તા-૧/૪/૮૬ થી અને ત્યારબાદ જુદા જુદા સમયથી બાકી છે. સીએમસી લિમિટેડની રૂ.૧૩૨૧૬૨/- તા-૧/૪/૯૨ થી રૂ.૧૦૦૩૨૮૮૩/- એડલ્ટ એજ્યુકેશન તા-૧/૪/૦૩ થી, જય વિજય કન્ટ કું.ની રૂ.૫૭૧૬૮૭૧/- તા-૧/૪/૦૬ થી સોમ ઈલેક્ટ્રોનીક્સ રૂ.૪૦૭૬૯૬૩/- તા-૧/૪/૦૬ થી જે.કે.એન્જી. રૂ.૭૩૯૬૩૮૧/- તા-૧/૪/૦૬ થી હર્ષદ શાહ એન્ડ કું. ની રૂ.૬૭૦૩૫૬૦/- તા-૧/૪/૦૭ થી બાકી છે. આમ, ૧૯૮૮ થી ઓન એકાઉન્ટ ચુક્વેલ રકમ બાકી રહેવા અંગે સ્પષ્ટતા થવા તથા આ પાર્ટીઓ સાથે આ અંગે પત્ર વ્યવહાર થયેલ હોય તો તે પણ રજુ કરવો ઘટે.

૩) પેઢીઓ પાસેથી માલ સામાન કે કોઈપણ પ્રકારની સેવા મેળવ્યા સિવાય એડવાન્સ રજિસ્ટરે ખર્ચની નોંધ કર્યા સિવાય ઓન એકાઉન્ટ ચુકવણુ કયા આધારે કરવામા આવેલ છે. તેની સ્પષ્ટતા થવી ઘટે.

૪) ખરીદ પધ્ધતી મુજબ કોઇપણ વેપારી પાસેથી માલસામાન ખરીદી અંગેના કે તેની પાસેથી લીધેલ કોઈપણ પ્રકારની સેવાના બિલો રજુ થયા બાદ જ જે તે સદરે ખર્ચ પાડી ચુકવણુ કરી શકાય. આમ, ખાસ જોગવાઈના આધારે કે પેઢી સાથે કરાર કરવામા આવેલ હોય તો પણ નાણાકીય નિયમોને આધિન એડવાન્સ રકમ ચુકવી

૫) ચુકવેલ એડવાન્સની રકમ જે તે વર્ષમા સરભર થાય તેવી તકેદારી રાખવા અંગે ઓડીટનુ સુચન છે.

૬) એડવાન્સ રજિસ્ટર સહિ સિક્કા રજિસ્ટરે નોંધેલ નથી.

૭) એડવાન્સ રજિસ્ટરમા છેલ્લા પાના ઉપર એડવાન્સ રજિસ્ટરમા પાના નંબરના વપરાશ સહિતનુ સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવાપાત્ર પ્રમાણપત્ર આપેલ નથી.

૮) એડવાન્સ રજિસ્ટરમા વર્ષના અંતે સક્ષમ અધિકારીશ્રીની સહિથી હિસાબો પ્રમાણિત કરવામા આવતા નથી.

બ) ખાનગી પેઢીઓને ઓન એકાઉન્ટ ચુકવેલ રકમ ખર્ચ તરીકે ના દર્શાવવા તથા તા-૧/૪/૮૬ થી બાકી ખેંચાતી રકમો એડજસ્ટ/વસુલના કરવા બાબત

૧) ગુજરાત યુનિવર્સીટી અમદાવાદના સને ૨૦૧૦-૧૧ના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતા જણાયેલ છે કે યુનિવર્સીટી દ્વારા જુદી જુદી પેઢીઓને ચીજ વસ્તુઓ, સાધન સામગ્રીની ખરીદીપેટે તેમજ કોઈ સેવા પુરી પાડવા બદલ કે પરીક્ષાને લગતી કામગીરી કરવા બદલ ઓન એકાઉન્ટ મુજબ ચુકવણુ કરવામા આવે છે. પરંતુ આ પ્રકારે આપેલ રકમોનો હિસાબો જે તે નાણાકીય વર્ષમા સરભર કરવામા આવેલ નથી અને સામેલ પરિશિષ્ટ-૧૪ ની વિગતે રૂ.૪૬૭૪૯૯૯૮૯/- તા-૧/૪/૮૬ થી તા-૩૧/૩/૧૧ સુધીની રકમો સરભર થયેલ નથી. નીચે દર્શાવેલ પાર્ટીઓ પાસે એક કરોડથી વધુ રકમ બાકી રહેલ છે.

| અ.નં. | પાર્ટીનુ નામ | દેવાની તારીખ | ખર્ચ કોડ નંબર | તા-૩૧/૩/૧૧ સુધી બાકી રકમ રૂ. (કરોડમા) |
|---|---|---|---|---|
| ૧ | એડલ્ટ એજ્યુકેશન | ૧/૪/03 | ૯૩૧0003 | ૧.00 |
| ૨ | એમ.એસ.વર્ધમાન પ્રી.પ્રા. | ૧/૪/૦૮ | ૯૩૫૧૦૫૯ | ૧.૫૮ |
| 3 | એમ.એસ.પટેલ બ્રધર્સ | ૧/૪/૦૯ | ૯૩૫૧૦૬૧ | ૧.૮૮ |

શકાય નહિ તેમ છતા કોઈ સંજોગોમા એડવાન્સ રકમ ચુકવ્યા સિવાય ખરીદી કે સેવા શક્ય ન હોય તો પણ એડવાન્સ તરીકે આપેલ રકમની એડવાન્સ રજિસ્ટરે નોંધ કરી એડવાન્સ સદરે ઉધારી (પાકા સદરે ખર્ચ પડે નહિ) જ્યારે જ્યારે તે અંગેના બિલો રજુ કરવામા આવે ત્યારે ત્યારે આપેલ એડવાન્સની રકમ માથી સરભર કરવાની રહે જે પ્રથાનુ યુનિવર્સીટી ખાતે પાલન થતુ નથી અને ઓન એકાઉન્ટ રકમ આપવાના કારણે ગંભીર ગેરરીતી થવાનો પુરેપુરી સંભાવના રહેલ છે તો આવી પરિસ્થિતી ઉપસ્થિત ન થાય તે માટે યુનિવર્સીટી દ્વારા શું પગલા લીધેલ છે તે અંગે ઓડીટને ખાત્રી કરાવવી ઘટે. અગાઉના અન્વેષણમા પણ આ બાબતે ધ્યાન દોરવા છતા પ્રથા ચાલુ રાખવામા આવેલ છે જે ઉચિત નથી. આ પ્રથા સત્વરે બંધ કરવા ઓડીટનુ સુચન છે.

ક) આ સાથે સામેલ પરિશિષ્ટ-૧૪ મા દર્શાવેલ રકમ રૂ.૪૬૭૪૯૯૯૮૯/-ની ઓન એકાઉન્ટ કરેલ ચુકવણા સંદર્ભે હિસાબો સરભર થયેલ નથી જે બાબતે ઘટતી કાર્યવાહી કરી ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

ક)

(૧) ઉપર દર્શાવ્યા મુજબ વર્ષના અંતે રૂ.58,14,31,484/-વસૂલ કરવાના/ સરભર કરવાના બાકી છે. ખરેખર આ રકમ ખર્ચ કરવા આપેલ છે અને ખર્ચ પણ થયેલ જ હશે પરંતુ નાણાકીય વર્ષમા સરભર કરવાની બાકી છે અને તેથી તેટલા અંશે ખર્ચ ઓછો નોંધાયેલ ગણાય યુનિવર્સીટીના આવક ખર્ચ મુજબ રૂ.૫૪,૦૦,૦૨,૮૭૩.૮૮/- ખર્ચ નોંધાયેલ છે. તેની સામે રૂ.58,14,31,484/- એડવાન્સ ઘણી મોટી રકમ બાકી ગણાય જે કુલ ખર્ચ કરતાં8.14 કરોડ વધુ છે તેથી તેટલા અંશે યુનિવર્સીટીના આવક ખર્ચ તથા પાકુ સરવૈયુંપણ ક્ષતિયુક્ત ગણી શકાય.

આમ ઉપર દર્શાવ્યા મુજબ નાણાકીય વર્ષના અંતે રૂ.૫૮૧૪૩૧૪૮૪/- ચુકવેલ એડવાન્સ/ઓન એકાઉન્ટ રકમ સરભર/વસુલ કરવાની રહે. આ રકમો પૈકી વસુલ

કરવાપાત્ર રકમ વાર્ષિક ૮% ના દરે વ્યાજ સહિત સંબંધિત/જવાબદારની વસુલ થવી ઘટે. તેમજ આ રકમો એડવાન્સ તરીકે ચુકવ્યા બાદ સમયસર એડજસ્ટ/વસુલ ન કરવા સબબ સંબંધિત સામે ધોરણસરની કાર્યવાહી કરવા વિનંતી છે.

સંસ્થાએ પ્રા.વા.નં. 32 અને 65 નો જવાબ રજુ કરેલ છે.પરંતુ સદર રજીસ્ટર રજુ થયેલ નથી તેમજ ફકરામાં દર્શાવ્યા મુજબ પુર્તતા થયેલ ન હોઇ ફકરામાં દર્શાવ્યા મુજબ પુર્તતા થવી ઘટે.

## પરિશિષ્ટ-05 ફકરા નંબર-14

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચુકવેલ ગુજરાત યુનિવર્સિટી ઓન અકાઉન્ટની વિગત દર્શાવતું પત્રક

| અ નં | પાર્ટીનું નામ | દેવાની તારીખ | ખર્ચ કોડ નંબર | રકમ વર્ષ-2010-2011 |
|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 |
| 01 | બ્લુ સ્ટાર લી. | 01-04-86 | 9313033 | 10,950 |
| 02 | સીવીલ સપ્લાય | 01-04-88 | 9313032 | 1,83,735 |
| 03 | એલ.ટી.સી.એડ જી.પી.એફ.સ્ટાફ | 01-04-88 | 9320015 | 78,096 |
| 04 | સી.એમ.સી.લી. | 01-04-92 | 9331210 | 1,32,132 |
| 05 | આર.ઓ.બી.(વાટર સપ્લાય) | 01-04-95 | 9351010 | 48,000 |
| 06 | ડમી નો વર્ક | 01-04-96 | 9311010 | 2,77,845 |
| 07 | પોલીવેલન્ટ કેડર એડ. | 01-04-96 | 9315001 | 55,968 |
| 08 | એ.આઈ.યુ.કોન્ફરન્સ | 01-04-96 | 9332232 | 23,646 |
| 09 | સીમેન્ટ સ્ટોક એ.સી. | 01-04-97 | 9203000 | 1,33,483 |
| 10 | ઉમેશ જી.ઇ.આર. | 01-04-97 | 9351011 | 20,000 |
| 11 | આસી.પેટ્રોલીયમ કોપ્રો. | 01-04-97 | 9351012 | 11,250 |
| 12 | નીશાન ઓફસેટ | 01-04-98 | 9351017 | 5,00,000 |
| 13 | કન્ઝયુમર કો.ઓ.સોસાયટી | 01-04-99 | 9102000 | 20,000 |
| 14 | પી.જી.રીસર્ચ | 01-04-99 | 9311006 | 17,994 |
| 15 | એલ.ટી.સી.એડ.પ્રેસ | 01-04-01 | 9320008 | 25,463 |
| 16 | સ્ટીલ સ્ટોક એ.સી. | 01-04-03 | 9202000 | 8,735 |
| 17 | એડલ્ટ એજયુકેશન | 01-04-03 | 9310003 | 1,00,32,883 |
| 18 | એજ્યુ.એડ પ્રેસ | 01-04-03 | 9320005 | 3,726 |
| 19 | એસ.પી.એલ.લોન એ.સી.સ્ટાફ ડી.એફ | 01-04-03 | 9320014 | 77,759 |
| 20 | હર્ષા કન્સ્ટ | 01-04-04 | 9351036 | 33,318 |
| 21 | પી.ડબલ્યુ.ડી. | 01-04-05 | 9313034 | 42,41,663 |
| 22 | યુ.એસ.વી.પી.જી.ડી.ઇ.એ.એડ. | 01-04-06 | 9305003 | 18,13,204 |
| 23 | ડી.પી.ઇ.એડ.લોકલ સ્પોર્ટસ | 01-04-06 | 9309003 | 5,04,963 |
| 24 | એડ.એ.સી.એફ.વાય.બીકોમએડમી. | 01-04-06 | 9322000 | 63,000 |
| 25 | વી.સી.બોર્ડ એ.સી. | 01-04-06 | 9331117 | 17,486 |
| 26 | કે કપુર | 01-04-06 | 9331202 | 6,21,643 |
| 27 | જય વિજય કન્સ્ટ | 01-04-06 | 9351044 | 57,16,871 |
| 28 | સેમ ઇલેકટ્રોનિકસ | 01-04-06 | 9351046 | 40,76,963 |
| 29 | જે.કે.એન્જી. | 01-04-06 | 9351048 | 73,96,381 |
| 30 | એન.ટી.એલ. | 01-04-07 | 9313035 | 1,45,068 |
| 31 | અનીલ પ્રિન્ટર્સ પ્રા.લી. | 01-04-07 | 9351004 | 12,31,370 |
| 32 | હર્ષદ શાહ એન્ડ કો. | 01-04-07 | 9351040 | 67,03,560 |
| 33 | એમ.એસ.જય વિજય કન્સ્ટ | 01-04-07 | 9351052 | 19,13,099 |
| 34 | મઇક્રોપ્રોટેક્ટ | 01-04-08 | 9351015 | 20,000 |
| 35 | સી પ્રેસ | 01-04-08 | 9351016 | 37,56,200 |

(310)



| | | | | |
|---|---|---|---|---|
| 36 | વિનય કન્સ્ટ | 01-04-08 | 9351037 | 1,19,997 |
| 37 | ડીજીટલ એન્જી.પ્રો.પ્રા. | 01-04-08 | 9351047 | 1,12,416 |
| 38 | એમ.એસ.સુઝકી ઈન્ટીરીયમ | 01-04-08 | 9351055 | 17,73,149 |
| 39 | એમ.એસ.પટેલ ફાઉન્ડેશન | 01-04-08 | 9351058 | 9,10,123 |
| 40 | એમ.એસ.વર્ધમાન પ્રી.પ્રા. | 01-04-08 | 9351059 | 1,57,69,296 |
| 41 | હેમંત કે શાહ | 01-04-08 | 9351064 | 88,116 |
| 42 | એમ.એસ.રોલર કન્સ્ટ | 01-04-08 | 9351067 | 10,54,912 |
| 43 | યુ.એસ.સી સેન્ટ્રલ લેબ | 01-04-09 | 9304011 | 72,093 |
| 44 | બી.બી.એ.એડ | 01-04-09 | 9306003 | 36,64,962 |
| 45 | ગુજરાત કન્સ્ટ.કો. | 01-04-09 | 9351038 | 81,27,762 |
| 46 | પટેલ કન્સ્ટ | 01-04-09 | 9351039 | 2,54,001 |
| 47 | પટેલ કન્સ્ટ | 01-04-09 | 9351050 | 2,51,000 |
| 48 | એમ.એસ.જે.કે.એન્જી. | 01-04-09 | 9351051 | 17,13,600 |
| 49 | સમવીત બીલ્ડ કેર | 01-04-09 | 9351060 | 25,58,856 |
| 50 | એમ.એસ.પટેલ બ્રધર્સ | 01-04-09 | 9351061 | 1,87,80,311 |
| 51 | એમ.એસ.વોલ્ટસ લી. | 01-04-09 | 9351063 | 2,32,46,850 |
| 52 | શ્રી ચીતરા જુથ પ્રા. | 01-04-09 | 9351065 | 8,84,306 |
| 53 | એમ.એસ.મનીયાર એસો. | 01-04-09 | 9351068 | 67,547 |
| 54 | એમ.એસ.સુપરટેક પ્રા. | 01-04-09 | 9351071 | 39,90,745 |
| 55 | ઈરીડીયમ ટેકનોલોજીસ | 01-04-09 | 9351072 | 18,50,081 |
| 56 | મોહતા ઈલે.એન્ડ.એન્જી.કુ. | 01-04-09 | 9351073 | 11,60,547 |
| 57 | પેપર સ્ટોક એ.સી. | 01-04-10 | 9201000 | 70,08,104 |
| 58 | યુ.એસ.સી એડ.બોટની ડીપા. | 01-04-10 | 9304005 | 24,02,210 |
| 59 | યુ.એસ.સી કેમેસ્ટ્રી | 01-04-10 | 9304006 | 27,05,987 |
| 60 | યુ.એસ.સી ફીઝીકસ | 01-04-10 | 9304007 | 7,60,720 |
| 61 | યુ.એસ.સી ઝુલોજી | 01-04-10 | 9304009 | 88,644 |
| 62 | યુ.એસ.સી માઈક્રોબાયોલોજી | 01-04-10 | 9304010 | 14,02,358 |
| 63 | યુ.એસ.સી જીઓગ્રાફી | 01-04-10 | 9304012 | 27,756 |
| 64 | એડી.ફોરેન્સીક સાયન્સ | 01-04-10 | 9304017 | 81,19,863 |
| 65 | અનપેઈડ બીલ્સ | 01-04-10 | 9331203 | 57,64,599 |
| 66 | ઉદય બીલ્ડ પ્રા. | 01-04-10 | 9351041 | 18,51,87,218 |
| 67 | સીવીક ઓરગેનીકસ | 01-04-10 | 9351057 | 4,83,555 |
| 68 | એમ.એસ.જે.સી.બીલ્ડર્સ | 01-04-10 | 9351062 | 58,89,010 |
| 69 | એમ.એસ.હર્ષદ શાહ | 01-04-10 | 9351066 | 51,12,981 |
| 70 | એમ.એસ.સ્નેહલ કન્સ્ટ | 01-04-10 | 9351069 | 2,45,63,078 |
| 71 | કોમ્પ્લાસ્ટ કોર્પોરેશન | 01-04-10 | 9351074 | 3,49,079 |
| 72 | શ્રી ઈન્ફ્રાકોન પ્રા.લિ. | 01-04-10 | 9351075 | 4,30,02,583 |
| 73 | માલીબુ ટે.પ્રા.લિ. | 01-04-10 | 9351076 | 28,125 |
| 74 | કેનીક ઈન્ફ્રા. | 01-04-10 | 9351077 | 1,62,54,897 |
| 75 | બ્યુસ્ટાર લિ. | 01-04-10 | 9351078 | 53,99,954 |
| 76 | એચ. એફ. લોખંડવાલા | 02-11-10 | 9351082 | 20,42,341 |
| 77 | વીપુલ પંડયા | 17-07-10 | 9351079 | 32,325 |

| | | | | |
|---|---|---|---|---|
| 78 | પેક્ષા એસોસિએટ | 01-03-11 | 9351083 | 8,13,000 |
| 79 | એમ.એસ.પટેલ બ્રધર્સ | 01-04-11 | 9351070 | 52,50,302 |
| 80 | હીટાચી હોમ એન્ડ લાઈફ સોલ્યુસન | 03-02-11 | 9351080 | 26,22,000 |
| 81 | હોફ ગ્લોબલ વેન્ચર | 03-02-11 | 9351081 | 43,22,176 |
| 82 | કોમ્ફાય ફર્નિચર સેન્ટર | 16-03-11 | 9351084 | 15,00,000 |
| | | | | 46,74,99,989 |

તારીજ

| તારીખ-વર્ષ | રકમ | |
|---|---|---|
| 2010 | 31,66,25,387 | |
| 2009 | 6,66,22,661 | |
| 2008 | 2,36,04,209 | |
| 2006 | 2,02,10,511 | |
| 2011 | 1,45,07,478 | |
| 2003 | 1,01,23,103 | |
| 2007 | 99,93,097 | |
| 2005 | 42,41,663 | |
| 1996 | 3,57,459 | |
| 1988 | 2,61,831 | |
| 1997 | 1,64,733 | |
| 1992 | 1,32,132 | |
| 1998 | 5,00,000 | |
| 1995 | 48,000 | |
| 1999 | 37,994 | |
| 2004 | 33,318 | |
| 2001 | 25,463 | |
| 1986 | 10,950 | |
| | 46,74,99,989 | |

## ફકરા નંબર-15

### ડીપોઝીટ રજીસ્ટર રજુ ન કરવા બાબત

(1)ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2010-11ના વર્ષના અન્વેષણ દરમ્યાન સંસ્થા પાસેથી ઓડીટનાં સંદર્ભમાંડીપોઝીટ રજીસ્ટર માંગણી મૌખિક કરવા છતાં ડીપોઝીટ રજીસ્ટર રજુ કરવામાં આવેલ નથી.યુનિ.ના વાર્ષિક હિસાબ પાકા સરવૈયામાં રુપિયા 22,09,32,586-04 જેટલી માતબર રકમ વણ ચુકવાયેલ ડીપોઝીટને જવાબદારી બાજુ દર્શાવેલ છે.ગુજરાત રાજય તિજોરી નિયમો-2000 નાં પ્રકરણ ની નોંધ મુજબ હિસાબ નિયમ સંગ્રહ પુસ્તક-2 માં સૂચના આપ્યા મુજબ દરેક પ્રકારની અનામતો માટે અલગ રજીસ્ટર નિભાવવાનું રહે છે.

(2)ગુજરાત તિજોરી નિયમોના નિયમ-38 (1) થી (3), નિયમ 380 નાં પેટા નિયમ-1 ની જોગવાઇ હેઠળ ખાતાકીય અધિકારી એ અનામતની ચૂકવણી કરવા માટે જરુરી હોય ત્યારે તેણે ગુજરાત તિજોરી નિયમ ફોર્મ નં81 મુજબ બીલ તૈયાર કરી તેની સાથે ચલણ થી સરકારી હિસાબનાં નાંણા જમાં કર્યા હોય તે મૂળ ચલણ સામેલ રાખવાની જોગવાઇ કરવામાં આવેલ છે તેમજ ડીપોઝીટની ચૂકવણી સમયે મૂળ જમાં રકમ સાથે ચુકવણાંની નોંધ કરવાની રહે છે કે જેથી ફરીથી ડીપોઝીટના ચૂકવણા થવાની શકયતા રહે નહી.

(3)વધુમાં ડીપોઝીટ જમા થયા પછી પુરા ત્રણ નાણાંકીય વર્ષનાં અંતે વણ ચુકવાયેલી રકમ જપ્ત ( લેપ્સ ડીપોઝીટ ) તરીકે સંસ્થાની આવક તરીકે લઇ જવાની રહે છે.

(4)વધુમાં યુનિ.દવારા કોલેજોના જોડાણ સમયે સેલ્ફ ફાયનાન્સ કોલેજો ખરીદી/બાંધકામના કાર્યો સમયે અનેસ્ટ મની અને સીકયોરીટી ડીપોઝીટ લેવામાં આવે છે.આવી જુદા જુદા પ્રકારની ડીપોઝીટમાટે ડીપોઝીટ રજીસ્ટર રાખવું અત્યંત આવશ્યક છે. તો રજીસ્ટર નિભાવેલ હોય તો રજુ કરવા જણાયેલ હતું પરંતુ ઓડિટ દરમ્યાન રજૂ કરવામાં આવેલ નથી.

(5)આ ઉપરાંત ડીપોઝીટ રજીસ્ટર રજુ કરેલ ન હોવાથી કોલેજોના જોડાણ સમયે જેટલી રકમની ડીપોઝીટો લીધેલ છે તેટલી તમામ રકમની બાંધી મુદતની થાપણો કરેલ છે કે કેમ ? તેની પણ ચકાસણી થઇ શકે તેમ નથી.

(6)વા.નં. 1595 તારીખ 07-06-10 રુપિયા 20,000/-

(1) ઉપરોકત વાઉચરથી પંડિત આર.બી.શાસ્ત્રી એજ્યુકેશન ટસ્ટ સંચાલીત આર બી ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝને ડીપોઝીટ રીફંડ કરવામાં આવેલ છે. પરંતુ અસલ ડીપોઝીટ સામે નોંધ કર્યાનું જણાતુ નથી તેમજ સદરહુ વાઉચર સાથે

47

કા.કુલપતિના તારીખ 27-04-10 પત્રથી મુખ્ય હિસાબી અધિકારીને રુપિયા 20,000/- ડીપોઝીટ પરત કરવા જણાય છે.તેમાંએક્ઝિકયુટિવ કાઉન્સીલની તારીખ 11-10-09 ની સભાના ઠરાવ મુજબ ડીપોઝીટનું વ્યાજ કોલેજોને નહી ચુકવતાં યુનિવર્સિટીના વિકાસના કામોમાં વાપરવાનો ઉલ્લેખ છે તો સદરહુ ઠરાવની નકલ ઓડિટમાં રજુ કરવા વિનંતી છે.

(6) (2) વધુમાં ઉકત ઠરાવ મુજબ કઇ ડીપોઝીટો ઉપર વ્યાજ સંબંધિત સંસ્થા/ કોલેજને ચુકવવાનું રહે છે અને કઇ સંસ્થા/ કોલેજને ચુકવતાં યુનિવર્સિટીના વિકાસના કામ માટેના ડેવલોપમેન્ટ ફંડ 7712000 ખાતે જમા લઇ જવાનુ રહે છે તેની તથા આ અંગે થયેલ કાર્યવાહીની ઓડિટે જાણ થવી ઘટે

પ્રાથમિક વાધાનંબર 53/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે. રજીસ્ટર રજુ થયેલ નથી.વિગતે કાર્યવાહી પુર્ણ કરાવી પુર્તતા કરવી ઘટે.

(૩૫)



**ફકરા નંબર-16**

## સરકારશ્રીની સુચના વિરૂધ્ધ હંગામી નિમણુંક આપી ખર્ચ કરવા બાબત.

ગુજરાત યુનિ. અમદાવાદના નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ના ઓડીટ દરમ્યાન વાર્ષિક હિસાબની ચકાસણી કરતા આવક જાવકમાં કાર્યાલય ખર્ચ હંગામી નિમણુંકો સદરે રૂ.૧૭૨૭૬૨૬/- નો ખર્ચ દર્શાવેલ છે. તેમજ નીચે જણાવ્યા મુજબ ભવનોમાં પણ હંગામી નિમણુંક કરી રૂ.૧૯૧૫૯૬૩/-નો ખર્ચ કરેલ છે.

| અ.નં. | ભવન/વિભાગનું નામ | હંગામી નિમણુંક અંગે કરેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | છાત્રાલયમાં | ૧૦૯૪૬૦ |
| ૨ | ગ્રંથાલય | ૩૨૯૫૯૯ |
| ૩ | સમાજ વિધ્યાલય | ૧૪૩૦૪૧ |
| ૪ | ભાષા સાહિત્ય ભવન | ૮૯૪૧૦ |
| ૫ | મનો વિજ્ઞાન | ૧૫૯૬૪ |
| ૬ | વિજ્ઞાન વિધ્યાભવન | ૩૮૦૧૯૫ |
| ૭ | વાણિજ્ય વિધ્યાભવન | ૩૫૯૩૬ |
| ૮ | સ્કુલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ | ૧૬૦૯૦૩ |
| ૯ | કોમ્પ્યુટર સેન્ટર | ૬૨૬૭૧૬ |
| ૧૦ | એચ.કે.સેન્ટર | ૩૪૦૦ |
| ૧૧ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન સેન્ટર | ૪૦૬૪ |
| ૧૨ | પત્રકારત્વ વિભાગ | ૧૭૨૭૫ |
| | કુલ | ૧૯૧૫૯૬૩=૦૦ |

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા-૨૨/૩/૯૫ના ઠરાવ ક્રમાંક.ગજપ-૧૦૯૩-૭૨૪-ખ ની જોગવાઈ મુજબ તા-૨૯/૧/૮૩ બાદ યુનિવર્સીટી બિન શૈક્ષણિક સ્ટાફની સ્પષ્ટ મંજુરી સિવાય કાયમી, કામચલાઉ, પાર્ટ ટાઈમ કે દૈનિક રોજમદારીથી કોઈ નિમણુંક કરી શકશે નહિ અને જો મંજુરી વિના નિમણુંક કરવામા આવશે તો તેની સઘળી જવાબદારી યુનિવર્સીટીની રહેશે તેમ જણાવેલ છે.

ઉપરોક્ત વિગતે હંગામી નિમણુંકો કોની મંજુરીથી. નિમણુંક અંગેની કઈ પધ્ધતી અખત્યાર કરેલ છે? તેમજ રાજ્ય સરકારની મંજુરીથી મેળવેલ છે કે કેમ? તે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

49

યુનિવર્સીટીએ પ્રા.વાં.ના જવાબમા જણાવેલ છે કે યુનિવર્સીટીના એચ.કે.ટ્રેનીંગ સેન્ટરના વિધ્યાર્થીઓને તાલીમ રૂપે સ્ટાઈપેન્ડની ફાળવણી કરવામા આવે છે અને માન.કુલપતિશ્રીના આદેશથી ૩ થી ૬ માસની મર્યાદામા રાખવામા આવે છે તથા મંજુરી પુર્ણ થયે છુટા કરવામા આવે છે.

યુનિવર્સીટી દ્વારા નિમાયેલ કર્મચારીઓની વિગત તથા તેઓના નિમણુંક, સમય અને છુટા કર્યાની વિગતો રજુ કરેલ નથી તેમજ તા-૧૨/૨/૧૫ના રોજ ઓડીટ અહેવાલની ચર્ચા દરમ્યાન જણાવેલ હતુ કે હવે આ પ્રથા બંધ કરાવેલ છે અને એપ્રેન્ટીસ તરીકે રાખવામાં આવે છે તો આ મુજબની પુર્તતા થતા સુધી ફકરો ચાલુ રાખવામાં આવે છે.

વાંધાની પુર્તતાં થતાં સુધી થયેલ ખર્ચ રુપિયા 36,43,589/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રકમ રુપિયા 36,43,589/-

(316)



**ફકરા નંબર-17**

**પગાર ખર્ચની વાઉચરોમાં વિગતોની માહિતી ઉપલબ્ધ ના હોવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11 નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજૂ કરવામાં આવેલ ખર્ચ વાઉચરો અંગે રેકર્ડ સાથે નમુનારુપ ચકાસણી કરતાં નીચે મુંજબની અનિયમિતતા ઓડીટનાં ધ્યાને આવેલ છે.

સામેલ પરિશિષ્ટ-6 માં દર્શાવેલ વાઉચરોથી રુપિયા 91,18,780-07 ના પગાર ભથ્થાને લગતો ખર્ચ થયેલ છે.

માર્ચ પેઈડ ઇન એપ્રિલના પગાર ભથ્થાના વાઉચરોથી સદરહું વાઉચરોમાં કોડ,મુળપગાર,મોંઘવારી,ભથ્થાઓ વિગેરેની કુલ રકમ દર્શાવી તેમાંથી કપાતોની રકમ,કુલ રકમ દર્શાવી તે રકમ કુલ પગારમાંથી બાદ કરી ચોખ્ખી ચુકવવા પાત્ર રકમ દર્શાવવામાં આવે છે.વધુમાં આ વાઉચરોમાં ડીપાર્ટમેન્ટનું નામ અને કુલ કર્મચારીઓની સંખ્યા દર્શાવવામાં આવે છે.આ ફકત આઉટર ફોર્મ જ છે.આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

1 ઉપર દર્શાવ્યા મુજબ કર્મચારીઓ સંખ્યા લખી કુલ પગાર મોંઘવારી,ભથ્થા વિગેરે દર્શાવવામાં આવે છે.પરંતુ કર્મચારીવાર મુળ પગાર મોંઘવારી,અન્ય ભથ્થાઓ તથા કર્મચારીવાર કપાતની વિગતો ઉપલબ્ધ થતી નથી અને તેથી કર્મચારીઓને ચુકવેલ મુળ પગારની સેવાપોથીમાં દર્શાવેલ મુળ પગાર સાથે ચકાસણી શકય બનતી નથી.

આ ઉપરાંત દરેક કર્મચારીની મુળ પગારના અભાવે ચુકવેલ મોંઘવારી,મકાન ભાડા,સ્થાનિક વળતર ભથ્થું વિગેરે તથા કપાત કરવામાં આવતી રકમો પણ નિયમોનુસાર કપાત થયાની ચકાસણી થઈ શકેલ નથી.

2 યુનિવર્સિટી દવારા તેઓના કોમ્પ્યુટર પોગ્રામાં આ અંગેનો ડેટા રાખવાની પ્રથા છે. તથા જરુરિયાત મુજબ ડેટામાં સુધારા-વધારા કરી.દરેક માસના ઉપર મુજબ પગાર બીલોના આઉટર ફોર્મ વાઉચર સાથે રાખવામાં આવે છે.પરંતુ કર્મચારીઓની વિગત મુજબ પુરેપુરી પ્રીન્ટ લેવાગાં આવતી ના હોઇ યુનિવર્સિટી કક્ષાએ કોઇ અધિકારી દવારા પણ આ બાબતની ચકાસણી થતી ન હોવાનું જણાય છે.તો આ અંગે સ્પષ્ટતા કરી કર્મચારીવાર પગાર ભથ્થા કપાત વિગેરેની વિગત સાથેનું બીલ તૈયાર કરી રજુ કરવા વિનંતી છે.

3 ઉપર દર્શાવ્યા મુજબની બારે માસ મુજબની વિગતો તૈયાર કરી ઓડીટમાં રજુ થવા વિનંતી છે.

વાંધાની પૂર્તતા થતાં સુધી પરિશિષ્ટ નંબર-6 માં દર્શાવેલ ખર્ચ રુપિયા 91,18,780/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રકમ91,18,780/-

## પરિશિષ્ટ-06ફકરા નંબર-17

## યુનિવર્સિટીના કર્મચારીઓના માર્ચ પેઈડ ઇન એપ્રિલના પગાર બીલોની વિગત દર્શાવતુંપરિશિષ્ટ

| અ.નં. | વા.નં. | તારીખ | રકમ | નોંધ |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| 01 | 01 | 01-04-2010 | 8,36,353-74 | |
| 02 | 02 | 01-04-2010 | 5,19,243-78 | |
| 03 | 03 | 01-04-2010 | 29,776-43 | |
| 04 | 04 | 01-04-2010 | 65,540-00 | |
| 05 | 05 | 01-04-2010 | 72,503-39 | |
| 06 | 06 | 01-04-2010 | 63,888-14 | |
| 07 | 07 | 01-04-2010 | 1,01,750-84 | |
| 08 | 08 | 01-04-2010 | 53,718-30 | |
| 09 | 09 | 01-04-2010 | 3,77,718-99 | |
| 10 | 10 | 01-04-2010 | 3,20,227-22 | |
| 11 | 11 | 01-04-2010 | 5,34,507-67 | |
| 12 | 12 | 01-04-2010 | 51,152-47 | |
| 13 | 13 | 01-04-2010 | 27,874-10 | |
| 14 | 14 | 01-04-2010 | 7,71,012-32 | |
| 15 | 15 | 01-04-2010 | 32,779-65 | |
| 16 | 16 | 01-04-2010 | 93,538-80 | |
| 17 | 17 | 01-04-2010 | 85,319-73 | |
| 18 | 18 | 01-04-2010 | 24,41,826-24 | |

| | | | | |
|---|---|---|---|---|
| 19 | 19 | 01-04-2010 | 6,53,845-96 | |
| 20 | 20 | 01-04-2010 | 2,23,323-54 | |
| 21 | 21 | 01-04-2010 | 37,925-35 | |
| 22 | 22 | 01-04-2010 | 8,581-00 | |
| 23 | 23 | 01-04-2010 | 3,36,672-84 | |
| 24 | 24 | 01-04-2010 | 53,996-92 | |
| 25 | 25 | 01-04-2010 | 2,94,189-00 | |
| 26 | 26 | 01-04-2010 | 38,411-82 | |
| 27 | 27 | 01-04-2010 | 27,567-02 | |
| 28 | 28 | 01-04-2010 | 57,559-60 | |
| 29 | 29 | 01-04-2010 | 42,213-48 | |
| 30 | 30 | 01-04-2010 | 1,53,123-00 | |
| 31 | 31 | 01-04-2010 | 16,610-80 | |
| 32 | 32 | 01-04-2010 | 1,02,445-50 | |
| 33 | 33 | 01-04-2010 | 7,655-88 | |
| 34 | 34 | 01-04-2010 | 5,26,645-77 | |
| 35 | 35 | 01-04-2010 | 19,675-10 | |
| 36 | 36 | 01-04-2010 | 27,283-84 | |
| 37 | 37 | 01-04-2010 | 12,321-84 | |
| કુલ | | | 91,18,780-07 | |

53

## ફકરા નંબર-18

### હિરક મહોત્સવના ખર્ચ સંદર્ભમાં જણાયેલ અનિયમિતતા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11 નાં અન્વેષણ દરમ્યાન હિરક મહોત્સવના ખર્ચ પેટે કોડ નંબર 4632000 માંરુપિયા 13,88,196/-નો ખર્ચ ઉધારવામાંઆવેલ છે.જેની પરિશિષ્ટ-07મુજબની વિગતો જણાયેલ છે.આ બાબતમાં નીચે મુજબની ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(01) અંદાજપત્રમાં સદરહું ખર્ચ બાબતે કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી.તેમ છતાં રુપિયા 13,88,196/-નો ખર્ચ કરવામાં આવેલ છે.તથા આવક રુપિયા 80,100/- જમાં લેવામાં આવેલ છે.આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(02) સદરહું ખર્ચ સંદર્ભમાં સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવવામાં આવેલ છે કે કેમ ? જો મેળવવામાં આવેલ હોય તો તે અંગેની ફાઈલ ઓડિટે રજુ થયેલ નથી.

(03) સદરહું ખર્ચ સંદર્ભની ટેન્ડર પ્રકિયાની ફાઈલ ઓડિટે રજુ થયેલ નથી.

(04) સદરહું ખર્ચ સંદર્ભનાં ઈલેકટ્રીકલ વર્ક રજીસ્ટર,જનરલ વર્ક રજીસ્ટર,તથા સ્ટોક રજીસ્ટર વગેરે ઓડિટે રજુ થયેલ નથી.

(05) સંસ્થા ખાતે પોતાનો પ્રેસ હોવા છતાં બહારથી Invitation Card સ્વર્ણિમ વનનો શુભારંભ પત્રિકા સંદર્ભમાં ખર્ચ રુપિયા 47,000/- નો ખર્ચ કરવા બાબતે સ્પષ્ટતા થયેલ નથી.

(06) જમણવારનાં ખર્ચ ઉધારવામાં આવેલા છે.જેમાં ખરેખર કેટલા વ્યક્તિઓએ જમણવરમાં ભાગ લીધો હતો તે બીલો તથા નોંધ ઉપર સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળેલ નથી જેના કારણે ખર્ચ અંગે વ્યાજબીપણાની ચકાસણી થઈ શકેલ નથી.

(07) જુદા જુદા વિભાગોમાં સદર ખર્ચ બાબતે એડવાન્સ આપેલ છે.એડવાન્સ સરભર કર્યા અંગેની ખાત્રી ઓડિટે રજુ થયેલ નથી.

(08) રુપિયા 2,612/-ની વિગતના વાઉચરો ઓડિટ સમક્ષ રજુ થયેલ નથી તો ઉક્ત વાઉચરો ઓડિટ સમક્ષ રજુ ન કરવાથી ઓડિટ કામગીરી હાથ ધરી શકાય ન હતી વાઉચરો રજુ કરેલ ન હતા.જે એક ગંભીર બાબત કહેવાય આ બાબતે ઓડિટે ધોરણસરની ચકાસણી થઇ શકેલ નથી સ્પષ્ટતા થવી ઘટે.

(09) હીરક જયંતી નિમિતે યોજાયેલ વૃક્ષારોપણ નાં કાર્યક્રમ અંગેના જીવંત પ્રસારણનાં ખર્ચનાં બીલ નં તારીખ 57-04-08-10 શ્રી હર્ષદ સ્ટુડિયોના રુપિયા 50,000/-તથા હીરક જયંતી નિમિતે યોજાયેલ વૃક્ષારોપણ નાં કાર્યક્રમ અંગેના

વિડીયો શૂટીંગ ડીવીડી ખર્ચનાં બીલ નં તારીખ 56–04-08-10 શ્રી હર્ષદ સ્ટુડિયોના રુપિયા 30,000/-ના ત્રણ ભાવો મેળવવામાં આવેલ નથી.

(10) પાર્ટીઓને કરેલ ચૂકવણાં પૈકી આવકવેરાની રકમ રુપિયા 24,464/-જે તે વાઉચરેથી ઈન્કમ ટેક્ષ ખાતે દર્શાવેલ છે. જે રકમ ખરેખર ઈન્કમ ખાતે જમાં કરવા અંગે નાં આંધારો જેવા કે ભરવામાં આવેલ ચલણ આવક વેરા રજીસ્ટર ઓડિટે રજુ થવા ઘટે.

(11) સદરહું બાબતમાં જે તે વર્ક કામ પૂર્ણ થયા બાદ બિન જરૂરી માલ સામાન અંગે શું કાર્યચાહી કરવામાં આવેલ છે. તે અંગે કરેલ કાર્યવાહી નાં આંધારો ઓડિટે રજુ થવા ઘટે.

(12) સદરહું બાબતમાં વાર્ષિક હિસાબમાં થયેલ આવક બાદ કરી ખર્ચ ખર્ચની વિગતમાં દર્શાવેલ છે.આવકની વિગતમાં આવક દર્શાવેલ નથી.ખરેખર આવક ખર્ચ ની વિગતો અલગ અલગ ન દર્શાવવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરોકત બાબતે સત્વરે સ્પષ્ટતા સહ પુર્તતા થતાંસુધી સઘળો ખર્ચ નાં રુપિયા 13,88,196/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રાથમિક વાંધાનંબર 22/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે.વાંધામાં જણાયેલ વિગતે જવાબ અનુરુપ ન હોવાથી ઉકત બાબતમાં જણાવ્યાં મુજબની કાર્યવાહી થવી ઘટે.

વાંધા હેઠળ રકમ 13,88,196/-

## પરિશિષ્ટ-07ફકરા નંબર-18

| અ નં | તારીખ | વાઉચર નંબર | વિગત | રકમ | ટેક્ષ IT |
|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 |
| 01 | 11-05-10 | 1019 | બોટની વિભાગમાં વિભાગનાં વડાશ્રી દ્વારા બીલ નં તારીખ -18-01-10 | 9,222 | - |
| 02 | 10-06-10 | 1658 | ફિજીકસ ગાર્ડનમાં લાઈટીંગ ખર્ચ શ્રી કે જી બસતવાલા બીલ નં તારીખ 0755-09-03-10 | 7,776 | 156 |
| 03 | 10-06-10 | 1673 | ખુરસી ટેબલ સ્ટેજ મંડપ ખર્ચ શ્રી કે જી બસતવાલા બીલ નં તારીખ 0750-06-03-10 | 1,71,007 | 3421 |
| 04 | 06-08-10 | 2736 | 31-07-10શ્રી કંસારાને Free Plantationબીલ નં તારીખ | 1,550 | - |
| 05 | 07-08-10 | 2830 | સ્વર્ણીમ વન શુભારંભ માટે મોમેન્ટો નાં બીલ નં તારીખ 39-30-07-10 | 7,860 | - |
| 06 | 12-08-10 | 2930 | સ્વર્ણીમ વન શુભારંભ માટે સી એમ સર માટે મોમેન્ટો નાં બીલ નં તારીખ 1618-07-08-10 | 4,680 | - |
| 07 | 16-08-10 | 2985 | સ્વર્ણીમ વન શુભારંભ માટે Invitation Card નાં બીલ નં તારીખ 13-02-08-10 The Giri Communications | 45,000 | 900 |
| 08 | 17-08-10 | 3012 | એકેડેમીક સ્ટાફ કોલેજ ખાતે સ્ટાફ માટે ચા કોફી નાસ્તાનાં વાંચે ગુજરાત માટે નાં બીલ નં તારીખ - 05-08-10 શ્રી એસ આર પંડીત | 35,000 | - |
| 09 | 17-08-10 | 3024 | સ્વર્ણિમ વનનો શુભારંભ પત્રિકા છપામણી ખર્ચ માટે નાં બીલ નં તારીખ 71-30-07-10 | 2,000 | - |
| 10 | 17-08-10 | 3028 | સ્વર્ણિમ વનનો શુભારંભ બોર્ડ ખર્ચ માટે નાં બીલ નં તારીખ 44-02-08-10 શ્રી પી બી રાવલને | 1,225 | 25 |
| 11 | 03-09-10 | 3317 | વાંચે ગુજરાત ફોટોગ્રાફ માટે નાં બીલ નં તારીખ -136-20-10-10 સેતુ કલર સ્ટુડિયો | 2,080 | - |
| 12 | 03-09-10 | 3349 | સ્વર્ણિમ વનનો શુભારંભ લાકડાની પ્લેટો તથા તકતી ખર્ચ માટે નાં બીલ નં તારીખ 45-02-08-10 શ્રી પી બી | 17,300 | 346 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | રાવલને | | |
| 13 | 21-10-10 | 4264 | યુવક મહોત્સવ લેખ વર્તમાનપત્રમાં આપતા Bennett Coleman & CO. LTD | 16,000 | 320 |
| 14 | 21-10-10 | 4281 | હીરક જયંતી નિમિત્તે યોજાયેલ વૃક્ષારોપણ નાં કાર્યક્રમ અંગેના જીવંત પ્રસારણનાં ખર્ચનાં બીલ નં તારીખ 57–04-08-10 શ્રી હર્ષદ સ્ટુડિયો | 50,000 | 1000 |
| 15 | 21-10-10 | 4282 | હીરક જયંતી નિમિત્તે યોજાયેલ વૃક્ષારોપણ નાં કાર્યક્રમ અંગેના વિડીયો શૂટીંગ ડીવીડી ખર્ચનાં બીલ નં તારીખ 56–04-08-10 શ્રી હર્ષદ સ્ટુડિયો | 30,000 | 600 |
| 16 | 25-10-10 | 4361 | હીરક જયંતી નિમિત્તે યોજાયેલ વૃક્ષારોપણ નાં કાર્યક્રમ અંગેના વિડીયો શૂટીંગ ડીવીડી ખર્ચનાં બીલ નં તારીખ 58–04-08-10 શ્રી હર્ષદ સ્ટુડિયો | 7,147 | 143 |
| 17 | 29-10-10 | 4531 | વિવિધ વસ્તુઓ ભાડે લાવવાનાં શ્રી કે જી બસતવાલા બીલ નં તારીખ 0980–12-08-10 | 4,75,000 | 9,500 |
| 18 | 03-11-10 | 4844 | વિવિધ કોર્સની માહિતી દર્શાવતું હોર્ડિંગ્સ બનાવવાના માટે નાં બીલ નં તારીખ 21–03-09-10 The Giri Communications | 10,290 | 206 |
| 19 | 03-11-10 | 4853 | વાચે ગુજરાત તરતું પુસ્તકના સ્ટીકર ખર્ચ બીલ નં તારીખ 1020–19-10-10 વિલ્સન પ્રિન્ટસીટી | 14,700 | 294 |
| 20 | 11-11-10 | 4920 | ક્વીઝના ઈનામ બાબતનાં બે વિધાર્થીને | 7,000 | - |
| 21 | 19-11-10 | 5002 | ક્વીઝ માટે ગયેલ સુરત ટીએ ડીએના | 276 | - |
| 22 | 07-12-10 | 5398 | વાંચે ગુજરાત ફોટોગ્રાફ માટે નાં બીલ નં તારીખ –207-18-11-10 સેતુ કલર સ્ટુડિયો | 2,698 | - |
| 23 | 16-12-10 | 5599 | નેઈમ પ્લેટ ખર્ચ બીલ નં તારીખ 104–24-11-10 શ્રી પી બી રાવલને | 300 | 6 |
| 24 | 06-01-11 | 6035 | જુદા જુદા ભવનોમાં વ્હાઇટવોસનાં બીલ નં તારીખ 090–21-12-10 જય શકિત કોર્પોરેશન | 11,500 | 230 |
| 25 | 06-01-11 | 6039 | કારગીલ પાર્ક ખાતે ઈલેકટ્રીક કામનાં બીલ નં તારીખ 122–29-11-10 હરિશ | 2,000 | 40 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ડી સરવૈયા | | |
| 26 | 17-01-11 | 6271 | ગ્રેનાઇટ તથા લાકડાની બોર્ડરને પોલીસ કામનાં પી બી પટેલને | 980 | - |
| 27 | 01-02-11 | 6650 | GMDC મેદાનમાં વાયબ્રેટ નવરાત્રી નીમીતે દરવાજા લોક મારી ફીટ કરવાના કામનાં બીલ નં તારીખ 54/55–03-12-10- ધીરેન આર પ્રજાપતિ | 8,950 | 179 |
| 28 | 01-02-11 | 6651 | સેનેટ હોલ ખાતે સ્ટેજ ડેકોરેશન ખર્ચ બીલ નં તારીખ 1113/–25-11-10 શ્રી કે જી બસતવાલા | 16,976 | 340 |
| 29 | 01-02-11 | 6653 | દિવાલ ઉપર લખાણ કરેલ ખર્ચ બીલ નં તારીખ 106/–28-11-10 શ્રી પી બી રાવલ | 4,800 | 96 |
| 30 | 01-02-11 | 6654 | ગ્રેનાઈટ તકતી બનાવવાના ખર્ચ બીલ નં તારીખ 123/–06-01-11 શ્રી પી બી રાવલ | 65,800 | 1,316 |
| 31 | 05-02-11 | 6789 | ફીજીક્સ વિભાગમાં સાંસ્કૃતિક પ્રોગ્રામ ખર્ચ બીલ નં તારીખ 13/–26-01-11 શ્રી શ્રી ફારુકભાઇ યાકુબભાઇ ફુલવાલે | 10,300 | - |
| 32 | 05-02-11 | 6790 | ઝુલોજી વિભાગમાં સાંસ્કૃતિક પ્રોગ્રામ ખર્ચ બીલ નં તારીખ 14/–26-01-11 શ્રી ફારુકભાઇ યાકુબભાઇ ફુલવાલે | 1,500 | - |
| 33 | 14-02-11 | 6980 | વિજ્ઞાન વિભાગમાં સાંસ્કૃતિક પ્રોગ્રામ જમણવારનો ખર્ચ બીલ નં તારીખ 18/–26-01-11 શ્રી કે એસ કેટરર્સ | 37,920 | 759 |
| 34 | 17-02-11 | 7059 | સીન્ગલ ટ્રેક મેદાન ખાતે બેનર બનાવવાના માટે નાં બીલ નં તારીખ 42–19-11-11 The Giri Communications | 9,508 | 191 |
| 35 | 18-02-11 | 7075 | સીન્ગલ ટ્રેક મેદાન ખાતે બેનર બનાવવાના માટે નાં બીલ નં તારીખ 41–17-01-11 The Giri Communications | 48,300 | 966 |
| 36 | 28-02-11 | 7287 | કવિના શબ્દથી કવિને અર્ધ્ય. સંદર્ભમાં થયેલ ખર્ચ બીલ નં તારીખ અડવાન્સ પૈકી સરભર એડ રકમ 50000/-શ્રી કીર્તિદા શાહ | 34,019 | - |
| 37 | 28-02-11 | 7288 | વાંચે ગુજરાત સંદર્ભમાં થયેલ ખર્ચ બીલ નં તારીખ અડવાન્સ પૈકી | 4,307 | - |

(૩૮૫)



| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | સરભર એડ રકમ 12000/-શ્રી કીર્તિદા શાહ | | |
| 38 | 28-02-11 | 7289 | વાંચે ગુજરાત સંદર્ભમાં થયેલ ખર્ચ બીલ નં તારીખ અડવાન્સ પૈકી સરભર એડ રકમ 20000/-શ્રી કીર્તિદા શાહ | 11,765 | - |
| 39 | 17-03-11 | 7864 | સાઉન્ડ સિસ્ટમ ભાડે બીલ નં તારીખ 2339/–07-01-11 શ્રી આર ટોટલ એન્ડ કું | 5,515 | - |
| 40 | 17-03-11 | 7864 | સાઉન્ડ સિસ્ટમ ભાડે બીલ નં તારીખ 2346/–07-01-11 શ્રી આર ટોટલ એન્ડ કું | 3,861 | - |
| 41 | 21-03-11 | 7952 | મુખ્ય ટાવર માં લાઇટનીગ ડેકોરેશન ખર્ચ બીલ નં તારીખ 2346/–04-02-11 શ્રી કે જી બસતવાલા | 1,15,000 | 2,300 |
| 42 | 28-03-11 | 8042 | ઉડાન 2011 કાર્યક્રમ અંગે ખર્ચના | 56,390 | 1,130 |
| 43 | 31-03-11 | 8561 | ઉડાન 2011 સંદર્ભમાં થયેલ ખર્ચ બીલ નં તારીખ અડવાન્સ પૈકી સરભર એડ રકમ 15000/-શ્રી કીર્તિદા શાહ | 14,558 | - |
| 44 | 31-03-11 | 8582 | ઉડાન 2011 સંદર્ભમાં થયેલ ખર્ચ બીલ નં તારીખ અડવાન્સ પૈકી સરભર એડ રકમ 5000/-શ્રી અરવિંદ ભંડારી કો ઓર્ડિનેટર | 3,524 | - |
| 45 | 31-03-11 | 8617 | વોન્ટિંગ વાઉચરો | 2,612 | - |
| | | | | | |
| | | | | 13,88,196 | 24,464 |

## ફકરા નંબર-19

### યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાંપરિશિષ્ટ- કે માં ટૂંકી મુદતની મુકેલ એફ.ડી.રુપિયા69.85 કરોડનાં હિસાબો યોગ્ય રીતે રાખી મેળવણું ના કરવા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાંનાણાકિય વર્ષ-2010-11ના ઓડિટ દરમ્યાન રોકાણ રજીસ્ટર અને રોકાણોની વિગત તથા તા-31-03-11 ના અંતે વાર્ષિક હિસાબમાં દર્શાવેલ એફડી રુપિયા 69,84,77,728/-જેટલી રકમ યુનિવર્સિટીના એફડી રજીસ્ટરમાં મેળવણું કરી રજુ કરવા તથા રોકાણોની ભૌતિક ચકાસણી સમયે રજુ કરેલ એફડી રોકાણ રજીસ્ટર મુજબ અને યુનિવર્સિટીના લેજર મુજબ મેળવણું કરી રજુ કરવા પ્રા.વા.નં-28 તારીખ-11-08-14 થી જણાવવામાં આવેલ છે.પરંતુ મેળવણું કરી રજુ કરેલ નથી.રજુ કરવામાં આવેલ ડીપોઝીટ રજી.નં-2 ની ચકાસણી કરી નીચે મુજબ નોંધ આપવામાં આવે છે.

(1) આ અંગે નમુનારુપ ચકાસણી કરતાં યુનિવર્સિટીએ આંધ્રબેન્કમાંમૂકેલ અને તારીખ-31-03-11 ના અંતે વણ વટાવાયેલ એફડીની રકમ છે.રુપિયા2,21,89,312-00 થાય છે જેની વિગત આ સાથે સામેલ પરિ-9માં દર્શાવવામાં આવેલ છે. જયારે વાર્ષિક હિસાબ સાથેના પરિ-કે માં અનું નં10 ઉપરઆંધ્રબેન્કની રકમ રુપિયા 1,52,02,306/- દર્શાવેલ છે.આમ રુપિયા 69,87,006-00 નો તફાવત ફકત આ એક બેન્કની એફડીમાં જ આવે છે.આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે રુપિયા 69.85 કરોડની રકમ ની એફ.ડી.ના હિસાબો વ્યવસ્થિત રખાયેલ નથી અને તેથી કોઇ ગંભીર નાણાંકીય અનિયમિતતા-ગેરરીતી થયેલ હોય તો પણ ધ્યાને આવી શકે નહીંતો આ તફાવતના કારણો અંગે સ્પષ્ટતા થવા તથા વાર્ષિક હિસાબમાં દર્શાવેલ તમામ એફડીનું એફડી રજીસ્ટર સાથે મેળવણું કરી કોઇ નાણાંકીય અનિયમિતતા થયેલ નથી તેની ચકાસણી કરી.ઓડીટમાં રજુ કરવા વિનંતી છે.

(2) સદરહું રજીસ્ટર બેન્કવાઇઝ કે મુકેલ એફડીના ક્રમમાં ન નોંધાતાં જે કોલેજોએ ડીપોઝીટની રકમ આપેલ છે.તેની એફડી કરી જે તે સંસ્થાવાર રોકાણોની વિગત રાખેલ છે અને તેથી કઇ બેન્કમાં કેટલી એફડી છે અને નાણાકીય વર્ષના અંતે કઇ કઇ બેન્કમાં કેટલી રકમની એફડી પરિ-કે માં દર્શાવ્યા મુજબ છે તેની વિગત જાણી શકાતી નથી પરંતુ યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાં જુદી જુદી પંદર બેન્કમાં મૂકેલ એફડીની રકમ રુપિયા 69,84,44,728-75 દર્શાવેલ છે.અને તે અંગેના લેજર કોડ પણ અલગ અલગ છે તો વાર્ષિક હિસાબમાં દર્શાવ્યા મુજબની એફડી સંબંધિત બેન્કમાં છે તે અંગેની ખાતરી કરાવવા રજીસ્ટરમાંથી તા-31-03-11 ના અંતે વણવટાવેલ એફડીનુ લીસ્ટ આ સાથે પરિશિષ્ટ-08નમૂના મુજબ માંબનાવી વાર્ષિક હિસાબ સાથે મેળવણું કરી ઓડીટમાં રજુ કરવા વિનંતી છે.

(3) વધુમાંબેન્કોમાં એફડી કરવામાં આવે ત્યાર નાણાકીય વર્ષના અંતે જે તે એફડીની રકમ બેન્કમાં રહેલ છે તે અંગેનું એફડી બેલેન્સ સર્ટીફીકેટ મેળવીને રાખવાનું રહે છે પરંતુ આવુ એક પણ બેન્કનું સર્ટીફીકેટ ઓડીટમાં રજુ થયેલ નથી તો સર્ટીફીકેટ મેળવી ન રાખવા બદલ સ્પષ્ટતા થવા તથા હવે મેળવી ઓડીટમારજુ કરવા વિનંતી છે.

પ્રાથમિક વાધાનંબર 97/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે.વિગતે કાર્યવાહી પુર્ણ કરાવી પુર્તતા કરવી ઘટે.

## પરિશિષ્ટ–08 ફકરા નંબર–19

### તા–31-03-2011 ના રોજ યુનિવર્સિટી દ્વારા મુકવામાં આવેલ/રીન્યુ કરવામાં આવેલ પરંતુ વટાવાયેલ ના હોય તેવી બાધી મુદતની થાપણની વિગત દર્શાવતું

| અ નં | બેન્કનું નામ | મુક્યા તા. રીન્ય તા. | મુળ રકમ | વ્યાજ | કુલ | પાક્યાં તા. | પાક્યાં તારીખે વટાવ્યાની વિગત | પાક્યાં તારીખે રીન્યુ કર્યાની વિગત | ત. 31-03-11 ના રોજ સિલક | નોધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| - | - | - | - | - | - | - | - | - | - | - |

નોંધ:– 1 સદરહુ પત્રક દરેક બેન્કવાર અલગ અલગ બનાવી વાર્ષિક હિસાબમાં દર્શાવ્યા મુજબની સિલક સાથે મેળવણું કરી, તફાવત હોય તો તફાવતના કારણ સહ રજુ કરવાનું રહેશે.

નોંધ:– 1 એફ.ડી. રજીસ્ટર જનરલ ફંડ અને કોલેજ એફ.ડી.નું અલગ અલગ રાખેલ હોય તો તે મુજબ માહિતી તૈયાર કરી. કોલેજ ડીપોઝીટ સાથે મેળવણું કરી, રજુ કરવાનું રહેશે.

નોંધ:– સંસ્થા તરફથી ઉક્ત વિગતોની માહિતી ન મળતાં વિગતો દર્શાવમાં આવેલ નથી.

## પરિશિષ્ટ–09ફકરા નંબર–19

### તા–31-03-11 ના રોજ આંધ્રબેન્કમાં મૂકેલ અને વણવટાવેલ એફડી ની વિગત

| અ નં | સંસ્થાનું નામ | મૂકયા તારીખ–રીન્યુ કર્યા તારીખ | પાકયા તારીખ | મૂકવામાં આવેલ રકમ | પા નં | |
|---|---|---|---|---|---|---|
| 1 | દિવ્યદૃષ્ટિ ચેરીટેબલ ટ્રસ્ટ | 25-09-10 | 08-11-12 | 8,75,593 | 2 | |
| 2 | શ્રીનાથ વિદ્યોતેજક મંડળ | 07-08-10 | 20-09-12 | 15,78,794 | 29 | |
| 3 | ગોપાલક વિકાસ મંડળ | 07-08-10 | 20-09-12 | 7,89,397 | 30 | |
| 4 | માતૃ કૃપા એજયુકેશન ટ્રસ્ટ | 07-08-10 | 20-09-12 | 15,78,794 | 31 | |
| 5 | કપડવંજ કેળવણી મંડળ | 07-08-10 | 20-09-12 | 15,78,794 | 32 | |
| 6 | ઉમીયા કોલેજ ઓફ એજયુકેશન | 07-08-10 | 20-09-12 | 15,78,794 | 33 | |
| 7 | સાર્વજનીક વિકાસ મંડળ | 07-08-10 | 20-09-12 | 15,78,794 | 34 | |
| 8 | મહેમદાવાદ એજયું. સેસાયટી | 07-08-10 | 20-09-12 | 15,78,794 | 35 | |
| 9 | અંજુમન એજયુકેશન ટ્રસ્ટ | 07-08-10 | 20-09-12 | 15,78,794 | 36 | |
| 10 | વિઝન કોલેજ ઓફ એજયુકેશન | 07-08-10 | 20-09-12 | 15,78,794 | 37 | |
| 11 | સીવાજીપુરા કેળવણી મંડળ | 07-08-10 | 20-09-12 | 15,78,794 | 38 | |
| 12 | હિવુડ એકેડેમી ઓફ ટીચર્સ | 07-08-10 | 20-09-12 | 15,78,794 | 39 | |
| 13 | તક્ષશીલા | 07-08-10 | 20-09-12 | 15,78,794 | 40 | |
| 14 | આકાશ એજયુકેશન | 07-08-10 | 20-09-12 | 15,78,794 | 41 | |
| 15 | જન વિકાસ ટ્રસ્ટ | 07-08-10 | 20-09-12 | 15,78,794 | 42 | |
| | | | | 2,21,89,312 | | |

**ફકરા નં.૨૦**

**ગુજરાત યુનિવર્સિટી દ્રારા વિવિધ બેંકોમાં રાખવામાં આવેલ કુલ રૂ.૬૯.૮૪ કરોડની ફીક્સ ડીપોઝીટની ખરાઇ સંપૂર્ણ રીતે ન થવા બાબત.**

(એ) ગુજરાત યુનિવર્સિટીના વર્ષ ૨૦૧૦-૧૧ ના વાર્ષિક હિસાબના તા.૩૧/૦૩/૨૦૧૧ અંતિત સરવૈયામાં ફીક્સ ડીપોઝીટ તથા રોકાણોની પરિશિષ્ટ કે મુજબની વિગત નીચે મુજબ છે.

પરિશિષ્ટ કે તા.૩૧/૦૩/૨૦૧૧ નો ઉતારો

| ક્રમ | રોકડ અને બીજી પુરાંતો | ઉધાર | જમા |
|---|---|---|---|
| ૧. | પરિશિષ્ટ-એલ મુજબ | | ૧૪૨૧૫૧.૭૫ |
| | ૧) જનરલ ફંડ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા જીએફ | ૦.૦૦ | |
| | ૨) ઈ આર ડી એફ એસ.બી.આઈ. | ૩૦૨૨૪૦૩૩.૯૨ | |
| | ૩) સ્ટેટબેંકઓફઈન્ડીયાયુનિ. B.ed. Admi. | ૮૫૧૧૨૩૫.૦૦ | |
| | ૪) એસ.બી.આઈ. બ્રાંચ લાઈબ્રેરી | ૪૬૯૯.૩૪ | |
| | ૫) ગુજ. યુનિ. સ્પોર્ટસ એકાઉન્ટ | ૦.૦૦ | |
| | ૬) બેંક ઓફ ઈન્ડીયા જીએફ | ૦.૦૦ | |
| | ૭) બેંકઓફ બરોડાજીએફ | ૪૮૩.૦૩ | |
| | ૯) સ્ટેટઓફઈન્ડીયાયુનિ. બ્રાંચ | ૧૬૮૩૨૯૧૯.૩૦ | |
| | ૧૦)સ્ટેટઓફઈન્ડીયા ગ્રાન્ટ ઓકા. | | ૮૩૩૯૫૫.૦૯ |
| | ૧૧) પી.જી.ફી.બી. જે મેડીકલ | ૦.૦૦ | |
| | ૧૨) પી.જી.ફી.વી.એસ. હોસ્પીટલ | ૦.૦૦ | |
| | ૧૩) B.O.I. રજીસ્ટ્રાર ગુજ. યુનિ. એકા. | ૧૦૦૦૦.૦૦ | |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | **બેંક પુરાંત** | ૫૫૫૮૩૩૭૦.૫૯ | ૯૭૬૧૦૬.૮૪ |

## ૨. ટુંકી મુદતની ડીપોઝીટ

| | | | |
|---|---|---|---|
| ૧ | બેંક ઓફ ઈન્ડીયા | ૩૪૮૬૦૧૨૭૯.૦૦ | ૧૫૦૯૪૮૪.૦૦ |
| ૧ | બેંક ઓફ ઈન્ડીયા | ૧૫૦૦૦.૦૦ | |
| ૨ | સ્ટેટબેંકઓફઈન્ડીયા યુ.નિ. બ્રાંચ | ૫૫૭૫૭૫૬૯.૧૫ | |
| ૩ | ઈન્ડીયન બેંક | ૦.૦૦ | |
| ૪ | દેના બેંક | ૧૫૦૦૧૬૨૩.૬૦ | |
| ૫ | સેન્ટ્રલબેંકઓફઈન્ડીયા | ૬૪૨૬૪૯૬.૦૦ | |
| ૬ | યુનિયન બેંક ઓફ ઈન્ડીયા | ૨૬૮૫૬૮૯૪.૦૦ | |
| ૭ | ઇ.આર.ડી.એફ.એસ.બી.આઇ | ૭૨૮૪૧૭૯૫.૦૦ | |
| ૮ | સ્ટેટબેંકઓફઈન્ડીયા નરોડાબ્રાંચ | ૨૨૩૧૪૪.૦૦ | |
| ૯ | એ.ડી.સી. બેંકનરોડાબ્રાંચ | ૩૭૦૮૧૨.૦૦ | |
| ૧૦ | આંધ્રબેંક | ૧૫૨૦૨૩૦૬.૦૦ | |
| ૧૧ | અલાહાબાદબેંક | ૯૩૩૪૯૫૬૬.૦૦ | |
| ૧૨ | કોલેજોની ફીકસ ડીપોઝીટ પર વ્યાજ | — | ૭૮૨૮૮૨૬૦.૨૯ |
| ૧૩ | બેંકઓફસૌરાષ્ટ્ર | ૩૮૩૧૨૪૪.૦૦ | |
| ૧૪ | યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડીયા | ૬૦૦૦૦૦૦૦.૦૦ | |

65 (331)

| | | | |
|---|---|---|---|
| | | | ૫૨૧૪૨૧૧૭.૦૦ |
| ૧૫ | બેંક ઓફ મહારાષ્ટ્ર | | |
| | **ટુંકી મુદતની ડીપોઝીટ .......** | **૬૯૮૪૭૭૭૨૮.૭૫** | **૧૩૧૯૩૯૮૬૧.૨૯** |
| ૧ | બેંક પુરાંત | ૫૪૬૦૭૨૬૩.૭૫ | |
| ૨ | રોકડ અને બીજી પુરાંત | - | |
| ૩ | ટુંકી મુદતની ડીપોઝીટ | ૫૬૬૫૩૭૮૬૭.૪૬ | |
| ૪ | યોજનાઓનીએકાઉન્ટ નવરંગપુરા | ૪૦૩૭.૯૬ | |
| | | ૬૨૧૧૪૯૧૬૯.૧૭ | |

)બી( પ્રસ્તુત પત્રક કે ક્રમ-૨(૧૨) ના મુજબ વર્ષ દરમ્યાન કુલ રૂા.૭,૮૨,૮૮,૨૬૦.૨૯ FD નું વ્યાજ જમા લેવામાં આવેલ છે .આ વ્યાજ કઇ કઇ બેંકોનું મળવાપાત્ર હતું અને કઇ બેંકો પાસેથી મળેલ છે /બાકી છે. તેનો બ્રેક અપ રજુ થવો ઘટે.

વધુમાં ક્રમ.૧ તથા ક્રમ ૧૫ હેઠળ અનુક્રમે રૂા.૧૫,૦૯,૪૮૪ તથા રૂા.૫૨૧૪૨૧૧૭ જમા ની વિગતો રજુ થવી ઘટે.

)સી( ઉપરોક્ત સ્ટેટમેન્ટમાં જણાવ્યાં મુજબ તા. 31-03-2011 ના રોજ રુપિયા 69,84,77,728.75 ની એફ.ડી.આર હતી.તા. 01-04-2011 થી તા. 03-07-2014 દરમ્યાન જુની વટાવેલ એફ.ડી.આર,રીન્યુ કરેલ એફ.ડી.આર,તથા નવી રોકાણ કરેલ એફ.ડી.આર,ના વ્યવસ્થિત હિસાબો અને તેનું આનુસાંગિક રેકર્ડ નિભાવેલ નથી.

આમ તા. 31-03-2011 ના રોજ એફ.ડી.આર. (રુપિયા 69,84,77,728.75 ) ની સામે તા. 03-07-2014 ના રોજ ભૌતિક ચકાસણી દરમ્યાન રજુ થયેલ એફ.ડી.આર,રુપિયા 54,34,37,134.00 સામે યુનિવર્સિટીના હિસાબો મુજબ તા. 03-07-2014 ના રોજ ખરેખર કેટલી એફ.ડી.આર,હોવી જોઈએ તેની વિગતો ઉપલબ્ધ થઈ શકેલ નથી.

ભૌતિક ચકાસણી માટે રજુ કરેલ એફ.ડી .જેટલી સિલક એફ.ડી .રજીસ્ટરમાં તારીજ કાઢી અને લેજર તૈયાર કરી મેળવણું કરી ખાતરી કરાવેલ નથી જેથી ભૌતિક ચકાસણી ની તારીખે યુનિવર્સિટી પાસે કેટલી એફ.ડી.આર .હોવી જોઇએ તેની વિગતો જાણી શકાયેલ નથી.

એફ.ડી.આર .રજીસ્ટર અધતન રીતે તૈયાર કરી રજુ કરવુ ઘટે.

- FDરજીસ્ટરમાં રોકાણોની નોંધ સામે અધિકારીની અધિકૃતિ બદલ સહીઓ કરવામાં આવતી નથી.
- રોકાણ રજીસ્ટરમાં બેંકવાર સિલકની તારીજ કાઢવામાં આવતી નથી જેથી બેંકવાર સિલકની વિગતો ઉપલબ્ધ થતી નથી.
- FD ની રકમોમાં આવતા તફાવત બાબત ફકરા નં .૧૯ જુદો લેવામાં આવેલ છે .
- આ અંગે હાફ માર્જિન નં .૨૮ તા .૧૧/૦૮/૨૦૧૪ સંસ્થાને આપવામાં આવેલ હતો .જે અંગે હાફ માર્જિન નંબર તથા જવાબની વિગત નીચે મુજબ છે.

)ડી( વર્ષના અંતે ટુંકી મુદતની ડીપોઝીટ રૂ.૫૬૬૫૩૭૮૬૭ ની સિલક પરિશિષ્ટ કે માં છે .જે રકમ ટુંકી મુદતમાં હોવાથી સંસ્થાને વ્યાજનું નુકશાન જાય તેમ છે .તેથી ટુંકી મુદત તરીકે કેટલો સમય રહેલ છે તથા તેને જરૂર મુજબ લાંબા ગાળામાં મુકવાની રહે .

ગુજરાત યુનિવર્સિટી દ્વારા એકંદરે ફીક્સ ડીપોઝીટોની ભૌતિક ખરાઇ ,ફીક્સ ડીપોઝીટ બેંકો મુજબ ,લેજર મુજબ ,વાર્ષિક હિસાબ મુજબ તેમજ કોલેજો તથા હેતુ મુજબ રાખેલ FD ની વિગતોનું એકત્રિત રીતે સંકલન કરી વિગતો રજુ કરવી ઘટે તથા યુનિવર્સિટીને મહત્તમ વ્યાજ મળે તે રીતે રોકાણોની વ્યવસ્થા ગોઠવવાનું જરૂરી જણાય છે .

)ઈ( આ અંગે હાફ માર્જિન નં.૨૮ તા.૧૧-૮-૨૦૧૪ સંસ્થાને આપવામાં આવેલ હતો. જે અંગે હાફ માર્જિન નંબરના જવાબ તથા જવાબની વિગત નીચે મુજબ છે.

| **હાફ માર્જિન નં .૨૮ તા .૧૧/૦૮/૨૦૧૪** | **સંસ્થા દ્વારા તેઓના તા.૧૭/૦૧/૨૦૧૫ ના પત્રથી રજુ થયેલ જવાબ** |
|---|---|
| ગુજરાત યુનિવર્સિટી દ્વારા બેન્કોમાં કરવામાં આવેલ રોકાણોના હિસાબમાં જણાયેલ અનિયમિતતા બાબત.<br>ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને 2010-2011ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબીનો ચકાસણી કરતાં વાર્ષિક હિસાબનું તારીખ31-3-2011 ના રોજનું સરવૈયું જોતા બેન્ક અને | સવિનય જણાવવાનું કે રોકાણ રજિસ્ટરમાં બેંક મુજબ જે તે સિલક કાઢી તારીજની માહિતી સરળતાથી મળી રહે તે રીતે રોકાણ રજીસ્ટરમાં જરૂરી કોલમોમાં આપની સુચના મુજબ જરૂરી સુધારો કરવામાં આવેલ છે .ઓડિટ દરમ્યાન પણ આ અંગેના જરૂરી તમામ પત્રકો પુરા પાડવામાં આવેલ છે .જે તે બેંક મુજબની સિલકો વિગતવાર વાર્ષિક હિસાબમાં સમાવેશ |

| | |
|---|---|
| બીજી પુરાંતમાં રૂપિયા 5,46,07,263-75 ની રકમો વિવિધ બેન્કોમાં રોકાણો તરીકે દર્શાવેલ છે. જેની ચકાસણી કરતાં નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.<br>(1) એફ.ડી. રજીસ્ટરમાં જે તે રોકાણો કર્યા અંગેની નોંધો કરવામાં આવે છે. જેની સામે સક્ષમ અધિકારીશ્રીની સહીઓ કરવામાં આવેલ છે. પરંતુ રોકાણ રજીસ્ટરમાં બેન્ક મુજબ સિલક કાઢી તારીજ બનાવવામાં આવતી નથી જેના કારણે રોકાણો અંગેની વિગતવાર ચકાસણી થઇ શકેલ નથી. તો આ બાબતે એવું ધ્યાને આવેલ છે. કે જે તે બેન્ક મુજબની સિલકો અંગે વિગતવાર વાર્ષિક હિસાબના તારીખ 31-03-2011ના રોજના સરવૈયુંમાં બેન્ક અને બીજી પુરાંતમાં રૂપિયા 56,65,37,867.46 જે દર્શાવ્યા છે તેની સક્ષમ અધિકારીશ્રી દ્વારા પણ ખાતરી કરવામાં આવતાં હોઇ તેમ જણાતું નથી. | કરાવામાં આવેલ છે. હવે પછી રોકાણ રજિસ્ટરમાં વિગતવાર તારીજ કરવામાં આવે છે. જે અંગે નોંધ લેશો.<br>ઉપર દર્શાવેલ સ્પષ્ટતા ધ્યાને લઈ ઉપરોક્ત વાંધો રદ કરવા વિનંતી છે. |

ઉપર જણાવ્યા પ્રમાણે હાફ માર્જિન નં.૨૮ નો સંસ્થાએ કરેલ જવાબમા સ્વીકારેલ છે કે હવે પછી રોકાણ રજિસ્ટરમાં વિગતવાર તારીજ કરવામાં આવે છે. આમ, માત્ર વાર્ષિક હિસાબમા રજુ થયેલ પત્રકના આધારે યુનિ. ના રોકાણોની ખાત્રી કરવાનુ શક્ય નથી. જેથી ઓડીટ સમયગાળા દરમ્યાનની ઉપરોક્ત પેટા ફકરા એ.બી.સી.ડી.ઈ. ની સંપુર્ણ વિગતો તથા રેકર્ડ સહ પુર્તતા થવી ઘટે.

**ફકરા નંબર-21**

**સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા ગ્રાન્ટ હિસાબ મેળવણાં બાબત.**

(અ) ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાંનાણાકીય વર્ષ-2010-11ઓડિટ દરમ્યાન ધ્યાને આવેલ છે કે યુનિવર્સિટીનું એક અલગ બેન્ક ખાતું સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયામાં ગ્રાન્ટ ખાતા તરીકે રાખવામાં આવેલ છે. જેનો કોડ નંબર 9405009 જેની વર્ષ દરમ્યાનની વિગત નીચે મુજબ છે.

(1)

| | |
|---|---|
| ઉઘડતી સિલક- | 91,92,259-91 |
| વર્ષ દરમ્યાન જમા થયેલ રકમ- | 99,73,785-00 |
| કુલ- | 1,91,66,044-09 |
| વર્ષ દરમ્યાન ફંડમાં તબદીલ કરેલ રકમ | 2,00,00,000-91 |
| બંધ સિલક- | (-) 8,33,955-09 |

આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(2) યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ જુદા જુદા ભવનોમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ દવારા બેન્કમાં નાણાં ભરવામાં આવે છે અને તે અંગેની પહોંચો જે તે ભવનમાંથી આપવામાં આવે છે.યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાં ભવનવાર આવક ખર્ચ બતાવવામાં આવે છે તો બેન્કમાં જમા થયેલ રકમ રુપિયા 99,73,785-00 નું ભવનવાર મેળવણું કરી ઓડીટમાં રજુ કરવા વિનંતી છે.

(3) ઉપર ફકરા 1 માં દર્શાવ્યા મુજબ યુનિવર્સિટીના વાર્ષિક હિસાબ મુજબ (-) રુપિયા 8,33,955-09 સિલક એટલે કે ઓવર ડ્રાફ્ટ થાય છે.તો આ ઓવર ડ્રાફ્ટ અંગે આધારસહ સ્પષ્ટતા થવા વિનંતી છે.

(4)સદરહુ ગુજરાત યુનિવર્સિટી ગ્રાન્ટ ખાતાનું સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા ના બેન્ક ખાતાની પાસબુક-સ્ટેટમેન્ટ તથા આ માટે બનાવવામાં આવેલ બેન્ક મેળવણાં પત્રકની વિગતો સહ ઓડીટમાં રજુ કરવા વિનંતી છે.

(બ)ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાંનાણાકીય વર્ષ-2010-11ઓડિટ દરમ્યાન ધ્યાને આવેલ છે કે યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ જુદા જુદા ભવનોમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ દવારા તેઓની રજીસ્ટ્રેશન ફી.ટ્યુશન ફી.ટર્મ ફી વગેરે સીધેસીધુ બેન્કમાં જમાં કરાવવા માટે યુનિવર્સિટીનુ એક અલગ બેન્ક ખાતુ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયામાં એક અલગ ખાતુ(ખાતા નં-(10298776272) ખોલવામાં આવેલ છે. સદરહુ ખાતામાં નાણાંકીય વર્ષ ની શરુઆતમાં તા-01-04-2010 ના રોજ ઉઘડતી સિલક

રુપિયા 91,92,259-91 છે.ત્યાર બાદ આખા વર્ષ દરમ્યાન રકમ જમાં થતા કુલ રકમ 1,51,66,044-91 થાય છે.તેમાંથી તા-31-03-2011 નાં રોજ બે કરોડ પુરા યુનિવર્સિટીના જનરલ ફંડમાં ટ્રાન્સફર કરેલ છે.આમ આખા વર્ષ દરમ્યાન જમા રહેલ રકમ ઉપર કોઇ વ્યાજ મેળવેલ નથી.ફક્ત ઉઘડતી સિલક 91,92,259-91 ઉપર બચત ખાતાનું4% લેખે 3,67,690-00 વ્યાજ થાય અને તા-30-09-2010 સુધીના છ માસનું વ્યાજ રુપિયા 1,83,845-00 થાય તા-01-10-2010 ના રોજ લેઝર મુજબ સિલક 1,58,70,000-00 છે.જેના ઉપર 4% લેખે છ માસનું વ્યાજ ગણતાં રુપિયા 3,17,418-00 થાય આમ કુલ રુપિયા 5,01,263-00ની લઘુતમ વ્યાજની આવક યુનિવર્સિટીએ ગુમાવવી પડેલ છે.અને જો આ રકમની ટૂંકી મુદતની થાપણોમાં રોકાણ કરેલ હોત તો વ્યાજ વધુ મળી શકે તેમ છે યુનિવર્સિટીએ આ મુજબની કોઇ કાર્યવાહી ન કરતા યુનિ.ને ઘણી મોટી રકમ વ્યાજની ગુમાવી પડેલ છે.જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં હાલમાં દરેક બેન્કોમાંAUTO FD /FLAXI A/C ની સ્કીમ હોય છે જયાં વધારાની રકમનું રોકાણ થઇ જાય અને ઉપાડવામાં આવે ત્યારે બચત ખાતામાં રકમ જમા થાય.આ યોજનાથી વધુ વ્યાજ મળે તેમ હોઇ આ મુજબ કાર્યવાહી કરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થાએ પ્રા.વાં.નં. 103/ જવાબ કરેલ છે.જવાબ ફકરાને અનુરૂપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

વસુલાત હેઠળ રુપિયા 5,01,263/-

71

ફકરા નંબર-22

ખર્ચનાં વાઉચરો સામેલ ન હોવા છતાં ખર્ચ ઉધારવા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11 નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ કેશબુક સાથે આવક ખર્ચની ચકાસણી કરતાંસામેલ પરિશિષ્ટ નં-10 મુજબનાં દર્શાવેલ કિસ્સાઓમાંખર્ચનાંઅસલવાઉચરો સામેલ ન હોવા છતાં ખર્ચ ઉધારેલ હતો.જે ખૂબ ગંભીર બાબત છે.જે અંગે સક્ષમ કક્ષાએથી ઉચિત કાર્યવાહી કરી ખર્ચનાં વાઉચરો રજુ કરી કરેલ ચૂકવણાની યથાર્થતાની ખાતરી કરાવવી રહે.

પ્રાથમિક વાધાનંબર 20 નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે.વાંધામાં જણાયેલ વિગતે જવાબ અનુરૂપ ન હોવાથી ઉક્ત બાબતમાં જણાવ્યાં મુજબની કાર્યવાહી થવી ઘટે.

વાંધા હેઠળરકમ56,64,608/-

(338)



# પરિશિષ્ટ-10ફકરા નંબર-22

| અ નં | તારીખ | વાઉચર નંબર | વિગત | રકમ | નોંધ |
|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 |
| 01 | 30-06-10 | 1924 | એડવાન્સ બીલ પેટે સરભર | 1,06,272 | |
| 02 | 30-06-10 | 1925 | એડવાન્સ બીલ પેટે સરભર | 3,67,584 | |
| 03 | 06-07-10 | 2091 | અપ્રેન્ટીસ સ્ટાઈપેન્ડ | 1,22,168 | |
| 04 | 08-07-10 | 2139 | Exam Rem/Exam Supervisiar/Exam Misc.Exp | 2,15,825 | |
| 05 | 09-07-10 | 2162 | Chemical Materies | 1,01,312 | |
| 06 | 03-07-10 | 2071 | બોટની ડીપાર્ટમેન્ટમાં રીનોવેશન ખર્ચના ચૂકવ્યાં | 1,45,496 | |
| 07 | 07-08-10 | 2827 | બોટની ડીપાર્ટમેન્ટમાં રીનોવેશન ખર્ચના ચૂકવ્યાં | 82,750 | |
| 08 | 07-08-10 | 2837 | બોટની ડીપાર્ટમેન્ટમાં રીનોવેશન ખર્ચના ચૂકવ્યાં | 1,24,125 | |
| 09 | 03-08-10 | 2666 | LIC | 3,31,173 | |
| 10 | 17-09-10 | 3650 | Texi Charges | 4,23,267 | |
| 11 | 24-09-10 | 3756 | એડવાન્સ એકા.સ્ટાફ | 3,00,000 | |
| 12 | 07-10-10 | 4045 | પોસ્ટ માસ્ટર | 1,01,670 | |
| 13 | 21-10-10 | 4227 | એડવાન્સ ફોર એકઝામ | 85,509 | |
| 14 | 30-11-10 | 5152 | મઈક્રો ડીપાર્ટમેન્ટ પ્રોજેકટના | 6,88,895 | |
| 15 | 02-12-10 | 5241 | LIC | 3,49,160 | |
| 16 | 02-12-10 | 5241 | LIC | 4,368 | |
| 17 | 30-06-10 | 1926 | એડવાન્સ બીલ પેટે સરભર | 2,26,641 | |
| 18 | 30-06-10 | 1935 | એડવાન્સ બીલ પેટે સરભર | 2,060 | |
| 19 | 30-06-10 | 1935 | એડવાન્સ બીલ પેટે સરભર | 1,93,304 | |
| 20 | 30-06-10 | 1935 | એડવાન્સ બીલ પેટે સરભર | 94,250 | |
| 21 | 06-09-10 | 3368 | Apprentice Stipend | 11,54,483 | |
| 22 | 01-10-10 | 3967 | LIC | 3,46,896 | |
| 23 | 01-10-10 | 3967 | LIC | 4,368 | |
| 24 | 06-10-10 | 4034 | Apprentice પગારનાં ચૂકવ્યાં | 93,032 | |
| | | | | 56,64,608 | |

73

ફકરા નંબર–23

## ઉપલક(સસ્પેન્સ ) એકાઉન્ટ સદરે મોટી રકમો સરભર થયા વિનાની પડી રહેવા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને–2010-11 ના વર્ષના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ લેઝરની ચકાસણી કરતાંબજેટ કોડ 8101001(G F) 2,96,868-92 સદરે સરભર કરવાની બાકી દર્શાવેલ છે.

આવક ખર્ચની રકમનું વર્ગીકરણ નકકી કરી ન શકાય ત્યારે તે રકમ ઉપલક( સસ્પેન્સ )સદરે નોંધવામાં આવે છે અને જયારે વર્ગીકરણ કરવામાં આવે ત્યારે તે રકમ ઉપલક સદરે સરભર કરવાની રહે છે.આ કાર્યવાહી નાણાંકીય વર્ષના અંતે પુર્ણ કરવાની રહે છે.પરંતુ હિસાબો વ્યવસ્થિત રીતે ન લખાવાના કારણે ઉપલક સદરની રકમ વર્ષના અંતે આગળ ખેંચવામાં આવે છે.તો આર રકમ યોગ્ય સદરે જમાં લઇ ઉપલક સદરે રકમ સરભર કરી ઓડિટને આધારીત ખાતરી કરાવવા જણાવેલ તેમ છતાં સંસ્થાએ ખાતરી કરાવેલ નથી. ઉપરોકત રકમ સત્વરે સરભર કરવા અંગેનું ઓડિટનું સુચન છે.

પ્રાથમિક વાધાનંબર નંબર–49 થી સંસ્થાને જણાવેલ હતું.સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ નથી.

## ફકરા નંબર-24

### યુનિવર્સિટી સ્પોર્ટસ ફીની આવક તથા ખર્ચના હિસાબો બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2010-11 ના વર્ષના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ દફતરની ચકાસણી કરતાં એકાઉન્ટ કોડ 7802032 સદરે ધ્યાને આવેલ હતુ કે ગુજરાત યુનિવર્સિટી એકઝીક્યુટીવ કાઉન્સીલ દવારા ઠરાવ્યા મુજબ અને ઓર્ડિનન્સ-159 અન્વયે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના નોંધાયેલ વિધાર્થી દીઠ એક સત્રના રુપિયા 5/-લેખે સ્પોર્ટસ ફી વસુલ મેળવી થયેલ એકત્રિત ભંડોળનો ઉપયોગ યુનિવર્સિટી તરફથી યોજવામાં આવતી રમત ગમત પ્રવૃતિઓના વિકાસ માટે કરવાનો રહે છે.આ યોજનાનો અમલ સન-1985-86 ના શૈક્ષણિક વર્ષથી કરવામાં આવેલ હતો.ઓડિટ વર્ષ દરમ્યાન સ્પોર્ટસ ફીના હિસાબોની પરિસ્થિતિ નીચે પ્રમાણે જોવા મળેલ હતી.

| અ.નં. | વિગત | રકમ-2010-2011 |
|---|---|---|
| 01 | 02 | 03 |
| 01 | 01-04-10 ની ઉઘડતી સિલક | 2,26,76,448 |
| 02 | વર્ષ દરમ્યાન આવક | 19,27,580 |
| 03 | કુલ | 2,46,04,028 |
| 04 | વર્ષ દરમ્યાન ખર્ચ | 2,93,415 |
| 04 | વર્ષ દરમ્યાન બાકી | 2,43,10,613 |

ઉપરોકત વિગતો જોતાં સ્પોર્ટસ ફીની આવક ખર્ચ બાબતે નીચે પ્રમાણે નોંધ આપવામાં આવે છે.

સને-1985-86 થી અમલમાં આવેલ સદરહું યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિધાર્થીઓ માટે રમત ગમતની પ્રવૃતિઓનાં વિકાસ અર્થે નાણાં એકત્ર કરી વિકાસની પ્રવૃતિઓ હાથ ધરવાનો હતો પરંતુ પ્રતિવર્ષ ફી પેટે મળેલ આવકનો ઉતરોઉતર વધારો થવા પામેલ છે.જયારે વિકાસની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવેલ હોવાનું જણાતુ નથી.જે આવક બિન ઉપયોગી રહેવા પામેલ જણાય છે અગાઉના વર્ષોમાં પણ આવકમાં સતત વધારો થવા છતાં રમત ગમતની પ્રવૃતિઓનો વિકાસ નહી થવાને કારણે વિધાર્થીઓ મુળભુત હેતુથી વંચીત રહેવા પામેલ છે. જે ઉચિત ગણી શકાય નહી આ બાબતે સ્પષ્ટતા સહ આવી પ્રવૃતિઓ કરવા ઓડિટનું સુચન છે.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2010-11 દરમ્યાન નોંધાયેલ કોલેજો કુલ-341 થયેલ હતી અને તેના નોંધાયેલ વિધાર્થીઓ યુનિ.ના 61 મા વાર્ષિક

75

વહીવટી અહેવાલ 2010-11 માં દર્શાવ્યા મુજબ 243244 ની સ્પોર્ટસ ફી પેટે રુપિયા 10/- લેખે રુપિયા 24,32,440/- ની રકમ વસુલાત થવી જોઇએ તેને બદલે રુપિયા રુપિયા 19,27,580/- ની રકમ જમા થયેલ હતી.આમ સને 2010-11 ની રુપિયા 5,04,860/- જેટલી રકમ વસુલ કરવાની બાકીમાં રહે છે.જે બાબતે બાકી કોલેજોના નામ તથા તેના નોંધાયેલ વિધાર્થીની સંખ્યા દર્શાવી કઇ કોલેજની કેટલી રકમ બાકીમાં નીકળે છે.તેની વિગતો તૈયાર કરી ઓડિટે પુરી પાડવા વિનંતી તેમજ તેટલી રકમની સત્વરે વસુલાત મેળવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં.58/ જવાબ કરેલ છે.જવાબ ફકરાને અનુરુપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

વસુલાત પાત્ર રકમ5,04,860/-

ફકરા નંબર-25

**યુવક સેવા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફી પેટે મળેલ રકમ અને તેના ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2010-11 ના વર્ષના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ દફતરની ચકાસણી કરતાં એકાઉન્ટ કોડ 7802032 સદરે યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમો હેઠળ અન્વેષણ વર્ષ દરમ્યાન થયેલ આવક ખર્ચની વિગતો નીચે પ્રમાણે જોવા મળેલ હતી.

| અ.નં. | વિગત | રકમ-2010-2011 |
|---|---|---|
| 01 | 02 | 03 |
| 01 | 01-04-10 ની ઉઘડતી સિલક | 1,73,20,493 |
| 02 | વર્ષ દરમ્યાન આવક | 43,15,034 |
| 03 | કુલ | 2,16,35,527 |
| 04 | વર્ષ દરમ્યાન ખર્ચ | 24,58,129 |
| 04 | વર્ષ દરમ્યાન બાકી | 1,91,77,398 |

એકઝીકયુટીવ કાઉન્સીલના તારીખ 23-05-99 ની બાબત 17 ઓર્ડિનન્સ 150 સી માં કરવામાં આવેલ સુધારા યોજવા જરુરી ખર્ચને પહોંચી વળવા માટે સલગ્ન કોલેજોના વિધાર્થી દીઠ એક સત્રના રુપિયા 10/- લેખે વસુલાત મેળવી હિસાબમાં જમા લઇ જે તે પ્રવૃતિઓ અંગે ખર્ચ કરવાનો રહે છે.

હિસાબો ચકાસતાં જણાયેલ હતુ કે મળેલ કુલ આવકના સંદર્ભે સાંસ્કૃતિક કાર્યક્રમો પાછળ કરેલ ખર્ચ ખુબજ ઓછો રહેવાને કારણે પ્રતિ વર્ષ બચતમાં વધારો થયેલ હોવાનું જણાય છે.જેથી વણ વપરાયેલ રકમો સિલકમાં જોવા મળેલ હતી આમ જે હેતુ માટે આવક મેળવવામાં આવે છે તે હેતુ પરિપુર્ણ થતો નથી અને વિધાર્થીઓ તેના લાભથી વંચિત રહે છે.આમ આવક મેળવી ખર્ચ નહી કરવા બાબતે જવાબદારી સ્પષ્ટતા થવી ઘટે.અને સદર ભંડોળનો વિધાર્થીઓના વિકાસની પ્રવૃતિઓ પાછળ ખર્ચવા ઓડિટનો અનુરોધ છે.

ઓર્ડિનન્સ મુજબ સત્રદીઠ રુપિયા 10/- લેખે બે સત્રના રુપિયા 20/- લેખે સને-2010-11 દરમ્યાન યુનિ.ના 61 માં વાર્ષિક વહીવટી અહેવાલ 2010-11 માં દર્શાવ્યા મુજબ2,43,244 નોંધાયેલ વિધાર્થીઓના રુપિયા 20/- લેખે રુપિયા 48,64,880/- સંલગ્ન કોલેજો તરફથી મળવા જોઇએ જેની સામે સને-2010-11 માં રુપિયા 43,15,034/- જમા આવેલછે.આમ સને 2010-11 ની રુપિયા 5,49,846/- જેટલી રકમ વસુલ કરવાની બાકીમાં રહે છે. જે બાબતે બાકી કોલેજોના નામ તથા તેના

77

નોંધાયેલ વિધાર્થીની સંખ્યા દર્શાવી કઇ કોલેજની કેટલી રકમ બાકીમાં નીકળે છે.તેની વિગતો તૈયાર કરી ઓડિટે પુરી પાડવા વિનંતી તેમજ તેટલી રકમની સત્વરે વસુલાત મેળવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં.57/ જવાબ કરેલ છે.જવાબ ફકરાને અનુરૂપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

વસુલાત પાત્ર રકમ 5,49,846/-

**ફકરા નંબર-26**

**કાનુની ખર્ચ રેકર્ડ/માહીતી રજુ કરવા બાબત**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને 2010-2011 ના વર્ષના અન્વેષણ દરમ્યાન સંસ્થાના વાર્ષિક હિસાબો તથા લેઝરની ચકાસણી કરતાં ખર્ચ સદર 4503000 LEGAL CHARGES ACC. HEAD માં રુપિયા 12,29,140/- નો ખર્ચ ઉધારેલ છે.સદર ખર્ચની ચકાસણી અર્થે રુબરુમાંમાહિતી મેળવતા કાનુની કાર્યવાહી અંગેની કામગીરી સંસ્થાના અલગ અલગ વિભાગોમાંઅલગ અલગ રીતે કરવામાં આવે છે.સંસ્થાનાઅલગઅલગ વિભાગોની કામગીરીનું સંકલન કોઇ એક શાખા દવારા થતુંનથી.સંકલનના અભાવે કાનુની ખર્ચ અંગેની ચકાસણી કરવામાં સરળતા થતી નથી ચકાસણી કરવા નીચે દર્શાવેલ વિગતનું રેકર્ડ/માહીતી મેળવવી જરુરી બનેલ છે.જે રેકર્ડ/માહીતી ઓડીટમાંરજુ થતા સુધી થયેલ સઘળો ખર્ચ વાંધા હેઠળ રાખવામાંઆવે છે.

(1) ઓડિટ વર્ષનુંદાવા રજીસ્ટર

(2) વર્ષવાર કેટલા કોર્ટ કેસો નિકાલ થયા વિનાના બાકીમાં રહે છે તેની વિગત દર્શાવતું પત્રક

(3) ઓડિટ વર્ષમાં ઉપસ્થિત થયેલ તમામ કોર્ટ કેસોની ફાઇલો સાથેનું જે તે આંધારીત રેકર્ડ

(4) વકીલશ્રીની નિમણુંક આપવા અંગેના ઠરાવો,નિયમો અને ફીના દર અંગેના ધારાધોરણોની ફાઇલો

(5) લીગલ ચાર્જીસ માટેના નિતિનિયમોની ફાઇલ

(6) ઓડિટ વર્ષના અંતે બાકી રહેલ કેસોની સંખ્યા તેમજ સ્થિતિ દર્શાવતુંવિગતવાર પત્રક

(7) વર્ષ દરમ્યાન આવેલ ચુકાદાની વિગત તથા તે પૈકી કેટલા ચુકાદા યુનિવર્સિટીની તરફેણમાં તથા કેટલા ચુકાદા યુનિવર્સિટીના વિરુધ્ધમાં આવ્યા તેની સંપૂણ વિગતો.

પ્રાથમિક વાધાનંબર 33/ નો સંસ્થા તરફથી માંગણી મુજબનું રેકર્ડ રજુ થયેલ નથી.રેકર્ડ રજુ ન કરવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા સહ પુર્તતા થવા વિનંતી છે.

વાંધા હેઠળ રકમ રુપિયા 12,29,140/-

ફકરા નંબર–27

**સંસ્થાના કર્મચારીઓના જામીનગીરી અંગેનાં જામીનખત રજુ કરવા બાબત**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને–2010-11ના વર્ષનું અન્વેષણ દરમ્યાન જામીનખત રજીસ્ટર તથા જામીનખત રજુ કરવા જણાવતાં રજુ કરવામાં આવેલ ન હતાં.ગુજરાત નાણાંકીય નિયમોના નિયમ–176(બી) ની નોંધ–2 અનુસાર રોકડ,સ્ટોર,સ્ટેમ્પ વગેરે કિંમતી મિલ્કતોના હવાલા સંભાળતા કર્મચારીઓની જામીનખત નિયમોનુસાર મેળવવાનાં તથા તેઓની હયાતીપણાની ખાત્રી જામીનદાર અંગે સક્ષમ અધિકારીશ્રી સમક્ષ કરાવવી રહે છે.સંસ્થા તરફથી આ બાબતનું કોઇ રેકર્ડ રજુ કરવામાં આવેલ નથી.તો આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.નિયમોનુસારની કાર્યવાહી કરી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

પ્રાથમિક વાધાનંબર નંબર–54થી સંસ્થાને જણાવેલ હતું. સંસ્થાનો જવાબ રજુ થયેલ છે.નિયત સમય મર્યાદામાં કાર્યવાહી પુર્ણ કરાવી પુર્તતા કરાવવી ઘટે.

## ફકરા નંબર-28

### ચાલુ ઓડીટ દરમ્યાનની ભૌતિક ચકાસણી અર્થે કોરી પહોંચબુકો અને રજીસ્ટર રજુ ન કરવા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11 નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ આવક અંગે રેકર્ડની ચકાસણી કરતાં સંસ્થામાં જુદા જુદા પ્રકારની આવકો થયેલી છે.યુનિવર્સિટી દવારા જુદી જુદી પ્રકારની આવકો માટે પ્રી પીન્ટેડ રકમસાથેની અંદાજે 64 પ્રકારની પહોંચ બુકો છપાવી ઉપયોગમાં લેવામાં આવે છે આ પહોંચ બુકો ઉપર રકમ છાપેલી હોવાથી તેનું નાણાંકીય મૂલ્ય ગણાય યુનિવર્સિટી ના વાર્ષિક હિસાબ મુજબ મુખ્યત્વે નીચે દર્શાવ્યાં મુજબની જુદી જુદી આવકો થયેલી છે.જેની વિગતો નીચે મુંજબની છે.

| આવક | રુપિયા |
|---|---|
| 01 | 02 |
| પરીક્ષા ફી ની આવક | 8,91,02,052-00 |
| અન્ય ફી ની આવક | 5,56,06,071-00 |
| પ્રકાશનોની આવક | 1,14,21,973-50 |
| ગ્રાન્ટસની આવક | 32,18,96,211-75 |
| પરચુરણ આવક | 1,76,90,146-06 |
| અનુસ્નાતક શિક્ષણકાર્ય | 3,12,21,139-40 |
| આરોગ્ય કેન્દ્ર આવક | 7,812-50 |
| અતિથી ગૃહ આવક | 10,000-00 |
| યુનિવર્સિટી છાત્રાલયો | 7,48,755-00 |
| જમીન આવક | 23,62,832-00 |
| પરફોર્મિંગ આર્ટસ અભ્યાસક્રમ આવક | - |
| યુનિવર્સિટી ગ્રંથાલય | 40,139-00 |
| ગ્રંથાલય શાસ્ત્ર ભવન | 4,79,700-00 |
| યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરની આવક | 3,63,495-00 |
| પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક | 3,61,200-00 |
| ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન આવક | 32,300-00 |
| પત્રકારત્વ વિભાગ | 1,40,800-00 |
| આઈ એ એસ તાલીમવર્ગની આવક | - |
| માસ્ટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન | 3,76,605-00 |
| કુલ આવક | 53,18,61,232-21 |

81

પહોંચબુક નાં હિસાબનું દફતર માંગણી કરતા રજુ ન થતાં અગાઉની બાકી પહોંચબુક,વર્ષ દરમ્યાન નવી છપાયેલ પહોંચબુક,વર્ષ દરમ્યાન વપરાશમાં લીધેલ પહોંચબુક વર્ષનાં અંતે બાકી રહેલ પહોંચબુકની ચકાસણી માંગણી સમયે રજુ ન થતાંહાથ ધરી શકાયેલ ન હતી જેથી આ બાબતે જરુરી રેકર્ડનાં આધારે હિસાબમેળ થાય તેવું રેકર્ડ તૈયાર કરી ઓડિટમાં રજુ કરવા જણાવેલ હતું.વધુમાં કોરી પહોંચ બુકોની ભૌતિક ચકાસણી પણ કરવાની હોવાથી રજીસ્ટર અધતન રીતે તૈયાર કરી કોરી પહોંચબુકો સાથે ઓડીટમાં રજુ કરવા વિનંતી કરવામાં આવેલ હતી.સંસ્થા તરફથી ઓડીટ વર્ષનું રજીસ્ટર જવાબ વગર રજુ થયેલ હતું.

કોરી પહોંચ બુકોની ભૌતિક ચકાસણી પણ કરવાની હોવાથી રજીસ્ટર અધતન રીતે તૈયાર કરી કોરી પહોંચબુકો સાથે ઓડીટમાં રજુ કરવા વિનંતી કરવામાં આવેલ હતી.ઓડીટ સમય દરમ્યાન આ બાબતે રજીસ્ટર તથા ભૌતિક કોરી પહોંચબુકો જથ્થો રજુ કરવામાં આવેલ ન હતો.જેના કારણે ઉકત ઓડીટ સમય દરમ્યાનનું સ્ટોક રજીસ્ટર તથા ભૌતિક કોરી પહોંચબુકોના જથ્થા અંગેની ચકાસણી હાથ ધરી શકાયેલ ન હતી.વિગતે કાર્યવાહી પુર્ણ કરાવી સ્પષ્ટતા સહ પુર્તતા કરવી ઘટે.

પ્રાથમિક વાધાનંબર 20/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ નથી.

## ફકરા નંબર-29

**યુનિવર્સિટીની જુદી જુદી આવકોને લગતું રેકર્ડ રજુ કરવા તથા તેનું મેળવણુ કરી ઓડીટમાં રજુ ના કરવા બાબત.**

યુનિવર્સિટીના નાણાંકીય વર્ષ -2010-11 નાઅન્વેષણ દરમ્યાન યુનિવર્સિટીની આવકના મુખ્ય સ્વત્રોમાં વિધાર્થીની ફી.જોડાણ ફી.યુનિવર્સિટીની મિલકત ભાડાની આવક તથા ગ્રાન્ટની આવક મુખ્યત્વે રહેલ છે.આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(01) <u>શિક્ષણ ફીની આવક</u>

યુનિવર્સિટીના જુદા જુદા ભવનોમાં,જુદી જુદી વિધાશાખાઓમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ પાસેથી શિક્ષણ ફી,તેમજ અન્ય ફી લેવામાં આવે છે.આ અંગે પ્રાથમિક વાંધા નંબર 98 થી માહિતી માંગવામાં આવેલ છે.પરંતુ રજુ થયેલ નથી.

વિધાર્થીઓને પ્રવેશ સમયે ચુકવવાપાત્ર ફી ભરવા બેન્ક સ્લીપ બનાવી આપવામાં આવે છે અને વિધાર્થી દવારા યુનિવર્સિટીના સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયાની ગ્રાન્ટ ખાતામાં બારોબાર નાણાં ભરી બેન્કની સ્લીપ રજુ કરવામાં આવે છે અને તે આધારે તેની શિક્ષણ ફી તથા અન્ય ફી મળેલ ગણી તેને પ્રવેશ જે તે ભવનોમાંઆપવામાં આવે છે તેમજ તે આધારે ટયુશન ફી તથા જુદી જુદી આવકો પણ યુનિવર્સિટી દવારા જમા લેવામાં આવે છે પરંતુ યુનિવર્સિટી કક્ષાએ ભવનવાર,આપેલ પ્રવેશવાર તથા મળવાપાત્ર આવકો મળ્યાની ખાતરી કરવાની આંતરીક નિયંત્રણની કોઇ પ્રથા રાખવામાં આવેલ નથી કે આ અંગેનું કોઇ રેકર્ડ રજુ થયેલ નથી.યુનિવર્સિટીના ભવનોમાં પણ આ અંગેનું કોઇ રજીસ્ટર.રાખી.યુનિવર્સિટીની હિસાબી શાખા સાથે મેળવણું કરવામાં આવતું નથી અને તેથી તમામ વિધાર્થીઓની શિક્ષણ ફી જમાં થયાની ખાતરી થઈ શકેલ નથી.

વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાં ભવનવાર શિક્ષણ ફી સામેલ પરિશિષ્ટ-11 મુજબ રુપિયા 54,05,960/-આવક નોંધાયેલી છે. તો આ અંગેનુ ઉપર દર્શાવ્યા મુજબ મેળવણું કરી મળવાપાત્ર તમામ આવક મેળવ્યાની ઓડિટને ખાતરી કરાવવા વિનંતી છે.

(02) <u>પરીક્ષા ફી તથા અન્ય ફીની આવક</u>

ગુજરાત યુનિવર્સિટીના નાણાકિય વર્ષ 2010-2011 ના ઓડિટ દરમ્યાન ધ્યાને આવેલ છે કે યુનિવર્સિટી દવારા જુદી જુદી પરીક્ષા માટે લેવાતી પરીક્ષા ફી,અનુસ્નાતક ફી.પદવીશન ફી.એલીજીબીલીટી પ્રમાણપત્રો.સ્નાતક નોંધણી પ્રમાણપત્રો વગેરે આવકો યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાં દર્શાવવામાં આવેલ છે.

પરીક્ષાની કામગીરી તેમજ અન્ય નોંધણીની પ્રમાણપત્રોની કામગીરી યુનિવર્સિટીના પરીક્ષા શાખા દવારા નિયત થયેલ ફી યુનિવર્સિટીમા મળ્યા બાદ જ

પરીક્ષાર્થીની પરીક્ષા થઇ શકે કે નોધણી અથવા પ્રમાણપત્રો પણ જરુરી ફી યુનિવર્સિટીમાં જમા થયા બાદ જ આપી શકાય આ માટે પરીક્ષા શાખા દવારા આ અંગેની ચકાસણી થવી જરુરી છે.અને આંતરીક અંકુશના (ઈન્ટરનલ કંટ્રોલ )સિધ્ધાંત મુજબ પણ આ વસ્તુ થવી અત્યંત જરુરી છે.તો આ અંગે પરીક્ષા શાખા દવારા નીચેની વિગતો માહિતી પુરી પાડવા વિનંતી છે.

(01) પરીક્ષા શાખા દવારા વિધાર્થીને પરીક્ષા માં બેસવા માટે આપવામાં આવતી હોલ ટીકીટ આપતા પહેલા વિધાર્થીએ ભરેલ ફીની ચકાસણી કયા આધારે કરવામાં આવે છે.આંતરીક નિયંત્રણની પધ્ધતિ અંગે પણ સ્પષ્ટતા થવા વિનંતી.

(02) જુદી જુદી ફેકલ્ટી તથા જુદા જુદા વર્ષના નાણાકિય વર્ષ 2010-2011 દરમિયાન બંને ટર્મ ના ફેકલ્ટીની વર્ષવાર પરીક્ષામાં બેઠેલા વિધાથીની માહિતી આપવા વિનંતી છે.

(03) અનુસ્નાતક માંશિક્ષણી ફી,પદવીદાન ફી,પ્રવેશપત્ર તથા બીજા પ્રમાણપત્રો ફી,નોધણી પ્રમાણપત્ર ફી તેમજ એકસટર્નલ પરીક્ષાની નોધણી ફી મેળવાયેલ છે તો આવા કેટલા વિધાર્થીઓ નોધાયેલ છે તથા કેટલા પ્રમાણપત્રો ઇસ્યુ થયેલ છે તેની ફીના દર સાથેની માહિતી આપવા વિનંતી છે.

(03) <u>ભાડે આપેલ મિલકતોની આવક</u>

યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાં પાકા સરવૈયામાં યુનિવર્સિટીની સ્થાવર મિલકતો દર્શાવેલ છે સદરહું મિલકતો પૈકી ખુલ્લી જમીન તથા અન્ય મિલકતો વાણિજ્યક હેતું માટે ભાડે આપવામાં આવે છે તથા આ અંગે વર્ષ દરમ્યાન રુપિયાની આવક પણ થયેલ છે પરંતુ આ અંગેની કોઇ રેકર્ડ રજુ થયેલ નથી તો આ અંગે ભાડે આપવાના નિયમો/ઠરાવ તથા ભાડે આપેલ હોય તો ભાડા કરાર તથા છુટક ભાડે આપેલ હોય તો કોની મંજુરીથી કઇ રીતે ભાડે આપેલ છે તેનુ સઘળુ રેકર્ડ ઓડીટમાં રજુ થવા વિનંતી છે.

(04) યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સીલની કાર્યવાહી નોંધ ચકાસતાં યુનવર્સિટી દવારા યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ જુદી જુદી કોલેજોને અલગ અલગ હેતું માટે જોડાણની મંજુરી આપવામાં આવે છે અને તેમાં સંબંધિત કોલેજ/ટસ્ટે જોડાણ ફી ભરવાની શરત રાખેલ હોય છે તો જોડાણ આપવા માટે ફીના જે ધોરણો નક્કી થયેલ હોય તે રજુ કરવા તથા વર્ષ દરયાન જે જે કોલેજો/ટસ્ટને જોડાણની મંજુરી આપેલ છે.તેનું રજીસ્ટર/વિગતો રજુ કરવા વિનંતી.

વધુમાંઆ જોડાણો અપાયેલ છે તે તમામ સંસ્થાઓએ જોડાણ ફી યુનિવર્સિટીમાં જમા કરાવેલ છે તેની આધાર સહ ખાતરી કરાવવા વિનંતી છે.

પ્રાથમિક વાધા નંબર-61 નો સંસ્થા તરફથી જવાબ કે સંપુર્ણ રેકર્ડ રજુ થયેલ નથી.ફકત માઇગ્રેશન સર્ટીફીકેટ ફી,પ્રોવીજનલ માઇગ્રેશન ફી,પ્રમાણપત્રો તથા અન્ય પ્રમાણપત્રોની આવક અંગેનું રેકર્ડ રજુ કરવામાં આવેલ હતું.જે બાબતમાં ચકાસણી કરી અલગથી ઓડીટ નોંધ આપવામાં આવેલ છે.મેળવણું કરવા બાબતે વિગતે કાર્યવાહી પુર્ણ કરાવી સ્પષ્ટતા સહ પુર્તતા કરવી ઘટે.

(૩૫૨)



## પરિશિષ્ટ-11ફકરા નંબર-29

## પરીક્ષા ફીની વિગત દર્શાવતું પરિશિષ્ટ

| અ. નં. | પરીક્ષા ફીની વિગત | પરીક્ષા ફીની આવક રૂપિયા | વિશેષ નોંધ |
|---|---|---|---|
| 1 | સમાજવિદ્યા ભવન | 238720 | |
| 2 | ભાષાસાહિત્ય ભવન | 229215 | |
| 3 | મનોવિજ્ઞાન,તત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિધાભવન | 60200 | |
| 4 | વિજ્ઞાન વિધાભવન | 1866470 | |
| 5 | વણિજ્ય વિધાભવન | 105625 | |
| 6 | સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ | 1927560 | |
| 7 | કાયદાશાસ્ત્ર ભવન | 97800 | |
| 8 | ગ્રંથાલયશાસ્ત્ર ભવન | 196500 | |
| 9 | કોમ્પ્યુટર સેન્ટર | 254070 | |
| 10 | એચ.કે. પ્રોફેશનલ તાલિમ સેન્ટર | 359000 | |
| 11 | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | 22800 | |
| 12 | પત્રકારત્વ વિભાગ | 48000 | |
| | કુલ સરવાળો | 5405960 | |

**ફકરા નંબર-30**

**માઇગ્રેશન સર્ટીફીકેટ ફી,પ્રોવીજનલ માઇગ્રેશન ફી,પ્રમાણપત્રો તથા અન્ય પ્રમાણપત્રોની આવકનું મેળવણું કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11 નાં અન્વેષણ દરમ્યાન યુનિવર્સિટીને માઇગ્રેશન સર્ટીફીકેટ ફીની આવક બજેટ કોડ 0204003રુપિયા 14,04,860/- થયેલ છે.આ અંગે આંતરિક નિયંત્રણ પધ્ધતિ મુજબ જેટલી રકમની ફી યુનિવર્સિટી હિસાબી શાખામાં જમા થયેલ હોય તેટલી જ રકમનાંમાઇગ્રેશન પ્રોવિજનલ માઇગ્રેશન પ્રમાણપત્ર, પરીક્ષા શાખા દવારા આપવામાં આવેલ હોવા જોઇએ

આ અંગે પરીક્ષા શાખા દવારા PEC M/3 (બે નંગ) અને PEC M/1 તેમજ MIG-1 MIG-22 (ત્રણ નંગ) રજીસ્ટરો રજુ થયેલ છે જેમાં સ્ટશનરી સર્ટીફીકેટ નંબર હાથથી લખવામાં આવેલ છે.ઘણી જગ્યાએ સર્ટીફીકેટ રદ્દ કર્યાની નોંધ છે. નાણાંકીય વર્ષ દરમ્યાન કુલ કેટલા પ્રમાણપત્રો ઇસ્યુ કર્યા તેની માહીતી વર્ષવાર/તારીજ કાઢવામાં આવેલ નથી અને તેથી ઉપર દર્શાવ્યા મજુબ યુનિ.ને થયેલ આવક (બજેટ કોડ 0204003) હેઠળ થયેલ આવક જેટલાં જ પ્રમાણપત્રો ઇસ્યુ થયાની ખાત્રી થઈ શકતી નથી રજીસ્ટરો પણ અલગ અલગ હોવાથી નંબરના આધારે પણ ચકાસણી શકય બનતી નથી તો આ રજીસ્ટરો માં તારીજ કાઢી.યુનિ.ની હિસાબી શાખામાં નોંધાયેલ આવક મુજબના જ પ્રમાણપત્ર આપ્યા અંગેની ખાત્રી કરાવવા વિનંતી છે.

વધુમાં આ જ પ્રમાણે યુનિ.ના બીજા પ્રમાણપત્રો જેવા કે એલજીબીટી પ્રમાણપત્ર,ડીગ્રી પ્રમાણપત્રો વિગેરેની આવકનું પણ પરીક્ષા શાખાના રજીસ્ટર સાથે મેળવણું કરી ઓડીટને જાણ કરવા વિનંતી છે.

પ્રાથમિક વાધાનંબર 87/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ નથી.

ફકરા નંબર–31

**ભરેલપરીક્ષા ફીની રકમવિધાર્થીને રીફંડ આપવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને–2010-11ના વર્ષનું અન્વેષણ દવારાહાથ ધરાયેલ હોઇ અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ રેકર્ડ આંધારીત ચકાસણી કરતાં જે તે કોલેજો મારફતે જે તે કોલેજના વિધાર્થીએ જુદી જુદી પરીક્ષાનાં સંદર્ભમાં નિયત થયેલ પરીક્ષા ફી ભરવામાં આવેલ હોય છે.સદર ભરેલ ફી જુદા જુદા કારણોસર જે તે કોલેજો મારફતે જે તે વિધાર્થીને રીફંડ આપવા યુનિવર્સિટી પાસે રજુઆત કરવામાં આવે છે.જે રજુઆતના આધારે જે તે કોલેજો મારફતે જે તે વિધાર્થીને ભરેલ ફીનાં સંદર્ભમાં આખી કે અડધી કે નિયત કરેલ ફી આપવા માટે યુનિવર્સિટી દવારા રીફંડ ઓર્ડર કરવામાં આવે છે.ઓડિટવર્ષ દરમ્યાન નમુનારુપ ચકાસણી કરતા સદરહું બાબતમાં આ સાથે સામેલ પરિશિષ્ટ–12 મુજબ કુલ રુપિયા 49,436/- નો ખર્ચ ઉધારવામાં આવેલો છે.

સદરહું ભરેલ પરીક્ષા ફીની રકમ વિધાર્થીને કેવા કારણોસર રીફંડ આપવામાં આવે છે.? ફી રીફંડ કરવા માટે ધારાધોરણો કયાં નકકી કરાયેલા છે. ? કરેલ રીફંડ ફીની રકમ જે તે વિધાર્થીને પરત મળેલ છે કે કેમ તે અંગે કોઇ પ્રમાણપત્ર કે પહોંચો અંગે ખાતરી કરવામાં આવે છે કે કેમ ? થયેલ આવક સામે કરેલ ખર્ચ સરભર કરવામાં આવે છે કે કેમ ? વગેરે બાબતો ચકાસવા માટે ઉકત બાબતનું રેકર્ડ રજુ થવું ઘટે.

પ્રાથમિક વાધાનંબર– 55નો સંસ્થા તરફથી જવાબરજુ થયેલ છે.પરંતુ પરીક્ષા વિભાગ તરફથી આ બાબતે કોઇ જવાબ કે રેકર્ડ રજુ કરવામાં આવેલ નથી જેના કારણે ચકાસણી શકય બનેલ નથી વિગતે કાર્યવાહી પુર્ણ કરાવી સ્પષ્ટતા સહ પુર્તતા કરવી ઘટે.

વાધા હેઠળ રુપિયા 49,436/-

## પરિશિષ્ટ–12ફકરા નંબર–31

| અ નં | તારીખ | વાઉચર નંબર | રકમ | નોંધ |
|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 05 | 06 |
| 01 | 28-06-10 | 1870 | 2,040 | ARTS |
| 02 | 14-04-10 | 274 | 1,800 | LAW |
| 03 | 05-02-11 | 6788 | 1,940 | COMMERCE |
| 04 | 12-04-10 | 209 | 200 | EXT ARTS |
| 05 | 22-07-10 | 2337 | 450 | EXT ARTS |
| 06 | 17-09-10 | 3640 | 350 | EXT ARTS |
| 07 | 30-11-10 | 5145 | 1,000 | EXT ARTS |
| 08 | 18-12-10 | 5618 | 1,400 | EXT ARTS |
| 09 | 06-01-11 | 6060 | 700 | EXT ARTS |
| 10 | 06-01-11 | 6061 | 700 | EXT ARTS |
| 11 | 06-01-11 | 6062 | 1,750 | EXT ARTS |
| 12 | 17-02-11 | 7032 | 2,800 | EXT ARTS |
| 13 | 17-02-11 | 7033 | 5,400 | EXT ARTS |
| 14 | 17-02-11 | 7044 | 900 | EXT ARTS |
| 15 | 10-03-11 | 7652 | 7,200 | EXT ARTS |
| 16 | 17-09-10 | 3639 | 900 | EXT COMM |
| 17 | 27-01-11 | 6449 | 900 | EXT COMM |
| 18 | 17-02-11 | 7045 | 900 | EXT COMM |
| 19 | 30-06-10 | 1896 | 4,500 | ENGI. |
| 20 | 12-08-10 | 2917 | 125 | ENGI. |
| 21 | 05-02-11 | 6788 | 2,000 | ENGI. |
| 22 | 17-02-11 | 7045 | 9,481 | ENGI. |
| 23 | 29-03-11 | 8104 | 500 | ENGI. |
| 24 | 29-03-11 | 8105 | 500 | ENGI. |
| 25 | 29-03-11 | 8106 | 500 | ENGI. |
| 26 | 29-03-11 | 8114 | 500 | ENGI. |
| | TOTAL | | 49,436 | |

ફકરા નંબર-32

**સરકારશ્રીના ઠરાવ અને યુનિવર્સિટીની એકઝ્યુકયુટીવ કાઉન્સીલની તા-28-09-08 ની બેઠકમાં થયેલ ઠરાવ વિરુધ્ધ કર્મચારીઓને પરીક્ષાભથ્થુ અને ઓવરટાઇમ આપવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં નાણાંકીય વર્ષ 2010-11 માંપરીક્ષાભથ્થા તથા EXAM ઓવરટાઇમ અંગે નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| અ.નં. | ખર્ચની વિગત | કોડ | રકમ રૂપિયા |
|---|---|---|---|
| 1 | પરીક્ષા ભથ્થુ | 3532008 | 16,57,302/- |
| 2 | ઓવરટાઇમ (EXAM) | 3532007 | 11,61,478/- |
| | કુલ | | 28,18,780/- |

ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા-09-12-81 થી અમલમાં આવે તે રીતનાતા-24-02-81 ના ગુજરાત સરકારના ગેઝેટમાં બહાર પાડેલ નિયમોના નિયમ-8 દ્વારા થયેલ સુધારા મુજબ યુનિવર્સિટી તેઓના અને એફીલેટેડ કોલેજના કર્મચારી/અધિકારીઓના (શૈક્ષણિક, બિન શૈક્ષણિક) પગાર ધોરણ અને ભથ્થા રાજય સરકારની મંજુરીને આધીન રહેશે એટલે કે રાજય સરકારની મંજુરી વગર પગાર ધોરણ અને ભથ્થામાં યુનિવર્સિટી સુધારો કરી શકશે નહી.

ગુજરાત યુનિવર્સિટીના પરીપત્ર નં-એકા-1/9711/2008/ તા-28-11-08 માં જણાવ્યા મુજબએકઝ્યુકયુટીવ કાઉન્સીલની તા-28-09-08 ની બેઠકમાંબાબત ક્રમાંક -14 થી થયેલ ઠરાવ મુજબ બીસીએસઆર/જીસીએસઆર માં દર્શાવેલ પગાર રજાઓ અંગે તેમજ ગેરશિસ્ત ,ગેરવર્તણૂક વગેરે બાબતો અંગેની જોગવાઇઓ તેમજ તેમાં સમયાંતરે જે સુધારા/ વધારા થાય તે પ્રમાણે યુનિવર્સિટીમાં લાગુ પાડવામાં આવે છે.તેમ ઠરાવેલ છે.

રાજ્ય સરકારમાં કર્મચારીઓને ઓવરટાઇમ તેમજ પરીક્ષા ભથ્થુ આપવાની કોઇ જોગવાઇ નથી.તેમ છતાં યુનિવર્સિટીના કર્મચારી/અધિકારીઓને ઓવરટાઇમ તથા પરીક્ષાભથ્થુ કયા આધારે આપવામાં આવે છે તે અંગે સ્પષ્ટતા થવા તથા આ અંગે રાજય સરકારની મંજુરી મેળવવામાં આવે છે કે કેમ તે અંગે પણ સ્પષ્ટતા થવા વિનંતી છે.

વધુમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી દ્વારા યુનિવર્સિટીને ફાળવવામાં આવતી બ્લોક ગ્રાન્ટની શરતો મુજબ પણ યુનિવર્સિટીએ સરકારશ્રીના પર્વતમાન નિયમોનો અમલ કરવાનો રહે છે.તેમજ યુનિવર્સિટીએ અમાન્ય ખર્ચા બંધ કરવાના રહે છે. તેમ જણાવેલ હોય છે.આમ છતાં પણ યુનિવર્સિટી દ્વારા ઉપર મુજબના

ભથ્થા ચુકવવામાં આવે છે. તો સદરહુ ભથ્થાઓ ગ્રાન્ટ સામે અમાન્ય કેમ ન કરવા તે અંગેની સ્પષ્ટતા થવા વિનંતી.

વાંધાની પુર્તતા ન થતાં વાધાની રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વાં.નં.72/ જવાબ કરેલ છે. ફકરાને અનુરુપ જવાબ કરવામાં આવેલ નથી. જે ફકરાને ધ્યાને લઇ પુર્તતા કરવી ઘટે.

વાંધા હેઠળ રકમ રુપિયા 28,18,780/-

**ફકરા નંબર-33**

**કેશબુકની નિભાવણીમાં જણાયેલ ક્ષતિઓ બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11 નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ કેશબુક સાથે આવક ખર્ચની ચકાસણી કરતાં કેશબુકની નિભાવણી બાબતે નીચે મુજબની ક્ષતિઓ જણાયેલ છે.

(1) સંસ્થામાં ઓડીટ વર્ષમાંઆંધારીત રેકર્ડ સાથે ચકાસણી કરતાંવાર્ષિક હિસાબમાં દર્શાવ્યાં મુજબ કુલ આવક રુપિયા 53,18,61,232/- તથા ખર્ચ રુપિયા 54,00,02,873/-થયેલો જણાયેલ છે.આ બાબતમાં કેશબુકમાંકોઈ હિસાબમેળ થતો નથી.જેના કારણે આવક ખર્ચ અંગેની કેશબુક સાથેની ધોરણસરની ચકાસણી થઈ શકેલ નથી.જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(2) સંસ્થામાં ઓડીટ વર્ષમાં આંધારીત રેકર્ડ સાથે ચકાસણી કરતાં ખરેખર થયેલ ખર્ચ વાઉચરની રકમ કેશબુક ખાતે ઉધારવવામાંતફાવત જોવા મળેલ છે.નમૂનારુપ દાખલા તરીકે વાઉચર નં1007 તારીખ-11-05-10નાંરુપિયા 37,325/- છે જયારે કેશબુકમાં રુપિયા 1,40,23,325/- દર્શાવેલ છે આમ રુપિયા 1,39,86,000/- નો તફાવત છે. આ અંગે સ્પષ્ટતા થવા વિનંતી છે.

(3) કોમ્પ્યુટર ઉપરથી મેળવેલ પ્રિન્ટ આઉટનાં આધારે નિભાવેલ સંસ્થાની કેશબુકમાં જે તે દિવસનના અંતે સક્ષમ અધિકારીશ્રીની સહીઓ થયેલ નથી અને તે ઓડિટમાં માન્ય રાખી શકાય નહી

(4) કેશબુકમાં જે તે દિવસની શરુઆત તથા બંધ સિલક દર્શાવવામાં આવતી નથી વર્ષનાં અંતે આવક ખર્ચની તારીજો કાઢવામાં આવેલ નથી

(5) કેશબુકમાં પાછલી તારીખથી શરતચૂકથી થયેલ ભૂલનાં હવાલા જે તે વાઉચરો આંધારીત આપવામાં આવેલા જણાયેલ છે.જે બાબતે આવા હવાલા ન આપવા પડે તે રીતે કામગીરી થાય તેવું ઓડિટનું સૂચન છે.

(6)કેશબુકમાંઆવક બાજુ ફકત ચેકથી મળેલ આવકની નોંધ કરવામાં આવેલ છે.જયારે રોકડેથી આવેલ રકમોની નોંધ કેશબુકમાં કરવામાં આવતી નથી.રોકડેથી મળેલ આવકો માટે અલગ અલગ આવક રજીસ્ટર નિભાવેલ છે.ઉકતરજીસ્ટરોનાં આંધારે માસનાં અંતે કુલ રકમો જમાં લેવામાં આવતી હોય છે.જે પ્રથા યોગ્ય નથી જે તે આવકો જે તે તારીખે જમાં લેવામાં આવે તેવું ઓડિટનું સૂચન છે.

(8)કેશબુક સહી સિકકા રજીસ્ટરે નોંધેલ નથી.

(9) કેશબુકમાંછેલ્લા પાના ઉપર કેશબુકનાં પાના નંબરનાં વપરાશ સહિતનું સક્ષમ અધિકારીશ્રી દવારા આપવાપાત્ર પ્રમાણપત્ર આપવામાં આવેલ નથી.

(10) કેશબુકમાંદરરોજ સક્ષમ અધિકારીશ્રીની સહીથી હિસાબો પ્રમાણિત કરવામાં આવતા નથી.

(11) કેશબુકમાંસક્ષમ અધિકારીશ્રી દવારા રોકડ સિલકની ભૌતિક ચકાસણી દર માસે તેમજ આકસ્મિક ચકાસણી કરવામાં આવતી નથી.

(12) કેશબુકમાંસક્ષમ અધિકારીશ્રી દવારા માસનાં અંતે તથા વર્ષનાં અંતે આવક જાવક ની તારીજો કાઢવામાં આવતી નથી.

(13) કેશબુકનાં આધારે બેન્ક સાથે બેન્ક રીકન્સીલેશન કરવાનું રહે છે. જે કામગીરી પુર્ણ થયેલ નથી. આ બાબતમાં અલગથી ફકરો લેવાયેલ હોઇ જે મુજબ કામગીરી કરવાની થાય છે.

ઉપરોકત કાર્યવાહી ન થવાથી નાણાંકીય અનિયમિતતાઓ થવાનો સંભવ રહે તો આ બાબતે નિયમોનુસારની કાર્યવાહી સત્વરે પુર્ણ કરાવવી ઘટે. આ બાબતમાં જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રાથમિક વાધાનંબર 19/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે. કાર્યવાહી પર્ણ કરાવી સત્વરે પુર્તતા થવી ઘટે.

**ફકરા નંબર-34**

**પગાર બાંધણીમાં મળવાપાત્ર પગાર કરતાં વધું ઉચ્ચ પગારનું ફીકશેશન કરવા બાબત.**

**શ્રીમતી કુમુંદબેન વાસણવાળા આસી.પ્રો.કર્મચારી કોડ નંબર-631**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11ના વર્ષનાંઅન્વેષણ દરમ્યાન સંસ્થાના ટીચીંગ સ્ટાફ અને નોન ટીચીંગ સ્ટાફ કર્મચારીઓની સેવાપોથીઓની (નમૂનારુપ)ચકાસણી કરતાં નીચે મુજબની ક્ષતિઓ ધ્યાને આવેલ હતી.

સંસ્થા દવારા આર.ઓ.પી.રુલ્સ 2009અન્વયે શ્રીમતી વાસણવાળાને તા-15-06-09 નાં રોજથી આસી.પ્રો.માં પગાર ધોરણ રુપિયા 9,300-34,800ગ્રેડ પે 4,600/-માં રુપિયા 13,890/- પગાર નકકી કરી ત્યારબાદ બીજા ઈજાફાની તારીખ આપવામાં આવેલી હતી.જયારે ઓડિટ દવારા ચકાસણી કરતાં શ્રીમતી વાસણવાળાને તા-15-06-09 નાં રોજથી આસી.પ્રો.માં પગાર ધોરણ રુપિયા 9,300-34,800ગ્રેડ પે 4,600/-માં રુપિયા 12,830/-પગાર નકકી થાય છે.

પગાર બાધણી વધું કરતા તારીખ-15-06-09 નાં રોજ રુપિયા 9,300-34,800 ગ્રેડ પે 4,600/- માં રુપિયા 12,830/- ને બદલે રુપિયા 9,300-34,800 ગ્રેડ પે 4,600/- માં રુપિયા 13,890/- નો ઉચ્ચ પગાર નકકી કરી ચૂકવણા થવાનાકારણે રુપિયા 49,634/- વસુલાત પાત્ર રકમ બને છે.આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

પ્રાથમિક વાધાનંબર 34/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલછે.રુપિયા 49,634/-ની વસુલાત કરવા સંમતિ દર્શાવેલ છે.તો તે મજબ વસુલાત અંગેની અંગેની તૈયાર કરેલ રકમ સત્વરે વસુલાત કરાવી પુર્તતા કરવી ઘટે.

વસુલાતની રકમ રુપિયા 49,634/-

## ફકરા નંબર-35

### કર્મચારીઓની સેવાપોથીઓમાં કરવા પાત્ર નોંધો ન કરવા બાબત.

ગુજરાત રાજય મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો)નિયમો 2002નાં નિયમોનાં નિયમ 38 થી 45મુજબ કર્મચારીઓની સેવાપોથીઓ કચેરીના વડાએ નિભાવી ઉપરોક્ત ગુજરાત મુલ્કી સેવાનાં નિયમ 45 મુજબ લાગુ પડતી જોગવાઇઓને આધીન તેમાં નોંધો કરવાની રહે છે.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11ના વર્ષનાંઅન્વેષણ દરમ્યાન સંસ્થાના ટીચીંગ સ્ટાફ અને નોન ટીચીંગ સ્ટાફ કર્મચારીઓની સેવાપોથીઓની (નમૂનારુપ)ચકાસણી કરતાં નીચે મુજબની ક્ષતિઓ ધ્યાને આવેલ હતી.

(1)નાણા વિભાગના તા 20-06-2000 ના ઠરાવમાં થયેલ જોગવાઇ તથા ગુજરાત મુલ્કી સેવા નિયમો 2002 નાં નિયમ 40(6) અન્વયે કર્મચારીનાં ફરજ દરમ્યાન આકસ્મિક મૃત્યુનાં પ્રસંગે રજા પગાર, ફરજ પરનો પગાર, ગ્રેજયુઈટી, સામાન્ય ભવિષ્ય નિધિનાં નાણા વારસદારોને સરળતાથી ચૂકવી શકાય તે માટે વારસદારોનાં નામ નિયુક્તિનાં નોમીનેશન ફોર્મની વિગતો સેવાપોથીમાં નોંધી તેની નકલો સેવાપોથીમાં રાખવાની હોય છે.જેનો અમલ થયેલ નથી જે અમલ કરવા સૂચન છે.

(2)શ્રી વી એસ પંડયા આસી.પ્રોફે. ની SB જોતાંSB ડુપ્લીકેટ જણાય છે.જેની નિમણુંક તારીખ 01-03-95 થી કોઇ ROP-1996 ROP-2009 ની કોઇ નોંધ નથી કે સ્ટીકર મેળવ્યાં સિવાય રુપિયા 44,820/-+ ગ્રેડ પે-9,000/- પગારની ચુકવણી થાય છે.તો ખરેખર અસલ સેવાપોથી રજુ કરવી અન્યથા આધાર સિવાય પગાર ચુકવવા બાબતે ઓડિટને ખાતરી કરાવવી ઘટે.

(3)ગુજરાત રાજય મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો)નિયમો 2002નાં નિયમોના નિયમ 40(1) (2) (જી)અન્વયે જન્મ તારીખની ફેરફારની નોંધો કરવા માટે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવી કયા સંજોગોમાં ફેરફાર કરવાની જરુરીયાત ઉભી થઈ છે.તેનાં આધારો મેળવી ચકાસણી કરીને તેવા ફેરફારની નોંધની સાથે આધારીત ચકાસણીની પણ નોંધ કરવાની રહે છે.ઉક્ત બાબતોમાં યોગ્ય કાર્યવાહી કરવા ઓડિટનું સૂચન છે.

(4)ગુજરાત સરકાર નાણા વિભાગનાં ઠરાવ મુજબ સેવાપોથી નિભાવ્યાં બાદ સેવાપોથીના પ્રથમ પાના પરની વિગતો જેવી કે નામ અટક માં સુધારો કરવાનો થાય તો સરકારશ્રીમાં ગ્રેજેટમાં પ્રસિધ્ધ કરાવ્યાં બાદ જરુરી સુધારો કરી તેની નોંધ SB માં કરવી રહે જેથી ભવિષ્યમા પેન્શન મંજૂરી ચૂકવણામા પ્રશ્ન નિવારી શકાય. દાખલા તરીકે જોષી કીર્તીદા રતિલાલ ના બદલે શાહ કીર્તીદા શ્રેણીક સુધારા

ગ્રેજેટમાં પ્રસિધ્ધિ કરાવ્યાં સિવાય SB માં નોંધ કરવામાં આવેલ છે.આ બાબતે પુર્તતા કરવી ઘટે.અન્ય બાબતે તકેદારી રાખવી ઘટે.

(4)ગુજરાત રાજય મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો)નિયમો 2002નાં નિયમોનાં નિયમ 16 અન્વયે કર્મચારીની તબીબી તપાસ કરવામાં આવી છે અને તે નોકરી માટે યોગ્ય જણાયેલ છે તેનું પ્રમાણપત્ર મેળવી તે હકીકતની નોંધ કર્મચારીની સેવાપોથીમાં કરવાની રહે છે.જે અમલ કરવા સૂચન છે.

(5)ROP-2009 મુજબ પગાર રીવાઈઝ થતાં01-01-2006 થી પગાર ચકાસણી એકમ પાસેથી નવા પગારનું સ્ટીકર મેળવી SB સાથે સામેલ રાખવું જોઈએ જે નીચેના નમૂનારૂપ કિસ્સાઓમાં સ્ટીકર મેળવ્યાં સિવાય નવા પગારની બાંધણી કર્યા સિવાય પગાર ચુકવવામાં આવેલ છે.

-શ્રી એમ સી શાહ નુંROP-2009 મુજબનું સ્ટીકર સામેલ નથી

-શ્રી એચ એન હિંગલેન્ડ આસી.પ્રોફે.નુંROP-2009 મુજબનું સ્ટીકર સામેલ નથી

(6)ચકાસણી દરમ્યાન અમુક સેવાપોથીઓમાં અગત્યની કરેલ નોંધો સક્ષમ અધિકારીની સહીઓ પ્રમાણિત થયેલ નથી.

પ્રાથમિક વાંધાનંબર 35/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે.વિગતે કાર્યવાહી પુર્ણ કરાવી પુર્તતા કરવી ઘટે.

## ફકરા નંબર-36

**પેન્શન ચૂકવણામાં જણાવેલ હિસાબી અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11 નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ ખર્ચ વાઉચરો અંગે પ્રાથમિક આંધારીત રેકર્ડ સાથે ચકાસણી કરતાંતથા મહેકમ વિભાગના પેન્શન અંગેની ચકાસણી કરતાં નીચે મુંજબની અનિયમિતતા ઓડીટનાં ધ્યાને આવેલ છે.

ઉક્ત સંસ્થામાં જૂના સમયનાં નિવૃત થયેલા કર્મચારીનાં પેન્શનના ચૂકવણાંની સરકારશ્રીની ગુજરાત મુલ્કી સેવા નિયમો 2000 પેન્શન ની સૂચનાઓ મુજબની કામગીરી ટૂંકમાં પેન્શનને લગતી તમામ કામગીરી મહેકમ શાખામાંકરવામાં આવે છે.હાલમાં ફરજ બજાવતા કર્મચારીઓનાં પગાર ભથ્થા ચૂકવણી કરવામાં આવે છે તેવી જ રીતે પેન્શનની પણ કામગીરી કરવામાં આવે છે.જે પ્રથા યોગ્ય નથી.

પેન્શન ચૂકવણાંમાટે ઉક્ત સંસ્થામાંજે તે પેન્શનરની જે તે માસની કે અન્ય ચૂકવણાની જે તે પેન્શનર વાઈજ નોંધ લેઝર પીપીઓમાંરાખવાનાં બદલે એક ફાઈલે પગાર સ્લીપ જેમ પેન્શન અંગેની નોંધ રાખવામાં આવે છે.જે પ્રથા યોગ્ય નથી.પી પી ઓ રજીસ્ટર.પેન્શન લેઝર તથા મેડીકલ રીએમ્બર્સમેન્ટ રજીસ્ટર શરુ કરી અમલ કરવા જણાવવામાં આવે છે. પેન્શનરને ચૂકવાયેલ ગ્રેજ્યુઇટી,રુપાંતરીત પેન્શન દર માસે ચૂકવવામાં આવતા માસિક પેન્શન પેન્શનમાંથી થતી કપાતો તથા પુનઃલગ્નની નોંધ યોગ્ય ગાર્ડ ફાઈલે ન રાખવાની પ્રથા યોગ્ય નથી.

પેન્શન કેસ વખતે કર્મચારીઓ પાસેથી ત્રણ નકલમાં અંગ્રેજી તથા ગુજરાતીમાં સહીના નમૂના તથા સંયુક્ત ફોટોગ્રાફી મેળવી ફાઈલે સાથે સામેલ રાખવામાં તથા દર વર્ષ સહીના નમૂના સાથે હયાતી પ્રમાણપત્રમાં પેન્શનરે કરેલી સહીની સક્ષમ અધિકારીશ્રીની હાજરીમાંચકાસણી કરી પેન્શનનું ચૂકવણું કરવાની પ્રથા અમલમાં મૂકવા જણાવવામાં આવે છે.

પ્રાથમિક વાધાનંબર 08/ નો સંસ્થા તરફથી જવાબ ઓડીટ પુર્ણ થતાં સુધીમાંરજુ થયેલ ન હતો તારીખ-12-02-15 નાં રોજ ચર્ચા દરમ્યાન ચર્ચા મુજબનો જવાબ હવે પછી જવાબ રજુ કરવામાં આવશે પણ રજુ કરવામાં આવેલ નથી.

**ફકરા નંબર-37**

**જનરલ ફંડના રુપિયા 5,00,000/- લાખ ERDF ફંડમાં જમા આપવા બાબતની અનિયમિતતા**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11 નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ ખર્ચ વાઉચરો અંગે પ્રાથમિક આંધારીત રેકર્ડ સાથે ચકાસણી કરતાં નીચે મુંજબની વિગતો ધ્યાને આવેલ છે.

" તારીખ20-04-2010 નાં રોજ ERDFએકા. 10298781760 ખાતે રુપિયા 4,95,93,497/- જેટલું બેલેન્સ છે. રુપિયા પાંચ કરોડની FDકરવા માટે પાંચ લાખ જેટલી રકમ ખૂટે છે. તો જનરલ ફંડ એકાઉન્ટ માંથી હાલ રુપિયા પાંચ લાખનો ચેક ERDFખાતે આપવા આદેશ અર્થે" શાખા તરફથી નોંધ મૂકવામાં આવેલ હતી.

ઉકત નોંધમાં રુપિયા પાંચ લાખ જનરલ ફંડમાંથી ટ્રાન્સફર કરવાનાં આદેશ મળેલ હતાં

ઉપરોકત બાબતે ચકાસણી કરતાં ઓડિટને નીચેની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

સંસ્થાનાં રેકર્ડ આંધારીત ERDFએસ બી આઈ ફંડની જમા ઉધાર ની વિગતો

| અ નં | તારીખ | વા.નં કોડ નંબર | રકમ જમા | સિલક |
|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 |
| 01 | 01-04-10 | - | 2,32,26,760-92 | 2,32,26,760-92 |
| 02 | 20-04-10 | 365 9405012 | 5,00,000-00 | 2,37,26,760-92 |
| 03 | 31-03-11 | 8814 | 64,97,273-00 | 3,02,24,033-92 |

ઉપરોકત વિગતો જોતાસિલક ન હોવા છતાંવધું રકમની ખોટી સિલક કેવાં કારણોસર નોંધમાંદર્શાવવામાં આવેલ છે.?જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો વર્ષ 2010-2011 નાં કંઈ રીતે મેળવવામાં આવેલ છે.આ બાબતે પુનઃ ચકાસણી કરાવી માહીતી રજુ થવી ઘટે.તથા આ અંગેનું તમામ રેકર્ડ જેવું કે ઉકત ખાતાની પાસબુકો તથા ચેક રજીસ્ટર વગેરે રજુ થવું ઘટે.

હાલમાં જો આ બાબતની અન્ય કોઇFDહોઇ તો તે અંગેનું રેકર્ડ તથા FDપણ ઓડિટે ચકાસણી અર્થે રજુ થવી ઘટે.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં જનરલ ફંડ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા જનરલ ફંડમાં રુપિયા 5,00,000/-ક્યારે પરત કરવામાં આવેલ છે.કે કેમ?આ બાબતે પુનઃ ચકાસણી કરાવી માહીતી રજુ થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં.12/ જવાબ કરેલ છે.જવાબ ફકરાને અનુરૂપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

99

ફકરા નંબર-38

## વીજળી વિલંબીત ચાર્જનાં વ્યર્થ ચૂકવણા કરવા બબાત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11 નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ કેશબુક સાથે આવક ખર્ચની ચકાસણી કરતાંવીજળી. વિલંબીત ચાર્જનાં વ્યર્થ ચૂકવણા કરવા બાબતમાં નીચે જણાવેલ વિગતે વિજળી બીલો સમયસર ન ભરવાને કારણે નિવારી શકાય એવી વિલંબીત ચાર્જની વધારાની રકમ રુપિયા 18,680/- સંસ્થાએ ભરવી પડેલ છે.જો વિજળી બીલો સમયસર ભરપાઇ કરેલ હોત તો વિલંબીત ચાર્જ નિવારી શકાયો હોત જેથી સમયસર બીલો ન ભરવાને કારણે ભરવો પડેલ વિજળી વિલંબીત ચાર્જ જવાબદારશ્રીથી વસુલાત મેળવી જમા કરાવવો રહે ઉકત ચકાસણી નમૂનારુપ કરાયેલ હોઇ આવા અન્ય કેસોમાં આવું બનવા પામેલ હોઇ તો તે બાબતો પર જરુરી ચકાસણી કરાવી યોગ્ય પગલા લેવા ઘટે.

વિગત

| અ નં | તારીખ | વાઉચર નંબર | વિગત | રકમ | નોંધ |
|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 |
| 01 | 12-05-10 | 1050 | CONVENTION CENTRE Service Number HT-1272 લાઈટ બીલ<br>બીલની રકમ-3,62,449/-3,56,662/-= 5,787/-<br>બીલની રકમ-7,74,344/-7,61,451/-= 12,893/-<br>5,787/-+12,893/-=18,680/- | 18,680/- | |
| 02 | | | | | |

પ્રાથમિક વાધાનંબર 67/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ નથી.વિગતે કાર્યવાહી પુર્ણ કરાવી પુર્તતા કરવી ઘટે.

વસુલાત રુપિયા 18,680/-

367



**ફકરા નંબર–39**

**આઇ.એ.એસ.ટ્રેનીંગ સેન્ટર પાછળ કરેલ ખર્ચની અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને–2010-11 નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ કેશબુક સાથે આવક ખર્ચની ચકાસણી કરતાંઆઇ. એ.એસ.ટ્રેનીંગ સેન્ટર પાછળ પગાર ભથ્થા અન્વયે રુપિયા 8,21,879-50નો ખર્ચ ઉધારવામાં આવેલો છે.સદરહું ટ્રેનીંગ સેન્ટર રુબરુમાં ચર્ચા કર્યા મુજબ છેલ્લા પંદરેક વર્ષથી બંધ હોવાનું જાણવા મળેલ છે.જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(01) ઉપરોક્ત ટ્રેનીંગ સેન્ટર ઘણા લાંબા વર્ષોથી બંધ છે તો સદર ટ્રેનીંગ સેન્ટર ખરેખર કયા વર્ષથી અને કયા કારણોસર બંધ પડેલ છે.

(02) ઉપરોક્ત ટ્રેનીંગ સેન્ટર ઘણા લાંબા વર્ષોથી બંધ છે તો સદર ટ્રેનીંગ સેન્ટર ચાલુ કરવા બાબતે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ ?

(03) ઉપરોક્ત ટ્રેનીંગ સેન્ટર ઘણા લાંબા વર્ષોથી બંધ છે તો સદર ટ્રેનીંગ સેન્ટર ના કારણો સત્વરે દૂર કરી ચાલુ કરવા યોગ્ય કાર્યવાહી થવી ઘટે.

(04) ઉપરોક્ત ટ્રેનીંગ સેન્ટર ઘણા લાંબા વર્ષોથી બંધ છે તો સદર ટ્રેનીંગ સેન્ટર ના કારણે જરુરિયાતવાળા વિધાર્થીઓને તેનો લાભ મળતો નથી તો લાભ મળે તેવું કરવા માટે ઓડિટનું સુચન છે.

(05) ઉપરોક્ત ટ્રેનીંગ સેન્ટર ઘણા લાંબા વર્ષોથી બંધ છે તો કયા કારણોસર ઓડિટ વર્ષ દરમ્યાન બંધ હોવા છતાંઉપરોક્ત ખર્ચ કરવામાં આવેલો તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરોક્ત ખર્ચ રુપિયા 8,21,879-50નો ખાત્રી કરાવતા સુધી કરેલ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રાથમિક વાંધાનંબર 26/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે.જવાબ ગ્રાહ્ય રાખવા પાત્ર થતો નથી તો ફકરામાં જણાયેલ વિગતે કાર્યવાહી પુર્ણ કરાવી પુર્તતા કરવી ઘટે.

વાંધા હેઠળ રુપિયા 8,21,879/-

**ફકરા નંબર-40**

**વિષયઃ-યુનિવર્સિટી અધિનિયમની જોગવાઇ મુજબ યુનિવર્સિટીએ કરવાની પ્રવૃતિઓનું આયોજનની વિગતો આપવા બાબત.**

યુનિવર્સિટી દવારા યુનિવર્સિટી એકટની જોગવાઇ મુજબ યુનિવર્સિટીએ કરવાની પ્રવૃતિઓ માટે નાણાંકીય વર્ષ 2010-11 અથવા શૈક્ષણિક વર્ષ 2010-11 દરમ્યાન કરવાની પ્રવૃતિઓનું અગાઉથી કરેલ આયોજનની જેમ કે યુનિવર્સિટીના જુદા જુદા ભવનો, જુદાજુદા વિભાગો શાખાઓ દવારા કરવા ધારેલ/કરેલ આયોજનની/કરવાની વિવિધ પ્રવૃતિઓની માહીતીની ઓડિટમાં જરુર હોઇ આ મુજબની માહિતી આધાર – રેકર્ડ સાથે ઓડિટે પૂરી પાડવા વિનંતી છે.

ઉક્ત બાબતમાં સંસ્થા પાસેથી માહીતી રેકર્ડ માંગણી કરતા રજુ થયેલ ન હતું. જેના કારણે વિગતવાર આ બાબતે ચકાસણી શકય બનેલ ન હતી. વાર્ષિક વહીવટી અહેવાલના આધારે ઉક્ત સંદર્ભમાં ચકાસણી કરવામાં આવેલ હતી. આ બાબતે જે તે ફકરાઓમાં ક્ષતિઓ દર્શાવવામાં આવેલ છે. જુદા જુદા વિભાગો શાખાઓ દવારા કરવા ધારેલ/કરેલ આયોજનની/કરવાની વિવિધ પ્રવૃતિઓની માહીતીની ઓડિટમાં રજુ ન કરવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

પ્રાથમિક વાધાનંબર 60/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે જે એક બોયઝ હોસ્ટેલનો આવેલ છે. બાકી બાબતે યોગ્ય વિગતે કાર્યવાહી પુર્ણ કરાવી પુર્તતા કરવી ઘટે.

**કરા નંબર-41**

**જૂની ઉતરવહીના વેચાણમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11 નાંઓડીટ દરમ્યાન ધ્યાને આવેલ છે કે યુનિવર્સિટી દવારા વપરાયેલ ઉતરવહીઓના વેચાણ કરી રુપિયા 3,18,420/- ની આવક મેળવેલ છે. આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(1) યુનિવર્સિટી દવારા તારીખ-14-05-09 ના રોજ ટેન્ડર જાહેરાત દિવ્યભાસ્કર અને ગુજરાત સમાચારમાં આવેલ છે. છાપામાં કઇ તારીખે જાહેરાત આપેલ છે. તે સ્પષ્ટ થતું નથી.

(2) ટેન્ડરની કિંમત રુપિયા 2000/- રાખેલ છે. અને ટેન્ડર ડીપોઝીટ રુપિયા 75,000/- રાખેલ છે. ટેન્ડર રજીસ્ટર, ઇએમડી રજીસ્ટર ને લગતું કોઇ રેકર્ડ રજૂ થયેલ નથી. ટેન્ડરો આરપીએડીના બદલે રુબરુ સ્વીકારેલ છે.

(3) ટેન્ડરમાંજૂની ઉતરવહીઓ અંદાજે 60,000/- કિ.ગ્રા. દર્શાવેલ છે પરંતુ ઉતરવહીની સંખ્યા દર્શાવેલ નથી.

(4) ભરાઇને 6 ટેન્ડર આવેલ છે. શાખાની તારીખ-14-05-09 ની નોંધ મુજબ બે પાર્ટીએ ઇએમડી ભરેલ નથી અલબત ભાવ પણ ઓછા જ છે. બાકીના 4 માન્ય પાર્ટીઓના આવેલ ભાવ પૈકી સૌથી વધુ ભાવ ડાયમંડ સ્ક્રેપ ટેડર્સ નો રુપિયા 9-10 આવેલ છે. આ નોંધ ઉપર તારીખ-30-06-09 ના રોજ રુબરુ ચર્ચા મુજબ ભાવ રુપિયા 10.75 આપવામાં આવે તો ત્રણ વર્ષ માટે ઉતરવહીઓ વેચાણ આપવા તથા આ અંગેની બાંયેધરી લેવા નિર્ણય થયેલ છે.

આ અંગે નીચે મુજબ નોંધ આપવામાં આવે છે

<u>(4) (1)</u>પરીક્ષા વિભાગ (ભોંયરુ) ની તારીખ-11-08-09 ની નોંધથી પરીક્ષાની જુની ઉતરવહીઓ વેચાણ કરવા નિકાલ કરવા હિસાબી શાખાને જણાવેલ છે. અને ત્યાર બાદ આઠ માસ જેટલા વિલંબથી જાહેરાત આપવામાં આવેલ છે. દૈનિકપત્રમાં જાહેરાત ક્યારે આવેલ છે તે રેકર્ડ ઉપર નથી પરંતુ જાહેરાતના મુસદ્દામાં તારીખ-14-05-09 દર્શાવેલ છે. અને તેજ દિવસે વર્તમાનપત્રમાં જાહેરાત આવેલ હશે. તેમ ગણવામાં આવે તો પણ ભાવ ભરી પરત કરવાની છેલ્લી તારીખ 25-05-09(બપોરે 2 કલાક સુધી ) એટલે કે દિન 12 ની જ ટેન્ડર નોટીસ આપેલ છે. નિયમોનૂસાર લઘુતમ 15 દિવસની ટેન્ડર નોટીસ ના આપવા સબબ સ્પષ્ટતા થવી ઘટે.

નોંધમાં જણાવ્યા મુજબ ગત વર્ષ રુપિયા 10.00 ના ભાવે ઉતરવહીઓ આપેલ છે. તેથી 60,000 કિલોના રુપિયા 6,00,000/-થાય આમ રુપિયા 6 લાખના વેચાણ

માટે ઓછામાં ઓછી 15 દિવસની ટેન્ડર નોટીસ આપવી જોઇએ જેના બદલે દિન 12 ની નોટીસ આપવા અંગે સ્પષ્ટતા થવા વિનંતી.

(4) (2)રુપિયા5,00,000/- ઉપરની ટેન્ડર નોટીસ ઈ–ટેન્ડરીંગ કરવી જોઇએ જેના બદલે વર્તમાન પત્રમાં જાહેરાત આપેલ છે જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(4) (3)60,000કિલ્લોગ્રામ અંદાજી જથ્થો ટેન્ડરમાં દર્શાવેલ છે.તે અંગેના કોઇ આધાર ફાઇલમાં નથી જે રજુ કરવા વિનંતી છે.

વધુમાં પરીક્ષા શાખા દવારા કેટલા નંગ ઉતરવહીઓ ,પુરવણી વિગેરે કોઇ વિગત જણાવેલ નથી યુનિ. દવારા ઉતરવહીઓ વિગેરે ખરીદવા સમયે GSM કાગળ મુજબ છપાવવામાં આવે છે અને તેથી એક ઉતરવહીનું વજન તથા ખરીદેલ ઉતરવહીનું વજન જાણી શકાય તેમ જ તેના આધારે વિધાર્થીઓ દવારા વપરાયેલ અને પરત આવેલ ઉતરવહીની સંખ્યાના આધારે વપરાયેલ ઉતરવહીનું વજન પણ જાણી શકાય તો આ અંગેની વિગતો ઓડીટમાં રજુ થવા વિનંતી છે.

(5) (1)ઉતરવહીઓના નિકાલ અંગે આપવામાં આવેલ જાહેરાત કે વેચાણ કરેલ ટેન્ડરમાં ત્રણ વર્ષ માટે કોન્ટાકટ કરવાની બાબતનો .ઉલ્લેખ નથી પરંતુ ઉપર દર્શાવવ્યા મુજબ ટેન્ડર ખોલ્યા બાદ વધુમાં વધુ આવેલ ભાવ રુપિયા 9-10(એક કિલ્લો) ને રુપિયા 10.75 ના એક કિલ્લો ભાવ આપે તો ત્રણ વર્ષ માટે વેચાણ આપવા ફાઇલ ઉપર મંજુરી મળેલ છે.આ અંગે નીચેની વિગતે સ્પષ્ટતા થવી ઘટે.

જાહેરાત કે ટેન્ડરમાં ત્રણ વર્ષ માટે ઉતરવહી વેચાણનો ઉલ્લેખ ના હોવા છતાં ત્રણ વર્ષ માટે વેચાણ આપવા અંગે સ્પષ્ટતા થવા વિનંતી.

(5) (2)નોંધમાં જણાવ્યાં મુજબ અગાઉના વર્ષ દરમ્યાન રુપિયા10-00 પ્રતિ કિ.ગ્રા.ના ભાવે વેચાણ આપેલ છે.વર્ષોવર્ષ વધતી મોંઘવારી ધ્યાને લઇએ તો પણ રુપિયા 10.75 નો ભાવ ત્રણ વર્ષ માટે કયા આધારે નકકી કરેલ છે તે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(5) (3)નોંધ ઉપરના આદેશ મુજબ પાર્ટી પાસે બાંયેધરી લેવાની રહે છે પરંતુ આવી લીધેલ બાંયેધરી ફાઇલમાં ઉપલબ્ધ નથી ફકત યુનિ.ના તારીખ–15-06-09 ના પાર્ટીને આપેલ પત્રમાં જણાવવા ત્રણ વર્ષ માટે (2009-2010,2010-2011,2011-2012) ઉતરવહી ઉપાડવાની કામગીરીનો ઉલ્લેખ છે તો પાર્ટી પાસેથી લીધેલ બાંયેધરી/ કરાર કરવામાં આવેલ હોય તો તેની નકલ રજુ કરવા વિનંતી છે.

(5) (4)ફાઇલમાં નાણાંકીય વર્ષ 09-10 દરમ્યાન તા–29-12-09 થી 04–01-10 સુધીમાં29,720 કિ.ગ્રા.પસ્તીનુ વેચાણ કરી રુપિયા 3,19,492/- ની આવક મેળવેલ છે આમ અંદાજે 60,000 કિ.ગ્રા.ના બદલે 29,720 કિ.ગ્રા.પસ્તીનું જ વેચાણ થયેલ

છે જે અંગેનુ પ્રમાણપત્ર ડી.એસ.જી. પેપર્સ પ્રા.લિ.તા–5-5-10 પતીયાલાની ફાઇલમાં ઉપલબ્ધ છે તો 60,000 કિ.ગ્રા. ના બદલે 29,720 એટલે કે 30,280 કિ.ગ્રા.પસ્તી ઓછી વેચાણ થવા અંગે સ્પષ્ટતા થવા વિનંતી છે.

ઓડીટ વર્ષ 10-11 માં વેચાણ થયેલ પસ્તીની કોઇ વિગતો રજુ થયેલ નથી ફાઇલમાં ઉપલબ્ધ નથી તો અંગેનુ રેકર્ડ રજુ ન કરવાના કારણો સહ ઓડીટમાં રજુ થવા વિનંતી.

સંસ્થાએ પ્રા.વાં.નં.91/ જવાબ કરેલ છે.જવાબ ફકરાને અનુરુપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

ફકરા નંબર–42

**કેમેસ્ટ્રી વિભાગમાંસ્ટોર સ્ટોક રજીસ્ટરોમાં સિલક ના કાઢવા તથા અન્ય અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને–2010-11 નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા ના કેમેસ્ટ્રી વિભાગતરફથી રજુ કરવામાં આવેલ રેકર્ડની ચકાસણી કરતાં જણાયેલ છે કે કેમેસ્ટ્રી વિભાગમાં કેમીકલ્સ તથા ગ્લાસવેર બે પ્રકારનાં અલગ અલગ સ્ટોક રજીસ્ટર નિભાવવામાં આવેલ છે.

આ બાબતે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(1) સ્ટોક રજીસ્ટરોમાં ખરીદી સ્ટોકની જમાં અંગેની નોંધ કરવામાં આવે છે પણ કરેલ ખરીદી અંગેની માલની વિગત જેવી કે જથ્થો,દર કુલ કિંમત વિગેરે રજીસ્ટરમાં ન લખાતી હોવાથી ખરેખર જે તે માલ.વિગત મુજબનો જમાં લીધાની ખાતરી થઇ શકેલ નથી.

(2) સ્ટોક રજીસ્ટરોમાં ખરીદીના COST UNIT લખાય છે પણ ખર્ચનું ટોટલ કરવામાં આવતું નથી.જેના કારણે ખરેખર બીલ મુજબનો માલ જમાં લીધાની ખાતરી થઇ શકેલ નથી

(3) સ્ટોક રજીસ્ટરોમાં ઇસ્યુ સ્લીપ નંબર કે તારીખ લખવામાં આવતી નથી જેના કારણે ઇસ્યુ કરેલ માલ ખરેખર ઇસ્યુ મુજબનો જ ઇસ્યુ થયા બાબતની ખાતરી થઇ શકેલ નથી. ઇસ્યુ સ્લીપો પણ રજુ કરવામાં આવેલ નથી.

(4) સ્ટોક રજીસ્ટરોમાં ઉઘડતી સિલક જે તે તારીખની સિલક તથા બંધ સિલક દર્શાવવામાં આવતી નથી બંધ સિલક ન દર્શાવવાના કારણે ખરેખર સ્ટોક અંગેની પરિસ્થિતિ જાણી શકાતી નથી તદ્દ ઉપરાંત ખરેખર કેટલો સ્ટોક હોવો જોઇએ અને કેટલો સ્ટોક છે તે બાબતની ચકાસણી શકય બનતી નથી.ચાર્જની લેવડ દેવડ દરમ્યાન પણ પ્રશ્નો અંગેની પણ ખાતરી થઈ શકેલ નથી

(6) નિયમોનુસાર સ્ટોર સ્ટોકની ઓચિંત ચકાસણી તથા વર્ષના અંતે ભૌતિક ચકાસણી કરી સ્ટોર સ્ટોક રજીસ્ટરમાં દર્શાવેલ બંધ સિલક જથ્થો સ્ટોક મળી રહે છે તેવું પ્રમાણપત્ર આપવાનું રહે છે.પરંતુ છેલ્લા ચાર-પાંચ વર્ષથી આવું પ્રમાણપત્ર અપાયેલ નથી.જેના કારણે આવેલ વધ કે ઘટ અંગેની ખાતરી થઈ શકેલ નથી.

(7) ભવન તરફથી હિસાબી શાખામાં મોકલવાના બીલોનું રજીસ્ટર નિભાવવામાં આવતું ન હોવાથી કેમેસ્ટ્રી વિભાગનું મંજુર થયેલ ખર્ચની વિગતો જાણી શકાતી નથી.તેમજ કેટલી મર્યાદામાં ખર્ચ કરેલ છે.એટલે કે ખર્ચ વધારે થયો કે ઓછો થયેલ છે તેની કોઇ માહીતી મળી શકે તેમ ન હોવાથી ઉકત સંદર્ભમાં પણ ખાતરી

થઇ શકેલ નથી. વધુમાં હિસાબી શાખામાં નધિાયેલ ખર્ચ જેટલી તમામ ચીજ વસ્તુઓ રજીસ્ટરમાં જમા થયાની ખાતરી થતી નથી.

ઉક્ત સંદર્ભમાં સ્પષ્ટતા તથા ખાતરી ઓડીટે કરવવી ઘટે.આ બાબતમાં જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રાથમિક વાધાનંબર 89/ નો સંસ્થા તરફથી જવાબ રજુ થયેલ છે.ઉક્તવિગતે કાર્યવાહી પુર્ણ કરાવી પુર્તતા કરવી ઘટે.

**ફકરા નંબર-43**

**ફિઝિક્સવિભાગમાં સ્ટોર સ્ટોક રજીસ્ટરોમાં સિલક ના કાઢવા તથા અન્ય અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11નાં અન્વેષણ દરમ્યાન સંસ્થા ના ફિઝિક્સ વિભાગતરફથી રજુ કરવામાં આવેલ રેકર્ડની ચકાસણી કરતાં જણાયેલ છે કે ફિઝિક્સ વિભાગમાં ઈક્યુપમેન્ટ સ્ટોક રજીસ્ટર નિભાવવામાં આવેલ છે.

આ બાબતે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(1) સ્ટોક રજીસ્ટરોમાં ખરીદી સ્ટોકની જમાં અંગેની નોંધ કરવામાં આવે છે પણ કરેલ ખરીદી અંગેની માલની વિગત જેવી કે જથ્થો,દર કુલ કિંમત વિગેરે રજીસ્ટરમાં ન લખાતી હોવાથી ખરેખર જે તે માલ વિગત મુજબનો જમાં લીધાની ખાતરી થઇ શકેલ નથી.

(2) સ્ટોક રજીસ્ટરોમાં ખરીદીના COST UNIT લખાય છે પણ ખર્ચનું ટોટલ કરવામાં આવતું નથી.જેના કારણે ખરેખર બીલ મુજબનો માલ જમાં લીધાની ખાતરી થઇ શકેલ નથી

(3) સ્ટોક રજીસ્ટરોમાં ઇસ્યું સ્લીપ નંબર કે તારખ લખવામાં આવતી નથી જેના કારણે ઇસ્યુ કરેલ માલ ખરેખર ઇસ્યુ મુજબનો જ ઇસ્યુ થયા બાબતની ખાતરી થઇ શકેલ નથી. ઇસ્યુ સ્લીપો પણ રજુ કરવામાં આવેલ નથી.

(4) સ્ટોક રજીસ્ટરોમાં ઉઘડતી સિલક જે તે તારીખની સિલક તથા બંધ સિલક દર્શાવવામાં આવતી નથી બંધ સિલક ન દર્શાવવાના કારણે ખરેખર સ્ટોક અંગેની પરિસ્થિતિ જાણી શકાતી નથી તદ ઉપરાંત ખરેખર કેટલો સ્ટોક હોવો જોઇએ અને કેટલો સ્ટોક છે તે બાબતની ચકાસણી શકય બનતી નથી.ચાર્જની લેવડ દેવડ દરમ્યાન પણ પ્રશ્નો અંગેની પણ ખાતરી થઈ શકેલ નથી

(6) નિયમોનુસાર સ્ટોર સ્ટોકની ઓચિંત ચકાસણી તથા વર્ષના અંતે ભૌતિક ચકાસણી કરી સ્ટોર સ્ટોક રજીસ્ટરમાં દર્શાવેલ બંધ સિલક જથ્થો સ્ટોક મળી રહે છે તેવું પ્રમાણપત્ર આપવાનું રહે છે.પરંતુ છેલ્લા ચાર-પાંચ વર્ષથી આવું પ્રમાણપત્ર અપાયેલ નથી.જેના કારણે આવેલ વધ કે ઘટ અંગેની ખાતરી થઈ શકેલ નથી.

(7) ભવન તરફથી હિસાબી શાખામાં મોકલવાના બીલોનું રજીસ્ટર નિભાવવામાં આવતું ન હોવાથી કેમેસ્ટ્રી વિભાગનું મંજુર થયેલ ખર્ચની વિગતો જાણી શકાતી નથી.તેમજ કેટલી મર્યાદામાં ખર્ચ કરેલ છે.એટલે કે ખર્ચ વધારે થયો કે ઓછો થયેલ છે તેની કોઇ માહીતી મળી શકે તેમ ન હોવાથી ઉકત સંદર્ભમાં પણ ખાતરી

થઇ શકેલ નથી. વધુમાં હિસાબી શાખામાં નધિાયેલ ખર્ચ જેટલી તમામ ચીજ વસ્તુઓ રજીસ્ટરમાં જમા થયાની ખાતરી થતી નથી.

ઉક્ત સંદર્ભમાં સ્પષ્ટતા તથા ખાતરી ઓડીટે કરવવી ઘટે. આ બાબતમાં સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાં.નં.90/ જવાબ કરેલ છે. જવાબ ફકરાને અનુરુપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

## ફકરા નંબર-44

**બેન્ક મેળવણાં પત્રકમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાંનાણાકીય વર્ષ-2010-11હિસાબોના ઓડિટ દરમ્યાન ધ્યાને આવેલ છે કે યુનિવર્સિટી દવારા નીચે દર્શાવ્યાં મુજબનાં બેન્કમાં ખાતાઓ રાખવામાં આવેલ છે.અને તેની યુનિવર્સિટીના લેજર મુજબ અને બેન્ક સ્ટેટમેન્ટ મુજબ નીચેની વિગતે તફાવત આવે છે.

| અ નં. | ખાતાનું નામ | લેજર મજબ સિલક | બેન્ક સ્ટેટમેન્ટ મુજબ સિલક | તફાવત |
|---|---|---|---|---|
| 1 | સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા જનરલ ફંડ | 1,68,32,919-30 | 4,90,10,874-69 | 3,21,77,955-39 |
| 2 | ઈ આર ડી એફ એસ બી આઇ (બચત ખાતું) | 3,02,24,033-92 | 62,250-97 | 3,01,61,782-95 |
| 3 | સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા જનરલ ફંડ બી.એડ.એડમીની | 85,11,235-00 | ઉપલબ્ધ નથી | ઉપલબ્ધ નથી |
| 4 | સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા ગ્રાન્ટ એકાઉન્ટ | -8,33,955-09 (જમા સિલક) | ઉપલબ્ધ નથી | ઉપલબ્ધ નથી |

સામાન્ય નિયમો મુજબ દર માસે બેન્ક પાસેથી સ્ટેટમેન્ટ મેળવી/પાસબુક ભરાવી મેળવણું કરવાનું રહે છે.અને જો કોઇ તફાવત-ભૂલ હોય તો સત્વરે બેન્કને જાણ કરવાની રહે છે.કે જેથી બેન્ક દવારા સુધારણા નોંધ થઇ શકે અને જો કચેરી ખાતે કોઇ ભૂલ થયેલ હોય તો ભૂલની સુધારણા નોંધ થઇ શકે.

યુનિવર્સિટી દવારા દ્વિનોંધી નમા પધ્ધતિ મુજબ કોમ્પ્યુટર ઉપર હિસાબ રાખવામાં આવે છે.અને તેના આધારે બેન્ક લેજર તૈયાર થાય છે.બેન્ક પાસેથી સોફટ કોપીમાં બેન્ક મુજબની વિગતો મેળવી કોમ્પ્યુટર પોગ્રામ દવારા મેચ-અનમેચ ની વિગતો કાઢવામાં આવે છે.અનમેચની વિગતોમાં બેન્કની રકમ અને લેજર રકમ દર્શાવાય છે અન્ય કોઇ વિગતો ઉપલબ્ધ બનતી નથી.ચેક નંબર લખવામાં ભૂલ રકમ લખવામાં બેક દવારા/યુનિવર્સિટી દવારા થયેલ ભૂલ બેન્ક દવારા જમા-ઉધાર ના થયેલ રકમ વિગેરે બાબતો અનમેચ તરીકે દર્શાવવામાં આવે છે.યુનિવર્સિટી દવારા જમા કરાવેલ અને બેન્ક દવારા જમા ના આપેલ રકમ.યુનિવર્સિટી દવારા લખાયેલ

(377)



પરંતુ બેન્કમાંરજુ ના થયા હોય તેવી કોઇ સ્પષ્ટ વિગતો ઉપલબ્ધ બનતી નથી. આ અંગેનીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| - | કેશબુક (લેજર)મુજબ સિલક | 1,68,32,919-30 |
| - | બેન્ક સ્ટેટમેન્ટ મુજબ સિલક | 4,90,10874-69 |
| - | તફાવત | 3,21,77,955-39 |

(1)યુનિવર્સિટી દવારા તારીખ-31-03-2011 ના રોજ અનમેચ રજીસ્ટર મુજબ નીચે મુજબ મેળવણું કરેલ છે. અનમેચ ચેક ફાઇલ જમા રકમ 12,62,27,282-26 અને ઉધાર રકમ 22,87,63,391-89 દર્શાવતા તફાવત રુપિયા 10,25,36,109-63 નોરહે છે. આ અંગે અનમેચ બેન્ક ફાઇલમાં ઉધાર રુપિયા 4,90,91,244-64 ની અને જમા રુપિયા 18,37,65,313-46 ની રકમો તારીખ-28-02-05 થી તારીખ-31-03-11 સુધીની એટલે કે છ વર્ષના સમયથી બાકી ખેંચાય છે. આ રકમો પૈકી સામેલ પરિશિષ્ટ-12માં નમૂના રુપ મોટી રકમો કઇ તારીખની બાકી ખેંચાય છે તે દર્શાવેલ છે. તો આ અનમેચ રકમો લાંબા સમયથી ખેંચાય છે તેની વિગતો મેળવી. યોગ્ય કોડમાં જમા-ઉધાર કરી અથવા બેન્કની ક્ષતિ હોય તો સુધારાવી મેળવણું કરવા વિનંતી છે. ( પરિશિષ્ટ-12ની વિગત. )

| | | |
|---|---|---|
| અ | જમા રકમ (અનમેચ)ચેક ફાઇલ | 12,62,27,282-26 |
| - | ઉધાર રકમ (અનમેચ)ચેક ફાઇલ | 22,87,63,391-89 |
| - | તફાવત | 10,25,36,109-63 |

| | | |
|---|---|---|
| બ | જમા રકમ (અનમેચ) બેન્ક ફાઇલ | 18,37,65,313-46 |
| - | ઉધાર રકમ (અનમેચ) બેન્ક ફાઇલ | 4,90,91,248-64 |
| - | તફાવત | 13,46,74,064-82 |

| | | |
|---|---|---|
| | ચોખ્ખો તફાવત અ - બ | 3,21,37,955-19 |

111

ઉપરોક્ત વિગતે ચોખ્ખો તફાવત રુપિયા 3,21,37,955-19 આવે છે પરંતુ ખરેખર ચેક ફાઇલ અને બેન્ક ફાઇલ બંન્નેમાં તફાવત આવતો હોઇ કુલ તફાવત રુપિયા 23,72,10,174-45 નો ગણાય.

(2)તારીખ–31-03-11 નું બેન્ક મેળવણુંતારીખ–06-07-12 ના રોજ કરેલ છે.તેમાં અનમેચ રકમના 90 પાના છે.અને 39 પાના કચેરી ફાઇલના છે.આમ આટલી બધી રકમોમાં તફાવત આવે છે.અને વર્ષો સુધી તેનું મેળવણું કરી,ભૂલ સુધારણા ના કરવાથી બેન્ક મેળવણાનો અર્થ રહેતો નથી.લાંબા સમયે રેકર્ડ ઉપલબ્ધ ના બને,બેન્કમાં વિગતો ઉપલબ્ધ ના થાય.કોઇ વ્યકિતને વધુ રકમ ચુકવાઇ ગયેલ હોય તો તે રકમ પરત મેળવવામાં મુશ્કેલી ઉપસ્થિત થાય આ બાબતો નિવારવા દર માસે મેળવણું કરી જયાં કોઇ,જે કોઇ ભૂલ હોય તે સુધારી લેવાની પ્રથા અપનાવવા ઓડીટ સુચન છે. તથા તારીખ–31-03-11 પહેલાંની તમામ નોંધોની સુધારણાં નોંધ કરી બેન્કમાં જરુરી હોય તો સુધારા કરાવી ઓડીટને જાણ કરવા વિનંતી છે.

લાંબા સમય સુધી બેન્ક મેળવણાં ન થવાથી જો કોઇ નાણાંકીય અનિયમિતતા /ગેરરીતી થયેલ હોય તો તે ધ્યાને આવી શકે નહી અને ગેરરીતી/અનિયમિતતા ચાલુ રહેવાની સંભાવના રહે છે તો આ અંગે ચકાસણી કરી સ્પષ્ટતા સહ પુર્તતા થવા વિનંતી છે.

(3)ઉપરોક્ત ચારેય ખાતાની બેન્ક મુજબ તારીખ–31-03-2011 ના રોજની બંધ સિલકનું બેન્ક પ્રમાણપત્ર મેળવી આગામી ઓડીટમાં રજુ થવા વિનંતી છે.નાણાંકીય વર્ષનાં અંતે બેન્કમાં રહેલ સિલક અંગેનું સંબંધિત બેન્કનું બેલેન્સ સર્ટીફિકેટ મેળવી ઓડીટમાં રજુ કરવા વિનંતી છે.

(4)સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા બી.એડ.એડમીન ના ખાતાની તથા સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા ગ્રાન્ટ એકાઉન્ટના બેન્ક સ્ટેટમેન્ટ/પાસબુક રજુ થયેલ નથી તે અંગે સ્પષ્ટતા કરી આગામી ઓડીટમાં રજુ થવા વિનંતી

(5)સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા ગ્રાન્ટ એકાઉન્ટમાં તારીખ 31-03-11 ના રોજ યુવિર્સિટીના લેજર મુજબ રુપિયા 8,33,955-09 જમા સિલક એટલે કે ઓવર ડ્રાફટ આવે છે. તો આ અંગે સ્પષ્ટતા થવા વિનંતી છે

સંસ્થાએ પ્રા.વાં.નં.110/ જવાબ કરેલ છે.જવાબ ફકરાને અનુરૂપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.તેથી સ્પષ્ટતા સહ પુર્તતા થવી ઘટે.

## પરિશિષ્ટ–12ફકરા નંબર–44

### બેન્ક મેળવણાં પત્રકમાં(અનમેચ)માં લાંબા સમયથી બાકી ખેંચાતી રકમની નમૂના રૂપ વિગત દર્શાવતું પત્રક

| અ નં | બેન્કની સીરીયલ નં | તારીખ | રકમ ઉધાર | રકમ જમા |
|---|---|---|---|---|
| 1 | 50 | 02-06-08 | 4,94,000/- | - |
| 2 | 297 | 03-07-09 | 2,91,420/- | - |
| 3 | 117 | 04-03-09 | 5,17,019/- | - |
| 4 | 472 | 10-01-10 | 6,06,981/- | - |
| 5 | 811 | 17-02-09 | 12,47,594/- | - |
| 6 | 1524 | 19-04-10 | 3,93,07,710/- | - |
| 7 | 1349 | 15-02-09 | 15,97,680/- | - |
| 8 | 1942 | 28-07-09 | 9,14,686/- | - |
| 9 | 851 | 16-11-10 | - | 2,00,000/- |
| 10 | 1448 | 22-12-10 | - | 2,50,000/- |
| 11 | 1198 | 21-09-10 | - | 2,20,600/- |
| 12 | 426 | 06-04-10 | - | 4,00,000/- |
| 13 | 958 | 26-08-10 | - | 5,04,591/- |
| 14 | 20 | 01-08-09 | - | 21,79,404/- |
| 15 | 54 | 03-10-08 | - | 2,51,73,716/- |

113

ફકરા નંબર–45

**યુનિવર્સિટીનો પ્રેસ બંધ કરવા બાબત તથા રેકર્ડ રજુ કરવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાંનાણાકીય વર્ષ–2010-11ઓડિટ દરમ્યાન યુનિવર્સિટી પ્રેસ માટે એકિઝીકયુટીવ કાઉન્સીલની તારીખ–24-03-10 ની બેઠકમાં બાબત ક્રમાંક 6 થી થયેલ ઠરાવ મુજબ બી.એડ.સેલ્ફ ફાયનાન્સ,કોર્સીસ એકસ્ટનલ અને રેગ્યુલર વિધાર્થીઓની સંખ્યામાં વધારો થયેલ છે.આ સિવાય એન્જીનીયર,ફાર્મસી,એમ.બી.એ.,એમ.સી.એ.,મેડીકલ અને પેરામેડીકલ કોર્સીસ જેવી બાન્ચોમાં50 થી 500 સુધી વિધાર્થીઓની સંખ્યા હોય છે.આવા ઓછી સંખ્યા વાળા વિધાર્થીઓની પરીક્ષાના પ્રશ્નપત્રો પ્રેસમાં છપાવવા નિર્ણય થયેલ હોવા છતાં પ્રેસમાં આ કામગીરી થયેલ નથી.પ્રેસમાં છાપકામની કોઇ કામગીરી ચાલતી નથી.ફકત ઝેરોક્ષની કામગીરી ચાલે છે.અને તેથી તાત્કાલિક અસરથી પ્રેસ બંધ કરવાનો નિર્ણય લેવાયેલ છે.અને પ્રેસ મેનેજરશ્રીને છૂટા કરવા તથા અન્ય કર્મચારીઓને યુનિવર્સિટીની અન્ય શાખા,વિભાગોમાં ફાળવવા નિર્ણય લેવાયેલ છે.આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(1)ગુજરાત યુનિવર્સિટીના પ્રેસ પાસે છાપકામના મશીનો,ઝેરોક્ષ અંગેની પણ કિંમતી મશીનો જે તે સમયે ઉપલબ્ધ હતાં તો આ કિંમતી સાધનો અંગે શું કાર્યવાહી કરવામાં આવી તેની ડેડ/સ્ટોક મશીન રજીસ્ટર સાથેની વિગતો રજુ કરવા વિનંતી છે.

(2)પ્રેસ બંધ કરવામાં આવ્યો તે તારીખ તથા તે તારીખે પ્રેસ પાસે ઉપલબ્ધ જુદાજુદા પ્રકારના કાગળો તથા અન્ય પ્રેસની કામગીરીમાં રોજબરોજની વપરાશી ચીજ વસ્તુઓ અંગે શું કાર્યવાહી કરી,તેના સ્ટોર સ્ટોક,અને વપરાશની માહિતી સંબંધિત રજીસ્ટર સાથે ઓડીટમાં રજુ કરવા વિનંતી છે.

(3)ગુજરાત યુનિવર્સિટીના ઓડીટ દરમ્યાન પ્રેસ દવારા રજુ કરવામાં આવેલ રેકર્ડ મુજબ જુદા જુદા વિભાગો દવારા જોબકામ પ્રેસને સોંપતા અંદાજે 1100 જેવી જોબ વર્ક થયેલ છે.પણ આ અંગેના જોબ ફોર્મ કે જોબ અંગેનું રેકર્ડ રજુ થયેલ નથી અને તેથી ચકાસણી શકય બનેલ નથી તો સદરહુ રેકર્ડ ઓડીટમાં રજુ થવા વનંતી છે.

(4)નાણાકીય વર્ષ 2010-11 દરમ્યાન પ્રેસ અંગેના પગાર ભથ્થા તથા અન્ય ખર્ચ પ્રકાશન વિભાગ હેઠળ ઉધારવામાં આવેલ હોઇ આ અંગે કેટલો ખર્ચ થયેલ છે તેની માહીતી પણ રજુ થવા વિનંતી છે.

સંસ્થાએ પ્રા.વાં.નં.109/ જવાબ કરેલ નથી.

(381)



## ફકરા નંબર-46

### (અ)પરીક્ષાને લગતું રેકર્ડ રજુ ન થવા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાં સને-2010-11 નાં અન્વેષણ દરમ્યાન પરીક્ષાને લગતું રેકર્ડ રજુ કરવા માટે મૌખિક વિનંતી કરવામાં આવેલ છે.પ્રાથમિક વાંધા દવારા રેકર્ડ માંગવામાં આવેલ છે.ઓડીટર દવારા તથા મદદનીશ સહાયક નિરીક્ષકશ્રી દવારા પરીક્ષા નિયામકશ્રીને વ્યકિતગત મળી રેકર્ડ રજુ કરવા વિનંતી કરવામાં આવેલ છે.તેમ છતાં પરીક્ષાને લગતુ નીચે મુજબનું રેકર્ડ ઓડીટ પૂર્ણ થતાં સુધી ઓડીટમાં રજુ થયેલ નથી.

| અ નં | ખર્ચની વિગત | ખર્ચની રકમ |
|---|---|---|
| 1 | પરીક્ષકો અંગેના મુસાફરી ભથ્થા<br>પરીક્ષકોની નિમણૂક અને તેઓ દવારા કરેલ કાર્યવાહીની વિગતો. | 41,24,009/- |
| 2 | પરીક્ષા દેખરેખ ખર્ચ<br>આ અંગે થયેલ નિમણુકો.સ્કોર્ડની માહિતી,મળવાપાત્ર ખર્ચની વિગત,કેન્દ્રોની વિગત. | 1,23,25,494/- |
| 3 | પરીક્ષા પ્રશ્નપત્રની છપામણી<br>પ્રશ્નપત છપામણી અંગે કરેલ કાર્યવાહીની નામ સરનામા સિવાયની કરારની શરતો સાથેની વિગતો તથા જે પશ્નપત્રો છપાવેલ છે તેમાં વિધાર્થીઓની સંખ્યા, સેન્ટરની વિગતો,કયા સેન્ટર પર કેટલા પ્રશ્નપત્રો અને કેટલા પેકેટો વિગેર મોકલવાના હતા તેની વિગતો. | 1,56,95,821/- |
| 4 | પરીક્ષા ઉત્તરવહીઓ<br>ઉત્તરવહીઓની છપામણી માટે કરેલ કાર્યવાહી, અપનાવેલ ખરીદ પધ્ધતિ,વિધાર્થીઓની સંખ્યા,કેન્દ્રોની વિગત,વપરાયેલ ઉત્તરવહીની સંખ્યા,પરીક્ષાબાદ વધેલ ઉત્તરવહીઓ,પરત મેળવેલની વિગતો તેમજ અગાઉના વર્ષની વપરાયેલ ઉત્તરવહીઓના નીકાલની વિગતો | 1,55,41,464/- |
| 5 | પ્રાયોગિક પરીક્ષા માટે મદદનીશોના મહેનતાણાનો ખર્ચ<br>આ અંગે પ્રાયોગિક પરીક્ષા કેન્દ્રોની નિમાયેલ હોય તેની વિગત.પરીક્ષા ઇન્ચાર્જ કેન્દ્ર.કેન્દ્ર ઇન્ચાર્જ તથા મદદનીશોને ચૂકવવાના મહેનતાણાના દર તથા લેવાયેલ પરીક્ષાની તારીખોની વિગત. | 96,15,406/- |
| 6 | કેન્દ્રો ઉપર પરીક્ષા સંચાલન ખર્ચ<br>કેન્દ્રોની વિગતો પરીક્ષા સંચાલન અંગે જે કઇ સૂચનાઓ હોય તે સૂચનાઓ નિયમો.ઠરાવો,મળવાપાત્ર ખર્ચની વિગત | 99,78,506/- |
| 7 | પરીક્ષા ફોર્મ નંબર | /1,42,128/- |

| | | |
|---|---|---|
| | આ કામગીરી માટે કરવામાં આવેલ નિમણુકો, છપાવવામાં આવેલ સાહિત્ય અને તેના ખર્ચની વિગત, બારકોડની વિગત, કોમ્પ્યુટર ખર્ચ, આ અંગે કોઇ કરાર કરવામાં આવેલ તેની વિગત. | |
| 8 | ભાડે રાખેલ ગાડીઓની વિગત. ગાડીઓ ભાડે રાખવા અંગે અપનાવેલ ખરીદ પધ્ધતિ, જે પાર્ટી પાસેથી ગાડી રાખલ છે તેનો કરાર, ગાડી ફાળવણી અંગે થયેલ નિમણુકો. પશ્નપત્રો પહોંચાડવા તેમજ ઉત્તરવહી પહોંચાડવા, સ્કોર્ડ કે અન્ય કામ માટે ગાડી ભાડે રાખેલ હોય તે અંગે રાખવામાં આવેલ રજીસ્ટર વિગેરે. | 46,26,184/- |
| | કુલ– | 7,90,49,012 |

**(બ)ટેક્ષી કાર એડવાન્સ સદરે ગંગા ટ્રાવેલ્સને ચુકવેલ એડવાન્સની વિગતો રજુ ન કરવા બાબત**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને–2010-11ના વર્ષનું અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ રેકર્ડ આંધારીત ચકાસણી કરતાં સંસ્થાએ યુનિવર્સિટીની પરીક્ષાઓ દરમ્યાન પેટ્રોલ તથા ડીઝલ ટેક્ષીઓ ભાડેથી રાખવા માટે ગંગા ટ્રાવેલ્સને કોન્ટ્રાકટ આપેલ હોવાનું જણાયેલ છે.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને–2010-11ના વર્ષમાં ગંગા ટ્રાવેલ્સને કોડ નંબર 9326000માં કુલ રુપિયા 46,26,184/-નો ખર્ચ ઉધારવામાં આવેલ છે. આ વર્ષમાં અંગાઉ આપેલ એડવાન્સ સરભર કરવામાં આવેલ છે. એડવાન્સ રજીસ્ટર જોતા તેમાં આ બાબતની કોઇ નોંધો કરવામાં આવેલ નથી. તો આ બાબતે અલગથી રેકર્ડ નિભાવી ઓડીટમાંરજુ થવું ઘટે.

ઓડીટની વધું ચકાસણી અર્થે નીચે જણાવેલ વિગતે માહિતી તથા સદર બાબતનું રેકર્ડ આગામી ઓડીટમાં રજુ થવું ઘટે.

(1) સને–2009-2010 અગાઉ ના વર્ષનું સરભર કરવાનું બાકી એડવાન્સની રકમ

(2) સને–2010-2011 માંઆપેલ એડવાન્સની રકમ

(3)કુલ એડવાન્સની રકમ

(4)સને–2010-2011 માંસરભર કરેલ એડવાન્સની રકમ

(5)સને–2010-2011 માંસરભર કરવાની બાકી એડવાન્સની રકમ

(6) ગંગા ટ્રાવેલ્સ સાથે કોન્ટ્રાકટ કરતાં અગાઉ સરકારશ્રીના પ્રવર્તમાન ઠરાવ મુજબ રુપિયા 10,00,000/- કરતાં વધું ખર્ચ હોઇ કરેલ ઈ ટેન્ડરીંગ ની ફાઇલ,ટેન્ડર રજીસ્ટર,વેચાણ થયેલ અને ભરાઇને આવેલ ટેન્ડરની અસલ ફાઇલ

(7) ગંગા ટ્રાવેલ્સ સાથે કરેલ કરારની ફાઇલ

(8) પરીક્ષાની તારીખો દરમ્યાન ઉપયોગમાં લીધેલ ટેક્ષી વિગેરે કઇ તારીખે કેટલા વાહન કોના દવારા કયા નંબરની લીધેલ અને તે વાહનોની ઉપયોગમાં લેતાં પહેલાં નોંધવામાં આવેલ ડીપોઝીટ તથા ઉપયોગ બાદ વાહનો છૂટા કરતાં સમયે નોંધવામાં આવેલ ડીપોઝીટ તથા ભાડા ના દર મુજબની બાબતોની ચકાસણી કેવી રીતે કરેલ છે ? તે તમામ અસલ દફતર.

સંસ્થા તરફથી ફકત ક્રમ નંબર 4 તથા 8 નુંજુદ્દુ જુદુ રેકર્ડ રજુ કરવામાં આવેલ છે.પરંતુ તમામ રેકર્ડ એક સાથે રજુ થયેલ ન હોઇ આગામી ઓડીટમાં રજુ થવા વિનંતી.રેકર્ડ રજુ થતાં સુધી થયેલ ખર્ચ રુપિયા 7,90,49,012/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.વધુમાંતારીખ–12-02-15 નાં રોજ ચર્ચા દરમ્યાન ચર્ચા મુજબનો જવાબ તથા રેકર્ડ હવે પછી જવાબ રજુ કરવામાં આવશે પણ રજુ કરવામાં આવેલ નથી.

વાંધા હેઠળ રકમ રુપિયા 7,90,49,012/-

ફકરા નંબર-47

**યુનિવર્સિટીના પાકા સરવૈયામાં દર્શાવેલ રુપિયા 11.24 કરોડની મિલ્કતનું મિલકત રજીસ્ટર ન રાખવા તથા અન્ય રેકર્ડ રજુ ન કરવા બાબત**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાંનાણાકિય વર્ષ-2010-11ઓડિટ દરમ્યાન પ્રા.વા.નં-50 તારીખ-20-09-14 થી મિલકતો અંગેની માહિતી/મિલકત રજીસ્ટર રજુ કરવા જણાવવામાં આવેલ હતુ પરંતુ ઓડીટ પુર્ણ થતા સુધીનીચે દર્શાવ્યા મુજબની વિગતો રજુ થયેલ નથી.

યુનિવર્સિટીના તારીખ-31-03-11 ના પાકા સરવૈયામાં વર્ષોવર્ષની ઘસારાની રકમ બાદ કર્યા બાદ મિલકત તરીકે રુપિયા 11,24,32,291-28 દર્શાવેલ છે. સદરહુ મિકતોમાં સ્થાવર મિલકતો-ફર્નિચર ફિકચર્સ તથા સરંજામ, સાધન-સામગ્રી વગેરે દર્શાવેલ છે. પરંતુ સદરહુ મિલકતોના ઉપયોગ અંગેની કોઇ વિગતો ઉપલબ્ધ થતી નથી. નીચે દર્શાવ્યા મુજબની માહિતી ઓડિટમાંરજુ થયેલ નથી.

(1) સદરહું મિલકત પૈકી કોર્મસીયલ મિલકત, શૈક્ષણિક મિલકતો અને તેના ઉપયોગની વિગતો તથા આ મિલકતો પૈકી કોઇ મિલકતો ભાડેથી, લીઝ એન્ડ લાયસન્સ કે અન્ય કોઇ રીતે ભાડા કરાર કરીને ભાડેઆપેલ હોય તો તેની સંપૂર્ણ વિગતો

(2) સદરહું મિલકત પૈકી ખુલ્લી જમીનની વિગત તથા તેના વપરાશની અને જો સદરહુ મિલકત વણવપરાયેલ રહેતી હોય તો તેની વિગતો.

(3) યુનિવર્સિટીની માલિકીની હોસ્ટેલોની વિગત અને તેમાં હોસ્ટેલમાં રુમોની સંખ્યા અને આ રુમો પૈકી કેટલી રુમો નાણાકીય વર્ષ દરમ્યાન વિધાર્થીઓને ફાળવેલ હતી અને કેટલી રુમો ખાલી હતી ? સદરહુ રુમો પૈકી ખાલી રુમો કયા કારણસર વિધાર્થીઓને ફાળવવામાં આવેલ નથી ? જો રુમોમાં રીનોવેશનની જરુરિયાત હોય અને તેને કારણે ન ફાળવવામાં આવી હોય તો તેની વિગતો

(4) યુનિવર્સિટીએ પાસે પોતાના કર્મચારી અધિકારીઓ માટે કવાર્ટસ પણ બનાવેલ છે. આ કવાર્ટસ પૈકી ભરાયેલ કવાર્ટસ અને ખાલી કવાર્ટસની વિગત તથા કવાર્ટસ જો ખાલી રહેલ તો કયા કારણોસર ખાલી રહેલ છે તેની વિગતો

(5) યુનિવર્સિટીના કુલપતિશ્રીનો બંગલો, કુલસચિવશ્રી અધ્યક્ષશ્રીનો બંગલો જેવી અન્ય કોઇ મિલકત હોય તો તેની પણ વિગતો અને ફાળવણીની વિગતો

(6) યુવિર્સિટી દવારા ખરીદવામાં આવેલ રુપિયા 1,00,000/- થી વધુ રકમના સાધન-સરંજામ લેબોરેટરીના સાધનો જેવી અન્ય કોઇ મિલકતો કે જેનો ઉપયોગ

ન થતો હોય તેની વિગતો અને જો વપરાશ થતો હોય તો તેનું પ્રમાણપત્ર રજુ કરવા વિનંતી છે.

સંસ્થાએ પ્રા.વાં.નં.50થી માંગવામાં આવેલ માહિતી ઓડીટ પૂર્ણ થતાં સુધી રજુ કરેલ નથી આગામી ઓડીટમાં સ્પષ્ટતા સહ રજુ કરવા વિનંતી છે.

ફકરા નંબર–48

**સંસ્થાના વાહનો અંગે નિભાવણીમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને–2010-11ના વર્ષનું અન્વેષણ આ પાર્ટી દવારા હાથ ધરાયેલ હોઇ અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ રેકર્ડ આંધારિત ચકાસણી કરતા સંસ્થાએ આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ–14 માંજણાવેલ વિગતે વાહનો પાછળ કુલ રૂ. –3,01,647/- નો ખર્ચ થયાનું ધ્યાને આવેલ હતો.જેનો કોડ નંબર 4611000છે.જે બાબતે નીચે મુજબની ઓડિટ નોંધ આપવામાં આવે છે.

યુનિવર્સિટી પાસે નાણાંકીય વર્ષ દરમ્યાન વાહન નં1354, 4232, 4260, 6421 ઉપલબ્ધ હોવાનું પેટોલ ડીઝલ રીપેરીંગના બીલ ઉપરથી જણાય છે.પેટ્રોલ–ડીઝલ માટે પેટ્રોલ પંપ ઉપર ખાતા ખોલાવેલ છે આ અંગેનુંરેકર્ડ રજુ કરવા જણાવેલ હતું ત્યારબાદ વખતોવખત પણ જણાવવામાં આવેલ હતું.તેમ છતાં સંસ્થા તરફથી ફકત પેટ્રોલ રજીસ્ટર જ રજુ થયેલ છે. ગાડીની લોગબુકો હીસ્ટ્રીશીટ વાહના વીમા અંગેનું કોઇ રેકર્ડ રજુ થયેલ નથી.

સંસ્થાએ સને–2010-11 માંરૂ. 3,01,647/- નો ખર્ચ કરેલ હતો આ ખર્ચ બાબતે રેકર્ડ અધુરૂંરજુ કરતા ઓડિટ કક્ષાએ ખર્ચ બાબતે જે તે સમયે વાહનો કોની મંજૂરીથી કયા હેતુ માટે કયા કર્મચારી કે અધિકારીશ્રી દારા ઉપયોગ કરવામાં આવેલ હતો તેની વિગત સહ સદર સમયગાળા દરમિયાન આ વાહનો પાછળ મરામત પેટે કેટલો ખર્ચ કરવામાં આવેલ હતો તે બાબતે વાહનોની હિસ્ટ્રીશીટ રજુ ન થવાના કારણે વિગતવાર જે તે વાહન મુજબ ખર્ચ અંગેની ચકાસણી થઈ શકેલ નથી

ઓડીટ વર્ષ દરમ્યાન કોઈ વાહન કંડમ કરી નિકાલ કરેલ હોય તો તેને લગતી ફાઇલ રજુ કરવી અથવા સ્પષ્ટતા કરવી સંસ્થાને હસ્તકના કોઇ વાહનને અકસ્માત થયેલ હોય અને તેને આનુષાંગિક ખર્ચ થયેલ હોય તો તે રેકર્ડ રજુ થવું ઘટે.રેકર્ડ રજુ કરેલ નથી.

ઉકત બાબતે સંસ્થા તરફથી રેકર્ડ જવાબ રજુ થતાંસુધી થયેલ ખર્ચ રૂ. 3,01,647/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.પ્રાથમિક વાધાના સંસ્થા તરફથી કોઇ જવાબ રજુ થયેલ નથી

સંસ્થાએ પ્રા.વાં.નં.92/ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂ. 3,01,647/-

(૩૬૨)



## પરિશિષ્ટ–14 ફકરા નંબર–48

| અ નં | તારીખ | વાઉચર નંબર | વિગત | રકમ | ટેક્ષ IT |
|---|---|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 | 05 | 06 |
| 01 | 13-04-10 | 265 | Associated Petroleum Corporation A/c No-308/06/01 | 15,729 | પેટ્રોલ |
| 02 | 30-04-10 | 732 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 70 | પરચુરણ |
| 03 | 05-05-10 | 826 | Wilson Garage 1354 | 2,080 | રીપેરીંગ |
| 04 | 06-05-10 | 867 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 53 | પરચુરણ |
| 05 | 12-05-10 | 1046 | Associated Petroleum Corporation A/c No-308/06/01 | 20,959 | પેટ્રોલ |
| 06 | 12-05-10 | 1059 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 600 | વર્કશોપ પરચુરણ |
| 07 | 31-05-10 | 1378 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 490 | વર્કશોપ પરચુરણ |
| 08 | 08-06-10 | 1627 | Associated Petroleum Corporation A/c No-308/06/01 | 16,368 | પેટ્રોલ |
| 09 | 21-06-10 | 1782 | Aagam Motors 812 | 15,425 | રીપેરીંગ |
| 10 | 30-06-10 | 1933 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 7,500 | વર્કશોપ પરચુરણ |
| 11 | 09-07-10 | 2181 | Aagam Motors 812 | 12,500 | રીપેરીંગ |
| 12 | 13-07-10 | 2212 | Associated Petroleum Corporation A/c No-308/06/01 | 16,707 | પેટ્રોલ |
| 13 | 14-07-10 | 2227 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 325 | પરચુરણ |
| 14 | 31-07-10 | 2494 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 28,250 | રીપેરીંગ વર્કશોપ |
| 15 | 11-08-10 | 2898 | Associated Petroleum Corporation A/c No-308/06/01 | 12,698 | પેટ્રોલ |
| 16 | 07-09-10 | 3401 | Associated Petroleum Corporation A/c No-308/06/01 | 11,288 | પેટ્રોલ |
| 17 | 30-09-10 | 3863 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 4,915 | રીપેરીંગ વર્કશોપ |
| 18 | 30-09-10 | 3869 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 5,000 | રીપેરીંગ વર્કશોપ |
| 19 | 22-10-10 | 4335 | Associated Petroleum Corporation A/c No-308/06/01 | 15,596 | પેટ્રોલ |
| 20 | 10-11-10 | 4893 | Associated Petroleum Corporation A/c No-308/06/01 | 13,712 | પેટ્રોલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 21 | 30-11-10 | 5126 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 3,900 | રીપેરીંગ વર્કશોપ |
| 22 | 16-12-11 | 5604 | Associated Petroleum Corporation A/c No-308/06/01 | 11,170 | પેટ્રોલ |
| 23 | 06-01-11 | 6054 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 600 | રીપેરીંગ વર્કશોપ |
| 24 | 06-01-11 | 6057 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 3,245 | રીપેરીંગ વર્કશોપ |
| 25 | 11-01-11 | 6128 | Associated Petroleum Corporation A/c No-308/06/01 | 15,471 | પેટ્રોલ |
| 26 | 31-01-11 | 6541 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 5,745 | રીપેરીંગ વર્કશોપ |
| 27 | 01-02-11 | 6715 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 6,160 | રીપેરીંગ વર્કશોપ |
| 28 | 05-02-11 | 6830 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 2,744 | રીપેરીંગ વર્કશોપ |
| 29 | 18-02-11 | 7080 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 100 | રીપેરીંગ વર્કશોપ |
| 30 | 28-02-11 | 7291 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 9,004 | રીપેરીંગ વર્કશોપ |
| 31 | 05-03-11 | 7512 | Associated Petroleum Corporation A/c No-308/06/01 | 17,111 | પેટ્રોલ |
| 32 | 05-03-11 | 7526 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 1,475 | રીપેરીંગ વર્કશોપ |
| 33 | 31-03-11 | 8337 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 6,989 | રીપેરીંગ વર્કશોપ |
| 34 | 31-03-11 | 8571 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 1,475 | રીપેરીંગ વર્કશોપ |
| 35 | 31-03-11 | 8822 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 100 | રીપેરીંગ વર્કશોપ |
| 36 | 31-03-11 | 8926 | વાહનો પાછળ કરાયેલ ખર્ચ | 16,093 | રીપેરીંગ વર્કશોપ |
| | | | | 3,01,647 | |
| | | | | | |

| અ.નં. | વર્ષ | ખર્ચની વિગત | રકમ | રકમ |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |
| 1 | સને-2010-11 | વાહન રીપેરીંગ ખર્ચ | 1,34,838 | |
| 2 | | ડીઝલ પેટ્રોલ ખર્ચ | 1,66,809 | |
| 3 | | વિમાનુ પ્રિમિયમ | - | |
| 7 | | કુલ સરવાળો | 3,01,647 | |

**ફકરા નંબર-49**

**શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની તથા યુનિવર્સિટીના ભવનોમાં અભ્યાસ કરતા વિધાર્થીઓની માહિતી રજુ ના કરવા બાબત.**

(અ)ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનાંનાણાકિય વર્ષ-2010-11ઓડિટ દરમ્યાન યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી તથા યુનિવર્સિટીના જુદા જુદા ભવનોમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓની માહિતી પરિશિષ્ટ-15 અને મુજબ રજુ કરવા પ્રા.વા.નં.-63 તથા પ્રા.વા.નં.-98 થી જણાવવામાં આવેલ હતુ તેના અનુસંધાને સરકારશ્રીના શિક્ષણ વિભાગના તારીખ-15-01-2010 ના ઠરાવથી આર ઓ પી 2009 મંજુર કરેલ તે ઠરાવ રજુ કરેલ છે.તેમાં બીન શૈક્ષણિક કર્મચારીઓની કુલ મંજુર થયેલ જગ્યાઓ દર્શાવેલ છે.પરંતુ આ જગ્યાઓ મુજબના કર્મચારીઓ જુદી જુદી શાખાઓમા,ભવનોમાં ફરજ બજાવે છે.અને તે મુજબ પગાર બીલો અલગ અલગ બને છે.શાખાવાર,ભવનવાર મંજુર થયેલ જગ્યાની વિગત-રજીસ્ટર ઉપલબ્ધ કરેલ ન હોવાથી મંજુર થયેલ જગ્યાઓ જેટલો જ ખર્ચ થાય છે તેની ખાત્રી થઇ શકેલ નથી.

આ ઉપરાંત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક ગજય-1208 - 4164-ખ તા-15-01-10 મા જણાવ્યા મુજબ બિન શૈક્ષણિક કર્મચારીઓના છઠા પગાર પંચ મુજબના પગાર ધોરણે મંજૂર કરવા તેમજ ચોથા પગાર પંચ તથા પાંચમા પગાર પંચમાં રહી જવા પામેલ સંવર્ગના ચોથા તથા પાંચમાં પગાર પંચના પગાર ધોરણે મુદ્દા નં-4 થી નીચે મુજબ ઠરાવેલ છે.

રાજ્ય સરકારશ્રીની મંજૂરી વગર ભરવામાં આવેલ જુન.કલાર્ક,ટાઇપીસ્ટ,સ્ટેનો, હેડ કલાર્ક,લેબ આસી.ટેલીફોન ઓપરેટર વિગેરે મળી વર્ગ-3 ની 58 જગ્યાઓ તેમજ વર્ગ-4 ની 109 જગ્યાઓ મળી કુલ 167 જગ્યાઓ ઉપર ફરજ બજાવતાં કર્મચારીઓને છઠા પગાર પંચના પગાર ધોરણો તેમજ પેન્શનના લાભો મળવાપાત્ર થશે નહી.

આમ ઉપર દર્શાવ્યા મુજબ 167 કર્મચારીઓની નિમણૂંક સરકારશ્રીની મંજુરી વગર કરી ચાલુ રાખવા બદલ સ્પષ્ટતા થવા વિનંતી છે.

વધુમાં શૈક્ષણિક કમચારીઓ/અધિકારીઓની તેમજ વિધાર્થીઓની માહિતી ઓડીટ પૂર્ણ થતાંસુધી ઉપલબ્ધ કરાવેલ નથી તેથી વિધાર્થીની સંખ્યા મુજબ મહેકમની ચકાસણી શકય બનેલ નથી.

આ ઉપરાંત મકેકમ અંગેનું નીચે દર્શાવ્યાં મુજબનું રેકર્ડ પણ માગવા છતા રજુ થયેલ નથી.

(01) યુનિવર્સિટી ખાતે સને–2010-2011 ના વર્ષમાં મહેકમ અંગે શૈક્ષણિક અને બિન શૈક્ષણિક જે તે કેડરમાં મંજૂર થયેલ અને ભરાયેલ જગ્યાઓની વિગત. (પરિ–16 મુજબના નમૂનામાં)

(02) યુનિવર્સિટી ખાતે સને–2010-2011 ના વર્ષમાં સંબધિત વિભાગોમાં હંગામી નિમણૂંકોનો ખર્ચ વાર્ષિક હિસાબમાં દર્શાવવામાં આવેલ છે. આ અંગે નીચેની વિગતો રજુ કરવા વિનંતી.

(0A) હંગામી નિમણૂકો અંગે યુનિવર્સિટી દવારા જે પોલીસી નિયત કરેલ છે. સરકારશ્રીની મંજૂરી મેળવેલ હોય તો તેની નકલ.

(0B). નાણાંકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ નિમણૂંકોની વિગત સંપૂણ રેકર્ડ સાથે. આ અંગે નિમણૂંક પહેલાં કરેલ નિમણૂંક પ્રોસીજરની વિગત.

(0C) આ અંગે કરેલ નિમણૂંકો પૈકી કયાં કર્મચારી કઇ તારીખથી કઇ તારીખ સુધી યુનિવર્સિટીમાં સેવામાં રહેલ છે ? તેની વિગતો.

(03) નાણાંકીય વર્ષ દરમ્યાન નિયમિત જગ્યાઓ ઉપર કરેલ નિમણૂકોની વિગત તથા નિમણૂક અંગે અપનાવેલ પ્રોસીજરની સંપૂર્ણ વિગત.

(બ) યુનિવર્સિટીના જુદા જુદા ભવનોમાં ચાલતા વિવિધ અનુસ્તાતક કોર્ષ અંગે સામેલ પરિ–14તથા 15 માં દર્શાવ્યા મુજબ મંજૂર થયેલ સીટો, ભરાયેલ સીટ, અટકેલ ટકાવારી, વિધાર્થીઓના પાસ/નાપાસની વિગતો તથા તેઓને મળેલ નોકરીની વિગતો માંગવા છતાં રજુ થયેલ નથી અને તેથી યુનિવર્સિટી દવારા ચલાવતા અનુસ્તાતક કોર્ષ તથા અન્ય કોર્ષ વિધાર્થીઓ માટે કેટલાં ઉપયોગી છે. યુનિવર્સિટી એકટ મુજબના ઉદ્દેશમાં કેટલા અંશે સફળ રહેલ છે. તે જાણી શકાયેલ નથી તો આગામી ઓડીટમાં રજુ કરવા વિનંતી છે.

પ્રાથમિક વાધાનો કરવામાં આવેલ જવાબમાં માંગ્યા મુજબની માહિતી રજુ થયેલ નથી તેથી માંગ્યા મુજબની માહિતી આગામી ઓડીટમાં સ્પષ્ટતા સહ રજુ કરવા વિનંતી છે.

## પરિશિષ્ટ-15 ફકરા નંબર-49

## શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની વિગત

| જગ્યાનો પ્રકાર અથવા હોદો | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ | ખાલી જગ્યા | ખાલી રહેવાના કારણો તથા ભરવા કરેલ પ્રયત્નોની વિગત | નોંધ પીએડી ગાઇડ એમ ફીલ વિધાર્થી હોય તો વિગત દર્શાવવી |
|---|---|---|---|---|---|
| શૈક્ષણિક જગ્યા | | | | | |
| પ્રોફેસર | - | - | - | - | - |
| રીડર | - | - | - | - | - |
| આસી. પ્રોફેસર | - | - | - | - | - |
| અન્ય શૈક્ષણિક જગ્યા | - | - | - | - | - |
| બિન શૈક્ષણિક જગ્યા | | | | | |
| સ્ટોર કીપર | - | - | - | - | - |
| લેબ ટેકનીશયન | - | - | - | - | - |
| હેડ કલાર્ક | - | - | - | - | - |
| સીની કલાર્ક | - | - | - | - | - |
| કલાર્ક | - | - | - | - | - |
| અન્ય | - | - | - | - | - |

નોંધ:- સંસ્થા તરફથી ઉકત વિગતોની માહિતી ન મળતાં વિગતો દર્શાવમાં આવેલ નથી.

પરિશિષ્ટ-16ફકરા નંબર-49

યુનિવર્સિટીના ભવનોમાં વિધાર્થીઓની સંખ્યા તથા કર્મચારીઓની માહિતી ---ભવન

(આ માહિતી દરેક ભવન મુજબ અલગ અલગ આપવા વિનંતી છે.)

| અ ન | વિધાર્થી ની માહિતી વર્ષ-2010-11 | મંજુર થયેલ સીટો | આ પૈકી ભરાયેલ સીટો | છેલ્લે અટકેલ ટકાવારી | ભરાયેલ સીટ પૈકી પાસ થયેલ વિધાર્થીઓ ની સંખ્યા | પાસ થયાની ટકાવારી | પ્રથમવર્ગ માં આવેલ વિધાર્થી ઓની સંખ્યા | પ્લેસમેન્ટની વિગતો |
|---|---|---|---|---|---|---|---|---|
| | Part-i | - | - | - | - | - | - | - |
| | Part-ii | - | - | - | - | - | - | - |
| | M.Phil | - | - | - | - | - | - | - |
| | PHD | - | - | - | - | - | - | - |
| | OTHER | - | - | - | - | - | - | - |

નોંધઃ- સંસ્થા તરફથી ઉક્ત વિગતોની માહિતી ન મળતાં વિગતો દર્શાવમાં આવેલ નથી.

## ફકરા નંબર-50

# ગુજરાત યુનિવર્સિટી કન્વેશન સેન્ટરના આવક તથા ખર્ચમા અનિયમિતતા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને 2010-11ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબ મુજબ કન્વેશન સેન્ટરની આવક/ખર્ચ તથા બંધ સિલક, બીજા ફંડો પરિ.એ હેઠળ નીચે મુજબ દર્શાવેલ છે.

| | |
|---|---|
| 1) ઉ.સિ. | ૧૪૯૮૯૪૧૫/- |
| 2) વર્ષ દરમ્યાન આવક (ઉમેરો) | ૪૨૨૨૫૮૦૦/- |
| 3) વર્ષ દરમ્યાન ચુકવ્યા | ૭૮૫૧૨૫૪/- |
| 4) વર્ષ દરમ્યાન બંધ સિલક | ૪૯૩૬૩૯૬૧/- |

વધુમા યુનિવર્સિટીના કન્વેશન સેન્ટરને વાર્ષિક હિસાબમાં કાયમી મિલકત તરીકે પરિ.એફ અ.નં.79 હેઠળ રૂ.34036482/- વર્ષ દરમ્યાન ઉમેરેલ બતાવી બંધ સિલક તરીકે મિલકતમા દર્શાવેલ છે.

આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામા આવે છે.

1. પરિ.એ મા દર્શાવેલ આવક અને ખર્ચ યુનિવર્સિટીના વાર્ષિક હિસાબના આવક/ખર્ચના પત્રકમા કોઈ જગ્યાએ દર્શાવવામા આવેલ નથી. જ્યારે યુનિવર્સિટીની જમીન ઉપર યુનિવર્સિટી દ્વારા જ કન્વેશન સેન્ટર બાંધવામા આવેલ છે ત્યારે તેની આવક અને ખર્ચ યુનિવર્સિટી ફંડનો એક ભાગ બને છે. તેમ છતા આવક ખર્ચમા ન દર્શાવવા અંગે સ્પષ્ટતા થવા વિનંતી.
2. યુનિવર્સિટી દ્વારા જ્યારે કોઈ પાર્ટી દ્વારા યુનિવર્સિટી કન્વેશન સેન્ટર અને તેની બહારની જગ્યા ભાડે રાખવા અરજી કરવામા આવે ત્યારે યુનિવર્સિટી દ્વારા ફંકશનલ પ્રત્યેક દિવસ માટે રૂ.5 લાખ લેખે ભાડુ અને આગળ પાછળના નોન ફંકશનલ દિવસ માટે પ્રત્યેક દિવસના રૂ.૨૫૦૦૦૦/- ભાડુ લેવાની પ્રથા તથા ઠરાવ છે. વધુમા રૂ.150000/- ઈલે. ચાર્જ તથા 10.3% લેખે સર્વિસ ટેક્ષ તેમજ જરૂરીયાત મુજબ ડીપોઝીટ લેવાની પ્રથા છે.

ફંકશનલ ડે ના રૂ.5 લાખ પ્રતિ દિન લેવા અંગેનો તેમજ ઈલે. ચાર્જ રૂ.150000/- લેવા અંગેનો કોઈ આધાર રજુ થયેલ નથી જ્યારે નોન ફંકશન ડે માટે પ્રતિ દિન રૂ.2.50 લાખની મર્યાદામા લેવા માટે હાઈ પાવર કમિટીની તા-5/2/10 ની મીટીંગના ઠરાવ 8(1) મા ઠરાવ્યા મુજબ લેવાના રહે છે અને હાઈ પાવર કમિટીની આ બાબત એકઝીક્યુટીવ કાઉન્સીલ તા-13/2/11ની મીટીંગમા બાબત ક્રમાંક 7 પરિ.6 થી મંજુર થયેલ છે. આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામા આવે છે.

ક.(૧) કવોલીટી ફીલ્મ અમદાવાદ દ્વારા તેમના તા-12/4/10ના પત્રથી વીડીયો ફેર 2010 માટે કન્વેશન હોલ વાપરવા માટે અરજી કરતા શાખાની નોંધ મુજબ નીચે મુજબ રકમ લઈ હોલ ભાડે આપવા નોંધ મુકવામા આવેલ છે.

127

| ક્રમ | વિગત | ચાર્જ |
|---|---|---|
| 1 (ક) | પ્રોગ્રામ અગાઉના દિવસ તા-8/9/10 થી 9/9/10 દિન-2 (રૂ અઢી લાખ પ્રતિ દિન) | 500000 |
| 2 | પ્રોગ્રામ માટે તા-10/9/10 થી 12/9/10) દિન-3 (રૂ પાંચ લાખ પ્રતિ દિન) | 1500000 |
| 3 | પ્રોગ્રામ બાદ તા-13/9/10 દિન-1 | 250000 |
| 4 | સર્વિસ ટેક્ષ 10.3 % લેખે | 231750 |
| | | 2481750 |

આ નોંધ ઉપર માન.કુલપતિશ્રીએ રૂ.1000000/- ડીપોઝીટ લખી મંજૂરી આપેલ છે. આ અંગે પાર્ટીને યુનિવર્સિટીના તા-3/5/10ના પત્રથી જણાવ્યા મુજબ રૂ.1000000/- ભાડાના + 103000/- સર્વિસ ટેક્ષ મળી કુલ રૂ.1103000/- ઉચ્ચક ભરવા તથા રૂ.400000/- રિફંડેબલ ડીપોઝીટ તરીકે જમા કરાવવા પત્ર લખેલ છે અને પાર્ટીની સહિ પણ કરાવેલ છે. આમ શાખાના નોંધ તથા ફંકશન અને નોન ફંકશન ડે ના ચાર્જ નિયત થયેલ હોવા છતા અને તે મુજબ રૂ.2481750/- વસુલ કરવાના થતા હોવા છતા રૂ.1103000/- વસુલ કરવાના આદેશ કરતા રૂ.1378750/- ઓછા લેવા નિર્ણય કરવા અંગે નોંધમા કોઈ સ્પષ્ટતા કે કારણ દર્શાવેલ નથી જેથી આ અંગે આધાર સહ સ્પષ્ટતા થવા વિનંતી છે અન્યથા સદરહુ રકમ રૂ.૧૩૭૮૭૫૦/- + સર્વિસ ટેક્ષ વસુલ કરી ઓડીટને જાણ થવા વિનંતી છે.

ક.(૨) સદરહુ અરજી સાથે રૂ. 6 લાખના કવોલીટી ફીલ્મ પાસેથી ચેક મળ્યાની પહોંચ નંબર 017230 તા-12/5/10 ઝેરોક્ષ નકલ સામેલ છે તો હુકમ મુજબ પણ રૂ.503000/- ભાડા પેટે તથા રૂ.400000/- ડીપોઝીટ લેવાની બાકી રહે છે પરંતુ આ અંગેનું કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી તો આ અંગે સ્પષ્ટતા થવા વિનંતી છે અને જો બાકીની રકમ વસુલ થયેલ ન હોય તો પાર્ટી પાસેથી વસુલ કરી ઓડીટને જણાવવા વિનંતી છે.

ખ.(૧)APICON-2 ના અમદાવાદ દ્વારા તેઓના તા-17/12/2010ના પત્રથી તા-6/1/2011 થી તા-9/1/2011 દિન-4 ના કાર્યક્રમ માટે તથા કાર્યક્રમ પહેલાના 7 દિવસ અને પાછીના બે દિવસ માટે હોલની માંગણી કરેલ હતી અને) શાખાની નોંધ તથા પ્રથા મુજબ નીચે મુજબ રકમ મેળવાપાત્ર બને છે.

| ક્રમ | વિગત | ચાર્જ |
|---|---|---|
| 1 | પ્રોગ્રામ પહેલા 7 દિવસ (રૂ અઢી લાખ પ્રતિ દિન) | 1750000 |
| 2 | પ્રોગ્રામના દિન-4 (રૂ પાંચ લાખ પ્રતિ દિન) | 2000000 |

૨૧૮



| | | |
|---|---|---|
| 3 | પ્રોગ્રામ બાદના દિન-2 (રૂ અઢી લાખ પ્રતિ દિન) | 500000 |
| 4 | ઈલે. ચાર્જ | 150000 |
| | | 4400000 |
| | સર્વિસ ટેક્ષ 10.3 % લેખે | 453200 |
| | | |
| | | 4853200 |

આ ઉપરાંત ડીપોઝીટ લેવાની પણ પ્રથા છે પરંતુ યુનિવર્સિટી દ્વારા આ પાર્ટી પાસેથી સામેલ પરિશિષ્ટ નં.-17મુજબ રૂ.6680450/- લીધાની પહોંચો નોંધ અને અરજી સાથે સામેલ છે. જેમાં રૂ.1525000/- ડિપોઝીટ અને રૂ.337518/- ગ્રાઉન્ડ ભાડુ વસુલ કરેલ છે. આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામા આવે છે.

1)APICON-2011 ને યુનિવર્સીટીના તા-12/9/2010ના પત્રમા જણાવ્યા મુજબ 4 ફંકશનલ ડે અને 9 નોન ફંકશનલ ડે ગણી કુલ 13 દિવસના ઉચ્ચક રૂ.2000000/- અને તેની ઉપર 10.3% લેખે સર્વિસ ટેક્ષ રૂ.206000/- મળી કુલ રૂ.2206000/- ચુકવવા જણાવેલ છે. આ ઉપરાંત 4 લાખ રૂપિયા રિફંડેબલ ડિપોઝીટ અને 4 લાખ રૂપિયા ઈલે.ડિપોઝીટ જમા કરાવવા જણવવામા આવેલ છે.

ઉપરોકત વિગતો જોતા પાર્ટીએ જમા કરાવેલ રકમ પત્ર સાથે સુસંગત નથી. સદરહુ રકમના ફાઇનલ હિસાબની કોઈ વિગત અરજી અને હુકમ સાથે સામેલ નથી તો ખરેખર આ પાર્ટી પાસેથી કેટલી રકમ આવક તરીકે મેળવેલ છે અને કેટલી રકમ પરત કરેલ છે એના આખરી હિસાબ રજુ કરવા વિનંતી છે.

ખ.(2) ઉપર જણાવ્યા મુજબ શાખાની નોંધમા અને કુલપતિશ્રીના આદેશમા રૂ.6650000/- તથા ગ્રાઉન્ડનુ એક્સ્ટ્રા ભાડુ ગણવા માન.કુલપતિશ્રીએ આદેશ આપેલ છે તેમ છતા એસ્ટેટ શાખાના તા-12/9/10ના પત્રમા રૂ.2206000/- ભાડા પેટે જમા કરાવવા કયા આધારે લખેલ છે તે અંગે સ્પષ્ટતા થવા વિનંતી છે.

ખ.(3)APICON-2011 પાસેથી ગ્રાઉન્ડ ભાડાના રૂ.337518/- વસુલ કરેલ છે તો તે કયા આધારે ગણતરી કરેલ છે અને આ અંગેના શું ધોરણો છે તેની વિગતો ઓડીટમા રજુ થવા વિનંતી છે.

વધુમા અન્ય પાર્ટીઓ પાસેથી આ રીતે ગ્રાઉન્ડ ભાડાની રકમો વસુલવામા આવતી નથી. ફંકશનના દિવસોમા ખુલ્લી જગ્યામા પાર્કીંગ, ફુડ કોર્ટ, ટોઈલેટ-બાથરૂમ વિગેરેનો ઉપયોગ થાય છે તો અન્ય પાર્ટી પાસેથી આ પ્રકારનુ ભાડુ ન લેવા અંગે સ્પષ્ટતા થવા વિનંતી છે.

ગ)એક્ઝીબિશન ઈન્ડીયા પ્રા.લિ. દ્વારા તેઓના તા-24/7/2010ના પત્રથી યુનિવર્સીટીનો કન્વેશન હોલ તા-21/10/2010 થી તા-24/10/2010 દિન-4 (ફંક્શનલ ડે) તથા આગળ (તા-19/10/2010 અને 20/10/10) અને પાછળ તા-25/10/2010 ત્રણ (નોન ફંક્શનલ ડે) દિવસની માંગણી કરવામા આવેલ હતી અને તેથી તેઓપાસેથી નીચે મુજબ રકમ લેવાની થાય.

| ક્રમ | વિગત | ચાર્જ |
|---|---|---|
| 1 | નોન ફંક્શનલ ડેદિન-3 (રૂ અઢી લાખ પ્રતિ દિન) | 750000 |
| 2 | ફંક્શનલ ડે દિન-4(રૂ પાંચ લાખ પ્રતિ દિન) | 2000000 |
| 3 | ઈલે.ચાર્જ | 150000 |
| | | 2900000 |
| | સર્વિસ ટેક્ષ 10.3 % લેખે | 298700 |
| | | 3198700 |
| | + ડિપોઝીટ | 400000 |
| | | 3598700 |

આમ ઉપર દર્શાવ્યા મુજબ રૂ.3598700/- મેળવવા પાત્ર હોવા છતા યુનિવર્સીટીના તા-19/5/10 ના પત્રથી ભાડા પેટે રૂ.3309000/- અને ઈલે. ડિપોઝીટ પેટે રૂ.500000/- જમા કરાવવા જણાવવામા આવેલ છે. અરજી અને હુકમ સાથે યુનિવર્સીટીની પહોંચ નં.019457 તા-16/7/10 રૂ.1500000/- એડવાન્સ પેમેન્ટ તરીકેની સામેલ છે. આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામા આવે છે.

ઉપર દર્શાવેલ હુકમ મુજબ રૂ.3309000/- ભાડુ તથા રૂ.500000/- ડિપોઝીટ લેવાની હોવા છતા રૂ.1500000/- લાખની જ પહોંચ છે તો બાકીની ભાડાની તેમજ ડિપોઝીટની લીધેલ રકમ અંગેના આધાર રજુ કરવા તથા સદરહુ પાર્ટીના ફાઈનલ હિસાબ કરેલ હોય તો તેની વિગતો ઓડીટમા રજુ થવા વિનંતી છે.

3) યુનિવર્સિટીની એસ્ટેટ શાખા દ્વારા કન્વેશન હોલ અને તેની આગળની જગ્યા ભાડે આપવાની કાર્યવાહી કરવામા આવે છે અને તેઓ દ્વારા આ હોલ ભાડે આપવા અંગે પાર્ટીઓની આવેલ અરજી તેના પર લખેલ નોંધની ઝેરોક્ષ તથા પહોંચો અંગેની એક ફાઇલ રજુ થયેલ છે તે સિવાયનુ નીચે મુજબનુ કોઈ રેકર્ડ રજુ થયેલ નથી. જે અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

3(૧) કન્વેશન સેન્ટરની સાથેજ એક્ઝીબિશન હોલ પણ આવેલ છે અને તે પણ ભાડે આપવામા આવે છે. વધુમાં કન્વેશન સેન્ટરની બહાર 400 ગાડીઓ તથા 150દ્વિ ચક્રી વાહનો પાર્ક થઈ શકે તેટલી ખુલ્લી જગ્યા છે. (ગાંધી એન્ડ કું. સાથે કરેલ લીઝ ડીડ મુજબ) પરંતુ ખરેખર કેટલા ચો.મી. ખુલ્લી જગ્યા છે? તે યુનિવર્સીટીના રેકર્ડ ઉપર પણઉપલબ્ધ યુનિ.જેવી શૈક્ષણિક સંસ્થાઓ પાસે જમીનનાં7.12ના

ઉતારા,જમીનની કુલ વિગતો ઉપલબ્ધ ન હોય તે યોગ્ય ગણાય નહી,કન્વેશન સેન્ટર અને એકઝીબિશેન હોલ હોય સાથે જ જો ખુલ્લી જમીન પણ ભાડે. અપાતી હોય તો તેની સ્પષ્ટ વિગતો હોવી જોઇએ તથા તેના ભાડાની વસુલાતની પણ યોગ્ય ધોરણો નિયત કરવા જોઇએ આ મુજબ કાર્યવાહી કરવા અનુરોધ છે.

૩(૨) યુનિવર્સિટી દ્વારા કન્વેશન હોલ ભાડે આપવામાં આવે ત્યારે પાર્કીંગ માટે જગ્યા આપવાની રહે છે તેમજ અન્ય ખુલ્લી જગ્યાનું કુડ કોર્ટ વિગેરે માટે ઉપયોગમાં લેવાય છે તો આ અંગેનુ ભાડુ હોલ ભાડામાં સમાવેશ થાય છે કે અલગથી લેવાનું રહે છે? આ અંગેની વિગતો ઉપલબ્ધ કરાવવા વિનંતી છે.

૩(૩) હોલ ભાડે આપવા અંગેનુ કોઈ રજિસ્ટર રજુ કરેલ નથી તેથી વર્ષમા કેટલા દિવસ હોલ ભાડે અપાયેલ છે તેની કોઈ વિગતો જાણી શકાયેલ નથી તેમજ એસ્ટેટ શાખા દ્વારા હિસાબી શાખા સાથે કોઈ મેળવણુ કરવામા આવેલ નથી અને તેથી જો કોઈ ચેક રિટર્ન થયેલ હોય, ભરવામાં ના આવેલ હોય તો તે પણ જાણી શકાયેલ નથી.

૩(૪) ફાઈલ સાથે યુનિવર્સિટી દ્વારા આપવામા આવેલ પહોંચ/પહોંચની ઝેરોક્ષ સામેલ રાખેલ છે અને તે પહોંચમા દર્શાવ્યા મુજબ મળેલ ચેકો યુનિવર્સિટીના હિસાબમા જમા થયા અને ક્લિયર થયા તેના કોઈ વિગત જાણી શકાયેલ નથી.

૩(૫) લેવામા આવેલ ડીપોઝીટનુ કોઈ રજિસ્ટર રજુ કરેલ નથી.

ઉપરોક્ત વિગતો જોતા આવી મોટી આવક ખર્ચ હોવા છતા આ અંગેનું કોઈ વ્યવસ્થિત દફતર ના રાખવા બદલ સ્પષ્ટતા થવા તથા હવે તૈયાર કરી આગામી ઓડીટમાં રજુ કરવા સુધી થયેલ ખર્ચ રૂ.૭૮૫૧૨૫૪/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રકમ - રૂ.૭૮૫૧૨૫૪/-

APICON-2011 પાસેથીકન્વેશન હોલ માટે મળેલ રકમની વિગત દર્શાવતુ પત્રક

ફકરા નં. 50

પરિશિષ્ટ નં.-17

| અ.નં. | પહોંચ નં. | પહોંચની તારીખ | રકમ રૂ. | નોંધ |
|---|---|---|---|---|
| 1 | 4045 | 24/12/10 | 3000000 | એક્ઝીબિશન હોલ ભાડુ |
| 2 | 944 | 28/12/10 | 25000 | ગ્રાઉન્ડ યુઝ ડિપોઝીટ |
| 3 | 4061 | 28/12/10 | 337518 | ગ્રાઉન્ડ ભાડુ |
| 4 | 4060 | 28/12/10 | 680450 | એક્ઝીબિશન હોલ |
| 5 | 942 | 28/12/10 | 1000000 | એક્ઝીબિશન હોલ (ઈ.એમ.ડી) |
| 6 | 943 | 28/12/10 | 500000 | ઈલે.વર્ક ડિપોઝીટ (ઈ.એમ.ડી) |
| 7 | 1619 | 8/9/10 | 2000000 | હોલ ભાડુ |
| 8 | 1696 | 18/9/10 | 1000000 | હોલ ભાડુ |
| | | | 8542968 | |
| | બાદ કરવાપાત્ર રકમ | | | |
| | ગ્રાઉન્ડ ડિપોઝીટ | | 25000 | |
| | ગ્રાઉન્ડ ભાડુ | | 337518 | |
| | એક્ઝીબિશન હોલ ભાડુ (E.M.D.) | | 1000000 | |
| | ઈલેક્ટ્રીક ડિપોઝીટ | | 500000 | |
| | | | 1862518 | |
| | | | 6680450 | |

**ફકરા નંબર-51**

## યુનિવર્સિટી દ્વારા બનાવવામા આવેલ કન્વેશન સેન્ટરના માપો, માપપોથીમાં ના લખવા તથા ઉભી કરેલ સગવડો ડેડ સ્ટોક રજિસ્ટરે ન નોંધવા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને 2010-11ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબની ચકાસણી કરતાતા-31/3/11 ના પાકા સરવૈયામા મિલકત અને લેણા બાજુ યુનિવર્સીટીની મિલક્તો દર્શાવેલ છે અને તે અંગેનુ પરિશિષ્ટ-એફ જોડેલ છે જેમા અ.નં.79 ઉપર કન્વેશન સેન્ટર મકાનના નાણાકીય વર્ષ 2010-11 દરમ્યાન ઉમેરો (CAPITALISATION)તરીકે રૂ.34036482/- દર્શાવી કુલ તેટલીજ રકમ દર્શાવેલ છે. આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામા આવે છે.

1) સદરહુ હોલ યુનિવર્સિટીની જમીન ટીપી નં.31 ફાઈનલ પ્લોટ નં.22 ઉપર બાંધવામા આવેલ છે અને અમદાવાદ મ્યુનિસપલ કોર્પોરેશન દ્વારા તા-30/3/12 ના રોજ આપેલ બી.યુ. પરમિશન મુજબ કન્વેશન/એક્ઝીબિશન હોલ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર 18270.35 ચો.મિ. તથા પ્રથમ માળે એક્ઝીબિશન હોલ ઈલે. સબ સ્ટેશન 3624.53 ચો.મિ. તથા લિફ્ટ મશીન રૂમ 40.5 ચો.મિ. મળી કુલ 21935.38 ચો.મિ. નુ બનાવવામા આવેલ છે. સદરહુ હોલના બાંધકામ માટે પ્રોજેક્ટ કન્સલટન્ટ એલ.જે.પુરાણી એસોશિએટના પરામર્શમાં યુનિવર્સીટીના તા-૧૨/૧૦/૦૯ના પત્રથી બાંધકામ શરૂ કરવાની અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનને દરખાસ્ત કરી કામ શરૂ કરવામાં આવેલ છે અને બાંધકામ માટે ઉદય બિલ્ડર તેમજ ઈલેક્ટ્રીક કામ, એર કન્ડીશનીંગ, સાઉન્ડ સિસ્ટમ, ફર્નિચર અને ફિક્સચર્સ વિગેરે કામગીરી કરાવેલ છે અને યુનિવર્સિટી દ્વારા તે અંગે કરેલ ખર્ચ જે તે પાર્ટીઓના નામે ઉધારવામા આવેલ છે. સદરહુ હોલનુ બાંધકામ પૂર્ણ થયેલ છે અને બી.યુ. પરમિશન મળી ગયેલ છે ત્યારે હોલ અંગે થયેલ તમામ ખર્ચ ફાઇનલ બિલ મુજબ માપપોથીમા માપો નોંધી વિગત સહ મિલકત રજિસ્ટરે નોંધવા જે તે પાર્ટીઓ ખાતે ઉધારેલ રકમ મિલકત તરીકે હોલ ખાતે ઉધારી સદરહુ તમામ મિલકત યુનિવર્સિટી મિલકત રજિસ્ટર તેમજ ડેડ સ્ટોક રજિસ્ટર વગેરે ઉપર ચઢાવી અધ્યતન માહિતી સાથેની વિગત ઓડીટમા રજુ કરવી ઘટે.

2) સદરહુ હોલ બાંધકામ માટે બનાવેલ અને વખતો વખત સુધારેલ પ્લાન એસ્ટીમેટની વિગતો ઓડીટમાં રજુ કરવી ઘટે.

3) સદરહુ હોલમા બેસાડેલ એ.સી., સાઉન્ડ સિસ્ટમ, ફર્નિચર અને ફિક્સચર્સ જેવી કિંમતી મિલક્તોની જાળવણી માટે કરેલ વ્યવસ્થાની તથા સદરહુ મિલકતનો વિમો લીધેલ હોય તેની પણ વિગતો ઓડીટમા રજુ થવી ઘટે.

ઉપરોક્ત વિગત્તે સ્પષ્ટતા સહ પુર્તતા થવા વિનંતી છે.

ફકરા નંબર–52

## કન્વેશન સેન્ટર એક્ઝીબિશન હોલમા ઓપરેટીંગ ચાર્જ ચુકવવામા અનિયમિતતા બાબત

અ) ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને 2010-11ના વર્ષના અન્વેષણ દરમ્યાન યુનિવર્સીટી દ્વારા નવા બનાવેલ કન્વેશન સેન્ટરમા આવકમાથી રૂ.૭૮૫૧૨૫૪/- નો ખર્ચ કરેલ છે. (બજેટ કોડ-૭૭૧૪000ERDF કન્વેશન સેન્ટર). આ ખર્ચની ચકાસણી કરતા વાઉચર નં.૩૯૮૩ તા-૧/૧૦/૧૦ થી રૂ.૯૪૫000/- વોલ્ટાસ લિમિ.ને પંદર ઈવેન્ટના પ્રતિ ઈવેન્ટ રૂ.૬૩000/- લેખે રૂ.૯૪૫000/- ચુકવેલ છે. આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામા આવે છે.

અ) (૧) વોલ્ટાસ લિમિ. ના બિલમા ૧૫ ઈવેન્ટ લખેલા છે પરંતુ તે અંગેની કોઈ તારીખ કે વિગતો ઉપલબ્ધ નથી તો આ અંગેની વિગતો ઉપલબ્ધ કરાવવા વિનંતી છે. આ બિલનુ ચુકવણુ કરાવતા અગાઉ પ્રોજેક્ટ કન્સલટન્ટ મે.એલ.જે.પુરાણી એન્ડ એસો. ચકાસણી કરી ભલામણ કરેલ છે અને મનુભાઈ એન્ડ કંપની ચાર્ટર્ડ એકાઉન્ટ દ્વારા બિલની ચકાસણી કર્યા બાદ ચુકવણુ કરવામા આવેલ છે. તો ઈવેન્ટની તારીખ અને વિગતો વગર કયા આધારે ચકાસણી થયેલ છે તે અંગે સ્પષ્ટતા થવા વિનંતી છે.

૨) ગુજરાત યુનિવર્સિટી હાઇ પાવર કમિટીની તા-૫/૨/૧૦ની બેઠકમા ઠરાવ નં.૭ થી પ્રોજેક્ટ કન્સલટન્ટ મે.એલ.જે.પુરાણી દ્વારા ભલામણ થયા મુજબ એ.સી. કામો માટે રૂ.૬૩૫00/- પ્રતિ ફંકશનનો ખર્ચ મંજુર કરવા દર્શાવેલ છે. પરંતુ સદર રકમ કયા આધારે નક્કી થઈ તે અંગેનો કોઈ ઉલ્લેખ કે વિગતો નથી.

૩) યુનિવર્સિટી દ્વારા કન્વેશન સેન્ટર ખાતે નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન આવા કેટલા ફંકશન થયેલા છે તેનુ કોઈ રજિસ્ટર કે યાદી રજુ કરેલ નથી જે આગળના ઓડીટમા રજુ થવા ઘટે.

વાંધાની પુર્તતા થતા સુધી રૂ.૯૪૫000/- વાંધા હેઠળ રાખવામા આવે છે.

બ) વા.નં.૨૨૮૭ રૂ.૧૧૦૩000/- તા-૧૭/૭/૧૦ ઉપરોક્ત વાઉચરથી મેસર્સ પટેલ બ્રધર્સને તા-૧૧/૮/૨૦૦૯ થી તા-૧૧/૪/૨૦૧૦ ૮ માસના પ્રતિ માસ રૂ.૧૨૫000/- લેખે રૂ.૧000000/- તથા રૂ.૧૦૩000/- સર્વિસ ટેક્ષ ગણી કુલ રૂ.૧૧૦૩000/- ચુકવેલ છે. સદરહુ ચુકવણુ કરતા પહેલા પ્રોજેક્ટ કન્સલટન્ટ મે.એલ.જે.પુરાણી એન્ડ એસો. દ્વારા ચુકવણુ કરવા ભલામણ કરવામા આવેલ છે અને મનુભાઈ એન્ડ કંપની ચાર્ટર્ડ એકાઉન્ટ દ્વારા બિલની ચકાસણી કરવામા આવેલ છે. આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામા આવે છે.

બ (૧) હાઇ પાવર કમિટીની તા-૫/૨/૧૦ ની બેઠકના મુદ્દા નં.૭ થી મેસર્સ પટેલ બ્રધર્સને પ્રતિ માસ રૂ.૧૨૫000/- લેખે ચુકવવા ભલામણ થયેલ છે. પરંતુ આ રકમ કઈ રીતે આવી તેમજ ભાવ પત્રકો મંગાવેલ છે કે કેમ તેની કોઈ વિગત રજુ થયેલ નથી. તેમજ ઠરાવમા પણ ઉલ્લેખ નથી.

ચાર્ટર્ડ એકાઉન્ટ દ્વારા બિલની ચકાસણી દરમ્યાન આપેલ નોંધ મુજબ તેઓને પણ મેસર્સ પટેલ બ્રધર્સ સાથે કરેલ કરારની નકલ આપેલ નથી તેનો ઉલ્લેખ છે.

(૫૦૧)



આ ઉપરાંત હાઇ પાવર કમિટીના ઠરાવ તા-૫/૨/૧૦ થી લખેલ છે જ્યારે પાર્ટીનુ બિલ તા-૧૧/૮/૨૦૦૯ થી ૧૧/૪/૨૦૧૦ સુધીનુ છે તો ઠરાવની તારીખ પહેલા સદરહુ કામ તેઓ દ્વારા કેવી રીતે અને કયા આધારે કરેલ છે અને તેનું ચુકવણું કરેલ છે તે અંગે સ્પષ્ટતા થવા વિનંતી.

૨) નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કુલ કેટલી રકમ તેઓને ચુકવાયેલ છે? તેની વિગતો રજુ થવા વિનંતી તેમજ આ અંગે પાર્ટી સાથે થયેલ કરારની નકલો ઓડીટમા રજુ થવા વિનંતી. તેમજ આ ઈલેક્ટ્રીક કામનો કરાર માલસામાન સાથેનો છે કે ફક્ત મજુરીનો છે તે અંગે સ્પષ્ટતા થવા વિનંતી.

ઉપરોક્ત વાંધાની પુર્તતા થતા સુધી ચુકવેલ રકમ રૂ.૨૦૪૮૦૦૦/- વાંધા હેઠળ રાખવામા આવે છે.

વાંધા હેઠળ ૯૪૫૦૦૦/-
વાંધા હેઠળ ૧૧૦૩૦૦૦/-

-----------------

૨૦૪૮૦૦૦/-

ફકરા નંબર-53

## યુનિવર્સિટીની જમીન-જીમ્નેશીયમ મકાન વિગેરેની ખુબ જ ઓછી આવક વસુલવા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને 2010-11ના વર્ષના અન્વેષણ દરમ્યાન ધ્યાને આવેલ છે કે યુનિવર્સિટીના નિયામકશ્રી શારિરીક શિક્ષણ હસ્તક યુનિવર્સિટીની નીચે મુજબની જમીન, મકાન રહેલ છે.

| ક્રમ | વિગત | ચો.મિ. | વાર્ષિક હિસાબ મુજબ સિલક |
|---|---|---|---|
| 1 | સિન્ડર ટ્રેક અને પેવેલિયન | ઉપલબ્ધ કરાવેલ નથી | 104480 |
| 2 | જિમ્નેશીયમ મકાન | - | 348234 |
| 3 | જિમ્નેશીયમ મકાન સુવિધાઓ | - | 118340 |
| | | | 571054 |

ઉપરોક્ત જમીન, મકાન પૈકી યુનિવર્સીટીને નાણાકીય વર્ષ 2010-11 દરમ્યાન નિયામકશ્રી શારિરીક શિક્ષણની કચેરીમાથી મળેલ માહિતી મુજબ ફક્ત રૂ.5800/- ની આવક થયેલ છે. યુનિવર્સિટી દ્વારા ઉપરોક્ત જમીન, મકાન માન્ય સંસ્થાઓને રમત ગમતની પ્રવૃતીઓ, પ્રેક્ટીશ, સ્પર્ધા વગેરે માટે તથા પ્રાઈવેટ કંપનીઓને પણ ઉપરોક્ત હેતુ માટે ભાડે આપવામા આવે છે. આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામા આવે છે.

1) યુનિવર્સીટીના બોર્ડ ઓફ સ્પોર્ટસની તા-9/6/08ની બેઠકમા તા-23/8/06ના રોજ બનાવેલ સમિતિએ કરેલ ભલામણ મુજબ નીચે મુજબના ભાડાના દર નિયત થયેલ છે.

| વિગત | ૪ કલાકના રૂ. | ૮ કલાકના રૂ. |
|---|---|---|
| અ) બેડમિન્ટન/ટેબલ-ટેનીસ હોલ | | |
| ૧) યુનિ.ની માન્ય સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| ૨) ખાનગી સંસ્થાઓ માટે | ૨૫૦૦ | ૫૦૦૦ |
| 3) યુનિ.ની માન્ય સંસ્થાઓ માટે માસિક (રોજના ૧ કલાકના) | | ૫૦૦૦ |
| બ) બાસ્કેટબોલનું મેદાન | | |
| ૧) યુનિ.ની માન્ય સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ | ૨૦૦૦ (પ્રતિ માસ રોજના ૨ કલાક) | ૫૦૦ (પ્રતિ દિન) ખાનગી સંસ્થા માટે |

| | | |
|---|---|---|
| **ક) હોકી/ફુટબોલ/હેન્ડબોલ** | | |
| ૧) યુનિ.ની માન્ય સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ | ૧૦૦૦ માસિક પ્રતિ દિન ૨ કલાક | |
| ૨) ખાનગી સંસ્થાઓ માટે | ૫૦૦ રોજના | |
| ખ)કબડ્ડી/ખો-ખો/વોલીબોલ/ક્રિકેટ | | |
| ૧) યુનિ.ની માન્ય સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ | ૫૦૦ માસિક પ્રતિદિન ૨ કલાક | |
| ૨) ખાનગી સંસ્થાઓ માટે | ૫૦૦ રોજના | |
| | | |
| ઈ)વધુમાં કર્મચારીઓ તથા તેમના બાળકો માટે માસિક રૂ.૨૦૦/- પ્રમાણે સર્વિસ ચાર્જ લઈ રમતના મેદાનો (હોલ) સહિત વાપરવાની પરવાનગી આપવાનુ રાખવું. | | |

ઉપરોક્ત ભાડાના દર સને 2006 મા નિયત થયેલ છે અને ત્યારબાદ સુધારો થયેલ નથી. આ ભાડા જોતા સ્પષ્ટ થાય છે કે સદરહુ ભાડા યુનિવર્સીટીની ખુલ્લી જમીન અને મકાનની વર્તમાન કિંમતો જોતા ઘણા જ ઓછા જણાય છે અને આટલી મોટી જમીનની વાર્ષિક આવક ફક્ત રૂ.5800/- થયેલ છે. યુનિવર્સિટી ક્રિકેટ, વોલીબોલ તેમજ અન્ય રમતોની પ્રેક્ટીસ તથા સ્પર્ધાઓ માટે સદરહુ જમીન અને મકાન ભાડે આપે છે. હાલમાં કોર્પોરેટ સંસ્થાઓ પણ રમત-ગમતની પ્રવૃતીઓ માટે આવી જમીન-મેદાન ભાડે રાખે છે. તે જોતાં સદરહું જમીનનો મહત્તમ ઉપયોગ થાય અને ભાડાની રકમ વધારવા ઘટીત પગલાં લેવા ઓડીટ અનુરોધ છે.

## ફકરા નંબર-54

## છાત્રાલયની આવક કરતા ખર્ચ વધુ રહેવા બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને 2010-11ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબની ચકાસણી કરતા છાત્રાલયનો કુલ ખર્ચ રૂ.2369286/- છે. જ્યારે છાત્રાલયની કુલ આવક રૂ.748755/- છે. આમ આવક કરતા ખર્ચનો વધારો રૂ.1620531/- છે. આ અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામા આવે છે.

1) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમા દર્શાવેલ કુલ ખર્ચમા છાત્રાલયનો વીજળી ખર્ચ દર્શાવવામા આવેલ નથી. પરંતુ છાત્રાલય વીજળી ચાર્જની વિધ્યાર્થીઓ પાસેથી વસુલાતની આવક રૂ.211425/- દર્શાવેલ છે. આમ ખર્ચ ન દર્શાવવા બાબતે સ્પષ્ટતા થવા વિનંતી તથા વિજળી ખર્ચ જેટલો આવક કરતા ખર્ચનો વધારો વધુ આવે.

2) છાત્રાલયની ભાડાની આવક ફક્ત રૂ.233120/- છે. યુનિવર્સિટીના વિધ્યાર્થીના છાત્રાલયના ક બ્લોક છે અને (લેડીઝ) વિધ્યાર્થીનીઓનો 1 બ્લોક છે. જેની વાર્ષિક હિસાબમા પાકા સરવૈયામાં દર્શાવ્યા મુજબ તા-31/3/11ના રોજ સિલક રૂ.24223113/- છે. વધુમા ઉપર દર્શાવેલ છાત્રાલયમાં 256 વિધ્યાર્થીઓની જ્યારે વિધ્યાર્થીનીઓના 153 રૂમો આવેલા છે.

વિધ્યાર્થી દીઠ વાર્ષિક ભાડુ નીચે મુજબ છે.

| ટર્મ | વિગત | એક બેડની હોસ્ટેલ | બે બેડની/ત્રણ બેડની હોસ્ટેલ |
|---|---|---|---|
| પ્રથમ ટર્મ | | | |
| | ભાડુ | ૨૦૦ | ૧૫૦ |
| | વિજળી | ૨૦૦ | ૧૫૦ |
| | અન્ય | ૧૨૦ | ૧૧૦ |
| | | ૫૨૦ | ૪૧૦ |
| | | | |
| | | | |
| બીજી ટર્મ | ભાડુ | ૨૦૦ | ૧૫૦ |
| | વિજળી | ૨૦૦ | ૧૫૦ |
| | અન્ય | ૫૦ | ૪૦ |
| | | ૪૫૦ | ૩૪૦ |
| | વાર્ષિક કુલ | ૯૭૦ | ૭૫૦ |

ઉપર દર્શાવેલ વિગત જોતા યુનિવર્સીટી દ્વારા વિધ્યાર્થીઓ પાસેથી ભાડુ ખુબ જ ઓછુ વસુલ કરવામા આવતુ હોય તેમ જણાય છે.

(405)



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ દ્વારા તેઓના વિધ્યાર્થીઓ પાસેથી નીચે મુજબ વાર્ષિક ભાડુ લેવામા આવતું હોવાનુ ધ્યાને આવેલ છે.

- ૧ બેડની રૂમ - રૂ.૨૨૦૦/- (વિધ્યાર્થી દીઠ વાર્ષિક)
- ૨ બેડની રૂમ - રૂ.૧૨૦૦/- (વિધ્યાર્થી દીઠ વાર્ષિક)

ઉપરોક્ત વિગત ધ્યાને લઈ છાત્રાલયના ભાડામા વધારો કરી, છાત્રાલયના આવક કરતા ખર્ચમાં ઘટાડો થાય તેમ કરવા ઓડીટ અનુરોધ છે.

૨૦૭



## ફકરા નંબર-55

**ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરી કેસ નં-1/12 અનુસંધાને કરેલ કાર્યવાહી બાબત**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2010-11ના વર્ષનું અન્વેષણ હાથ ધરવામાં આવેલ છે.ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરી કેસ નં-1/12 અનુસંધાનમાંગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2007-08ના જનરલ ફંડ અન્વેષણ અહેવાલમાં ફકરા નંબર 1 થી 9 નો સમાવેશ કરવામાં આવેલ છે. જે રીપોર્ટ આપની સંસ્થાને આ કચેરીના પત્ર નં-10397-થી-10402 તારીખ-31-07-2013 થી રવાના કરવામાં આવેલ છે.જેમાં જણાવેલ ફકરાઓ અંગે કાર્યવાહી કરવાની થાય છે.આ બાબતમાં સંસ્થા તરફથી જે જે કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની વિગતો આ પાર્ટીને જાણ અર્થે રજુ કરવા વિનંતી છે.આવેલ વિગતોના આધારે આગળની કાર્યવાહી થઈ શકે.તો આ બાબતને ટોચ અગ્રતા આપી કાર્યવાહી થઈ આવવા વિનંતી સહ જણાવવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વાં.નં.31/ જવાબ કરેલ છે.જવાબ ફકરાને અનુરૂપ ન હોઇ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી ગાંધીનગરના તારીખ–13-07-12ના પત્ર અન્વયે ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવારી કેસ નં. 01/12 અનુસંધાને કરેલ અન્વેષણની વિગત

## ફકરા નં-56

### પ્રશ્ન પત્ર છપામણીના કામે જણાયેલ અનિયમિતતા બાબત.સને-2009-10-11-12

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2007-09 ના અન્વયેષણ દરમ્યાન નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ,ગાંધીનગરના તારીખ-06-08-12 ના પત્ર અનુસંધાને ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવારી કેસ નં-01/12 માં દર્શાવેલ મુદ્દાઓની ચકાસણી સારુ સને-2006 થી તારીખ-31-03-12 દરમ્યાન પ્રશ્નપત્રોની છપામણી અંગેની ફાઇલોની ચકાસણી કરતાં નીચેની વિગતે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

સને-2009-10 ના વર્ષની પ્રશ્નપત્ર છપામણી માટે તારીખ-11-10-08 ના રોજ ગુજરાત સમાચાર તેમજ દિવ્યભાસ્કર દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવેલ હતી.

(01) સને-2009-10 ના વર્ષ માટે પ્રશ્નપત્ર છપામણી અંગેની રજુ થયેલ ટેન્ડર ફાઇલની ચકાસણી કરતાં કુલ સાત ટેન્ડર ફોર્મનું વેચાણ થયેલ હોવાનું જણાય છે યુનિવર્સિટી દવારા ટેન્ડર રજીસ્ટર નહી નિભાવેલ હોવાને કારણે કુલ કેટલા ટેન્ડર ફોર્મનું વેચાણ થયેલ હતુ કેટલા ટેન્ડરો ભરાઇને પરત આવેલ હતા તે અંગેની કોઇ જ ખાત્રીથઇ શકેલ નથી ટેન્ડર ફાઇલની ચકાસણી કરતાં ચાર ટેન્ડરો ભરાઇને પરત આવેલ હોવાનું જણાય છે.ટેન્ડર ફાઇલે તુલનાત્મક પત્રક બનાવીને રાખવામાં આવેલ ન હોઇ ખરેખર કેટલી પાર્ટીઓના ટેન્ડરો ભરાઇને પરત આવેલ હતા અને કઇ પાર્ટીના ભાવો સૌથી ઓછા હતા તે જાણી શકાયેલ નથી.આવેલ ટેન્ડરોની ચકાસણી માટે ટેન્ડરોની માંગણી કરતાં એક પણ ટેન્ડર રજુ થયેલ નથી.જેને કારણે કઇ પાર્ટીએ કેટલા ભાવ ભરેલ હતાં અને સૌથી ઓછા ભાવ કઇ પાર્ટીના હતા.તે જાણી શકાયેલ નથી.આમ,સૌથી નીચા ભાવવાળી પાર્ટીને કામ સોંપવામાં આવેલ હતું કે કેમ ? તેની ખરાઇ થઇ શકેલ નથી.

(02) ફાઇલે મુકવામાં આવેલ તારીખ-30-03-09 ની નોંધ મુજબ આવેલ ચાર ટેન્ડરો પૈકી મે.ડેટા પ્રોસેસીવ કોમ્સ પ્રા.લિ.તેમના પત્ર દવારા જણાવેલ છે કે તેઓને કામગીરીમાં રસ નથી જેના અનુસંધાને ફાઇલની ચકાસણી કરતાં મે.ડેટા પ્રોસેસીવ કોમ્સ પ્રા.લિ.દવારા તારીખ-06-01-09 ના પત્રમાં જણાવ્યા મુજબ 'આપશ્રી દવારા આજદિન સુધી' ટેન્ડર ફાઇનલ કરેલ ન હોવાથી ભરેલ ઇ.એમ.ડી. પરત માંગેલ છે.ત્યાર બાદ ફરીથી તારીખ-10-02-09 ના પત્રમાં પણ 'આજ દિન સુધી' આપના દવારા ટેન્ડર ફાઇનલ કરેલ ન હોવાથી 'અમોને ટેન્ડરમાં ભાગલેવાની ઈસ્યા નથી' તેમ જણાવી 'ઇ.એમ.ડી. પરત માંગેલ છે આમ યુનિવર્સિટી દવારા તારીખ-18-11-08 ના રોજ જાહેરાત આપી ટેન્ડરો મંગાવેલ ત્યારબાદ ઘણા સમય સુધી આ અંગેની કોઇ જ કાર્યવાહી નહી કરવાને કારણે

રફ઼ ઇજારદારે ન છુટકે ઇ.એમ.ડી.ની રકમ પરત માંગી સ્પર્ધામાંથી ખસી ગયેલ
ાનું જણાય છે વધુમાં સસ્વતી ઓફ સેટ પ્રા.લિ.દિલ્હીનો ફોન ઉપર સંપર્ક
તાં સંપર્ક નહીં થવાને કારણે સ્પર્ધામાંથી બાકાત રાખવામાં આવેલ છે તારીખ-
11-08 ના રોજ જાહેરાત આપી તારીખ-30-03-09 ના રોજ કાર્યવાહી કરવામાં
વેલ છે જે દરમ્યાન સરસ્વતી ઓફ સેટ પ્રા.લિ.નો પત્ર દવારા સંપર્ક કરેલ હોત
થઇ શકેલ હોત અને સ્પર્ધાત્મક ભાવોનો લાભ મેળવી શકાયેલ હોત આમ
હેરાત આપ્યા પછી ત્રણ માસ જેટલા સમય સુધી કાર્યવાહી નહીં કરવા બાબતે
ાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

) આમ ભરાઇ આવેલ ચાર ટેન્ડરો પૈકી વિલ્સન પ્રિન્ટી સીટી તેમજ
ફીસેકપ્રિન્ટર્સ પ્રા.લિ.ને તારીખ-03-03-09 ના પત્રથી બે કંપનીઓને બે વર્ષ
:લે કે 2009-10 અને 2010-11 ના બંને વર્ષ માટે પ્રશ્ન પત્ર છપામણી માટે કામ
પવામાં આવેલ છે આમ, એક જ કામ બે પાર્ટીઓ વિલ્સન પ્રિન્ટી સીટી તેમજ
ફીસેકપ્રિન્ટસને સોંપવામાં આવેલ છે જે નિયમો વિરુધ્ધ ગણી શકાય તેમજ આ
તે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે તેમજ સદર બે પાર્ટીઓને બોલાવીને તેઓ
થે નેગોશીયેશન કરેલ હોત તો આ કરતાં પણ ઓછા ભાવનો લાભ
ાવર્સિટીને મળી શકેલ હોતઆમ.નાણાકીય ઔચિત્યતા સિધ્ધાનો ભંગ કરવા
લ પણ જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે

ાામ.એક જ કામ બે પાર્ટીઓને એક ભાવથી તારીખ-03-03-09ના પત્રથી ઓર્ડર
પવામાં આવેલ છે અને તે અંગેનું ચુકવણું સામેલ પરિશિષ્ટ-18 મુજબ કરવામાં
વેલ છે.

) ટેન્ડરની શરત નં-20 માં જણાવ્યા મુજબ ભરેલા ભાવો તમામ ખર્ચ કરવેરા
ાતના ભાવો સાથેની જોગવાઇહતી તેમ છતાં ફાયનાન્સ સમિતિની તારીખ-20-
09 ની બા.ક.2 તથા ઇ.સી.તારીખ-11-10-09 બા.ક.10 થી નીચે મુજબ
વવામાં આવેલ હતું' પ્રશ્નપત્ર છપામણીમાં પ્રશ્નપત્રોની ગુપ્તતા રહે તે ધ્યાને લઇને
ાગ ઉપરાંત વધારાનો પેકીંગ ખર્ચ મજુર કરવાની સત્તા તેમજ પ્રશ્નપત્રના કોરા
ાનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે.કુલપતિશ્રીને આપવી' જેને મા.કુલપતિશ્રીએ
ાખ-13-10-09થી મંજુરી આપી આ વધારાનો ખર્ચ મંજુર કરેલ હતો.

) આમ ઉપરોક્ત વિગતેની ટેન્ડરમાં કોઇ જોગવાઇ ન હોવા છતાં તેમજ પ્રશ્નપત્રો
ામણીની કામગીરી વર્ષો વર્ષ થતી જ હોય છે અને તે ગુપ્તજ રાખવાની હોય છે
ર કામગીરી કોઇ નવી કામગીરી નથી.તેમજ પ્રશ્નપત્રો છપામણીની કામગીરી
ાઉના વર્ષમાં પણ થયેલ છે તો ચાલુ વર્ષે જ પેકીંગ ઉપરાંત વધારાના પેકીંગની
રીયાત કયા સંજોગોમાં ઉભી થવા પામેલ હતી તેમજ આ વધારાનો ખર્ચ
ાંકીય ઔચિત્યના સિધ્ધાંત વિરુધ્ધ કેમ ન ગણવો અને આવો ખર્ચ કરી
ાવર્સિટીને આર્થિક નુકશાન પહોંચાડવા બદલ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

(५४१७)



(06) વધુમાં ટેન્ડર પ્રક્રિયા વખતે ટેન્ડરમાં50 નકલ થી 750 નકલ સુધીના અલગ અલગ ભાવો મંગાવવામાં આવેલ છે તેમ છતાં ઓછામાં ઓછી 1000 નકલનો ભાવ ગણી ઇજારદારોને ચુકવણું કરવામાં આવેલ છે આમ કરેલ ચુકવણા ઉપરથી ઇજારદારોને લાભ કરાવી આપવાના હેતુથી ટેન્ડરની શરતનું ઉલ્લંઘન કરેલ હોય તેમ જણાય છે જે પણ સદંતર રીતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતો વિરુધ્ધનો કેમ ન ગણવો તે બાબતે જવાબદારોથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(07) સામેલ પરિશિષ્ટ–11 મુજબ સને–2009-10 ના વર્ષ દરમ્યાન છપાવેલ પ્રશ્નપત્રોમાં ટેન્ડરની શરતોમાં જોગવાઇ ન હોવા છતાં વેટ રુપિયા 5,76,511/-,પ્રિન્ટેડ પોલી બેગનો વધારાનો પેકીંગ ચાર્જ રુપિયા 2,58,905/- તેમજ કલોથ બેગ પાર્સલનો ચાર્જ રુપિયા 1,26,115/- મળી કુલ રુપિયા 9,61,531/- તેમજ

સને–2010-11 માં અનુક્રમે રુપિયા 7,47,321/-+6,88,529/-+3,29,065/- મળી કુલ રુપિયા 17,64,915/- તેમજ

સને–2011-12 માં વાઉચર સિવાય અન્ય કોઇ એટલે કે ટેન્ડર જાહેરાત ટેન્ડર ફાઇલ તેમજ કરાર શરતો વર્ક ઓર્ડરવિગેરેની વિગતોનું રેકર્ડ રજુ થયેલ ન હોઇ ચકાસણી થઇ શકેલ નથી.

સને–2009-10 ના વર્ષ અનુક્રમે રુપિયા 4,81,640/-+3,93,211/-+2,48,782/- મળી કુલ રુપિયા 11,23,633/- નું ચુકવણું વધારેકરેલ છે.જે બાબતે જવાબદારોથી યોગ્ય સ્પષ્ટતા થતાં સુધી પરિશિષ્ટ–15માં દર્શાવેલ તમામ ખર્ચની રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(08) વધુમાં યુનિવર્સિટીને પોતાની પ્રેસ હોવા છતાં પ્રશ્નપત્રો તથા ઉત્તરવહીઓનું છાપકામ ખાનગી ધોરણે કરાવવાને કારણે યુનિવર્સિટીને ખુબજ મોટા પ્રમાણમાં નુકસાન થવા પામેલ છે અથવા તેના ફાયદાથી વંચિત રહેલ છે.

મુદ્દણાલયની સ્થાપના કરવામાં આવી ત્યારથી સ્વયં સંચાલિત ધોરણે એટલે કે નહી નફો નહી નુકશાનના ધોરણે કરાવેલ હોવા છતાંઅને યુનિવર્સિટી પ્રેસ ખાતે અધતન પ્રકારની મશીનરી માટે જંગી નાણાંનું રોકાણ કરેલ હોવા છતાં યુનિવર્સિટી પ્રેસની સ્થાપનાનો હેતુ સિધ્ધ થતો નથી.આ બાબતે પણ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

વાંધા હેઠળ રકમ　　　　સને–2009-10રુપિયા 1,21,06,755/-

સને–2010-11રુપિયા1,56,95,821/-

સને–2011-12રુપિયા1,01,16,546/-

કુલ–રુપિયા3,79,19,122/-

411



## પરિશિષ્ટ–18 ફકરા નં–56

### પ્રશ્નપત્ર છાપામણી માટે કરેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક

| વર્ષ | અ નં | વા નં | તારીખ | પાર્ટીનું નામ | ખર્ચની કુલ રકમ | ચુકવેલ વેટ | સ્પે.પ્રીન્ટેડ પોલીબેગની ચાર્જ | ક્લોથ બેગ પાર્સલનો ચાર્જ |
|---|---|---|---|---|---|---|---|---|
| 2009-10 | 1 | 2087 | 17-7-09 | વિલ્સન પ્રિન્ટસીટ પ્રા.લી. | 13,05,065 | 62,145 | - | - |
| | 2 | 2088 | 17-7-09 | કોન્ફિસેક પ્રિન્ટરી | 35,21,754 | 1,67,702 | - | - |
| | 3 | 3575 | 5-9-09 | કોન્ફિસેક પ્રિન્ટરી | 13,53,298 | 64,443 | - | - |
| | 4 | 4425 | 15-10-09 | કોન્ફિસેક પ્રિન્ટરી | 6,52,737 | 31,083 | 1,77,658 | 1,14,070 |
| | 5 | 6942 | 19-2-10 | કોન્ફિસેક પ્રિન્ટરી | 20,45,113 | 97,386 | 50,065 | 12,045 |
| | 6 | 6979 | 19-2-10 | કોન્ફિસેક પ્રિન્ટરી | 16,95,234 | 80,725 | 16,295 | - |
| | 7 | 7306 | 8-3-10 | કોન્ફિસેક પ્રિન્ટરી | 15,33,554 | 73,027 | 14,887 | - |
| | | | કુલ | | 13,05,06,500 | 5,76,511 | 2,58,905 | 1,26,115 |
| વર્ષ | અ નં | વા નં | તારીખ | પાર્ટીનું નામ | ખર્ચની કુલ રકમ | ચુકવેલ વેટ | સ્પે.પ્રીન્ટેડ પોલીબેગની ચાર્જ | ક્લોથ બેગ પાર્સલનો ચાર્જ |
| 2010-11 | 1 | 313 | 16-4-10 | કોન્ફિસેક પ્રિન્ટરી | 70,964 | 3,379 | 2,805 | - |
| | 2 | 314 | 16-4-10 | કોન્ફિસેક પ્રિન્ટરી | 9,38,823 | 44,706 | 23,587 | - |
| | 3 | 401 | 20-4-10 | કોન્ફિસેક પ્રિન્ટરી | 10,60,431 | 50,397 | - | - |
| | 4 | 2154 | 8-7-10 | વિલ્સન પ્રિન્ટસીટ પ્રા.લી. | 12,65,095 | 60,242 | 73,912 | 38,500 |
| | 5 | 3044 | 17-8-10 | વિલ્સનર્ પ્રન્ટસીટી પ્રા.લી. | 45,32,838 | 2,15,850 | 88,192 | 92,345 |
| | 6 | 3407 | 7-9-10 | વિલ્સન પ્રિન્ટસીટ પ્રા.લી. | 2,62,473 | 12,499 | 10,574 | - |
| | 7 | 3408 | 7-9-10 | વિલ્સન પ્રિન્ટસીટ પ્રા.લી. | 10,80,892 | 51,523 | 36,839 | - |
| | 8 | 4321 | 22-10-10 | કોન્ફિસેક પ્રિન્ટરી | 53,62,625 | 2,55,364 | 2,46,665 | 1,98,220 |
| | 9 | 7229 | 24-2-11 | કોન્ફિસેક પ્રિન્ટરી | 11,20,590 | 53,361 | 2,05,955 | - |
| | | | કુલ | | 1,56,95,821 | 7,47,321 | 6,88,529 | 3,29,065 |

| વર્ષ | અ નં | વા નં | તારીખ | પાર્ટીનું નામ | ખર્ચની કુલ રકમ | ચુકવેલ વેટ | સ્પે.પ્રીન્ટેડ પોલીબેગ નો ચાર્જ | ક્લોથ બેગ પાર્સલનો ચાર્જ |
|---|---|---|---|---|---|---|---|---|
| 2011-12 | 1 | 2311 | 12-7-11 | વિલ્સન પ્રિન્ટસીટી પ્રા. લી. | 3,34,696 | 15,938 | - | - |
| | 2 | 3889 | 28-9-11 | કોન્ફિસેક પ્રિન્ટરી | 92,22,287 | 4,39,156 | 3,75,493 | 2,48,782 |
| | 3 | 8913 | 27-3-12 | કોન્ફિસેક પ્રિન્ટરી | 5,59,563 | 26,546 | 17,718 | - |
| કુલ | | | | | 1,01,16,546 | 4,81,640 | 3,93,211 | 2,48,782 |

H13



**ફકરા નં-57**

**ઉત્તરવહી ખરીદી તેમજ પલ્પીંગના કામે જણાયેલી અનિયમિતતા બાબત.સને-2006-07**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2007-09 ના અન્વયેષણ દરમ્યાન નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ,ગાંધીનગરના તારીખ-06-08-12 ના પત્ર અનુસંધાને હિસાબોની ચકાસણી કરતાં ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દ્વારા સને-2006થી તારીખ-31-07-12 દરમ્યાન ઉત્તરવહીઓની ખરીદી કરેલ હતી સને-2006-07 દરમ્યાન ખરીદેલ ઉત્તરવહીઓ તેમજ તેના કરેલ પલ્પીંગની કાર્યવાહી બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

સને-2006-07 ના વર્ષના યુનિવર્સિટી દ્વારાપુરા પાડેલ દફતરની ચકાસણી કરતાં યુનિવર્સિટી દ્વારા જુદા જુદા પેજ પ્રમાણેની ઉત્તરવહીઓ છપાવવા માટે દિવ્ય ભાસ્કર,સંદેશ તેમજ ગુજરાત સમાચાર દૈનિકોમાં તારીખ-20-01-06 ના રોજ જાહેરાત આપી ભાવો મંગાવવામાં આવેલ હતા.

સદર કામે કુલ કેટલા ટેન્ડરો વેચાયેલ હતા અને તે પૈકી કેટલા ટેન્ડરો ભરાઇને પરત આવેલ હતા તે અંગે ટેન્ડર રજીસ્ટર નહી રાખવાને કારણે સાચી હકીકત જાણી શકાયેલ નથી. ફાઇલે સામેલ તારીખ-27-02-06 ની ફાયનાન્સ સમિતિની મીટીંગની બાબત ક્રમાંક: 6(બી) માં જણાવ્યાં મુજબ તુલનાત્મક પત્રક (ફાઇલે તુલનાત્મક પત્રક જોવા મળેલ નથી.) ને આધારે જય ટ્રેડર્સના ભાવો સૌથી ઓછા હોવાથી તેઓને રુપિયા 3-38 ના ભાવથી 32 પેજ ની ઉત્તરવહી 17 લાખ, 12 પેજની ઉત્તરવહી રુપિયા 1-27 ના ભાવથી,ખાખી સ્ટીકર નંગ 1,00,000 રુપિયા 0-14 પૈસાના ભાવથી તેમજ પોલીનેટ કવર નંગ 40,000 રુપિયા 4-50 ના ભાવથી ખરીદવા માટે પ્રેસ નં. 173 તારીખ-28-02-06 થી ઓર્ડર આપી ખરીદીકરેલ હતી. જેનું ચુકવણું રુપિયા 64,47,000/- નું વા.નં-1038 તારીખ-20-05-06 થી કરવામાં આવેલ હતું.

ગુજરાત યુનિવર્સિટી એકઝીકયુટીવ કાઉન્સીલ તારીખ-14-05-06 ના રોજ મળેલ હતી જેની બાબત ક્રમાંક 13 ના ઠરાવમાં જણાવ્યા મુજબ બાકીની 17 લાખ 32 પેજ મુખ્ય ઉત્તરવહી તેમજ 3 લાખ 12 પેજ પુરક ઉત્તરવહીઓ માટેનો ઓર્ડર વિલ્સન પ્રિન્ટસિટિ લી. આપવો અને તે કામ કરવા તૈયાર ન થાય તો જય ટ્રેડસને બાકીનો ઓર્ડર આપવો તેવુ ઠરાવેલ હતું. આમ, પ્રથમ જય ટ્રેડર્સને પુરેપુરો ઓર્ડર આપ્યા બાદ કયા કારણસર આ પ્રકારે નિર્ણય લેવાનો થયો તે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે અને તે પછી આ ઠરાવને અનુસંધાને જય ટ્રેડર્સના તારીખ 19 04-06ના પત્ર થી ફેર વિચારણામાં લેવા જણાવતા તે ધ્યાને લઇ ફરીથી જય

ટ્રેડર્સને વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો અને તેનું ચુકવણું વા.નં. 2542 તારીખ–04-08-06 થી રુપિયા 61,27,000/- કરેલ હતુ.

(02) સને–2006-07 ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી પ્રેસના ઉતરવહી રજીસ્ટરની ચકાસણી કરતાં કોઇ જગ્યાએ ઉઘડતો સ્ટોક દર્શાવવામાં આવેલ નથી તેમ છતાં ફાઇલોની ચકાસણી કરતાં સને–2005-06 નો બંધ સ્ટોક 32 પેજની 4,00,000 નંગ હતો.સને–2006-07 દરમ્યાન પરીક્ષાઓ માટે34,00,000 મુખ્ય ઉતરવહીની ખરીદી કરેલ હતી આમ કુલ 38,00,000 જથ્થો થવા પામેલ હતો જેની સામે સને–2006-07 ના વર્ષ દરમ્યાન લેવાયેલ પરીક્ષાઓ માટે 32 પેજની મુખ્ય ઉતરવહી રુપિયા 16,01,875/- નો વપરાશ થવા પામેલ હતો અને 21,98,125/- નો સ્ટોક પડી રહેવા પામેલ હતો આમ અંદાજે વાર્ષિક 20,00,000 ઉતરવહીના વપરાશની સામે 18,00,000/- ઉતરવહી વધારે ખરીદવામાં આવેલ હતી અને તે માટે કુલ રુપિયા 60,84,000/- નું રોકાણ કરી યુનિવર્સિટીને બીન જરુરી જંગીનાણાંનું રોકાણ કરી સંસ્થાને આર્થિક નુકસાન પહોંચાડવા સબબ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

(03) ટેન્ડરમાં માંગવામાં આવેલ ઉતરવહીની સાઇઝ 8'.5x11' તથા વજન 60 જી.એસ.એમ તથા એ-4 સાઇઝનો કાગળ વાપરવાનો રહેશે તેમ જણાવેલ જે અંગેની ખરાઇ માટે અત્રેના પ્રા.વાંધા નં.–103 તારીખ–17-07-12 થી છપાઇને આવેલ ઉતરવહીઓનું ટેન્ડરમાં દર્શાવેલ સાઇઝ તથા વજન બાબતે વૈજ્ઞાનિક પરીક્ષણ કરાવેલ હોય તો તેની વિગતો પુરી પાડવા જણાવવા છતાં સંસ્થા તરફી કોઇ વિગત રજુ થયેલ નથી.જેથી ઉતરવહીઓ ટેન્ડરની શરત મુજબ છપાઇને આવેલ હોવા બાબતની ઓડિટને ખરાઇ થઇ શકેલ નથી.

સને–2005-06 ના વર્ષ માટે વપરાયેલ ઉતરવહીઅનું કુલ વજન 1,33,094 કિલો ગ્રામ વજનની સામે યુનિવર્સિટી દવારા મોકલાવેલ પલ્પીંગ માટેની ઉતરવહીઓનું વજન 39,670 કિલો ગ્રામ થવા પામેલ હતું આમ 94,234 કિલો ગ્રામ ઓછુ વજન થતાં સંસ્થાને રુપિયા 10/- લેખે રુપિયા 9,42,340/- નું નુકસાન થવા પામેલ હતું જે બાબતે જવાબદોથી સ્પષ્ટતા થવી ઘટે.

યુનિવર્સિટીદવારા ઉતરવહી રજીસ્ટરે અગાઉનો સ્ટોક દર્શાવવામાં આવેલ ન હોવાથી ઉતરવહીના સ્ટોકની ખરીદી વપરાશ તેમજ આખરના સ્ટોકની સાચી હકીકત જાણી શકાયેલ નથી.વધુમાં સ્ટોક રજીસ્ટ સહી સિકકા રજીસ્ટરે ચઢાવેલ નથી તેમજ તેમાં કોઇ કર્મચારીની કે અધિકારીની સહીઓ પણ થયેલ ન હોવાથી તેમાં કરેલ નોંધો સાચી હોવાનું પ્રમાણિત થતું નથી તેમજ વણવપરાયેલ ઉતરવહીઓ કોલેજમાંથી પરત આવેલ નથી તો તે અંગે કોઇ કાર્યવાહી નહી કરવા બદલ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.પ્રા.વા.નં. 108 તારીખ–21-08-12 નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

**ફકરા નં-58**

## ઉતરવહીની ખરીદી તથા સ્ટોકમાં જણાયેલ અનિયમિતતા બાબત.સને-2009-10 થી 2011-12

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2009-10 થી 2011-12 ના વર્ષ દરમ્યાન પ્રેસ વિભાગ તરફથી રજુ થયેલ રેકર્ડની ચકાસણી કરતાં સામેલ પરિશિષ્ટ-19 ની વિગતે ઉતરવહીના સ્ટક, ખરીદી તથા વપરાશ અંગેની માહીતી સામેલ છે જે અંગે નીચે મુજબની ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(01) સને-2009-10 દરમ્યાન ઉતરવહીનો શરુનો સ્ટોક પુરતા પ્રમાણમાં હોવાથી વર્ષ દરમ્યાન ઉતરવહીની કોઇ ખરીદી કરવામાં આવેલ નથી.હાજર સ્ટોકમાંથી ઉતરવહીનો વપરાશ કર્યા પછી પણ ખુબ જ મોટા પ્રમાણમાં સ્ટોક પડી રહેવા પામેલ હતો જેની વિગત પરિશિષ્ટ-18 માં આપેલ છે.આમ,યુનિવર્સિટી દવારા અગાઉના વર્ષોના વપરાશના અંદાજને ધ્યાને લીધા સિવાય અગાઉના વર્ષમાં જરુર કરતાં વધુ મોટા પ્રમાણમાં ખરીદી કરી નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતનો ભંગ કરેલ છે.

(02) સને-2009-10ના વર્ષમાં ઉતરવહીનો ઉઘડતો સ્ટોક અને વાર્ષિક વપરાશના અંદાજને ધ્યાને લીધા સિવાય 32 પાનાની મુખ્ય ઉતરવહી 30,00,000 ખરીદી કરવામાં આવેલ હતી અને વર્ષના અંતે 32 પાનાની મુખ્ય ઉતરવહી 18,90,637 નો સ્ટોક બચત રહેવા પામેલ હતો.અગાઉના વર્ષોના વપરાશના અંદાજને ધ્યાને લઇ 15,00,000 મુખ્ય ઇતરવહીની ખરીદી કરેલ હોત તો 15,00,000 મુખ્ય ઉતરવહીનો ખર્ચ અટકાવી નાણાંનું બીન જરુરી રોકાણ અટકાવી શકાયેલ હોત.આમ,જરુર કરતાં બે ગણી મુખ્ય ઉતરવહીની ખરીદી કરી ઇજારદારને લાભ કરાવી આપેલ છે અને સંસ્થાની રૂપિયા 4-80 પૈસા લેખે રુપિયા 72,00,000 ની મુડીનું બીન જરુરી રોકાણ કરી સંસ્થાને આર્થિક નુકશાન પહોંચાડેલ છે.જે બાબતે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

(03) સને-2011-12 ના વર્ષમાં મુખ્ય ઉતરવહી 32 પાનાનો સ્ટોક 18,90,000 નો હતો.તેમ છતાં24 પાનાની 30,00,000 ઉતરવહી ખરીદી કરવામાં આવેલ છે આમ. સમગ્ર રીતે અગાઉના વર્ષનાં વપરાશનાં અંદાજોને ધ્યાને લઇ ઉતરવહીની ખરીદી કરવામાં આવેલ હોય તેમ જણાતું નથી સને-2011-12 ના વર્ષ દરમ્યાનના ઉતરવહીના વપરાશનો વિગતો ઓડિટ સમક્ષ રજુ થયેલ ન હોય વપરાશની વિગતો જાણી શકાયેલ નથી.

પ્રા.વા.નં. 117 તારીખ-10-0-12 નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

(૫૧૬)



## પરિ-19ફકરા નં-58

| વર્ષ | અ નં | ઉત્તરવહીની વિગત | શરુઆતનો સ્ટોક | વર્ષ દરમ્યાન ખરીદી | કુલ | વર્ષ દરમ્યાનનો વપરાશ | વર્ષના અંતે બંધ સ્ટોક |
|---|---|---|---|---|---|---|---|
| 2009-10 | 1 | 32પાનાની મુખ્ય ઉત્તરવહી | 26,69,487 | - | 26,69,487 | 17,28,850 | 9,40,637 |
| | 2 | 12 પાનાની મુખ્ય ઉત્તરવહી | 18,05,983 | - | 18,05,983 | 7,96,200 | 10,09,783 |
| | 3 | ખાખી સ્ટીકર | 25,72,206 | - | 25,72,206 | 23,11,400 | 2,60,806 |
| 2010-11 | 1 | 32પાનાની મુખ્ય ઉત્તરવહી | 9,40,637 | 30,00,000 | 39,40,637 | 20,50,000 | 18,90,637 |
| | 2 | 12 પાનાની મુખ્ય ઉત્તરવહી | 10,09,783 | 1,50,000 | 11,59,783 | 10,57,180 | 1,02,603 |
| | 3 | ખાખી સ્ટીકર | 2,60,806 | 43,03,400 | 45,64,206 | 2826400 | 17,37,806 |
| 2011-12 | 1 | 32પાનાની મુખ્ય ઉત્તરવહી | 18,90,637 | - | 18,90,637 | રેકર્ડ રજુ નહિ થવાથી જાણી શકાયેલ નથી. | - |
| | 2 | 12 પાનાની પુરક ઉત્તરવહી | 1,02,603 | - | 1,02,603 | - | - |
| | 3 | 24 પાનાની મુખ્ય ઉત્તરવહી | - | 30,00,000 | 30,00,000 | - | - |
| | 4 | 8 પાનાની પુરક ઉત્તરવહી | - | 10,00,000 | 10,00,000 | - | - |
| | 5 | સ્ટીકર | 17,37,806 | 45,00,000 | 62,,37,806 | -- | - |

(મતિ)



**ફકરા નં-59**

**સને-2010-11ના વર્ષ દરમ્યાન ઉત્તરવહીની ખરીદીમાં જણાયેલ અનિયમિતતા.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દવારા સને-2010 માં લેવાનાર વિવિધ પરીક્ષાઓ માટે દિવ્ય ભાસ્કર,ગુજરાત સમાચાર તથા સંદેશ દૈનિક વર્તમાન પત્રમાં તારીખ-06-02-10 ના રોજ જાહેરાત આપી ઉત્તરવહી તેમજ ખાખી સ્ટીકર ખરીદવા માટે જાહેરાત આપી ભાવો મંગાવવામાં આવેલ હતા.

(01) ફાયનાન્સ સમિતિના તારીખ-20-02-10 ના રોજ મળેલ સભામાં જણાવ્યા મુજબ કુલપતિશ્રીએ નિમેલ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરી આવેલ ચાર પાર્ટીઓના ટેકનીકલ બીડની તપાસ કરીને તેમજ ચારેય કંપનીઓને પ્રત્યક્ષ બોલાવીને ચર્ચાને અંતે બે કંપનીના કોમર્શીયલ બીડ ખોલીને તમામ ભાવો માટે વ્યાજબી ભાવો કરવા ચર્ચા કરી જેના આધારે વિલ્સન કંપની અને જય ટ્રેડર્સ સાથે થયેલ ચર્ચાને અંતે વિલ્સન કંપનીએ ભરેલ ભાવ 4-85 ને બદલે 4-80 ના ભાવથી 25,00,000 મુખ્ય ઉત્તરવહી,રુપિયા 1-90 ના ભાવથી પુરક ઉત્તરવહી 3,00,000 તેમજ 0-24 પૈસાના ભાવથી ખાખી સ્ટીકર નંગ 50,00,000 તૈયાર કરવા માટે નકકી કરવામાં આવ્યું તેમજ આ બાબતે પરીક્ષા નિયામકનો અભિપ્રાય રજુ થયેલ નથી. ફાઇલે વર્ક ઓર્ડર સામેલ નથી.

સદર કામે આવેલ ચાર કંપનીઓના ભાવ નીચે પ્રમાણે હતાં.

| ક્રમ | કંપનીનું નામ | 32 પેજ મું. ઉત્તરવહી | 12 પેજ પુરક ઉત્તરવહી | ખાખી સ્ટીકર |
|---|---|---|---|---|
| 1 | ગાલા પ્લસ | રુ. 4-15 પૈસા | રુ. 1-90 પૈસા | રુ. 0-12 પૈસા |
| 2 | વિલ્સન પ્રિન્ટ સીટી લી | રુ. 4- 85 પૈસા | રુ. 1-90 પૈસા | રુ. 0-24 પૈસા |
| | નેગોશી. બદ સુધારીને | રુ. 4- 80 પૈસા | | |
| 3 | જય ઓફ સેટ | (એ) રુ. 4- 50 પૈસા<br>(બી) રુ. 4- 60 પૈસા<br>(સી) રુ. 4- 75 પૈસા | રુ. 2 60 પૈસા<br>રુ. 2-70 પૈસા<br>રુ. 2-90 પૈસા | રુ. 0-27 પૈસા |
| 4 | ગુજરાત ઓફસેટ | રુ. 5- 45 પૈસા | રુ. 2-12 પૈસા | રુ. 0-37 પૈસા |

ઉપર મજબ ચાર કંપનીઓના ભાવ આવ્યા છતાં ફાયનાન્સ સમિતિમાં જણાવ્યા મુજબ ફકત બે જ કંપનીના કોમર્શીયલ બીડ ખોલવામાં આવેલ હતા ગાલા તેમજ ગુજરાત ઓફસેટના કોમર્શીયલ બીડ કયા કારણસર ખોલવામા આવેલ ન હતા જ બાબત જવાબદારેથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

151

સદરહુ કામે આવેલ ટેન્ડર ફાઇલો તથા ટેકનીકલ બીડની ચકાસણી કરતાં આવેલ ચારેય કંપનીઓના ભાવોમાં સૌથી ઓછો ભાવ ગાલા પ્લસના હોવાનું જોવા મળેલ હતું તેમજ તેઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તદ્દન આ પ્રકારની જ કામગીરી કરેલ હતી તેમજ અન્ય કોઇ અગત્યના ડી.મેરીટ્સ જોવા મળેલ ન હતા આમ ગાલા પ્લસનું ટેકનીકલ બીડ નહી ખોલવાને કારણે યુનિવર્સિટીને 32 પેજની ખરીદેલ 29,85,000x65 પૈસા (4-80-4-15 0.65 ) લેખે રુપિયા 19,40,250/- નું તેમજ ખાખી સ્ટીકર ખરીદેલ 38,68,00x12 પૈસા (0-24-0-12 12 પૈસા) લેખે રુપિયા 4,64,231 મળી કુલ રુપિયા 24,04,482/- નું નુકશાન થવા પામેલ છે.જે બાબતે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

ટેન્ડરમાં માંગવામાં આવેલ ઉતરવહીની સાઇઝ 8.5x11.5 ઇંચ તથા વજન 60 જી.એસ.એમ.તથા એ-4 સાઇજનો કાગળ વાપરવાનો રહેશે.તેમ જણાવેલ જે અંગેની ખરાઇ માટે અત્રેના પ્રા.વા.નં-103 તારીખ 17-07-12 થી છપાઇને આવેલ ઉતરવહીઓનું ટેન્ડરમાં દર્શાવેલ સાઇઝ તથા વજન બાબતે વૈજ્ઞાનિક પરીક્ષણ કરાવેલ હોય તો તેની વિગતો પુરી પાડવા જણાવવા છતાં સંસ્થા તરફથી કોઇ વિગતો રજુ થયેલ નથી.જેથી ઉતરવહીઓ ટેન્ડરની શરત મુજબ છપાઇને આવેલ હોવા બાબતની ઓડિટને ખરાઇ થઇ શકેલ નથી.

૨૧૭



**ફકરા નં-60**

**સને-2009-10તથા સને-2010-11 ના વર્ષમાં પલ્પીંગ કામમાં જણાયેલ અનિયમિતતા.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દવારા લેવામાં આવતી પરીક્ષાઓમાં પરીક્ષામાં વપરાયેલ ઉતરવહીઓની બીજા વર્ષે પલ્પીંગની કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે. આમ. સને-2008-09 માંવપરાયેલ ઉતરવહીની વિગત નીચે પ્રમાણે છે જેનું પલ્પીંગ માટે ટેન્ડર પ્રક્રિયા કરી ડાયમંડ સ્ક્રેચ ટ્રેડર્સ અમદાવાદને પ્રતિ કિલો રૂ. 10-75 પૈસાના ભાવથી આપવાનો ત્રણ વર્ષ માટે કરાર કરેલ.જેના દવારા ડીએસજી પેપર્સ પ્રા.લી.પતિયાલા ખાતે પલ્પીંગ કરાવવામાં આવેલ હતું. સને-2008-09 ના વર્ષ દરમ્યાન વપરાયેલ ઉતરવહીઓની વિગત નીચે પ્રમાણે હતી.જે સને-209-10 માં પલ્પીંગ કરાવવામાં આવેલ છે.

| ક્રમ નં | વિગત | વપરાશ | વજન | કુલ વજન |
|---|---|---|---|---|
| 1 | 32 પેજ મુ.ઉતરવહી | 21,30,513 | 60 ગ્રામ | 1,21,830 કિ.ગ્રા. |
| 2 | 12 પેજ પુરક ઉતરવહી | 6,94,017 | 2,268 ગ્રામ | 15,740 કિ.ગ્રા. |
| 3 | 4 પેજ પુરક ઉતરવહી | 3,13,905 | 756 ગ્રામ | 2,373 કિ.ગ્રા. |
| | કુલ | | | **1,39,943 કિ.ગ્રા.** |

ઉપરોક્તવિગત જોતાં વપરાયેલ ઉતરવહીનું કુલ વજન 1,39,943 કિ.ગ્રામ થવું જોઇએ જયારે પલ્પીંગ માટે મોકલાવેલ ઉતરવહીનું વજન 29,720 કિ.ગ્રામ થયેલ હતું આમ. 1,10,223 કિ.ગ્રામની ઘટ પડવા પામેલ છે અને રુપિયા 10-75 પૈસાનો ભાવ ગણતાં રુપિયા 11,84,895/- નું નુકશાન થવા પામેલ છે બાબતે જવાબદારોથી રેકર્ડ આધારીત ખાત્રી થવી ઘટે.

વર્ષ-2009-10 ના વર્ષ દરમ્યાન વપરાયલ ઉતરવહીઓની વિગત નીચે મુજબ છે અને જેનું સને-2010-11 ના વર્ષમાં પલ્પીંગ કરવામાં આવેલ હતું.

| ક્રમ નં | વિગત | વપરાશ | વજન | કુલ વજન |
|---|---|---|---|---|
| 1 | 32 પેજ મુ.ઉતરવહી | 17,28,850 | 60 ગ્રામ | 1,03,731 કિ.ગ્રા. |
| 2 | 12 પેજ પુરક ઉતરવહી | 7,96,200 | 2,268 ગ્રામ | 18,057 કિ.ગ્રા. |
| 3 | 4 પેજ પુરક ઉતરવહી | 2,58,500 | 756 ગ્રામ | 1,954 કિ.ગ્રા. |

153

| કુલ | 1,23,742 કિ.ગ્રા. |
|---|---|

ઉપરોકતવિગત જોતાં વપરાયેલ કુલ ઉતરવહીઓનું કુલ વજન 1,23,742 કિ.ગ્રામ થવું જોઇએ જયારે પલ્પીંગ માટે ડાયમન્ડ સ્ક્રેપ મોકલી આપેલ ઉતરવહીનું વજન 31565 કિ.ગ્રામ થવા પામેલ હતું આમ. 92,177 કિ.ગ્રામની ઘટ પડેલ હતી ડાયમંડ સ્ક્રેપના ભાવ પ્રતિ રુપિયા 10-75 પૈસાનો ભાવ ગણતાં રુપિયા 99,902/- નું નુકશાન થવા પામેલ હતુ જે બાબતે જવાબદારોથી રેકર્ડ આધારીત ખાત્રી થવી ઘટે.

વધુમાં ડાયમન્ડ સ્ક્રેપ ટ્રેડર્સ દવારા પલ્પીંગ માટે ખરીદેલ ઉતરવહીઓનું પલ્પીંગનું કામ ધરતી પેપર મીલ ધરતી પેપર એન્ડ વિનિંગ નંદાસણ મહેસાણા ખાતે કરાવેલ છે. ફાઇલે પલ્પીંગ સમયે યુનિવર્સિટીએ બે કર્મચારીઓને મોકલવા માટેની નોંધ થયેલ છે પરંતુ તેઓની હાજરીમાં પલ્પીંગ થયા અંગેનું ધરતી પેપર મીલ ધરતી પેપર એન્ડ વિનિંગનું પ્રમાણપત્ર સામેલ રાખવામાં આવેલ નથી. જેથી ખરેખર યોગ્ય રીતે પલ્પીંગની કામગીરી થયેલ છે કે કેમ તેની ખાતરી થઇ શકેલ નથી.

ઉપરોકત તમામ મુદાઓ બાબતે મુદાસર રેકર્ડ આધારીત ઓડિટે ખાતરી કરાવવી ઘટે.

વાંધા હેઠળ રુપિયા24,40,482/-

**ફકરા નં-61**

**સેલ્ફ ફાયનાન્સ કોલેજોને મંજુરી તથા ડેવલપમેન્ટ ફંડ બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ અંતર્ગત સને-2006 થી તારીખ 31-07-12 દરમ્યાન કુલ 192 સેલ્ફ ફાયનાન્સ કોલેજો હતી જુદી જુદી વિધા શાખાની કોલેજો પાસેથી ડેવલપમેન્ટ ફંડ પેટે રુપિયા 2,559.5લાખ વસુલ કરવામાં આવેલ છે. આ ફંડ ચૂકવવામાંથી કોઇ કોલેજને મુક્તિ આપવામાં આવેલ નથી.

સલંગ્ન કોલેજો પૈકીની ખુબજ ઓછી વિધાર્થી ધરાવતી બી.બી.એ. કોલેજોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | કોલેજનું નામ | શૈક્ષણિક વર્ષ | રકમ |
|---|---|---|---|
| 1 | દિવાબા બી.બી.એ.કોલેજ એનાસણ | 11-12 થી | 7.5 લાખ |
| 2 | રુદ્ર બી.બી.એ.કોલેજ વહેવાલ | 11-12 થી | 7.5 લાખ |
| 3 | આર.એમ.ટી.ગૃપ બી.બી.એ.કોલેજ ભોયણી | 11-12 થી | 7.5 લાખ |
| 4 | ક્રમેશ્વર બી.બી.એ.કોલેજ સરગાસણ | 11-12 થી | 7.5 લાખ |
| 5 | કલોલ તાલુકા કેળવણી મંડળ બી.બી.એ.કોલેજ કલોલ | 11-12 થી | 7.5 લાખ |
| 6 | બ્રહ્માનંદ દિવાબા બી.બી.એ.કોલેજ હાથીજણ | 11-12 થી | 7.5 લાખ |
| | કુલ | | 45,00,000 |

સને-2005-06 થી નવું જોડાણ મેળવેલી નીચે મુજબ છે.

| અ.નં. | કોલેજનું નામ | પ્રતિ વર્ષ | રકમ |
|---|---|---|---|
| 1 | એન.એમ.ઝાલા આર્ટસ અને કોમર્સ કોલેજ નરોડા | 2007-08 થી 2011-12 | 25,00,000 |
| 2 | શેઠ સી.એલ. કોમર્સ રખિયાલ | 2007-08 થી 2011-12 | 25,00,000 |
| 3 | શ્રીમતી આર.બી.પટેલ આર્ટસ અને કોમર્સ કોલેજ સાણંદ | 2007-08 થી 2011-12 | 25,00,000 |
| | કુલ | | 75,00,000 |

આમ, ઉપરોકત જણાવેલ 6 કોલેજોના રૂપિયા 7.5 લાખ લેખે સને-2011-12 ના રૂપિયા 45,00,000/- તેમજ નવા જોડાણ મેળવેલ 3 કોલેજોના રૂપિયા પાંચ લાખ લેખે અને 2007-08 થી 2011-12 ના પાંચ વર્ષના રૂપિયા 75,00,000/- મળી કુલ

રુપિયા 1,20,00,000/- ડેવલપમેન્ટ ફંડ પેટે વસુલાતના બાકીમાં રહે છે જે માટે યુનિવર્સિટીએ શું પગલાં લીધા તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.તેમજ આ નહી ભરેલ ડેવલપમેન્ટ ફંડ નહી ભરવા સબબ દંડની કોઇ જોગવાઇ નહી રાખવા બદલ પણ જવાબદારોથી સ્પષ્ટત થવી ઘટે.

ગુજરાત યુનિવર્સિટી દવારા સેલ્ફ ફાયનાન્સ કોલેજો પાસેથી ડેવલપમેન્ટ ફંડ તરીકે ફી ઉઘરાવવાનું નક્કી કરેલ હતું તે માટે કોઇ ધારા ધોરણો કે નિયમો બતાવવમાં આવેલ નથી કઇ કોલેજ પાસેથી કેટલી ફી લેવી તેમજ આ પ્રકારે ઉઘરાવેલ ફંડનો ઉપયોગ કયા હેતું માટે કરવો તે અંગે યુનિવર્સિટી એકટમાં પણ કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી. જે બાબતે જવાબદારોથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા.વા.નં. 106 તારીખ-13-08-12 તેમજ પ્રા.વા.નં. 113 તારીખ-27-08-12 નો જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(પ૨૩)



**ફકરા નં-62**

**ગુજરાત યુનિવર્સિટી એસ્ટેટ વિભાગ દવારા કરાવેલ બાંધકામમાં જણાયેલી અનિયમિતતા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2007-09 ના અન્વેષણ દરમ્યાન નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ,ગાંધીનગરના તારીખ-06-08-12 ના પત્ર અનુસંધાને ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવારી કેસ નં. 1/12 માં દર્શાવેલ મુદ્દાઓ અનુસંધાને એસ્ટેટ વિભાગ દવારા સને-2006થી તારીખ-31-07-12 દરમ્યાન કરેલ કામોની વિગતો માંગતા નીચે જણાવેલ કામોની ફાઇલો ઓડિટમાં રજુ કરેલ હતી.

| ક્રમ | કામનું નામ | ઇજારદારનું નામ | મંજુર કરેલ રકમ |
|---|---|---|---|
| 1 | વુમન ડેવલપમેન્ટ | પી.સી. સ્નેહલ | 46,96,704 |
| 2 | રેલવાલા કોમ્પ્યુટર સેન્ટર | પી.સી. સ્નેહલ | 79,95,338 |
| 3 | એચ.કે. ટ્રેનીંગ સેન્ટર એક્ષ્ટેન્શન | સામવિત બિલ્ડ કેર | 41,59,609 |
| 4 | પ્રોફેશનલ મેનેજમેન્ટ સ્ટડી સેન્ટર | પી.સી. સ્નેહલ | 3,78,15,570 |
| 5 | બાયો કેમેસ્ટ્રી ફોરેન્સીક સાયન્સ | પી.સી. સ્નેહલ | 1,70,74,341 |
| 6 | ગેસ્ટ હાઉસ એકેડેમીક સ્ટાફ કોલેજ | પી.સી. સ્નેહલ | 1,32,13,750 |
| 7 | લેડીઝ હોસ્ટેલ બ્લોક | હર્ષદ શાહ કું | 1,67,33,258 |
| 8 | સ્પોટ્સ કોમ્પ્લેક્ષ ચેઝીંગ રુમ | હર્ષદ શાહ કું | 34,57,890 |
| | **કુલ** | | **10,51,46,460** |

(2) ઉપરોકત રજુ કરેલ ફાઇલોની ચકાસણી કરતાં બાંધકામ સમિતિની તારીખ-20-08-09 ની સભાના ઠરાવ નં-6 થી બાંધકામને લગતા આનુસંગિક કામો માટે આર્કિટેકટ કન્સલ્ટંટ મે.એલ.જે.પુરાણી એન્ડ અસોસીએટ્સ પાસેથી કાર્યવાહી કરવાનું રાખવું તેમ ઠરાવેલ છે સદરહું કન્સલ્ટંટ તરીકે એલ.જે.પુરાણીની નિમણૂક માટે કાયદેસરની તેમજ નિયમોનુસારની કાર્યવાહી એટલે કે ટેન્ડરો મંગાવી કરવામાં આવેલ હતી કે કેમ તે ટેન્ડર,જાહેરાત,ટેન્ડર ફાઇલ,તુલનાત્મક પત્રક,વર્ક ઓર્ડર, કમ્પ્લીશન સર્ટી વિગેરે રજુ નહી થવાને કારણે ચકાસણી થઇ શકેલ નથી.

(3) સદરહુ કામો અંગે કરવામાં આવેલ જાહેરાત ટેન્ડર પ્રક્રિયાની ફાઇલોની વિગતો માંગતા બાંધકામ સમિતિની તારીખ-03-02-07 ની મીનીટ્સ રજુ કરેલ હતી જેની બાબત ક્રમાંક:2 માં જણાવ્યા મુજબ યુનિવર્સિટી અંતર્ગત કરવાના થતા 50 લાખથી નીચના સિવિલ કામો માટે આવેલ પ્રિ.ક્વોલીફીકેશનના 21 ટેન્ડરો પરથી

મે.એલ.જે.પરાણી એસોસીએટ્સ દવારા વિગતો જેવી કે બાંધકામનો અનુભવ,સાધન સામગ્રીની માહિતી વિગેરેની ચકાસણી કર્યા બાદ તૈયાર કરેલ તારણ પત્રક પરથી જે કોન્ટ્રાકટરો 65 માર્કસ કે તેથી વધુંમાં આવે છે તે મુજબના કોન્ટ્રાકટરોની પેનલ બનાવીને કામો સોંપવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી અને હવે પછી જરુર જણાય ત્યારે તેઓની પાસેથી ભાવો મંગાવી ઘટતી કાર્યવાહી કરવી તેમ નક્કી થયેલ હતું.

ઉપરોકત વિગતો જોતાં સદર 21કોન્ટ્રાકટરોમાંથી તારીખ-3-2-07 ની બાંધકામ સમિતિની સભાના ઠરાવ નં.-2 માં જણાવ્યા મુજબ નવ કોન્ટ્રાકટરોની પેનલ બનાવવામાં આવેલ હતી યુનિવર્સિટી દવારા આ પ્રકારે 21 કોન્ટ્રાકટરો તેમજ નિયુકત નવ કોન્ટ્રાકટરોમાં મે.પી.સી.સ્નેહલનું કોઇ જગ્યાએ નામ ન હોવા છતાં ઉપરોકત દર્શાવેલ આઠ કામો પૈકી પાંચ કામો પી.સી.સ્નેહલને સોંપવામાં આવેલ હતાં તે માટે કોઇ ટેન્ડર પ્રક્રિયા કરેલ હતી કે કેમ તે ફાઇલ ઉપરથી જાણી શકાયેલ નથી.

આમ.પી.સી.સ્નેહલનું પેનલમાં નામ ન હોવા છતાં પાંચ કામો સોંપવા સબબ સ્પષ્ટતા થવી ઘટે.વધુમાં સોંપેલ સદર કામોમાં ક્રમ નં.-2 તથા ક્રમ નં-4,5,અને 6 નંબર ના કામો પચાસ લાખથી વધુ રકમનાં હોવા છતાં કેવા સંજોગોમાં તેઓને કામ આપવામાં આવેલ છે.તે બાબતે જવાબદારોથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં ઉકત બાંધકામ સમિતિના ઠરાવ નં-2 મુજબ ફકત પચાસ લાખથી નીચેના કામો માટે જ સદર પેનલમાંથી ભાવો મંગાવી કામો કરાવવાના થતા હતા ઉપર જણાવેલ આઠ કામો પૈકી ફકત ત્રણ કામો જ પચાસ લાખથી નીચેના છે બાકીના કામો પચાસ લાખથી વધુ રકમના હોવા છતાં પેનલના જ કોન્ટ્રાકટરોને કામ આપવામાં આવેલ છે જે ઉકત ઠરાવ સાથે સુસંગત નથી આ કામો માટે નિયમોનુસાર જાહેરાત પ્રક્રિયાથી ટેન્ડરો મંગાવી સૌથી ઓછા ભાવ વાળી પાર્ટી પાસે જ કામ કરાવવું જોઇએ જે નહી કરાવા બદલ જવાબદારોથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(4) બાંધકામ સમિતિના તારીખ-22-4-10ની સભાના ઠરાવ નં. 5 માં જણાવ્યા મુજબ પ્રોફેશનલ સ્ટડીઝના બિલ્ડીંગ માટે પ્લાન અંદાજો તથા આનુસંગિક કાર્યવાહી કરવા અંગે દાતાશ્રી સાથે વાટાઘાટો કરી કામકાજ કરવા માટે ખુટતી કાર્યવાહી કરવાની સતા મા.કુલપતિશ્રીને આપવી તેમ જણાવેલ છે સદર બાબતે આ બિલ્ડીગ માટે કયા દાતાશ્રી તરફથી કેટલી રકમ.કઇ શરતોને આધીન દાન પેટે આપેલ છે.તેમજ આ કામ માટે ઠરાવમાં જણાવ્યા મુજબ મા.કુલપતિશ્રીએ દાતાશ્રી સાથે વાટાઘાટો કરી તેમાં દાતાશ્રીનો શો અભિપ્રાય હતો તે અંગેની સઘળી વિગતો ઓડિટે રજુ થવી ઘટે.દાતા તરફથી જે હેતુ માટે દાન આપેલ હતું તે જ હેતું માટે રકમનો ઉપયોગ થયેલ હતો કે કેમ તે બાબતે ઓડિટે ખાતરી કરાવવી રહે.

(4) ઉપરોક્ત વિગત જોતાં સમગ્ર રીતે તારીખ–3-2-07 ની બાંધકામ સમિતિની સભાના ઠરાવ નં.2 નું સંપુર્ણ પણે ઉલ્લંઘન કરવામાં આવેલ હોય તેમ જણાય છે. આમ,નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો સદંતર ભંગ કરવામાં આવેલ છે જે બાબતે જવાબદોથી સ્પષ્ટતા થવી ઘટે.

(5) વધુમાં સદર કામો અંગેની તમામ ફાઇલો દફતરની માંગણી કરવા છતાં સંસ્થા દવારા આઠ કામોની ફાઇલો કે જેમાં વર્ક ઓર્ડર,ઇજારદાર દવારા રજુ કરેલ બીલોની જ વિગતો જોવા મળેલ છે ઇજારદારને કામ વાઇઝ થયેલ ચુકવણાની વિગતો ઓડિટે રજુ કરવી ઘટે.તેમજ બાંધકામ રજીસ્ટર રજુ થયેલ ન હોય કામ કયારે શરુ થયેલ,કામ કયારે પૂર્ણ થયેલ,કામની અંદાજીત રકમ,ટેન્ડર્ની રકમ,ખરેખર થયેલ ખર્ચની રકમ,ખર્ચ વધે કે ઓછી થયેલ હોય તો નિયમાનુસારની કાર્યવાહી થયેલ છે કે કેમ ? તથા કામ સમયમર્યાદામાં પૂર્ણ થયેલ છે કે કેમ ? મુદ્દત વધારી આપેલ છે તે અંગેની વિગતો જાણી શકાયેલ નથી તેમજ કામની માપપોથીઓ રજુ થયેલ ન હોઇ માપના વાજબીપણાની ખાતરી થઇ શકેલ નથી.

પ્રા.વા.નં. 118તારીખ–12-9-12 નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રુપિયા10,51,46,460/-

## ફકરા નં-63

## ખાનગી સીક્યુરીટીના આપેલ કોન્ટ્રાકટમાં જણાયેલી અનિયમિતતા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દવારા ખાનગી સીક્યુરીટી સલામતિના કારણોસર રોકવામાં આવતી હોય છે સને-2007-08 ના વર્ષ માટે યુનિવર્સિટી દવારા રજુ કરેલ રેકર્ડની ચકાસણી કરતાં કઇ સીક્યુરીટી કંપનીને કયા દરે કેટલા સીકયુરીટી.ગાર્ડ માટે કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો તેની પુરતી ચકાસણી અવ્યવસ્થિત રીતે નિભાવેલ રેકર્ડને કારણે થઇ શકતી નથી.તેમજ સાચી વિગતો જાણી શકાયેલ નથી.

સને-2008-09 ના વર્ષ માટે ખાનગી સીકયુરીટી માટે કયા વર્તમાન પત્રમાં જાહેરાત આપવામાં આવેલ હતી. તે જાણી શકાયેલ નથી. તા1-11-08 થી તા 31-10-09 ના વર્ષ દરમ્યાન રુપિયા 3,000/- ના માસિક ભાવે શીવ સીકયુરીટી અને રાજપુત સીકયુરીટી સાથે નેગોશીયેશન કરવામાં આવેલ અને તેઓને વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો.

વધુમાં શીવ સીકયુરીટીને પત્ર નં-9672 તા.-26-11-08 થી ઉચ્ચક માસિક 1,47,000/- સેવા કર મુજબ તા.-1-11-08 થી તા-31-10-09 સુધી સલામતી ગાર્ડ પુરા પાડવા માટે ઓર્ડર આપવામાં આવેલ સદર ઓર્ડરમાં કેટલા સીકયુરીટી ગાર્ડ માટે કરાર કરવામાં આવેલ હતો તે અંગેની કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. તેજ પ્રમાણે પત્ર નં-40756 તા-24-12-08 થી હથિયાર ધારી સલામતી ગાર્ડ 24 કલાક માટે (8 કલાકની શીફટ મુજબ) માસિક ઉચ્ચક રુપિયા 14,390/- સેવા કર મુજબ તા-1-1-08 થી તા-31-10-09 સુધી કાયમી ધોરણે પુરા પાડવા માટે ઓર્ડર આવેલ હતો.

વધુમાં રાજપુત સીકયુરીટીને પણ પત્ર નં-9674 તા.-26-11-08 થી ઉચ્ચક માસિક 93,000/-+ સેવા કર મુજબ તા.-1-11-08 થી તા-31-10-09 સુધી કાયમી ધોરણે સલામતી ગાર્ડ પુરા પાડવા માટે કોન્ટ્રાકટ આપવામાં આવેલ માસિક ધોરણે રુપિયા 3,000/- ના ભાવથી કોન્ટ્રાકટ આપવામાં આવેલ હોવા છતાં શીવ સીકયુરીટી તથા રજપુત સીકયુરીટીઝને માસિક ઉચ્ચક ધોરણે કોન્ટ્રાકટ આપવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે.તેમજ ઉચ્ચક આપવામાં કોન્ટ્રાકટમાં કુલ કેટલા ગાર્ડ માટે કોન્ટ્રાકટ આપવામાં આવે છે તે અંગે કોઇ સ્પષ્ટતા થયેલ નથી તેમજ આ પ્રકારે આપેલ કોન્ટ્રાકટ બાબતેના કાયદેસરના સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરવા જોઇએ જે પણ યુનિવર્સિટી દવારા કરવામાં આવેલ હોવાનું ફાઇલ ઉપરથી ફલિત થતું નથી તો આ બાબતે પણ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

સને–2009-10 ના વર્ષની ફાઇલની ચકાસણી કરતાં તા–7-1-10 ના પત્ર નં11409 થીરાજપુત સીક્યુરીટી સર્વિસીસને કુલ 31 સલામતી ગાર્ડને ઉચ્ચક માસિક રુપિયા 93,000/- થી તા–1-10-09 થી 31-10-10 સુધી એક વર્ષ માટે કોન્ટ્રાકટ રીન્યુ કરેલ છે.તેજ પ્રમાણે સને–2009-10 માટે તા–7-1-10 ના પત્ર નં11408 થી 76સીક્યુરીટી ગાર્ડ માટે ઉચ્ચક માસિક રુપિયા 2,28,000/- સેવા કર સાથે તા.–1-11-09 થી તા–31-10-10 સુધી કાયમી ધોરણે સલામતી ગાર્ડ પુરા પાડવા માટે શીવ સીક્યરીટીનો કોન્ટ્રાકટ રીન્યુ કરેલ છે.આમ અગાઉના વર્ષમાં શીવ સીક્યરીટીને રુપિયા 1,47,000/- માં કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો તેને બદલે 2009-10 માં માસિક ઉચ્ચક રુપિયા 2,28,000/- ના દરે કોન્ટ્રાકટ રીન્યુ કરવા બાબતે ઓડિટને આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

સને–2010-11 નાં વર્ષ માટે દિવ્ય ભાસ્કર, સંદેશ તથા ગુજરાત સમાચાર દૈનિક વર્તમાનપત્રોમાં તા–16-10-10 ના રોજ જાહેરાત આપી ભાવો મંગાવેલ હતા કામે કુલ કેટલા ટેન્ડરો વેચાયેલ હતા અને કેટલા ભરાઇને પરત આવેલ હતા તેમજ કઇ પાર્ટીના ભાવો સૌથી ઓછા હતા તે બાબતે ફાઇલે કોઇ વિગત ન હોવાને કારણે જાણી શકાયેલ નથી.

તા–01-04-11 થી તા–31-03-12 સુધીના સમયગાળા માટે કુલ–100 સીક્યુરીટી ગાર્ડ માટેની જરુરીયાત રહેશે તેવુ એસ્ટેટ એન્જિનિયરની નોંધ ઉપર જોવા મળેલ છે.પરંતુ આ બાબતે શીવ સીક્યુરીટીને તા–01-04-11 થી તા–31-03-12 સુધી કેટલા સીક્યુરીટી ગાર્ડ માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે તે બાબતનો ઉલ્લેખ શીવ સીક્યુરીટીને તા –23-3-11 ના પત્રથી આપેલ વર્ક ઓર્ડરમાં કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. વર્ક ઓર્ડર પ્રતિ માસ રુપિયા 41,000/- લેખે એક ગાર્ડ પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ હતો શીવ સીક્યુરીટી દવારા ટેન્ડરમાં જણાવ્યા મુજબ રુપિયા 5,00,000/- સીક્યુરીટી ડીપોઝીટ ભરવાની થતી હતી જેની સામે પહોંચ નંબર 101 તા–1-4-11 થી રુપિયા 1,00,000/- ની જ સીક્યુરીટી ડીપોઝીટ ભરેલ હોવાનું ફાઇલ ઉપરથી જોવા મળેલ છે.આમ,નક્કી કરેલ ડીપોઝીટ કરતાં ઓછી ડીપોઝીટ સ્વીકારી કયા સંજોગોમાં વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો તે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં ઉકત તમામ કિસ્સાઓમાં નિયમોનુસાર સ્ટેમ્પ પેપર ઉપર કોઇ કરાર કરવામાં આવતા હોવાનું જોવા મળેલ નથી.તેમજ અગાઉના વર્ષોમાં પાર્ટીઓએ સીક્યુરીટી ડીપોઝીટ ભરેલ હતી કે કેમ તે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.યુનિવર્સિટી દવારા રજૂ કરેલ તમામ ફાઇલોની ચકાસણી કરતાં અવાર નવાર અલગ અલગ કારણો દર્શાવી કરારની મુદતો લંબાવી ટેન્ડર પ્રક્રિયા નિયત સમયે નહી કરી ઇજારદારને લાભ કરાવી આપવામાં આવતો હોવાનુ ઓડિટે ધ્યાને આવેલ

છે આમ નિયત સમય ગાળા દરમ્યાન ટેન્ડર પ્રક્રિયા નહી કરી કોન્ટ્રાક્ટ રીન્યુ કરાવવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા.વા.નં. 112 તારીખ-2-08-12 તેમજ પ્રા.વા.નં. 113 તારીખ-27-08-12 નો જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**ફકરા નં-64**

**પહોંચબુકના હિસાબોનું રજીસ્ટર નહી નિભાવવા બાબત.**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને-2009-10-11-12 ના વર્ષ દરમ્યાન અલગ અલગ 62 પ્રકારની પહોંચોથી ખુબ જ મોટા પ્રમાણમાં આવકો થયેલ હતી જેની વિગત નીચે પ્રમાણે હતી.

| ક્રમ | આવકની વિગત | 2009-10 | 2010-11 | 2011-12 |
|---|---|---|---|---|
| 1 | પરીક્ષા ફીની આવક | 7,55,08,999 | 8,91,02,052 | 10,18,31,668 |
| 2 | પ્રકાશનોની આવક | 1,17,06,504 | 1,14,21,973 | 2,16,28,111 |
| 3 | અન્ય ફીની આવક | 3,78,77,084 | 5,56,06,071 | 3,63,39,784 |
| 4 | પરચુરણ આવક | 2,34,38,564 | 1,76,90,146 | 1,08,33,597 |
| 5 | કોમ્પ્યુ.સેન્ટરની આવક | 4,78,125 | 3,63,495 | 3,03,605 |

ઉપરોકત વિગતોએ પહોંચ બુકો છપાઇને હિસાબી શાખામાં આવતી હોય છે આ પ્રકારે આવેલ પહોંચ બુકોને વિગતવાર નિયમોનુસાર સ્ટોક રજીસ્ટરે જમા લેવાની હોય છે ત્યારબાદ યુનિવર્સિટીના અલગ અલગ કાઉન્ટરો ઉપર જરુરીયાત મુજબ ફાળવણી કરવામાં આવતી હોય છે જે અંગેનું કોઇ રજીસ્ટર નહી નિભાવવાને કારણે કયા પ્રકારની પહોંચોનો કેટલો જથ્થો વર્ષની શરુઆતમાં હતો,વર્ષ દરમ્યાનકેટલી અને કયા પ્રકારની પહોંચો નવી છપાઇને આવેલ તેમાંથી અલગ અલગ કાઉન્ટરો ઉપર કયા પ્રકારની કેટલી પહોંચોની ફાળવણી કરવામાં આવેલ અને વર્ષના અંતે કયા પ્રકારની કેટલી પહોંચબુકો હાથ ઉપર રહેવા પામેલ હતી તે અંગેની ખાતરી થઇ શકેલ નથી.

આ પ્રકારનું દફતર અધતન રીતે તૈયાર કરી ઓડિટે ખાતરી કરાવેલ નથી આ બાબત ઘણી ગંભીર છે જેને કારણે ઘણી અનિયમિતતાઓ સર્જાવાનો અવકાશ રહે છે.

પ્રા.વા.નં. 116 તારીખ-07-9-12 નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

430

163

<u>પ્રમાણપત્રો</u>

(ક) સંસ્થાના હિસાબો અધુરા હોવાથી તેમજ ઓડિટમાં સંબંધકર્તા રેકર્ડ રજુ નહી થવાથી ઓડિટ રીપોર્ટમાં લેવાયેલ નોંધને લક્ષમાં લેતા સાંચા હોવાનું પ્રમાણિત થઇ શકે તેમ નથી.

(ખ)ઓડિટ વર્ષના વાર્ષિક હિસાબોની તારીજ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે તેની હિસાબના ચોપડાઓ સાથે કસોટી રુપ ચકાસણી કરતાં હિસાબોની નિભાવણી સંતોષકારક માલુમ પડેલ નથી.હિસાબોની જાળવણી માટે વધું લક્ષ આપવાની ખાસ જરુર છે.હિસાબો કયા નિયમને આધારે નિભાવવામાંઆવે છે તેની ઓડિટને માહિતી મળેલ નથી.વાર્ષિક હિસાબ અને લેજરમાં દર્શાવેલ આવક/ ખર્ચના હિસાબોની ચકાસણી સંલગ્ન રેકર્ડ સાથે થઇ શકેલ નથી.

(ગ)ઓડિટ દરમ્યાન 120 પ્રાથમિક વાંધાઓ પાઠવવામાં આવ્યા હતા.જેમાંથી યુનિવર્સિટીએ 42 પ્રાથમિક વાંધાઓના જવાબ કરેલ નથી.

(ઘ)ઓડિટ અહેવાલ મળ્યા તારીખથી ચાર માસમાં તેની પુર્તતા કરી જવાબો મોકલી આપવા વિનંતી છે.

(ચ)નાના વાંધાઓનું પત્રક નિભાવેલ નથી.

જિલ્લા સહાયક નિરીક્ષક
સ્થાનીક ભંડોળ હિસાબ
અમદાવાદ.

અસલપ્રત પર નિરીક્ષકશ્રીની સહી છે.

નકલ સાદર રવાનાઃ-

(1)સચિવશ્રી.શિક્ષણ વિભાગ.સચિવાલય ગુજરાત રાજય.ગાંધીનગર

(2)ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રી.ગુજરાત રાજય ડો.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

(3)નિરીક્ષકશ્રી.સ્થાનિક ભંડોળ હિસાબ (મુખ્ય મથક) વીમા અને લેખા ભવન

બ્લોક નં17 જૂના સચિવાલય ગાંધીનગર

# ગુજરાત યુનિવર્સિટી

## વાર્ષિક હિસાબ 2010-2011

### તા. 01-04-2010 થી તા. 31-03-2011 સુધીના આવક-ખર્ચ ના હિસાબો

| આવક | રૂપિયા | ખર્ચ | રૂપિયા |
|---|---|---|---|
| 01 | 02 | 03 | 04 |
| પરીક્ષા ફી ની આવક | 8,91,02,052-00 | કર્મચારી વર્ગ ખર્ચ | 7,28,23,082-23 |
| અન્ય ફી ની આવક | 5,56,06,071-00 | કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના કાર્યાલય ખર્ચ | 1,34,086-00 |
| પ્રકાશનોની આવક | 1,14,21,973-50 | પરીક્ષા ખર્ચ | 10,83,24,092-90 |
| ગ્રાન્ટસની આવક | 32,18,96,211-75 | મુસાફરી ભથ્થા | 9,31,528-00 |
| પરચુરણ આવક | 1,76,90,146-06 | મુદ્રણલેખન સામગ્રી તથા ટપાલ ખર્ચ | 17,56,931-30 |
| અનુસ્નાતક શિક્ષણકાર્ય | 3,12,21,139-40 | સંશોધન માટેની ગ્રાન્ટ શિષ્યવૃતિ વગેરે | - |
| આરોગ્ય કેન્દ્ર આવક | 7,812-50 | રમત ગમત અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ ખર્ચ | - |
| અતિથી ગૃહ આવક | 10,000-00 | (અ) રમત ગમત વ્યાયામ પ્રવૃતિ ખર્ચ | 23,02,181-52 |
| યુનિવર્સિટી છાત્રાલયો | 7,48,755-00 | (બ)યુવક કલ્યાણ પ્રવૃતિ ખર્ચ | 4,22,125-90 |
| જમીન આવક | 23,62,832-00 | (ક)રાષ્ટ્રીય સેવા યોજના | 28,10,663-00 |
| પરફોર્મિંગ આર્ટસ અભ્યાસક્રમ આવક | - | (ડ)યુનિવર્સિટી આરોગ્ય ખર્ચ | 22,22,407-76 |
| યુનિવર્સિટી ગ્રંથાલય | 40,139-00 | (ઈ)અભ્યાસેતર શિક્ષણ પૂરક પ્રવૃતિ યુનિ. સપ્તાહ વગેરે | 1,56,950-00 |
| ગ્રંથાલય શાસ્ત્ર ભવન | 4,79,700-00 | યુનિવર્સિટી પ્રકાશન તથા તે માટેની ગ્રાન્ટ | 4,93,590-70 |
| યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરની આવક | 3,63,495-00 | વીમા અન્ય ખર્ચ તથા કાનુની ખર્ચ | 47,67,971-67 |
| પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક | 3,61,200-00 | બીજા કાર્યાલય ખર્ચ | 22190826-59 |
| ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન આવક | 32,300-00 | બીજી સંસ્થાઓની સભ્યસદ ફી | 1,80,250-00 |
| પત્રકારત્વ વિભાગ | 140,800-00 | યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન | 18,28,83,942-00 |
| આઈ એ એસ તાલીમવર્ગની આવક | - | યુનિવર્સિટી જમીન જાયદાદ | 1,44,48,095-00 |
| માસ્ટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન | 3,76,605-00 | યુનિવર્સિટી છાત્રાલયો (પરિ-3) | 23,69,285-83 |
| | - | ગ્રાંટમાંથી ખર્ચ(પરિ-2) | 8,66,89,220-77 |
| કુલ આવક | **53,18,61,232-21** | પરફોર્મિંગ આર્ટસ અભ્યાસક્રમ ખર્ચ | - |
| | | ઇનામો શિષ્યવૃતિ ચંદ્રકો વગેરેનુ ખર્ચ | |

૫૩૨



| | | | |
|---|---|---|---|
| | | યુનિવર્સિટી ગ્રંથાલય (પરિ-4) | 89,12,619-50 |
| | | યુનિવર્સિટી શાસ્ત્ર ભવન (પરિ-12) | 10,93,759-18 |
| | | યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરની આવક (પરિ-13) | 1,10,76,791-25 |
| | | પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક (પરિ-14) | 11,83,094-31 |
| | | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન આવક(પરિ-15) | 6,04,708-10 |
| | | પત્રકારત્વ વિભાગ(પરિ-16) | 13,42,813-60 |
| | | આઈ એ એસ તાલીમ ખર્ચ | 8,21,879-50 |
| | | પેન્શન ગ્રેજ્યુઈટી રજાનું રોકડમાં રૂપાંતર | 68,89,461-27 |
| | | હિરક મહોત્સવ ખર્ચ | 13,08,096-00 |
| | | પ્રૌઢ શિક્ષણ ખર્ચ | 2,27,763-00 |
| આવક કરતાં ખર્ચનો વધારો | 81,41,641-67 | એસ ટી એસ સી સેલ ખર્ચ | 6,34,657-00 |
| | | | |
| | | | |
| કુલ આવક | **54,00,02,873-88** | | **54,00,02,873-88** |

# ગુજરાત યુનિવર્સિટી

## વાર્ષિક હિસાબ 2010-2011

## તા. 31-03-2011 નાં રોજનું સરવૈયુ

### જવાબદારી(દેવા)

| અ નં | વિગત | રકમ | નોંધ |
|---|---|---|---|
| અ નં | વિગત | રકમ | નોંધ |
| 01 | 02 | 03 | 04 |
| 01 | યુનિવર્સિટી જનરલ ફંડ | 68,55,252 | |
| 02 | કેપિટલ ફંડ | 9,56,53,334 | |
| 03 | પુસ્તક ફંડ | 89,80,639 | |
| 04 | બીજા ફંડ | 35,31,62,297 | |
| 05 | સરકારી ગ્રાન્ટો (બાકી) | 13,91,57,075 | |
| 06 | સસ્પેન્સ એકાઉન્ટ્સ | (-)2,96,869 | |
| 07 | ડીપોઝિટ અને બીજા ખાતાઓ | 22,09,32,586 | |
| 08 | કર્મચારી વીમા યોજના ફાળો | 29,974 | |
| | કુલ | 82,44,74,288 | |
| | અસ્કયામતો (મિલકતો) | | |
| 01 | કાયમી મિલકતો | 11,24,32,291 | |
| 02 | રોકાણો | 20,000 | |
| 03 | એડવાન્સ અને બીજા ખાતાંઓ | 11,99,31,495 | |
| 04 | પેપર સ્ટીલ સિમેન્ટ એકાઉન્ટ | 71,50,323 | |
| 05 | બેન્ક અને બીજી પુરાંતો | 62,11,49,169 | |
| 06 | કર્મચારી વીમા યોજનાના ફાળાનું રોકાણ | 17,000 | |
| 07 | આવક ખર્ચ એકાઉન્ટ | (-)3,62,25,990 | |
| | કુલ | 82,44,74,288 | |

(૨૩૫)



## <u>ગુજરાત</u> યુનિવર્સિટી2010-2011

### જનરલ વાંધા વસુલાત પત્રક

| અ નં | ફકરા નંબર | વાંધા હેઠળ | સરકારશ્રીમા જમા કરાવવા પાત્ર | વસુલાત પાત્ર રકમ | અમાન્ય રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 01 | 01 | - | - | - | - |
| 02 | 02 | - | - | - | - |
| 03 | 03 | - | - | - | - |
| 04 | 04 | - | - | - | - |
| 05 | 05 | - | - | - | - |
| 06 | 06 | - | - | - | - |
| 07 | 07 | 11,35,528/- | - | - | - |
| 08 | 08 | 3,78,610/- | - | - | - |
| 09 | 09 | 7,20,093/- | - | - | - |
| 10 | 10 | 3,40,36,482/- | - | - | - |
| 11 | 11 | - | - | - | - |
| 12 | 12 | - | - | - | - |
| 13 | 13 | - | - | - | - |
| 14 | 14 | - | - | - | - |
| 15 | 15 | - | - | - | - |
| 16 | 16 | 36,43,589/- | | - | - |
| 17 | 17 | 91,18,780/- | - | - | - |
| 18 | 18 | 13,88,196/- | - | - | - |
| 19 | 19 | - | - | - | - |
| 20 | 20 | - | - | - | - |
| 21 | 21 | - | - | 5,01,263/- | - |
| 22 | 22 | 56,64,608/- | - | - | - |
| 23 | 23 | - | - | - | - |
| 24 | 24 | - | - | 5,04,860/- | - |
| 25 | 25 | - | - | 5,49,846/- | - |
| 26 | 26 | 12,29,140/- | - | - | - |
| 27 | 27 | - | - | - | - |
| 28 | 28 | - | - | - | - |
| 29 | 29 | - | - | - | - |
| 30 | 30 | - | - | - | - |

(435)



| | | | | | |
|---|---|---|---|---|---|
| 31 | 31 | 49,436/- | - | - | - |
| 32 | 32 | 28,18,780/- | - | - | - |
| 33 | 33 | - | - | - | - |
| 34 | 34 | - | - | 49,634/- | - |
| 35 | 35 | - | - | - | - |
| 36 | 36 | - | - | - | - |
| 37 | 37 | - | - | - | - |
| 38 | 38 | - | - | 18,680/- | - |
| 39 | 39 | 8,21,879/- | - | - | - |
| 40 | 40 | - | - | - | - |
| 41 | 41 | - | - | - | - |
| 42 | 42 | - | - | - | - |
| 43 | 43 | - | - | - | - |
| 44 | 44 | - | - | - | - |
| 45 | 45 | - | - | - | - |
| 46 | 46 | 7,90,49,012/- | - | - | - |
| 47 | 47 | - | - | - | - |
| 48 | 48 | 3,01,647/- | - | - | - |
| 49 | 49 | - | - | - | - |
| 50 | 50 | 78,51,254/- | - | - | - |
| 51 | 51 | - | - | - | - |
| 52 | 52 | 20,48,000/- | - | - | - |
| 53 | 53 | - | - | - | - |
| 54 | 54 | - | - | - | - |
| 55 | 55 | - | - | - | - |
| 56 | 56 | - | - | - | - |
| 57 | 57 | - | - | - | - |
| 58 | 58 | - | - | - | - |
| 59 | 59 | - | - | - | - |
| 60 | 60 | - | - | - | - |
| 61 | 61 | - | - | - | - |
| 62 | 62 | - | - | - | - |
| 63 | 63 | - | - | - | - |
| 64 | 64 | - | - | - | - |
| | | 15,02,55,034/- | - | 16,24,283/- | - |